Downloaded from https:// www.studiestoday.com

ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/12-22/છ, તા. 1-3-2016 –થી મંજૂર

# રાજ્યશાસ્ત્ર

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

કિંમત : ₹ 84.00

તમસોમા જ્યોતિર્ગમય
**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010**

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
પ્રા. દિનેશ શુક્લ
**લેખન-સંપાદન**
શ્રી કનુભાઈ કે. પટેલ (કન્વીનર)
ડૉ. હેમા જીકાદરા
ડૉ. ગજેન્દ્ર શુક્લ
ડૉ. બલદેવ આગજા
પ્રા. મુકેશ પટેલ
**સમીક્ષા**
પ્રા. સિદ્ધાર્થ ભટ્ટ
પ્રા. ડી. જે. ધંધુકિયા
ડૉ. પુષ્પાબહેન મોતિયાની
ડૉ. ગજેન્દ્રસિંહ જાડેજા
પ્રા. હરેશકુમાર પરીખ
શ્રી ધર્મેશ પટેલ
શ્રી ગૌતમ પટેલ
શ્રી અનિલ પંડ્યા
**ભાષાશુદ્ધિ**
શ્રી ભીખુભાઈ પરમાર
**સંયોજન**
શ્રી આશિષ એચ. બોરીસાગર
(વિષય-સંયોજક : ગણિત)
**નિર્માણ-સંયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)
**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 11, રાજ્યશાસ્ત્ર** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**એચ.એન.ચાવડા**
નિયામક
તા.01-03-2016

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# અનુક્રમણિકા


| | |
|---|---|
| 1. રાજ્યશાસ્ત્રનો ખ્યાલ | 1 |
| 2. લોકશાહીના પાયાનાં મૂલ્યો | 12 |
| 3. રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા | 18 |
| 4. હક અને નાગરિકતા | 24 |
| 5. ભારતીય બંધારણ : ઘડતર અને લક્ષણો | 28 |
| 6. મૂળભૂત હકો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | 34 |
| 7. ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા | 46 |
| 8. ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ કારોબારી | 57 |
| 9. કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ન્યાયતંત્ર | 72 |
| 10. સ્થાનિકકક્ષાએ સરકાર : સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ | 80 |


•

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 1 રાજ્યશાસ્ત્રનો ખ્યાલ

### પૂર્વભૂમિકા

રાજ્યશાસ્ત્રને આપણે સામાજિક શાસ્ત્રો પૈકીના એક શાસ્ત્ર તરીકે ઓળખાવી શકીએ. સમાજનો અભ્યાસ કરનારાં વિવિધ શાસ્ત્રો જેવાં કે, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ઇતિહાસ વગેરેની જેમ રાજ્યશાસ્ત્ર પણ આવું જ એક શાસ્ત્ર છે. આ બધાં સામાજિક શાસ્ત્રો મનુષ્યના સમાજજીવનના કોઈ ને કોઈ પાસાને સ્પર્શે છે. તેથી જ તો તે સામાજિક શાસ્ત્રો કહેવાય છે. સમાજજીવનનાં જુદાં-જુદાં પાસાંનો વિશિષ્ટ અને સમગ્રતયા અભ્યાસ કરનારાં આ શાસ્ત્રોમાં રાજ્યશાસ્ત્ર આગવું સ્થાન ધરાવે છે. અંગ્રેજી ભાષામાં રાજ્યશાસ્ત્રને પોલિટિકલ સાયન્સ (Political Science) કહેવામાં આવે છે. પોલિટિકલ શબ્દ ગ્રીક ભાષાના 'પોલિટી' શબ્દ પરથી ઊતરી આવ્યો છે. ગ્રીક લોકો પોતાના નગર અથવા શહેરને 'પોલિટી' કહેતાં. આથી રાજ્યશાસ્ત્ર એટલે નગરજીવનની ચર્ચા કરતું શાસ્ત્ર એમ માનવામાં આવતું હતું. એ વખતે નગરરાજ્યો હતાં, આજે એવાં નગરરાજ્યો રહ્યાં નથી અને તેનું સ્થાન નાનાં-મોટાં વિશાળ રાજ્યોએ લીધું છે તેમ કહી શકાય.

એરિસ્ટોટલ નામના પ્રસિદ્ધ તત્ત્વચિંતક જણાવે છે કે, મનુષ્ય સ્વભાવથી જ સામાજિક પ્રાણી છે, તેથી સ્વાભાવિક રીતે જ તે સમૂહમાં રહેવા ઇચ્છે છે. મનુષ્ય માટે એકાકી જીવન અશક્ય છે. આપણે જાણીએ છીએ કે, વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી માનવસમાજ સાથે સંકળાયેલી રહે છે. આ રીતે વ્યક્તિ અને સમાજ ગાઢ સંબંધ ધરાવે છે. મનુષ્ય સામાજિક પ્રાણી હોવા ઉપરાંત રાજકીય પ્રાણી પણ છે. સમાજમાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચાલતી હોય છે, જેમાં રાજકીય પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે અને રાજકીય પ્રવૃત્તિઓ રાજકારણ સાથે સંકળાયેલી હોય છે. ટૂંકમાં, જ્યાં માનવસમાજ છે ત્યાં રાજકારણ પ્રવેશે છે.

### રાજ્યશાસ્ત્રનો અર્થ

રાજ્યશાસ્ત્ર એ રાજ્યનો પદ્ધતિસર અને શાસ્ત્રીય રીતે અભ્યાસ કરતું શાસ્ત્ર છે. તે રાજ્યની સૈદ્ધાંતિક બાબતોની ચર્ચા કરે છે. જેમાં રાજ્ય, તેની ઉત્પત્તિ, સરકારના પ્રકારો, રાજ્યો વચ્ચેના સંબંધો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. રાજ્યશાસ્ત્રની સરળ વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય :

'રાજ્યશાસ્ત્ર એટલે રાજ્ય વિશેની વ્યવસ્થિત સમજ આપતું શાસ્ત્ર'. બીજા શબ્દોમાં કહીએ તો, 'રાજ્યની પ્રવૃત્તિઓ અને પ્રશ્નો સાથે સંબંધ ધરાવતું શાસ્ત્ર એટલે રાજ્યશાસ્ત્ર'.

કોઈ પણ વિદ્યાશાખાનો હેતુ, તે જેનો અભ્યાસ કરે છે તેની સમજૂતી આપવાનો હોય છે. આ દૃષ્ટિએ રાજ્યશાસ્ત્ર રાજકીય ઘટનાઓ કેમ ઘટે છે, કેવી રીતે ઘટે છે તેની પાછળ કયા પરિબળો અને કારણો જવાબદાર છે એ બધાંની વ્યવસ્થિત સમજૂતી આપવાનો પ્રયાસ કરે છે. આ ઉપરાંત તે અને રાજકારણ, તેમની સંસ્થાઓ, કાર્યો વગેરે વિશે ખ્યાલ આપવાનો પ્રયત્ન કરે છે.

રાજ્યશાસ્ત્ર અંગેના ખ્યાલોમાં પણ પરિવર્તન આવતું જાય છે. સમયે-સમયે તેનો ખ્યાલ બદલાય છે. એટલું જ નહિ પરંતુ તેના વ્યાપમાં પણ વિસ્તાર થતો જોવા મળે છે. રાજ્યશાસ્ત્રના બદલાતા અર્થ તથા સ્વરૂપને આપણે આ રીતે જોઈ શકીએ :

### પ્રાચીન સમય

પ્રાચીન સમયમાં રાજ્યશાસ્ત્રને નીતિશાસ્ત્રના એક ભાગ તરીકે ગણવામાં આવતું હતું. આજે આપણે જેને 'રાજ્યશાસ્ત્ર' વિષય તરીકે ઓળખીએ છીએ, તેને પ્રાચીન સમયમાં 'રાજનીતિશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવતું હતું. આ શબ્દ જ રાજ્યના નીતિશાસ્ત્ર સાથેના સંબંધને સ્પષ્ટ કરે છે. કૌટિલ્ય તેને દંડનીતિ તરીકે ઓળખાવે છે. સોક્રેટિસ અને પ્લેટો જેવા ચિંતકોએ રાજકારણ કે શાસન અંગેની ચર્ચા મનુષ્યના નૈતિક વ્યવહારોને કેન્દ્રમાં રાખીને કરી હતી, પરંતુ તેને એક સ્વતંત્ર વિષય



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તરીકે વિકસાવવાનું કાર્ય એરિસ્ટોટલે કર્યું, તેથી તેમને રાજ્યશાસ્ત્રના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. મહાન તત્ત્વચિંતક કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' પુસ્તકમાં પણ રાજ્યશાસ્ત્રને નીતિશાસ્ત્રથી અલગ કરીને એક સ્વતંત્ર વિષય તરીકે રજૂ કરેલો જોવા મળે છે.

### મધ્યકાલીન સમય

મધ્યકાલીન સમયમાં ધર્મશાસ્ત્રનો પ્રભાવ સૌથી વધુ હતો, એટલે રાજ્યશાસ્ત્ર પણ ધર્મશાસ્ત્રનો એક ભાગ જ ગણાતો. રાજા અમર્યાદિત સત્તાઓ ધરાવતા હતા. કારણ કે, તેની ગણના ઈશ્વરના અંશ તરીકે કે તેના પ્રતિનિધિ તરીકે થતી હતી. ત્યાર બાદ પુનઃજાગૃતિ અને ધર્મસુધારણાના સમયમાં વૈચારિક ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ આવી અને આધુનિક રાજકીય ચિંતનનો પાયો નંખાયો. ધાર્મિક મુદ્દાઓને બદલે રાજ્યની સત્તા, સમાજવ્યવસ્થા, રાષ્ટ્રની એકતા જેવા વાસ્તવિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્યશાસ્ત્ર અંગેની ચર્ચાઓ થવા માંડી. આ રીતે રાજ્યશાસ્ત્રનો ખ્યાલ વાસ્તવવાદી બન્યો.

### આધુનિક સમય

એક સ્વતંત્ર વિદ્યાશાખા તરીકે રાજ્યશાસ્ત્રનો વ્યવસ્થિત અભ્યાસ 19મી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થયો. 20મી સદીના પ્રારંભમાં અમેરિકાની વિવિધ યુનિવર્સિટીઓમાં રાજ્યશાસ્ત્રનો એક અલગ વિષય તરીકે સારા એવા પ્રમાણમાં અભ્યાસ શરૂ થયો. આ સાથે તેના અભ્યાસ કરવાના અભિગમમાં પણ મહત્ત્વના ફેરફારો થયા. અત્યાર સુધી રાજ્ય અને તેને આનુષંગિક બાબતોનો અભ્યાસ મોટા ભાગે આદર્શલક્ષી અભિગમથી કરવામાં આવતો હતો, તેને બદલે હવે રાજ્ય અને રાજકારણમાં વ્યવહારુ પાસાંઓ તેમજ રાજકીય વર્તન-વ્યવહારના સંદર્ભમાં તેના અભ્યાસ પર ભાર મુકાવા લાગ્યો. આ ખ્યાલ વર્તનવાદી અભિગમ તરીકે ઓળખાયો. આ ઉપરાંત રાજ્યશાસ્ત્રના અભ્યાસને વૈજ્ઞાનિક બનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. રાજ્યશાસ્ત્રના પરંપરાગત અભિગમ બાદ જેમ વર્તનલક્ષી અભિગમ ઉદ્ભવ્યો તેમ વર્તનલક્ષી અભિગમોની ઉણપો અને અપૂર્ણતાઓ સામે અમેરિકામાં જ ઈ.સ. 1970-80ના દાયકાઓ દરમિયાન ઉત્તર વર્તનલક્ષી અભિગમ વિકાસ પામ્યો. આ અભિગમ હેઠળ રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં મૂલ્યો અને તેની સામાજિક પ્રસ્તુતતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. અત્યારે આ અભિગમ વધુ પ્રચલિત બન્યો છે.

### રાજ્યશાસ્ત્રનું સ્વરૂપ : વિજ્ઞાન કે કલા ?

રાજ્યશાસ્ત્ર વિજ્ઞાન છે કે નહિ એ પ્રશ્ન ચર્ચાસ્પદ છે. રાજ્યશાસ્ત્ર શબ્દમાં 'શાસ્ત્ર' શબ્દ અંગ્રેજી ભાષાના સાયન્સ (Science) એટલે કે વિજ્ઞાન શબ્દના પર્યાય તરીકે વપરાયો છે. ઘણી વખત એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, શું રાજ્યશાસ્ત્ર એ ભૌતિકશાસ્ત્ર (ફિઝિક્સ) કે રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) જેવું જ શાસ્ત્ર ગણાય ? આમ જોઈએ તો વિજ્ઞાનનો વિદ્યાર્થી જે રીતે પ્રયોગશાળામાં પ્રયોગો કરીને પોતાના સિદ્ધાંતો તારવે છે, તેવી જ રીતે રાજ્યશાસ્ત્રનો વિદ્યાર્થી પ્રયોગશાળામાં પ્રયોગો કરીને રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતોને તારવી શકતો નથી. પરિણામે રાજ્યશાસ્ત્રને વિજ્ઞાન ન કહી શકાય, તેમ માનવામાં આવે છે.

રાજ્યશાસ્ત્ર એ ભૌતિકવિજ્ઞાન જેવા ચોક્કસ અને જેના સિદ્ધાંતો વિશે કોઈ મતભેદ ન હોઈ શકે તેવું શાસ્ત્ર નથી. ભૌતિકશાસ્ત્ર પણ જેટલી ચોકસાઈથી તારણો તારવે છે એટલી જ ચોકસાઈથી સમાજવિજ્ઞાનોમાં તારણો તારવી શકાતાં નથી.

એક ભૌતિકવિજ્ઞાની જેટલી ચોક્કસ આગાહી કરી શકે છે, સામાન્ય નિયમો તારવી શકે છે, એટલી ચોક્કસ આગાહી કે સામાન્ય સિદ્ધાંતો સમાજવિજ્ઞાની તારવી શકતો નથી. દા.ત., પદાર્થને ગરમ કરવાથી પદાર્થ ફૂલશે એવી સ્પષ્ટ, ચોક્કસ, સર્વવ્યાપી અને સર્વકાલીન આગાહી ભૌતિકવિજ્ઞાની કરી શકે જ્યારે મતદારો નિરક્ષર હોય તો લોકશાહી સફળ થઈ જ શકે નહિ એવી ચોક્કસ આગાહી રાજ્યશાસ્ત્રમાં થઈ શકતી નથી. કારણ કે રાજ્યશાસ્ત્રનો સંબંધ મનુષ્ય સાથે છે અને મનુષ્યો સ્વભાવે પરિવર્તનશીલ છે. તેમજ તેમના સ્વભાવમાં સામ્ય નથી. એટલે જ રાજ્યશાસ્ત્ર ચોક્કસ વિજ્ઞાન કે શુદ્ધવિજ્ઞાન નથી.

જોકે, કેટલાક રાજ્યશાસ્ત્રીઓ એમ માને છે કે, જો આપણે 'વિજ્ઞાન' નો થોડો વિશાળ અર્થ કરીએ તો રાજ્યશાસ્ત્રને પણ આપણે એક વિજ્ઞાન તરીકે ગણી શકીએ. 'કોઈપણ વિષયનું ચોક્કસ અને પદ્ધતિસરનું જ્ઞાન એટલે વિજ્ઞાન.' ભલે વિજ્ઞાનના સિદ્ધાંતોની માફક રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતો પ્રયોગશાળામાં પ્રયોગો કરીને તારવી શકાતા નથી. આમછતાં પણ તે વિજ્ઞાન છે કારણ કે તેનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવે છે. દુનિયાની વિશાળ પ્રયોગશાળામાં જુદાં- જુદાં રાજ્યોમાં બનતા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બનાવોના અભ્યાસના આધારે અવલોકન તથા વિશ્લેષણ કરી તારણો કે સિદ્ધાંતો તારવવામાં આવતા હોય છે. દા.ત., દુનિયાની સરકારોના અભ્યાસ પછી એવું તારવવામાં આવ્યું છે કે, સરમુખત્યારશાહી કરતાં લોકશાહી સરકાર વધુ સારી સરકાર છે. આ સિદ્ધાંત વૈશ્વિક ધોરણે સ્વીકારાયો છે. વર્તમાન સમયમાં વર્તનવાદી અભિગમ હેઠળ અભ્યાસની વિવિધ પદ્ધતિઓ અને ટેક્નિકોનો ઉપયોગ કરીને રાજ્યશાસ્ત્રીઓ રાજ્યશાસ્ત્રની 'વિજ્ઞાન' કે 'શાસ્ત્ર' તરીકેની ચોક્કસ ઓળખ ઊભી કરવાના પ્રયત્નો કરી રહ્યાં છે. આ દૃષ્ટિએ જ રાજ્યશાસ્ત્રના વિદ્વાનોને રાજ્યશાસ્ત્રીઓ તરીકે ઓળખવામાં આવે છે.

બીજી તરફ રાજ્યશાસ્ત્રને વ્યવહારુ શાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે રાજ્યશાસ્ત્રના જે સિદ્ધાંતો તારવવામાં આવે છે, તેમનું વ્યવહારમાં અમલીકરણ પણ કરવામાં આવે છે. અને તેથી જ કેટલાક વિદ્વાનો રાજકારણને એક 'વિજ્ઞાન' તરીકે જોવાં કરતાં એક 'કલા' તરીકે જોવાનું વધારે પસંદ કરે છે. એક કલાકાર જેમ જન્મજાત કુનેહ અથવા અનુભવથી કોઈ સુંદર કલાકૃતિનું સર્જન કરે છે, તેમ રાજકારણી પણ રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતોની વ્યવસ્થિત જાણકારી વિના પોતાની સામાન્ય સૂઝ (કોઠાસૂઝ), અંતઃસ્ફુરણા, કલ્પનાશક્તિ કે વિવેકબુદ્ધિથી શાસનકલામાં પારંગત થઈ શકે છે અને રાજકારણની રમતમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. આપણને રાજકારણમાંથી એવા ઘણા દાખલાઓ જોવા મળે છે કે જેમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસ કે જ્ઞાન વિના વ્યક્તિઓએ રાજકારણમાં ઊંચી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય અથવા સફળતા પ્રાપ્ત કરી હોય. આપણા મોટા ભાગના રાજકારણીઓએ રાજ્યશાસ્ત્રનો વ્યવસ્થિત અભ્યાસ કર્યા સિવાય આ કલા હસ્તગત કરી છે. રાજકારણને ઘણા લોકો 'બાંધછોડ' કે 'સમાધાન' ની કલા તરીકે પણ ઓળખાવે છે. આમ છતાં આપણે એ ન ભૂલવું જોઈએ કે જેમ કોઈ કલાકાર પોતાની કલાના વિષયનું વ્યવસ્થિત અને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કરે, તો વધુ સારો કલાકાર બની શકે છે. તેમ કોઈ રાજકારણી પણ રાજ્યશાસ્ત્ર અને રાજકારણનું વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરે તો વધારે સારો અને સફળ રાજનીતિજ્ઞ બની શકે છે.

**રાજ્યશાસ્ત્રનો વિષય-વ્યાપ (કાર્યક્ષેત્ર-અભ્યાસક્ષેત્ર)**

રાજ્યશાસ્ત્રની વ્યાખ્યા, અર્થ અને તેના સ્વરૂપની ચર્ચા કર્યા પછી હવે આપણે તેના વિષય-વ્યાપ કે તેના કાર્યક્ષેત્ર એટલે કે, તે કઈ કઈ બાબતોનો અભ્યાસ કરે છે તે અંગેનો ખ્યાલ મેળવીશું.

**(1) રાજ્યનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર રાજ્યનો અભ્યાસ કરે છે. (અ) રાજ્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે તે અંગેના વિવિધ સિદ્ધાંતોની ચર્ચા કરે છે. (બ) રાજ્યના મૂળ તત્ત્વો જેવાં કે વસ્તી, ભૌગોલિક વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. (ક) રાજ્યનાં કાર્યો અથવા તેની ભૂમિકા એટલે કે રાજ્યએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ - તે સંબંધે જુદાં જુદાં સિદ્ધાંતો તેમજ જુદી-જુદી રાજકીય વિચારધારાઓ જેવી કે, વ્યક્તિવાદ, અરાજ્યવાદ, ઉદારમતવાદ, સમાજવાદ, સામ્યવાદ, સર્વસત્તાવાદ વગેરેનાં અભ્યાસનો સમાવેશ તેમાં થાય છે. (ડ) ઉપરાંત, રાજ્યશાસ્ત્રના પાયાના ખ્યાલો જેવા કે કાયદો, સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, માનવઅધિકારો, બંધુત્વ વગેરેનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

**(2) સરકારનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર રાજ્યના સૌથી મહત્ત્વના અંગ એટલે કે સરકારનો અભ્યાસ કરે છે. સરકાર, તેની રચના, સ્વરૂપ, સત્તાઓ અને કાર્યો જેના દ્વારા નક્કી થાય છે તે બંધારણનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. બંધારણની વ્યાખ્યા, તેના પ્રકારો, તેની રચના વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. સરકારનાં ત્રણ અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર; તેમની રચના, કાર્યો, ભૂમિકા તેમની વચ્ચેના સંબંધો વગેરેનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે. સરકારના પ્રકારો જેવા કે લોકશાહી, સરમુખત્યારશાહી, લશ્કરીશાસન વગેરેનાં સ્વરૂપ, લક્ષણો, ગુણ-દોષ, તેમાં થતાં પરિવર્તનો જેમ કે, ક્રાંતિ, સત્તાપલટો વગેરેનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે. સત્તાની વહેંચણી કરવાના ખ્યાલો અને તેના આધારે ઊભા થતા પ્રકારો જેવા કે; એકતંત્રી સરકાર, સમવાયતંત્રી સરકાર, તેમની રચના, લક્ષણો, ગુણ-દોષ વગેરેની ચર્ચા તેમાં કરવામાં આવે છે. સરકારનું એક અંગ-કારોબારીની રચના કેવી રીતે કરવામાં આવે છે અને તેના આધારે ઊભા થતા પ્રકારો જેવા કે સંસદીય સરકાર અને પ્રમુખીય સરકાર, તેના સિદ્ધાંતો, રચના, ધારાસભા-કારોબારી વચ્ચેના સંબંધો, તેમનાં લક્ષણો અને ગુણ-દોષ વગેરેની ચર્ચા પણ તેમાં કરવામાં આવે છે. સત્તાના વિકેન્દ્રીકરણમાંથી ઉદ્ભવતી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, મહાનગરપાલિકાઓ (મ્યુનિસિપલ કૉર્પોરેશન) અને ગ્રામીણ વિસ્તારોમાં પંચાયતીરાજના માળખા અને તેની સંસ્થાઓનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(3) વહીવટીતંત્રનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર કારોબારી અને વહીવટીતંત્રનો અભ્યાસ કરે છે. ધારાસભાએ પસાર કરેલા કાયદાઓ તેમજ જુદી-જુદી નીતિઓ અને કાર્યક્રમોનો અમલ કરવાનું કાર્ય કારોબારીએ કરવાનું હોય છે. પણ વ્યવહારમાં તે બધાંનો વહીવટ કરવાનું કાર્ય જાહેર વહીવટીતંત્ર કરે છે. તેથી રાજ્યશાસ્ત્રમાં જાહેર વહીવટીતંત્ર અને તેના અભ્યાસના વિવિધ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવે છે. રાજ્ય અથવા તો સરકાર પોતાના નિર્ણયોનો અમલ આખરે તો વહીવટીતંત્ર દ્વારા જ કરે છે, તેથી તેનું મહત્ત્વ ઘણું છે. આમ, રાજ્યશાસ્ત્રમાં તેનો અભ્યાસ પણ કરવામાં આવે છે.

**(4) કાયદાનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર કાયદાનો અભ્યાસ કરે છે. કોઈપણ સરકારે કાયદાના બૃહદ્ માળખામાં રહીને કામ કરવાનું હોય છે. એટલે કાયદા, તેનાં ઉદ્ભવસ્થાનો, તેનાં સ્વરૂપો અને પ્રકારો, કાયદાના ઘડતર, તેના વ્યાપ અને મર્યાદાઓ વગેરેનો અભ્યાસ પણ તેમાં કરવામાં આવે છે.

**(5) નાગરિકતા અંગેનો અભ્યાસ :** કોઈપણ રાજ્ય આખરે તો તેના નાગરિકોનું બનેલું હોય છે. રાજ્યનું સભ્યપદ એટલે કે નાગરિકતા અને તેના સિદ્ધાંતો, રાજ્ય અને નાગરિક વચ્ચેના સંબંધો એટલે કે નાગરિકના હકો અને તેની ફરજોનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. આ રીતે રાજ્યશાસ્ત્ર નાગરિક અને નાગરિકતાનો અભ્યાસ કરે છે.

**(6) લોકશાહી પ્રક્રિયાનો અભ્યાસ :** લોકશાહી શાસન પદ્ધતિમાં રાજ્યના સંચાલનમાં નાગરિકોની સક્રિય ભાગીદારી અને સામેલગીરી અનિવાર્ય માનવામાં આવે છે. આથી મતાધિકાર, તે માટેની લાયકાતો અને યોગ્યતા, ચૂંટણીપ્રથા અને તેના પ્રકારો, પ્રતિનિધિત્વ અને તે સંબંધી ખ્યાલો - પ્રતિનિધિ અને મતદારો વચ્ચેના સંબંધો જેવી બાબતોનો પણ રાજ્યશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવે છે.

**(7) રાજકીય પક્ષોનો અભ્યાસ :** રાજ્યતંત્રના સંચાલનમાં જેમ નાગરિક પોતાની મતદાર તરીકેની ભૂમિકા ભજવે છે તેમ રાજકીય પક્ષો સત્તા પ્રાપ્ત કરવા પોતાની ભૂમિકા ભજવે છે. આથી રાજકીય પક્ષો, તેમની વ્યાખ્યા, ભૂમિકા, કાર્યો અને સ્વરૂપનો અભ્યાસ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. પક્ષપદ્ધતિ, તેના પ્રકારો, તેમનાં લક્ષણો, ગુણદોષ અને મર્યાદાઓ, તેમની અગત્ય અને ભૂમિકા એ બધાનો અભ્યાસ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. નાગરિકોનાં કેટલાંક હિતજૂથો અને દાબજૂથો પણ રાજકારણની પ્રક્રિયાઓને પ્રભાવિત કરતાં હોવાથી તેમના અભ્યાસનો સમાવેશ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**(8) રાષ્ટ્ર-રાષ્ટ્રીયતાનો અભ્યાસ :** આધુનિક સમયમાં રાજ્યે રાષ્ટ્ર - રાજ્યનું સ્વરૂપ ધારણ કર્યું છે. એટલે રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતા, તેમની વ્યાખ્યા, અર્થ, સ્વરૂપ તેમને ઘડનારાં પરિબળો, તેમના ગુણદોષ અને તેનાં ભયસ્થાનો વગેરેનો અભ્યાસ પણ કરવામાં આવે છે. આમ, રાજ્યશાસ્ત્ર રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો અભ્યાસ કરે છે.

**(9) આંતરરાષ્ટ્રીય રાજકારણનો અભ્યાસ :** રાષ્ટ્ર-રાજ્ય અને અન્ય રાષ્ટ્ર-રાજ્યો વચ્ચેના સંબંધો જેને આંતરરાષ્ટ્રીય સંબંધો અથવા આંતરરાષ્ટ્રીય રાજકારણ કહેવામાં આવે છે, તેનો અભ્યાસ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણ, તેનાં અર્થ અને સ્વરૂપ, તે સંબંધી સિદ્ધાંતો, વિદેશનીતિ, મુત્સદીગીરી, રાષ્ટ્રીય સલામતી, યુદ્ધ અને શાંતિની સમસ્યાઓ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે સંયુક્ત રાષ્ટ્રસંઘ, તેની રચના, કામગીરી અને ભૂમિકા વગેરેનો અભ્યાસ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે.

ટૂંકમાં, રાજ્યશાસ્ત્રનો વિષય-વ્યાપ અને અભ્યાસક્ષેત્ર ઘણાં વિશાળ છે. તેમાં ગ્રામપંચાયતથી માંડી આંતરરાષ્ટ્રીય બાબતો સુધીનો અભ્યાસ કરવામાં આવે છે અને દિવસે-દિવસે તેના વ્યાપમાં વધારો થતો જાય છે.

**રાજ્યશાસ્ત્ર અને રાજકારણ**

ઘણીવાર રાજ્યશાસ્ત્ર અને રાજકારણ શબ્દનો ઉપયોગ એકબીજાના પર્યાય તરીકે કરવામાં આવે છે. પરંતુ હકીકતમાં એ બરાબર નથી. રાજ્યશાસ્ત્ર અને રાજકારણ વચ્ચે મોટો તફાવત રહેલો છે. રાજ્યશાસ્ત્ર રાજ્યની ચર્ચા કરતું અને તેની સમજ આપતું શાસ્ત્ર છે. તે રાજ્યના ઘટકો અને સરકારના સિદ્ધાંતોની ચર્ચા કરે છે. રાજકારણ એ સત્તાના કેન્દ્રની આસપાસ આકાર લેતી પ્રવૃત્તિ છે. રાજકારણ એ સત્તા મેળવવા માટેનો સંઘર્ષ છે.

રાજકારણ શબ્દને આપણે સંકુચિત અને વિશાળ એમ બે અર્થમાં સમજી શકીએ : સંકુચિત અર્થમાં જોઈએ તો, ''જે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પ્રવૃત્તિઓ અથવા તો કાર્યો દ્વારા સરકારની પસંદગી કરવામાં આવે છે તથા તેના દ્વારા રાજકીય કાર્યક્રમ કે રાજકીયનીતિને વેગ આપવામાં આવે છે તેને રાજકારણ કહેવામાં આવે છે.'' જ્યારે વિશાળ અર્થમાં - ''રાજકારણ એટલે જે પ્રવૃત્તિઓ જાહેર કાર્યોના વહીવટ સાથે સંબંધ ધરાવે છે તે રાજકારણ''. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકારણ જાહેર વ્યવહાર કે પ્રવૃત્તિ છે. જે વ્યક્તિઓ રાજ્યોનાં કાર્યોમાં કે તેના પ્રશ્નોમાં સક્રિય અને સીધી રીતે રસ લેતી હોય છે તેમને રાજકારણ સાથે સંકળાયેલી વ્યક્તિઓ એટલે કે રાજકારણીઓ અથવા રાજપુરુષો તરીકે ઓળખવામાં આવે છે. સત્તા મેળવવા માટેની જે હરીફાઈ થાય છે તેમાં કાવાદાવાનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે તેથી ઘણી વાર એવું પણ કહેવાય છે કે રાજકારણ એ કાવાદાવાની રમત છે. આ ઉપરાંત રાજકારણને વ્યવહારુ શાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે રાજકારણ શાસ્ત્ર ઉપરાંત કલા પણ છે.

રાજ્યશાસ્ત્રની વિસ્તૃત વ્યાખ્યા આપવી હોય તો એવું કહી શકાય કે, ''રાજ્યશાસ્ત્ર રાજ્ય વિશે, તેના હેતુઓ વિશે તેમજ અન્ય રાજ્યો સાથેના સંબંધો વિશે માહિતી કે જ્ઞાન આપતું અને તેના વિશે ચર્ચા કરતું શાસ્ત્ર છે.''

એક મંતવ્ય એવું પણ છે કે, રાજ્યશાસ્ત્ર સરકાર સાથે સંબંધ ધરાવે છે. આ અર્થમાં તે રાજ્યના સિદ્ધાંતો તથા સરકારના સિદ્ધાંતોનો અભ્યાસ કરે છે. રાજશાસ્ત્રના અભ્યાસીઓ કે ચિંતકોને રાજ્યશાસ્ત્રી તરીકે ઓળખવામાં આવે છે.

રાજકારણ અંગેના પ્રવાહો સતત બદલાતાં રહેતાં હોય છે. આધુનિક સમયમાં વ્યક્તિના જીવનમાં રાજકારણનો પ્રભાવ પણ વધી રહ્યો છે. ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે કે જે રાજકારણથી અલિપ્ત હોય! જાણે અજાણે પ્રત્યેક વ્યક્તિ થોડા કે વધુ અંશે રાજકારણના રંગથી રંગાયેલી હોય છે. ઘર-કુટુંબ, જૂથો, જ્ઞાતિમંડળો કે અન્ય સંસ્થાઓ દરેક જગ્યાએ રાજકારણ હોય જ છે. આજે તો ટેક્નોલૉજીના વિકાસ અને સંદેશા-વ્યવહારનાં ઝડપી સાધનોનાં પરિણામે મોટાભાગની વ્યક્તિઓ દેશ-વિદેશના રાજકારણથી પણ પરિચિત થવા લાગી છે. આમ, રાજકારણ એ વર્તમાન સમયમાં નાગરિક જીવનનું એક અગત્યનું લક્ષણ બની ગયું છે. આપણે ઈચ્છીએ કે ના ઈચ્છીએ પણ રાજકારણ આપણા જીવનનાં લગભગ તમામ પાસાઓને એક યા બીજી રીતે સ્પર્શે છે અને તેમને પ્રભાવિત કરે છે. માનવજીવનનું કોઈ ક્ષેત્ર એવું રહ્યું નથી કે જ્યાં રાજકારણે પ્રવેશ કર્યો ન હોય. આમ, રાજકારણે આપણા જીવનમાં ઊંડે સુધી પ્રવેશ કર્યો છે.

### રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ

રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ કે તેની અગત્ય નીચે મુજબ છે :

**(1) રાજ્યની વધતી દરમિયાનગીરીને અટકાવવી :** રાજ્યનું કાર્યક્ષેત્ર દિવસે-દિવસે વધતું જાય છે, જેના લીધે મનુષ્યજીવનમાં તેની દરમિયાનગીરી પણ વિસ્તાર પામી રહી છે. સરકાર, નગર, નિશાળ, ધર્મ-સ્થાન, વ્યાપારી પેઢી, મજૂર-સંગઠન, ક્લબ, રાજકીય પક્ષો વગેરે અનેક સંસ્થાઓના સંપર્ક દ્વારા વ્યક્તિ રાજકારણ સાથે સંબંધમાં આવે છે. રાજકારણ એ માનવ અસ્તિત્વની એક અનિવાર્ય વાસ્તવિકતા છે. આમ, રાજ્યશાસ્ત્રનો અભ્યાસ રાજ્યની દરમિયાનગીરીને આપણા જીવનમાં કેટલા અંશે પ્રવેશવા દેવી તેની સભાનતા કેળવે છે.

**(2) હકો અને ફરજોથી માહિતગાર :** રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આપણને આપણા મૂળભૂત હકો અને ફરજો અંગે માહિતી મળે છે એટલું જ નહિ પરંતુ હકોના રક્ષણ માટે કેવી જોગવાઈઓ અસ્તિત્વ ધરાવે છે તેનો ખ્યાલ પણ રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આવે છે. આ કારણથી જ પશ્ચિમનાં રાજ્યોમાં દરેક વિદ્યાર્થી સારો નાગરિક બને તે માટે દેશના બંધારણનો તથા દેશની સરકારનો અભ્યાસ કરવો ફરજિયાત છે.

**(3) સરકારના પ્રકારોની જાણકારી :** રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં વિવિધ સરકારોના અભ્યાસ ઉપરાંત તેમનો તુલનાત્મક અભ્યાસ પણ કરવામાં આવતો હોય છે. આવા અભ્યાસ દ્વારા કયા પ્રકારની સરકાર યોગ્ય છે તેનો પણ આપણને ખ્યાલ આવે છે. અત્યારે એ વિચારનો સ્વીકાર થયો છે કે સરકારના પ્રકારોમાં લોકશાહી સરકાર ઉત્તમ છે. આ તંત્રમાં લોકો પાસે છેવટની સત્તા હોવાથી રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી ગણાવી શકાય.

**(4) સરકારના તંત્રની જાણકારી :** રાજ્યશાસ્ત્ર દ્વારા સરકારનાં ત્રણેય અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રનો ઊંડાણથી અભ્યાસ કરવામાં આવે છે, જેના કારણે આપણને સરકારના તંત્રનો સારી રીતે ખ્યાલ આવે છે. એક સારા નાગરિક



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તરીકે આ પ્રકારની જાણકારી અનિવાર્ય છે, કારણ કે આપણે જે રાજ્યના નાગરિક હોઈએ તે રાજ્યની સરકાર કેવી રીતે કાર્ય કરે છે, દરેક અંગનાં કાર્યો કયા કયા છે ? આ અંગો વચ્ચે કેવા સંબંધો છે, જેવી બાબતો વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે.

**(5) સત્તાના વિકેન્દ્રીકરણની સમજ :** રાજ્યશાસ્ત્રના અભ્યાસથી સ્થાનિક સરકારની સંસ્થાઓની રચના, કામગીરી તથા સત્તાક્ષેત્રનો ખ્યાલ આવે છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર સાથેના તેના સંબંધો કેવા છે તે વિશે પણ જાણી શકાય છે. પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ વગેરે સ્થાનિક સરકારની સંસ્થાઓમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસથી સારી રીતે ભાગ લઈ શકાય છે. આ કારણથી જ સ્થાનિક સરકારની સંસ્થાઓને 'લોકશાહીની તાલીમશાળા' તરીકે ઓળખવામાં આવે છે.

**(6) નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી માટે :** લોકશાહીમાં પ્રત્યેક નાગરિકની ભાગીદારી ઇચ્છનીય છે, તેથી સામૂહિક નિર્ણયોથી જેને-જેને અસર થતી હોય તેને એ નિર્ણય પ્રક્રિયામાં સામેલ થવું અનિવાર્ય છે. આમ, આ નિર્ણય પ્રક્રિયામાં અસરકારક રીતે સામેલ થઈ શકે તે માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે.

**(7) રાજકીય સત્તાની વિવિધ પ્રક્રિયાઓ જાણવા :** રાજ્યશાસ્ત્ર મનુષ્યની આસપાસ ચાલતી રાજકીય સત્તાની વિવિધ પ્રક્રિયાઓ અને રાજકારણનો વ્યવસ્થિત અભ્યાસ કરે છે. સમાજજીવનનાં વિવિધ પાસાંઓ અંગેના અંતિમ અને બંધનકર્તા નિર્ણયો રાજકારણ લે છે, જે નિર્ણયો આપણા જીવનને પ્રભાવિત કરતા હોય એ નિર્ણયો કેવી રીતે લેવાય છે એ જાણવું દરેકને માટે ખૂબ જરૂરી છે. આ બધું જાણવા માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

**(8) આંતરરાષ્ટ્રીય રાજકારણ તેમજ પ્રવાહોથી માહિતગાર :** દરેક રાજ્યને અન્ય રાજ્યો સાથે સંબંધો રાખવા પડે છે, જેમાંથી આંતરરાષ્ટ્રીય રાજકારણ સર્જાય છે. આંતરરાષ્ટ્રીય કાયદો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, વૈશ્વિક પ્રવાહો વગેરે વિશે વિગતથી માહિતી આપીને રાજ્યશાસ્ત્ર આંતરરાષ્ટ્રીય રાજકારણને સમજાવે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણ રાજકીય તેમજ અન્ય વિવિધ સમસ્યાઓથી ભરપૂર છે. આ સમસ્યાઓને સમજવા માટે તેમજ તેમનો ઉકેલ લાવવા માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ અનિવાર્ય બની જાય છે.

**(9) પાયાનાં મૂલ્યોની જાણકારી :** સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, ન્યાય વગેરે જેવાં મનુષ્યજીવનનાં પાયાનાં મૂલ્યો છે. આ મૂલ્યોની અગત્ય વિશેની જાણકારી અત્યંત જરૂરી છે. અને તેનો ખ્યાલ રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આવે છે. તેથી રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે.

આ રીતે રાજ્યશાસ્ત્રના અભ્યાસની અગત્ય જેટલી આંકીએ એટલી ઓછી છે. રાજ્યશાસ્ત્રનો અભ્યાસ મનુષ્યને સારા જીવન માટે તૈયાર કરે છે. સારો નાગરિક એ કોઈ પણ રાજ્યની સંપત્તિ છે. રાજ્યશાસ્ત્રનો અભ્યાસ વ્યક્તિને સારા નાગરિક તરીકેનું ઘડતર કરવામાં મદદરૂપ થાય છે. તેથી દરેકે તેનો અભ્યાસ કરવો જરૂરી બની રહે છે.

**રાજ્યશાસ્ત્રના અન્ય સામાજિક શાસ્ત્રો સાથેના સંબંધો**

રાજ્યશાસ્ત્ર એક સામાજિક શાસ્ત્ર હોવાથી તે બીજા સામાજિક શાસ્ત્રો સાથે સંબંધ ધરાવે છે. મનુષ્યની વિવિધ વૃત્તિઓ સાથે વિવિધ સામાજિક શાસ્ત્રો સંકળાયેલા હોવાથી રાજ્યશાસ્ત્રને સાચા અર્થમાં સમજવા માટે બીજા સામાજિક શાસ્ત્રો સાથેના તેના સંબંધોને જાણવા જરૂરી બને છે. ખાસ કરીને અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ભૂગોળ, માનસશાસ્ત્ર અને ઇતિહાસ સાથે રાજ્યશાસ્ત્ર કેવી રીતે સંકળાયેલું છે તેનો હવે અભ્યાસ કરીશું.

**રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર :** રાજ્યશાસ્ત્ર રાજ્યનાં કાર્યો, તેની સમસ્યાઓ તથા તેના હેતુઓ સાથે સંકળાયેલું છે. જ્યારે અર્થશાસ્ત્ર સાધન અને સંપત્તિનું શાસ્ત્ર હોવાથી તે સંપત્તિના ઉત્પાદન, વહેંચણી, વિનિમય અને વપરાશનો અભ્યાસ કરે છે. પરંતુ ખરેખર તો પ્રાચીન સમયથી આ બંને વચ્ચેના સંબંધનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

આ બંને શાસ્ત્રો વચ્ચે ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ પછી જે સંબંધ સ્થપાયો છે તે દિવસે-દિવસે ગાઢ બનતો જાય છે. છેલ્લાં થોડાં વર્ષોથી તો અર્થશાસ્ત્રનો પ્રભાવ રાજ્યશાસ્ત્ર પર વધતો જાય છે. આ બંને શાસ્ત્રો વચ્ચેના સંબંધને આપણે આ પ્રમાણે દર્શાવી શકીએ :



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(i) રાજ્યશાસ્ત્રમાં રાજ્ય અને અર્થશાસ્ત્રમાં સાધન અને સંપત્તિ કેન્દ્રસ્થાને હોવા છતાં બંનેનું અંતિમ ધ્યેય લોક કલ્યાણ છે. વ્યાપાર, વાણિજ્ય, ઉદ્યોગો, આર્થિક પ્રવૃત્તિઓ વગેરેનો વિકાસ રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા હોય તો જ થાય છે અને રાજ્યનું પ્રાથમિક કાર્ય શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું જ છે.

(ii) લોકોમાં આર્થિક અસંતોષ ન પ્રવર્તે તે જોવાનું કાર્ય રાજ્યએ કરવાનું હોય છે. આર્થિક અસંતોષ ક્રાંતિને જન્મ આપે છે. જે રાજ્યમાં આર્થિક અસમાનતાનું પ્રમાણ વધુ હોય છે ત્યાં સરકારનું સ્થાન ભયમાં મુકાઈ શકે છે અને હિંસક ક્રાંતિની શક્યતા પણ રહે છે. તેથી રાજ્યની સ્થિરતા પણ જોખમાય છે.

(iii) બીજા વિશ્વયુદ્ધ પછીના સમય દરમિયાન જે આર્થિક મુશ્કેલીઓ ઘણાં રાજ્યોએ ભોગવી તેના કારણે ઉત્પાદન, વહેંચણી અને વિનિમયક્ષેત્રે સરકારે દરમિયાનગીરી શરૂ કરી. અત્યારે સરકારે ભાવનિયમનની નીતિ તથા આયાત-નિકાસની નીતિ પોતાના હસ્તક રાખી છે.

આ પ્રમાણે મોટાભાગની સમસ્યાઓ જ આજે આર્થિક સમસ્યાઓ બની ગઈ છે અને તેનો ઉકેલ લાવવા માટે રાજ્યને સદાય તત્પર રહેવું પડે છે. કોઈ પણ રાજ્યતંત્ર તેના અર્થતંત્ર પર જ આધાર રાખે છે. જે રાજ્યનું અર્થતંત્ર સબળ તેની સત્તા પણ વધુ. દા.ત., સંયુક્ત રાજ્ય અમેરિકાના સદ્ધર અર્થતંત્રના કારણે તે વિશ્વની સવાઈ સત્તા બની શક્યું છે.

(iv) સમાજવાદ, સામ્યવાદ વગેરે રાજકીય વિચારસરણીઓના પાયામાં આર્થિક સિદ્ધાંતો રહેલા છે અને તેને સમજવા માટે અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ બને છે. બ્રિટને ભારતમાં આર્થિક કારણોસર જ પગપેસારો કર્યો હતો તે ભૂલવું ન જોઈએ.

(v) છેલ્લાં થોડાં વર્ષોથી આર્થિક ઉદારવાદની નીતિ (ઉદારીકરણ)નું જે ઝડપથી અમલીકરણ થઈ રહ્યું છે તે પણ સ્પષ્ટ કરે છે કે આ બંને શાસ્ત્રો કેટલાં ગાઢ રીતે સંકળાયેલાં છે.

રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંધ હોવા છતાં બંનેનાં અભ્યાસક્ષેત્રો અલગ છે. બંને શાસ્ત્રોએ એકબીજાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પણ બંનેના અભ્યાસવિષયો અને ચિંતનના મુદ્દાઓ જુદા જ છે.

**રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર :** મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી મનુષ્યના ધાર્મિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક વગેરે સંબંધો સામાજિક સંબંધો ગણાય છે. સમાજશાસ્ત્રનો વિસ્તાર બહુ જ વિશાળ છે અને તેથી તે રાજ્યશાસ્ત્રને પણ આવરી લે છે. આ બંને વચ્ચેના સંબંધને આપણે આ પ્રમાણે દર્શાવી શકીએ :

(i) રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં સમાજશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ બને છે. કારણ કે, રાજ્યની ઉત્પત્તિ તેમજ તેના વિકાસની માહિતી તેમાંથી મળે છે. ઉપરાંત, રાજ્યની શરૂઆત થઈ ત્યારે તેની ગણના રાજકીય સંસ્થા કરતાં સામાજિક સંસ્થા તરીકે થતી હતી તે આપણે ભૂલવું જોઈએ નહિ.

(ii) મનુષ્યજીવનનો ઇતિહાસ જણાવે છે કે, મનુષ્યના સામાજિક જીવનની શરૂઆત તેના રાજકીય જીવન કરતાં વહેલી થયેલી છે. આમ, સમાજશાસ્ત્ર સમયની દૃષ્ટિએ રાજ્યશાસ્ત્ર કરતાં પ્રાચીન છે. શરૂઆતમાં ભટકતું જીવન જીવતાં મનુષ્યોએ ઘણી સદીઓ પછી ખેતીની શોધથી સ્થાયી જીવન શરૂ કર્યું, જેમાંથી સ્થાયી સમૂહજીવન તથા સામાજિક જીવનની શરૂઆત થઈ અને આ પછી ઘણા સમય પછી તેમના રાજકીય જીવનની શરૂઆત થઈ છે તેમ સ્વીકારવામાં આવ્યું છે.

(iii) સમાજશાસ્ત્રીઓ રાજ્યને સર્વોચ્ચ સામાજિક સંસ્થા તરીકે સ્વીકારે છે. કારણ કે તે સમાજને દોરવણી આપવાની શક્તિ ધરાવે છે. તેમજ તે સામાજિક વર્તન-વ્યવહારોને પણ નિયંત્રિત કરે છે. એરિસ્ટોટલ, હેગલ, કાર્લમાર્ક્સ, મેકસવેબર જેવા રાજકીય ચિંતકોએ સમાજશાસ્ત્રીય તેમજ રાજકીય એમ બંને ક્ષેત્રોમાં પૃથક્કરણ કરેલાં છે.

(iv) રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વચ્ચેના ગાઢ સંબંધોએ એક નવી જ વિદ્યાશાખાને જન્મ આપ્યો છે અને તે 'રાજકીય સમાજશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવે છે. રાજકીય સમાજશાસ્ત્રે રાજ્યશાસ્ત્રમાં રાજકીય વિકાસ, રાજકીય આધુનિકીકરણ, રાજકીય સંસ્કૃતિ વગેરે સૈદ્ધાંતિક ખ્યાલોનું પ્રદાન કરેલ છે.

(v) સમાજશાસ્ત્રમાં મનુષ્યના સામાજિક સંબંધોનો સમાવેશ થાય છે, જેવાં કે, લગ્ન, કુટુંબ, મિલકત, જ્ઞાતિ, વંશીયતા વગેરે આ તમામ સામાજિક પ્રશ્નો અંગેના છેવટના નિર્ણયો તો રાજ્યે જ લેવાના હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(vi) જે-તે રાજ્યનું સ્વરૂપ અને તેની કામગીરીનો અભ્યાસ કરવા જે-તે સમાજના સ્વરૂપ, વિશિષ્ટતાઓ અને કામગીરીનો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. ભારતીય રાજકારણનો અભ્યાસ કરવો હોય તો ભારતીય સમાજ, તેનું સ્વરૂપ, તેની વિશિષ્ટતાઓ વગેરેનો અભ્યાસ કરવો જ પડે છે. ચૂંટણીમાં તેમજ સત્તા ટકાવવા માટે જ્ઞાતિ કે ધર્મ જેવા મુદ્દાઓ રાજ્યશાસ્ત્રને સમાજનાં વિવિધ અંગો અને પાસાંઓ સાથે જોડે છે.

આમ, સમગ્ર સમાજ વતી સૌને બંધનકર્તા એવા નિર્ણયો રાજ્ય લેતું હોવાથી અને આવા નિર્ણયો થકી સામાજિક સંસ્થાઓ અને પરિબળો પણ પ્રભાવિત થાય છે. ઇચ્છિત દિશામાં સામાજિક પરિવર્તન થાય તેમજ ઇષ્ટ સમાજવ્યવસ્થાનું નિર્માણ થાય એ માટે રાજ્યસત્તાનો ઉપયોગ કરવાનો આધુનિક સમયમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

**રાજ્યશાસ્ત્ર અને ભૂગોળ :** આ બંને શાસ્ત્રોનો વિચાર કરતાં એમ લાગે છે કે તેમની વચ્ચે ગાઢ સંબંધ છે. રાજ્યનાં ઘટક વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વનો સમાવેશ થાય છે એટલે રાજ્ય ચોક્કસ ભૌગોલિક વિસ્તાર સાથે સંકળાયેલ છે. ચોક્કસ વિસ્તાર, સરકાર એ તો રાજ્યનો ભૌતિક આધાર છે. ઘણા ચિંતકોએ ભૌગોલિક પરિસ્થિતિઓની રાજકીય અસર વિશે જણાવ્યું છે. જેમાં એરિસ્ટોટલથી શરૂ કરીને આધુનિક સમયના વિદ્વાનોનો સમાવેશ થાય છે.

પ્રાચીન ગ્રીસમાં અનેક ટાપુઓ આવેલા હોવાથી ભૌગોલિક એકતાના અભાવે જ ત્યાં રાજકીય એકતા સ્થાપી શકાઈ નહિ અને નગરરાજ્યો રચાયાં. સ્વિટ્ઝર્લેન્ડનું જે ભૌગોલિક સ્થાન છે તેને લીધે જ તેનો ઇતિહાસ તથા તેની સંસ્થાઓ વિશિષ્ટ સ્થાન ધારણ કરે છે. બ્રિટનની ભૌગોલિક રચનાને લીધે જ તે મહાન દરિયાઈ સત્તા બની શક્યું છે તેમ કહી શકાય. યુરોપનું હૃદય ગણાતા જર્મનીને કુદરતી સરહદો ન હોવાથી તેના નેતાઓ તથા ચિંતકોએ જર્મની મહાન લશ્કરી સત્તા પ્રાપ્ત કરે તે વિચારને મોખરે રાખ્યો હતો. આ જ રીતે અમેરિકા પૂર્વે અને પશ્ચિમે અતિ વિશાળ મહાસાગરોથી રક્ષાયેલું છે, તેની દક્ષિણે પણ સમુદ્ર આવેલો છે.

ભારતને પણ ત્રણ બાજુ મહાસાગરો તથા ઉત્તરે હિમાલયની પર્વતમાળાના કારણે ભૌગોલિક રક્ષણ સારા પ્રમાણમાં મળતું રહ્યું છે. આવી સરહદોના કારણે બચાવ માટેનો પૂરતો સમય મળી રહે છે. ભૂતકાળમાં સોવિયેત રશિયામાં ફ્રાંસના નેપોલિયન દ્વારા તથા જર્મનીના હિટલર દ્વારા થયેલાં આક્રમણોમાં બંનેને પરાજય સાંપડ્યા. કારણકે, તેના વિશાળ વિસ્તારના કારણે દુશ્મન સૈન્યને અંદરના ભાગમાં આવવા દઈને તેને ઘેરી વળવાની રશિયાના સૈન્યને વધારે અનુકૂળતા રહેલી. તે ઉપરાંત પ્રચંડ ઠંડીનું વાતાવરણ પણ તેને દુશ્મન સામે રક્ષણ આપવામાં સહાયભૂત બનતું હતું.

બીજી દૃષ્ટિએ વિચારીએ તો રાજ્યના ભૌગોલિક વિસ્તારને રાજ્યનું મહત્ત્વનું મૂળ તત્ત્વ ગણવામાં આવે છે. આ વિસ્તારમાં રાજ્યની જમીનની સપાટી નીચેના ભાગનો, સપાટી ઉપરના અવકાશના ભાગનો તેમજ જો રાજ્ય દરિયાકિનારે આવેલ હોય તો દરિયાકિનારાથી 12 માઈલના જળવિસ્તારના ભાગનો સમાવેશ કરવામાં આવે છે.

રાજ્યના ભૂમિપ્રદેશમાંથી નીકળતાં ખનિજ પદાર્થો અને રાસાયણિક દ્રવ્યો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઘણાં રાજ્યોની આર્થિક સમૃદ્ધિ આવી કુદરતી સંપત્તિ ઉપર જ આધાર રાખે છે. દા.ત., સાઉદી અરેબિયા, ઈરાન, કુવૈત વગેરેની આબાદી ખનિજ તેલ આધારિત જ છે. ભારતમાં પણ ખનિજસંપત્તિ તથા કુદરતી તેલના કૂવાઓના કારણે દેશની સમૃદ્ધિમાં વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પણ ભૌગોલિક બાબતો અગત્યની ગણાય છે. જે રાજ્યો વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વનાં હોય તેમને પ્રભાવિત કરવા અથવા તો તેમને જીતી લઈને પોતાનો વિસ્તાર વધારવા સત્તાશાળી રાજ્યો હંમેશાં તત્પર રહે છે. આવાં રાજ્યો ઉપર અંકુશ જમાવવા ભૂતકાળમાં ઘણાં યુદ્ધો ખેલાયાં છે.

આમ, ભૂગોળના સંદર્ભમાં સાંપ્રત સમયમાં પણ ભૂ-રાજકારણ (જીઓ પોલિટિક્સ - Geo Politics) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભૂ-રાજકારણમાં મહત્ત્વનો મુદ્દો ભૂમિનો છે. બીજા શબ્દોમાં કહીએ તો તે રાજકીય જીવનને ખાસ કરીને રાજ્ય-રાજ્ય વચ્ચેના સંબંધને નક્કી કરે છે. આ રીતે રાજ્યશાસ્ત્ર અને ભૂગોળ વચ્ચેનો સંબંધ ઘણો જૂનો છે.

**રાજ્યશાસ્ત્ર અને માનસશાસ્ત્ર :** આધુનિક સમયમાં રાજ્યશાસ્ત્રના લેખકોએ રાજ્યશાસ્ત્રની ઘણી બાબતોને માનસશાસ્ત્રની મદદ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અત્યારનો સમય માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચારવાનો છે. આ બંને શાસ્ત્રો એકબીજાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સાથે સારી રીતે સંકળાયેલાં છે. આપણે આ બંનેના સંબંધને આ પ્રમાણે સમજી શકીએ :

(i) જેમ-જેમ લોકશાહીનો વ્યાપક રીતે સ્વીકાર થતો જાય છે, તેમ-તેમ માનસશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ વધતું જાય છે. કારણ કે લોકશાહીમાં લોકમત અગત્યનું સ્થાન ધરાવે છે. દરેક રાજકીય પક્ષ પ્રચારનાં જુદાં-જુદાં સાધનોનો ઉપયોગ કરીને લોકમાનસને પોતાની તરફેણમાં વાળવા સતત પ્રયત્નશીલ રહે છે. સત્તા ઉપરનો પક્ષ સત્તાને જાળવી રાખવા માટે લોકમતને સતત નજર સમક્ષ રાખીને પોતાના કાર્યક્રમો ઘડે છે. જ્યારે વિરોધપક્ષ લોકમતને પોતાની તરફ વાળવા સતત પ્રયત્નો કરે છે. આ રીતે લોકમતના ઘડતરના સંદર્ભમાં માનસશાસ્ત્રનો અભ્યાસ ખૂબ જ ઉપયોગી થઈ પડે છે.

(ii) રાષ્ટ્રવાદની ભાવના કેળવવા માટે પણ માનસશાસ્ત્રની મદદ લેવામાં આવે છે, કારણ કે રાષ્ટ્ર-ઘડતર માટે જે માનસિક એકતાની જરૂર પડે છે. તેમાં લાગણી કે ભાવના મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ, રાષ્ટ્રીય એકતાના પાયામાં માનસશાસ્ત્રીય ખ્યાલ પડેલો છે.

(iii) સરકાર દ્વારા જ્યારે નવા કાર્યક્રમો કે કાયદાઓ ઘડવામાં આવે છે, ત્યારે સરકારે લોકમાનસનો પૂરેપૂરો ખ્યાલ રાખવો પડે છે. લોકમાનસની અવગણના કરવાથી સત્તા ગુમાવવાનો વારો પણ આવી શકે છે.

(iv) મોટા ભાગે ક્રાંતિ થવાનું કારણ માનસિક અસંતોષ હોય છે. કેમ કે, ક્રાંતિકારોને જ્યારે એમ લાગે છે કે સત્તા ધારી સરકાર અયોગ્ય છે તેમજ તેને દૂર કરવા માટે કોઈ લોકશાહી માર્ગ રહ્યો નથી ત્યારે તેમનામાં પ્રવર્તતી માનસિક અશાંતિ છેવટે તેમને ક્રાંતિ કરવા પ્રેરે છે. નેતાઓની સફળતાનો આધાર અન્ય ગુણો ઉપરાંત પ્રજાની નાડને પારખવાના ગુણ પર રહેલો છે.

આમ, વર્તમાન સમયમાં માનસશાસ્ત્રીય અભ્યાસ વધતો જાય છે. તેમ-તેમ એ સમજાઈ રહ્યું છે કે માણસના વર્તન પાછળ બુદ્ધિ ઉપરાંત માનસિક વલણો પણ અસરકારક ભૂમિકા ભજવે છે. પ્રોફેસર ગ્રેહામ વાલેસે પોતાના પુસ્તક 'The human nature in Politics' માં જણાવ્યું છે કે, રાજકીય વર્તન અને વ્યવહારમાં બુદ્ધિ ઉપરાંત ટેવો, વૃત્તિઓ, સૂચનો, અનુકરણો, લાગણીઓ વગેરે પ્રબળ ભાગ ભજવે છે. આના પરથી કહી શકાય કે, રાજ્યશાસ્ત્ર તેમજ માનસશાસ્ત્ર એકબીજાના પૂરક છે.

**રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ :** રાજ્યશાસ્ત્રના અભ્યાસ માટે ઇતિહાસનું જ્ઞાન જરૂરી ગણાય છે. ઇતિહાસ એ ભૂતકાળમાં જુદા-જુદા સમયે બનેલા બનાવોનો સંગ્રહ છે. ઇતિહાસ દ્વારા આપણે જાણી શકીએ છીએ કે, રાજ્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ, ક્યારે થઈ, તેમજ તેનું શરૂઆતનું સ્વરૂપ કેવું હતું. આમ ઇતિહાસમાંથી મળતી આધારભૂત માહિતી આપણને રાજ્ય વિશે ચોક્કસ વિચારો બાંધવામાં મદદ કરે છે.

આપણે અગાઉ જોયું તે મુજબ, રાજ્યશાસ્ત્રમાં ભૌતિકશાસ્ત્ર કે રસાયણશાસ્ત્રની માફક પ્રયોગોને સ્થાન નથી, તેથી ચોક્કસ કે સચોટ સિદ્ધાંતો તારવી શકાય નહિ. કારણકે, રાજ્યશાસ્ત્રમાં વિષયવસ્તુ જીવંત મનુષ્ય છે. પરિણામે સિદ્ધાંતો તારવવા માટે ઇતિહાસની મદદ લેવી પડે છે. દા.ત., સરકારની ફેરબદલી હિંસક ક્રાંતિ દ્વારા કરવી કે પછી અહિંસક ચૂંટણી પદ્ધતિ દ્વારા કરવી તે અંગેનો નિર્ણય લેવા માટે પ્રયોગની નહિ પરંતુ ઇતિહાસની મદદ અનિવાર્ય બની જાય છે. ઇતિહાસ જણાવે છે કે હિંસક કરતાં અહિંસક પદ્ધતિ જ વધારે ઉચિત છે. પરિણામે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ રીતે ઇતિહાસ રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થી માટે પ્રયોગશાળાની ગરજ સારે છે.

ઇતિહાસ અનેક વિષયો ઉપર લખાયો હોય છે. જેમકે, ભાષા-સાહિત્યનો ઇતિહાસ, કલા-સંસ્કૃતિનો ઇતિહાસ, શોધખોળનો ઇતિહાસ વગેરે. આ દરેક ઇતિહાસ રાજ્યશાસ્ત્ર સાથે સીધી રીતે સ્પર્શતો હોય તેમ જણાતું નથી. પરંતુ એ હકીકત છે કે આ તમામ બાબતો રાજ્યમાં જ પાંગરે છે અને તે અંગેના આખરી નિર્ણયો પણ રાજ્ય દ્વારા જ લેવાતાં હોય છે. ઇતિહાસકારોનાં લખાણો રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીને સારા પ્રમાણમાં માહિતી પૂરી પાડે છે. દા.ત., ઓગણીસમી સદીના યુરોપનો ઇતિહાસ જ્યાં સુધી સામ્રાજ્યવાદ, વ્યક્તિવાદ, સમાજવાદ વગેરેનું મહત્ત્વ સમજાવે નહીં ત્યાં સુધી તે ફક્ત હકીકતોનું વર્ણન જ ગણાય છે. આ જ પ્રમાણે ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસની રાજકીય અગત્ય ન સમજાય ત્યાં સુધી તે અર્થ વગરનો ગણાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આ પ્રમાણે ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર વચ્ચે પાયાના તફાવતો રહેલાં હોવા છતાં, આ બંને ગાઢ રીતે સંકળાયેલા વિષયો છે. ઇતિહાસનો અભ્યાસ રાજ્યશાસ્ત્રના અભ્યાસી માટે કાચા માલની ગરજ સારે છે. ઇતિહાસે નોંધેલા બનાવો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાજ્યશાસ્ત્રના અભ્યાસીને ઉપયોગી થાય છે. ઇતિહાસ એ ભૂતકાળની સમજૂતી આપતી વિદ્યાશાખા છે જ્યારે રાજ્યશાસ્ત્ર ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ સાથે સંબંધ ધરાવતું હોવાથી તેમાં ભૂતકાળની નક્કર હકીકતો ઉપરાંત ભવિષ્યની અપેક્ષાઓને પણ સ્થાન આપવામાં આવે છે. રાજ્યશાસ્ત્ર રાજ્ય કેવું છે અને કેવું હોવું જોઈએ તેની સાથે સંબંધ ધરાવે છે. જ્યારે ઇતિહાસ રાજ્ય કેવું હતું તેની સાથે સંબંધ ધરાવે છે. આમ, રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ બંનેનું અધ્યયન એકબીજાનું પૂરક છે. ઇતિહાસનું અભ્યાસક્ષેત્ર ઘણું વિશાળ છે. જ્યારે રાજ્યશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર ઇતિહાસની તુલનાએ સીમિત છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) રાજ્યશાસ્ત્રના અર્થની વિગતે ચર્ચા કરો.

(2) રાજ્યશાસ્ત્રનું સ્વરૂપ સમજાવો. અથવા રાજ્યશાસ્ત્ર વિજ્ઞાન છે કે કલા, તેની સમજૂતી આપો.

(3) રાજ્યશાસ્ત્રનું કાર્યક્ષેત્ર કે તેના વ્યાપની ચર્ચા કરો.

(4) રાજ્યશાસ્ત્ર અને રાજકારણની વિસ્તૃત ચર્ચા કરો.

(5) રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસનો સંબંધ. (2) રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો સંબંધ.

(3) રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો સંબંધ. (4) રાજ્યશાસ્ત્ર અને ભૂગોળનો સંબંધ.

(5) રાજ્યશાસ્ત્ર અને માનસશાસ્ત્રનો સંબંધ.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) મનુષ્યને સામાજિક-રાજકીય પ્રાણી તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?

(2) આધુનિક સમયના સંદર્ભમાં રાજ્યશાસ્ત્રનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(3) 'રાજકારણ એક કલા છે'. - આ વિધાનને સમજાવો.

(4) રાજ્યશાસ્ત્રનો અભ્યાસ દરેક નાગરિકે શા માટે કરવો જોઈએ ?

(5) રાજ્યશાસ્ત્ર કઈ રીતે અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલું છે ?

(6) 'રાજકીય સમાજશાસ્ત્ર' શેનો અભ્યાસ કરે છે ?

(7) રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં માનસશાસ્ત્રની ભૂમિકા શું છે ?

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) અંગ્રેજી ભાષામાં રાજ્યશાસ્ત્રને શું કહે છે ?

(2) મનુષ્ય સામાજિક પ્રાણી કેમ કહેવાય છે ?

(3) રાજ્યશાસ્ત્રની ટૂંકી અને સરળ વ્યાખ્યા આપો.

(4) રાજ્યશાસ્ત્ર શુદ્ધ વિજ્ઞાન કેમ નથી ?

(5) રાજકારણની સરળ વ્યાખ્યા આપો.

(6) રાજ્યશાસ્ત્ર અન્ય કયા કયા સામાજિક શાસ્ત્રો સાથે સંબંધ ધરાવે છે ?

(7) અર્થશાસ્ત્ર શેનો અભ્યાસ કરે છે ?

(8) સરકારનાં અંગો કયા કયા છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) રાજ્યશાસ્ત્રના પિતા કોણ છે ? ☐

(અ) હેરોલ્ડ લાસ્કી (બ) ઍરિસ્ટોટલ (ક) કાર્લમાર્ક્સ (ડ) જ્હોન લૉક

(2) ગ્રીક લોકો પોતાના નગર અથવા શહેરને શું કહેતાં હતાં ? ☐

(અ) પોલીસ (બ) ઑફિસ (ક) મંડળ (ડ) સભા

(3) કૌટિલ્યના પ્રસિદ્ધ પુસ્તકનું નામ શું છે ? ☐

(અ) રાજા તથા પ્રજા (બ) કાયદો (ક) અર્થશાસ્ત્ર (ડ) વિકાસ

(4) કોને 'બાંધછોડ' કે 'સમાધાન' ની કલા તરીકે ઓળખવામાં આવે છે ? ☐

(અ) ઈતિહાસ (બ) રાજકારણ (ક) આદર્શવાદ (ડ) ભૂગોળ

(5) ભૂ-રાજકારણ કોની સાથે સંકળાયેલ છે ? ☐

(અ) ભૂમિ (બ) નીતિશાસ્ત્ર (ક) માનસશાસ્ત્ર (ડ) સમાજશાસ્ત્ર

(6) રાજ્યની દરિયાઈ સીમાની સત્તા કેટલા માઈલ સુધીની હોય છે ? ☐

(અ) 48 માઈલ (બ) 36 માઈલ (ક) 12 માઈલ (ડ) 4 માઈલ

(7) રાજકારણ એ કાવાદાવાની રમત છે ? ☐

(અ) સાચું (બ) ખોટું
(ક) અ તથા બ પૈકી એકેય નહિ. (ડ) અ તથા બ બંને

(8) "ધ હ્યુમન નેચર ઈન પોલિટિક્સ" - પુસ્તક કોનું છે ? ☐

(અ) સોક્રેટિસ (બ) મેક્સ વેબર (ક) ગ્રેહામ વાલેસ (ડ) જીન જેક રુસો

**પ્રવૃત્તિ**

- ચર્ચાસભા ગોઠવો. - નાગરિકના ઘડતરમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસની ઉપયોગિતા.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2 લોકશાહીના પાયાનાં મૂલ્યો

આ પ્રકરણમાં આપણે લોકશાહીના પાયાનાં મૂલ્યો જેવાં કે સ્વતંત્રતા, સમાનતા અને સામાજિક ન્યાય જેવાં મૂલ્યોનો અભ્યાસ કરીશું.

મનુષ્યના સમૂહજીવનના પ્રારંભ સાથે વ્યવસ્થાના કેટલાક પ્રશ્નો ઉદ્ભવ્યા. આ પ્રશ્નોના ઉકેલ માટે સમાજની અન્ય સંસ્થાઓની જેમ રાજ્યસંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો. રાજ્યનાં ચાર આવશ્યક ઘટક તત્ત્વો વસ્તી, વિસ્તાર, સરકાર, અને સાર્વભૌમત્વ છે. તેમાં સાર્વભૌમત્વ અતિ અગત્યનું તત્ત્વ છે. તે રાજ્યને નિર્ણય ઘડતરમાં આંતરિક રીતે સર્વોપરી અને બાહ્ય રીતે સ્વતંત્ર બનાવે છે. આ સાર્વભૌમત્વ મનુષ્યની સ્વતંત્રતા વત્તે-ઓછે અંશે નિયંત્રિત કરે છે. મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેથી સ્વભાવે સ્વતંત્રતાને ઝંખનાર છે.

**સ્વતંત્રતાનો અર્થ :** સ્વતંત્રતાનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદા જુદા રાજ્યશાસ્ત્રીઓએ પ્રયત્નો કર્યા છે. સ્વતંત્રતાનો સામાન્ય અર્થ આપતાં કહી શકાય કે, સ્વતંત્રતા એટલે અન્ય કોઈને નુકસાન ન થાય તે રીતે વર્તન-વ્યવહાર કરવાની છૂટ. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં જોઈએ તો 'સ્વતંત્રતાનો અર્થ એવા વાતાવરણની સ્થાપના છે, જેમાં મનુષ્યોને પોતાના પૂર્ણ વિકાસની તકો પ્રાપ્ત થાય છે.' આમ સ્વતંત્રતા એક પ્રકારનું વાતાવરણ છે, તે વિધેયાત્મક શક્તિ છે કે જે વ્યક્તિને તેના વિકાસની તકો પૂરી પાડે છે. તે વ્યક્તિને તેની મરજી પ્રમાણે વર્તવાની છૂટ આપે છે. પરંતુ તેનો અર્થ સ્વચ્છંદતા નથી. સમાજના સભ્ય તરીકે અને રાજ્યના નાગરિક તરીકે તે સ્વચ્છંદપણે વર્તી શકે નહિ. આમ, કેટલીક મર્યાદામાં રહીને વર્તન કરવાની છૂટને આપણે સ્વતંત્રતા કહી શકીએ.

### સ્વતંત્રતા (નકારાત્મક અને હકારાત્મક)

રાજ્યશાસ્ત્રીઓએ સ્વતંત્રતાનાં બે પાસાં ગણાવ્યાં છે : (અ) નકારાત્મક અને (બ) હકારાત્મક.

**(અ) નકારાત્મક સ્વતંત્રતા :** કેટલાક અભ્યાસીઓનું માનવું છે કે વ્યક્તિના જીવનનાં બે પાસાં છે. પ્રથમ વ્યક્તિનું અંગત કે ખાનગી જીવન. આ જીવનમાં રાજ્યે કોઈ દખલગીરી કરવી જોઈએ નહિ. કારણ કે વ્યક્તિના અંગત જીવનથી બીજાને હાનિ થતી નથી.

પરંતુ વ્યક્તિના જીવનનું બીજું પાસું એ તેનું જાહેરજીવન છે, એટલે કે વ્યક્તિનું જાહેર વર્તન બીજી વ્યક્તિઓના કાર્યમાં દખલગીરી કરતું હોય તો રાજ્ય વ્યક્તિના આવા વર્તનને નિયંત્રિત કરી શકે છે.

**(બ) હકારાત્મક સ્વતંત્રતા :** સ્વતંત્રતાના હકારાત્મક પાસાનો વિચાર કરતાં જણાય છે કે એક મનુષ્ય તરીકે જે કરવા જેવું છે તે કરવાની તેને મોકળાશ હોય એ જરૂરી છે. એટલે કે, વ્યક્તિ જીવનમાં વિવિધ આનંદ માણી શકે. તે પોતાનું જીવન હર્યું-ભર્યું બનાવી શકે, અને તેમ કરવાની અનુકૂળતા હોય એ જરૂરી છે. ટૂંકમાં, વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસને પોષતી સ્વતંત્રતા એ હકારાત્મક સ્વતંત્રતા છે.

### સ્વતંત્રતાના પ્રકાર

સ્વતંત્રતાના અર્થને વધુ સારી રીતે સમજવા માટે તેના પ્રકારોની સમજૂતી મેળવવી જરૂરી છે. જે નીચે પ્રમાણે છે :

**(1) કુદરતી સ્વતંત્રતા :** કુદરતી સ્વતંત્રતાનો અર્થ એ છે કે મનુષ્ય જન્મથી સ્વતંત્રતાનો હક ધરાવે છે. જહૉન લૉક અને રૂસો જેવા ચિંતકોએ તેમના સામાજિક કરારના સિદ્ધાંતમાં કુદરતી અવસ્થા સમજાવી છે. તેમના મતે આ કુદરતી અવસ્થામાં વ્યક્તિ સ્વતંત્રતાનો હક ધરાવતી હતી. આમ મનુષ્ય કુદરતી રીતે જ એટલે કે જન્મ - સમયથી જ સ્વતંત્રતાનો હક ભોગવે છે. સમાજ કે રાજ્ય વ્યક્તિના હક છીનવી શકે નહિ તે બાબતને આ ખ્યાલે દૃઢ બનાવેલ છે.

**(2) નૈતિક સ્વતંત્રતા :** મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેથી તેને સ્વ-વિવેકથી વર્તવાની કેટલીક સ્વતંત્રતા હોવી જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તેનાથી વ્યક્તિને સારા-નરસાનો નિર્ણય કરવાનો અધિકાર મળે છે. આ બાબતનું સમર્થન નીતિશાસ્ત્રીઓ, વ્યક્તિવાદીઓ અને અરાજ્યવાદીઓ કરે છે. આ ચિંતકોનું માનવું છે કે સમાજમાં અનૈતિક વ્યવહારોને રોકવાની, તેની સામે અવાજ ઉઠાવવાની વ્યક્તિને સ્વતંત્રતા હોવી જોઈએ.

**(3) સામાજિક અને નાગરિક સ્વતંત્રતા :** સમાજના સભ્ય તરીકે વ્યક્તિને અને રાજ્યના નાગરિક તરીકે તેને કેટલીક સ્વતંત્રતા હોય છે. અભ્યાસીઓએ આ સામાજિક અને નાગરિક સ્વતંત્રતાને ચાર પેટા વિભાગોમાં વહેંચી છે :

(i) **વૈયક્તિક અને નાગરિક સ્વતંત્રતા :** જ્હૉન સ્ટુઅર્ટ મિલ જેવા ચિંતકોનું માનવું છે કે વ્યક્તિને તેના અંગત જીવનમાં સ્વતંત્રતા મળવી જોઈએ. આ સ્વતંત્રતા પ્રમાણે વ્યક્તિએ કેવી રીતે રહેવું ? શું ખાવું ? શું પીવું ? કેવો પોશાક પહેરવો ? કયો ધર્મ પાળવો ? જેવી બાબતોમાં સ્વતંત્રતા મળવી જોઈએ. સમાજે કે રાજ્યે તેમાં દખલગીરી કરવી જોઈએ નહિ.

રાજ્યના સભ્ય તરીકે અને રાજ્યના કાયદાઓના રક્ષણ નીચે વ્યક્તિને નાગરિક સ્વતંત્રતા મળે છે. નાગરિક સ્વતંત્રતા વ્યક્તિને (ક) અન્ય નાગરિકોના અયોગ્ય વર્તાવ સામે રક્ષણ આપે છે. (ખ) તે સરકારના અન્યાયી પગલાઓથી રક્ષણ આપે છે. આ સ્વતંત્રતાઓ રાજ્ય સામે અપાયેલી હોય છે. આમ છતાં રાજ્ય જાહેર હિત માટે તેના ઉપર કેટલીક મર્યાદા મૂકી શકે છે. આ મર્યાદાઓ ગેરવાજબી હોય તો નાગરિક બંધારણીય ઇલાજોના હક દ્વારા અદાલતી સમીક્ષા અને સુરક્ષા માંગી શકે છે.

(ii) **રાજકીય સ્વતંત્રતા :** વ્યક્તિ જે રાજ્યમાં રહેતી હોય તે રાજ્યનાં શાસનસંબંધી કાર્યોમાં ભાગ લેવાની તક આપે છે. આવી જાહેર ભાગીદારીથી નાગરિક જાહેર નીતિના ઘડતર માટે, પોતાના વિચારો દ્વારા તેમાં વળાંક આપવા પ્રયત્ન કરી શકે છે. રાજકીય સ્વતંત્રતા લોકશાહીને મૂર્તિમંત કરે છે. આ સ્વતંત્રતામાં મત આપવાના, ચૂંટણીઓમાં ઉમેદવારી કરવાના, પોતાની પસંદગીના પક્ષ અને ઉમેદવારનો પ્રચાર કરવાના, સરકારનું સમર્થન કે વિરોધ કરવાના હકનો સમાવેશ થાય છે.

(iii) **આર્થિક સ્વતંત્રતા :** આર્થિક સ્વતંત્રતામાં વ્યક્તિને પોતાની તથા પોતાના કુટુંબની આર્થિક જરૂરિયાતો સંતોષવાની બાબતોનો સમાવેશ થાય છે. વ્યક્તિને કામ કરવાના, વાજબી વેતન મેળવવાના, મિલકત એકઠી કરવાના, તેના નિકાલના અને પોતાના વ્યવસાયના રક્ષણ માટે સંઘ રચવાના હકનો સમાવેશ થાય છે. આ આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય અને નાગરિક સ્વતંત્રતા અર્થહીન બને છે.

(iv) **રાષ્ટ્રીય સ્વતંત્રતા :** પ્રત્યેક લોકસમૂહ ધર્મ, ભાષા, ભાવાત્મક એકતા જેવા વિવિધ કારણોસર એક રાષ્ટ્ર હોવાની લાગણી ધરાવે છે અને તેના સંચાલનની સ્વતંત્રતા હોય છે. આ સાથે જે રાષ્ટ્રો પરાધીન હોય છે તેને સ્વતંત્રતા માટેની લડત ચલાવવાનો હક હોય છે. તે સ્વતંત્રતા મેળવી રાષ્ટ્ર રાજ્ય બની શકે છે. વાસ્તવમાં આપણે આગળ જોઈ તે સ્વતંત્રતાઓ સ્વતંત્ર રાષ્ટ્ર-રાજ્યમાં જ પાંગરી શકે છે.

### સ્વતંત્રતા શા માટે જરૂરી છે ?

મનુષ્ય માટે સ્વતંત્રતા શા માટે જરૂરી છે ? તે અંગે ચિંતકોએ ઊંડું ચિંતન કર્યું છે. આ ચિંતકોના મતે સ્વતંત્રતા એ પરમ મૂલ્ય છે, તે સ્વયં એક ધ્યેય છે. સ્વતંત્રતામાં જ મનુષ્યને સુખ અને સંતોષ મળે છે. તેથી જ સ્વતંત્રતા માટે અનેક રાષ્ટ્રો વિદેશી શાસકો સામે સ્વાતંત્ર્ય સંગ્રામ લડ્યાં છે.

સ્વતંત્રતામાં જ વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. સત્યની શોધ માટે, વૈજ્ઞાનિક શોધખોળો માટે અને ન્યાયી સમાજની રચના માટે સ્વતંત્રતા હોવી જરૂરી છે.

### સ્વતંત્રતાનો સામાજિક અને રાજકીય ખ્યાલ

મનુષ્ય સમૂહજીવનથી ટેવાયેલો છે. સમૂહ કે સમાજ વિનાના મનુષ્યની સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી. તેથી મનુષ્યે સમાજના સભ્ય તરીકે અને બીજા પણ સ્વતંત્રતા ભોગવી શકે તે માટે વાજબી ધોરણસરની અને મર્યાદા સહિતની સ્વતંત્રતા માણવાની હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જ્યારે આપણે સ્વતંત્રતાના રાજકીય ખ્યાલનો વિચાર કરીએ છીએ ત્યારે જણાય છે કે, રાજ્યના સભ્ય તરીકે નાગરિકને રાજ્યની સામે કેટલીક સ્વતંત્રતા છે જેનું રક્ષણ પણ રાજ્ય જ કરે છે. તેથી જ રાજ્યના કાયદાઓની મર્યાદામાં રહીને નાગરિકે સ્વતંત્રતા ભોગવવાની છે.

### સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ

આપણે આગળ વિચારણા કરી તે પ્રમાણે મનુષ્ય સામાજિક પ્રાણી છે. સામાજિક જીવનમાં જ વ્યક્તિના સ્વાતંત્ર્યની સાર્થકતા સમાયેલી છે. સમૂહજીવન વ્યવસ્થા માંગે છે. આ વ્યવસ્થા માટે રાજ્યસંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો છે. રાજ્યે શાસન માટે કાયદાનો વિકાસ કર્યો છે. રાજ્યના સભ્ય તરીકે નાગરિકે કાયદાની મર્યાદામાં સ્વતંત્રતાનો ઉપભોગ કરવાનો હોય છે. કાયદાપાલનથી વ્યક્તિ પોતે સ્વતંત્રતા ભોગવી શકે છે અને બીજાને સ્વતંત્રતા ભોગવવા દઈ શકે છે.

રાજ્યના આ કાયદાની મર્યાદા સામે વ્યક્તિવાદીઓએ અવાજ ઉઠાવ્યો કે, રાજ્યે ઓછાંમાં ઓછાં નિયંત્રણો મૂકવા જોઈએ. રાજ્ય લોકસંમતિથી કાયદાઓ ઘડે તેવું વ્યક્તિવાદીઓ જણાવે છે. આમ, વ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે અને તેના સંવર્ધન માટે વત્તે-ઓછે અંશે કાયદો અને વ્યવસ્થા જરૂરી છે, અને તે માટે રાજ્ય જરૂરી છે.

### સમાનતા

સ્વતંત્રતાની સાથે સમાનતાનો ખ્યાલ પણ લોકશાહી માટે મહત્ત્વનો છે. વિશ્વની મહાન ક્રાંતિઓ જેવી કે, ફ્રેન્ચ ક્રાંતિ, અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામ અને રશિયાની બોલ્શેવિક ક્રાંતિમાં સ્વતંત્રતાની સાથે સમાનતા ઉપર પણ ભાર મૂકેલો. ભારતના બંધારણમાં મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાનતાના હકને મહત્ત્વનું સ્થાન અપાયેલું છે.

### સમાનતાનો અર્થ

સમાનતાનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદા જુદા અભ્યાસીઓએ પ્રયત્ન કરેલો છે. પ્રોફેસર લાસ્કીના મતે, સમાનતાનો અર્થ એ છે કે કોઈ વિશેષ હકવાળા વર્ગ ન હોય અને તમામને વિકાસની યોગ્ય તકો પ્રાપ્ત થાય. સાદા શબ્દોમાં કહીએ તો સમાનતા એક એવી સ્થિતિ છે કે જેમાં સમાજમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ તેનો ઉત્તમ વિકાસ સાધી શકે એ માટે જરૂરી કેટલીક પાયાની શરતો અથવા પરિસ્થિતિઓની ખાતરી આપવામાં આવે છે.'' સમાનતાની આ વ્યાખ્યાઓ ઉપરથી નીચેના મુદ્દા સ્પષ્ટ થાય છે :

(1) તમામ મનુષ્યોમાં કેટલુંક સરખાપણું છે, જેનાથી તે અન્ય પ્રાણીઓથી જુદો પડે છે. જેમકે; મનુષ્ય વિચારશીલ પ્રાણી છે.

(2) સમાનતાનો અર્થ એ પણ છે કે સૌને પોતાના વિકાસની સમાન તક મળે.

(3) સમાન સંજોગોમાં સૌની સાથે સમાન વ્યવહાર એ નિયમ ગણાવો જોઈએ. જોકે, તેનો અર્થ યાંત્રિક સમાનતા નથી. ટ્રેનમાં કે બસમાં સ્ત્રીઓ અને અપંગો માટે બેઠકની અલગ વ્યવસ્થા એ સમાનતાનો ભંગ નથી.

### હકારાત્મક અને નકારાત્મક સમાનતા

સમાનતાની વ્યાખ્યામાંથી હકારાત્મક અને નકારાત્મક - એમ તેનાં બે પાસાં ઊપસે છે. હકારાત્મક સમાનતા એ છે કે કોઈ પણ જાતના ભેદભાવ વિના વ્યક્તિને તેના વિકાસની સમાન તકો મળી રહે. હકારાત્મક સમાનતા ન્યાયના ખ્યાલની સાથે સુસંગત છે. જેમકે, ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સરકારી નોકરીઓમાં અપાયેલ અનામતની વ્યવસ્થા એ હકારાત્મક સમાનતા છે.

જ્યારે નકારાત્મક સમાનતાનો અર્થ એ છે કે કેટલાક લોકોના હાથમાં જમીન અને સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા સરકાર નિષેધાત્મક કાયદા બનાવે છે. આવી નિષેધાત્મક વ્યવસ્થા સમાનતાનો ભંગ થતો અટકાવવા માટે હોય છે.

### સમાનતાના પ્રકાર

અભ્યાસીઓએ સમાનતાના નીચે પ્રમાણે પ્રકાર બતાવ્યા છે :



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(1) કુદરતી સમાનતા :** કુદરતે મનુષ્યોને સમાન બનાવ્યા છે. તેથી જાતિ, રંગ, જ્ઞાતિ, લિંગ, જન્મ કે ધર્મને આધારે તેમની વચ્ચે ભેદ પાડી શકાય નહિ, એવો કુદરતી સમાનતાનો અર્થ છે. રાજકીય ચિંતક એવા હોબ્સ, લૉક અને રૂસોએ કુદરતી સમાનતાના ખ્યાલનું ભારે સમર્થન કર્યું હતું.

કુદરતી સમાનતાનો અર્થ એ નથી કે મનુષ્ય-મનુષ્ય વચ્ચે કોઈ તફાવત નથી, પરંતુ આ કુદરતી તફાવતો સામાજિક ભેદભાવનો આધાર બનવા જોઈએ નહિ. જેમકે, સ્ત્રી-પુરુષ

**(2) સામાજિક સમાનતા :** સમાજના સભ્ય તરીકે તમામ મનુષ્યોને કેટલાક પાયાના હકો સમાનપણે મળે છે. એવો સામાજિક સમાનતાનો અર્થ છે. સામાજિક સમાનતા સ્થાપવા ભારતના બંધારણે અસ્પૃશ્યતાવાળું વર્તન દાખવવું એને ગુનો ગણ્યો છે. અમેરિકામાં ગુલામીની પ્રથા કાયદેસર રીતે નાબૂદ કરી અશ્વેત લોકોને સમાનતાનો હક અપાયો છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં સ્ત્રીઓને લાંબી લડતને અંતે સમાનતાનો હક મળ્યો છે. ભારતમાં રાજારામમોહન રાયથી શરૂ કરી ગાંધીજી અને ડાૅ. બી. આર. આંબેડકર જેવા અનેક મહાનુભાવોએ સામાજિક સમાનતા માટે પ્રયત્નો કરેલા છે. શિક્ષણ એ સામાજિક સમાનતા માટે જાગૃતિ લાવનારું મોટું સાધન છે.

**(3) રાજકીય સમાનતા :** રાજ્યના નાગરિકોને જાહેર બાબતો કે જાહેર કાર્યોમાં તથા તેના નિર્ણય-ઘડતરમાં ભાગ લેવાની તકની સમાનતા એ રાજકીય સમાનતા છે. નાગરિકો વાણી અને લેખન-સ્વાતંત્ર્ય દ્વારા જાહેર બાબતો અંગે પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. તેઓ સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર દ્વારા મત આપવાની, ઉમેદવારી કરવાની, રાજ્યની નોકરીઓમાં સમાન લાયકાતને આધારે તકની સમાનતાનો હક ધરાવે છે. ત્યારે તે રાજકીય સમાનતાને મૂર્તિમંત કરે છે. આવી સમાનતા લોકશાહી વિશેષ આપી શકે છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે સ્વતંત્ર ભારતની લોકશાહી માટે કહેલું ''હવે બધા રાજા છે અને બધા પ્રજા છે.''

**(4) આર્થિક સમાનતા :** આર્થિક સમાનતાનો અર્થ એટલે પ્રત્યેક વ્યક્તિને તેની મૂળભૂત જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં સંતોષી શકે તેવી પરિસ્થિતિ કરી શકીએ. દેશના અર્થતંત્રમાં સામેલ થવાની અને તેના દ્વારા પર્યાપ્ત આર્થિક જીવનધોરણ પ્રાપ્ત કરવાનો સૌનો સરખો હક આર્થિક સમાનતાને વ્યક્ત કરે છે. આર્થિક સમાનતા સિદ્ધ કરવા, સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા રાજ્ય કાયદા ઘડે છે અને સામુદાયિક સંપત્તિનો ઉપયોગ સૌના ઉત્કર્ષ માટે થાય, તે બાબત ઉપર ભાર અપાય છે. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં જોઈએ તો, 'આર્થિક સમાનતા એટલે આવકની સમાનતા કે વર્તનની એકરૂપતા નહિ, આર્થિક સમાનતા આખરે તો અમુક હદ સુધી સમથળ કરવાની પ્રક્રિયા છે.' ભારતમાં ખેડે તેની જમીન, જમીન ટોચ મર્યાદાનો કાયદો અને શ્રમિકોને પૂરતા વેતનના કાયદા આર્થિક સમાનતા માટેના પ્રયત્નો છે.

**(5) કાનૂની સમાનતા :** કાનૂની સમાનતાની માંગ સામંતશાહી પ્રથાના અત્યાચારો સામે 18મી સદીમાં ઊઠી ને 'કાયદા સમક્ષની સમાનતા' અને 'કાયદાના સમાન રક્ષણની' વાત કરે છે. કાયદાની નજરે પૈસાદાર કે ગરીબ સૌ સમાન છે. કાયદાની સમાનતાનો અર્થ એ નથી કે બધા લોકો માટે સમાન કાયદા હોય, કાયદો બુદ્ધિયુક્તિ ભેદ પાડે છે. જેમકે રાજ્ય શ્રમિકો, ખેતમજૂરો, બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોના હિતને ધ્યાનમાં લઈને કાયદા ઘડી શકે છે.

કાયદાનું શાસન એ કાનૂની સમાનતાનો પાયો છે. કાનૂની સમાનતાને અદાલતમાંથી ન્યાય મેળવવાની સમાન તક સાથે અને અદાલતની તટસ્થતા સાથે પણ સંબંધ છે.

**(6) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા :** આંતરરાષ્ટ્રીય કાયદાની નજરે વિશ્વનાં તમામ રાજ્યો સમાન છે. વ્યવહારમાં અમેરિકા વિશ્વની વિરાટ સત્તા છે. પરંતુ સંયુક્ત રાષ્ટ્રો (United Nations - U.N.- યુ.એન.)ના સભ્યપદ માટે સાર્વભૌમત્વની સમાનતાનો સ્વીકાર થયો છે. યુ.એન.ની મહાસભામાં પ્રત્યેક સભ્યરાષ્ટ્ર સમાન પ્રતિનિધિત્વ ધરાવે છે. પ્રત્યેક સભ્યરાજ્ય તેમાં એક જ મત આપી શકે છે.

**સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ :**

સ્વતંત્રતા અને સમાનતાના સંબંધ અંગે અભ્યાસીઓમાં એક મત નથી. કેટલાક માને છે કે સ્વતંત્રતા અને સમાનતા એકબીજાના વિરોધી ખ્યાલ છે. જ્યારે બીજા કેટલાક માને છે કે સ્વતંત્રતા અને સમાનતા એકબીજાના પૂરક ખ્યાલો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જે અભ્યાસીઓ સ્વતંત્રતા અને સમાનતાને પરસ્પર વિરોધી માને છે તેમના મતે સમાનતા માટે કેટલાંક નિયંત્રણો મૂકવા જરૂરી છે અને નિયંત્રણો સ્વતંત્રતાના ખ્યાલની વિરુદ્ધ છે. તેમના મતે મિલકતનો હક એ કુદરતી છે. તેના ઉપર નિયંત્રણો મૂકી શકાય નહિ. સમાનતા લાવવા રાજ્યની સત્તામાં વધારો કરવો પડે જે સ્વતંત્રતાની વિરોધી છે.

કેટલાક અભ્યાસીઓનું માનવું છે કે, સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર વિરોધી નથી. તેમના મતે સમાનતા વિના વિશેષાધિકારો ઊભા થાય છે જે સ્વતંત્રતાના વિરોધી છે. તેઓ એમ પણ કહે છે કે આર્થિક જરૂરિયાતોના અભાવમાં રાજકીય સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી.

આમ, સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર પૂરક છે. વ્યક્તિત્વના વિકાસ માટે બંને જરૂરી છે. આમ છતાં સ્વતંત્રતાના ભોગે સમાનતા લાવવાનો પ્રયત્ન વ્યર્થ જાય છે. તે બાબત પૂર્વ સામ્યવાદી દેશોના અનુભવે પૂરવાર કરી છે.

**સામાજિક ન્યાય**

ન્યાયની ભાવના માનવસમાજમાં પ્રાચીન સમયથી જોવા મળે છે. તેથી જ ન્યાય અંગેનું ચિંતન પણ વિશ્વના મોટા ભાગના દેશોમાં પ્રાચીન સમયથી થયેલું જણાય છે. સ્વતંત્ર ભારતના બંધારણના આમુખમાં 'સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય' નો આગ્રહ રખાયો છે. મૂળભૂત હકોમાં સમાનતાના હકને મહત્ત્વનું સ્થાન અપાયું છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ સામાજિક ન્યાયની સ્થાપના થાય તે માટેનો આગ્રહ છે. આ સંદર્ભમાં ન્યાયતંત્રે કેટલાક ચુકાદાઓ પણ આપ્યા છે.

ઉપરાંત ન્યાયના સિદ્ધાંતના આધુનિક ચિંતક જ્હૉન રૉલ્સ જેમણે રાજ્યના કાયદાથી સમાજના વંચિત વિભાગોની વધુ તરફેણને ન્યાય કહ્યો છે. એવી હકારાત્મક સમાનતા માટેની વિશેષ સંભાળની નીતિનો ભારતે સ્વીકાર કર્યો છે. સમાજના પાછળ રહી ગયેલા સમૂહો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે સ્થાનિક સરકારો, ધારાસભા અને સંસદમાં અનામત બેઠકો રખાઈ છે. છ થી ચૌદ વર્ષનાં બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ હવે મૂળભૂત હક તરીકે સ્વીકારાયો છે. સ્ત્રીઓને માત્ર સુરક્ષા જ નહિ તેને આત્મનિર્ભર બનાવવા પગલાં લેવાઈ રહ્યાં છે. 73માં અને 74માં બંધારણીય સુધારાઓ અનુક્રમે પંચાયતીરાજ અને શહેરી સ્થાનિક સરકારોમાં સ્ત્રીઓને 33 ટકા અનામત બેઠકો આપી છે. ગુજરાતમાં વર્ષ 2015થી આ સ્ત્રી અનામત બેઠકો 33 ટકાથી વધારી 50 ટકા કરાઈ છે.

સાચર સમિતિના અહેવાલમાં મુસ્લિમ અને ખ્રિસ્તી લઘુમતી લોકોમાં પણ પાછળ રહી ગયેલા લોકોના કલ્યાણ માટે વિશેષ કાળજી માટે ભલામણ થઈ છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં પંચાયતીરાજની 'સામાજિક ન્યાય સમિતિ' દલિતોને સામાજિક ન્યાય અપાવવા સક્રિય છે. દિલીપસિંહ ભૂરિયા સમિતિની ભલામણોના અમલ સાથે આદિવાસી સમૂહોના હિતોની સુરક્ષા માટે પંચાયતીરાજમાં સુધારા કરાયા છે.

આમ, ભારતમાં સામાજિક ન્યાય સમાજના જરૂરિયાતવાળા પ્રત્યેક લોકો સુધી પહોંચે તે માટે કાળજી લેવાઈ રહી છે. આમ છતાં આ ક્ષેત્રે હજુ ઘણું કરવાનું બાકી છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) સ્વતંત્રતા એટલે શું ? સ્વતંત્રતાના પ્રકારોની ચર્ચા કરો.

(2) સ્વતંત્રતા શા માટે જરૂરી છે તે સમજાવો અને સ્વતંત્રતાના સામાજિક તથા રાજકીય ખ્યાલની સમજૂતી આપો.

(3) સમાનતાનો અર્થ સમજાવી તેના પ્રકારોની ચર્ચા કરો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) સ્વતંત્રતાના પ્રકાર

(2) સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ

(3) સ્વતંત્રતાનું હકારાત્મક અને નકારાત્મક પાસું

(4) હકારાત્મક અને નકારાત્મક સમાનતા

(5) સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) હકારાત્મક સ્વતંત્રતા કોને કહે છે ?

(2) નકારાત્મક સ્વતંત્રતા કોને કહે છે ?

(3) કુદરતી સ્વતંત્રતા કોને કહે છે ?

(4) નૈતિક સ્વતંત્રતા એટલે શું ?

(5) રાજકીય સ્વતંત્રતા કોને કહે છે ?

(6) આર્થિક સમાનતા એટલે શું ?

(7) રાજકીય સમાનતા કોને કહે છે ?

(8) કાનૂની સમાનતાનો તમે શું અર્થ કરો છો ?

(9) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા એટલે શું ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) સ્વતંત્રતાનાં કેટલાં પાસાં છે ?

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) છ ☐

(2) સમાનતાનાં કેટલાં પાસાં છે ?

(અ) ત્રણ (બ) પાંચ (ક) સાત (ડ) બે ☐

(3) કઈ ક્રાંતિમાં સમાનતા ઉપર ભાર મુકાયેલો ?

(અ) ઈરાનની ઈસ્લામિક ક્રાંતિ (બ) ફ્રેન્ચ ક્રાંતિ

(ક) અફઘાન ક્રાંતિ (ડ) આઈ એસ આઈ એસ (ISIS) ☐

(4) ગુજરાતમાં કયા વર્ષે સ્થાનિક સરકારમાં સ્ત્રી અનામત બેઠકોને 33 ટકામાંથી 50 ટકા કરવામાં આવી ?

(અ) 2000 (બ) 2010 (ક) 2012 (ડ) 2015 ☐

(5) કાનૂની સમાનતાની માંગ કઈ પ્રથાના અત્યાચારો સામે ઉદ્‌ભવી ?

(અ) સામંતશાહી પ્રથા (બ) ગુલામી પ્રથા

(ક) સતી પ્રથા (ડ) તાલીબાની પ્રથા ☐

**પ્રવૃત્તિ**

- સ્વતંત્રતા અને સમાનતા અંગે ચર્ચાસભા ગોઠવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3 રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા

રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા (સેક્યુલરિઝમ - ધર્મનિરપેક્ષતા) બંને રાજ્યશાસ્ત્રના અભ્યાસ માટે અગત્યના ખ્યાલો છે. કોઈપણ રાજ્યની એકતા માટે રાષ્ટ્રવાદની ભાવના મહત્ત્વની બાબત છે. પરંતુ લોકશાહી રાજ્યની મજબૂતાઈ માટે રાષ્ટ્રવાદ ઉપરાંત બિનસાંપ્રદાયિકતાનો આદર્શ પણ મહત્ત્વની બાબત છે. લોકશાહી મૂર્તિમંત થાય તે માટે કોઈ પણ જાતના ધાર્મિક ભેદભાવ વગર તમામ નાગરિકોને સમાનતાનો હક મળે તે માટે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર જરૂરી છે. બિનસાંપ્રદાયિકતાને લીધે જ રાજ્યના તમામ નાગરિકો કોઈ પણ જાતના ભેદભાવ વિના જાહેર બાબતોની નીતિ-ઘડતરમાં ભાગ લઈ શકે છે. આમ થવાથી રાષ્ટ્ર-રાજ્ય મજબૂત બને છે. તેથી ભારતની લોકશાહીને પોષક એવા રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા બંને ખ્યાલોને આપણે વિગતે સમજીએ.

## રાષ્ટ્રવાદ

રાષ્ટ્રવાદની સમજૂતી મેળવતાં પહેલાં આપણે 'રાષ્ટ્ર' શબ્દનો અર્થ જાણવો જરૂરી છે. રાષ્ટ્ર માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'નેશન' લેટિન ભાષાના 'નેસીયો' ઉપરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ 'જાતિ' એવો થાય છે. આમ, તેના શબ્દાર્થ પ્રમાણે રાષ્ટ્ર એટલે એક જ જાતિમાંથી બનેલો સમૂહ. પરંતુ, લૉર્ડ બ્રાઈસનું કહેવું છે કે રાષ્ટ્ર માટે રાષ્ટ્રીયતાની માનસિક કે આધ્યાત્મિક ભાવનામાં રાજકીય તત્ત્વ ઉમેરાય ત્યારે તે રાષ્ટ્ર બને છે. એટલે કે રાષ્ટ્રીયતા જ્યારે સ્વતંત્રતાપ્રાપ્તિની પ્રબળ ઈચ્છા ધરાવે ત્યારે તે રાષ્ટ્ર બને છે.

આમ ભાષા, ધર્મ, જાતિ, ભૌગોલિક એકતા અને ભાવાત્મક એકતા રાષ્ટ્રના સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવું પ્રત્યેક 'રાષ્ટ્ર' રાજ્ય બનવાની ઝંખના ધરાવે છે. આવું રાષ્ટ્ર જ્યારે રાજ્યનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે રાષ્ટ્ર રાજ્ય તરીકે ઓળખાય છે. આમ છતાં રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચે તફાવત છે જે નીચે પ્રમાણે સમજી શકાય :

**(ક) અર્થની દૃષ્ટિએ :** જ્યારે કોઈ એક માનવસમૂહ જાતિ, ભાષા, ધર્મ, ભૌગોલિક એકતા, સમાન, ઐતિહાસિક વારસો, સમાન પ્રણાલિકાઓ અને ભાવાત્મક ઐક્ય ધરાવે છે ત્યારે તે રાષ્ટ્ર એકતા અનુભવે છે. આવો માનવસમૂહ રાજકીય રીતે સ્વતંત્ર થવાની ઝંખના કરે ત્યારે તે રાષ્ટ્ર કહેવાય છે. આ સાથે એ પણ મહત્ત્વનું છે કે, એક રાષ્ટ્રમાં વિવિધ ભાષા, વિવિધ ધર્મો, વિવિધ જાતિવાળા માનવસમૂહો હોઈ શકે છે.

જ્યારે રાજ્ય માટે ચાર ઘટકતત્ત્વો મહત્ત્વનાં છે : વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ.

**(ખ) સ્વરૂપની દૃષ્ટિએ :** રાષ્ટ્ર મુખ્યત્વે સાંસ્કૃતિક ખ્યાલ છે. તેમાં રાજકીય તત્ત્વ હોય પણ ખરું અને ન પણ હોય. જો હોય તો તે ગૌણ સ્વરૂપનું હોય છે.

જ્યારે રાજ્ય સંપૂર્ણ રીતે રાજકીય સ્વરૂપ ધરાવે છે. તે આંતરિક અને બાહ્ય બંને રીતે સાર્વભૌમત્વ ધરાવે છે. દા.ત., 15 મી ઑગસ્ટ, 1947 પહેલાં ભારત રાષ્ટ્ર હતું પરંતુ 15 મી ઑગસ્ટ, 1947ના રોજ સ્વતંત્રતા મળતાં ભારત રાજ્ય બન્યું.

**(ગ) પીઠબળની દૃષ્ટિએ :** રાજ્યને સાર્વભૌમત્વનું પીઠબળ હોવું જ જોઈએ. જ્યારે રાષ્ટ્રને સાર્વભૌમત્વનું પીઠબળ હોય પણ ખરું અને ન પણ હોય, તે તેનું અનિવાર્ય તત્ત્વ નથી.

**(ઘ) વ્યાપની દૃષ્ટિએ :** રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. રાષ્ટ્ર માટે ચોક્કસ ભૌગોલિક સરહદોની જરૂર નથી. જ્યારે રાજ્ય બનવા માટે ચોક્કસ ભૌગોલિક વિસ્તાર આવશ્યક તત્ત્વ છે. જે રાજ્યની ચોક્કસ સરહદો સૂચવતો હોય છે.

આમ રાજ્ય કરતાં રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. દા.ત., 1948 પહેલાં યહૂદીઓ વિશ્વના ઘણા દેશોમાં ફેલાયેલા હતા. તેઓ યહૂદી રાષ્ટ્રની એકતા અનુભવતા હતા.

**(ચ) ઘટકતત્ત્વોની દૃષ્ટિએ :** રાષ્ટ્ર બનવા માટે આગળ જોયાં તે ભાષા, ધર્મ વગેરે તમામ તત્ત્વોની હાજરી અનિવાર્ય



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નથી. જ્યારે રાજ્ય બનવા માટે આગળ જોયાં તે ચાર ઘટકતત્ત્વો - વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ અનિવાર્ય છે.

**(છ) ખ્યાલની દૃષ્ટિએ :** રાષ્ટ્રને ભાવાત્મક એકતા સાથે સંબંધ છે. જ્યારે રાજ્ય કાનૂની ખ્યાલ ધરાવે છે. તેને કાનૂની વ્યક્તિત્વ હોય છે.

આમ, રાષ્ટ્ર અને રાજ્ય બંને ખ્યાલો વચ્ચે સ્પષ્ટ અંતર છે. આમ છતાં કેટલીક વાર બંને એકબીજાની અવેજીમાં પણ વપરાય છે. દા.ત., 1945માં સ્થપાયેલ સંયુક્ત રાષ્ટ્રો (યુએન) એ વાસ્તવમાં સાર્વભૌમ રાજ્યોનો સંઘ છે. આમ છતાં તે રાષ્ટ્રોના સંઘ તરીકે ઓળખાય છે. તે જ રીતે ભારતીય સંઘમાં જે ઘટક એકમો છે તે રાજ્યોના નામે ઓળખાય છે. પરંતુ તેઓ રાજ્યશાસ્ત્રની પરિભાષાની દૃષ્ટિએ 'રાજ્ય' નથી.

રાષ્ટ્રવાદ એ રાષ્ટ્રમાં ઊભી થતી મારાપણાની ઊંચી ભાવના છે. તે એક અત્યંત પ્રભાવશાળી વિચારધારા છે. તે પોતાના રાષ્ટ્રને શ્રેષ્ઠ ગણે છે. જો રાષ્ટ્ર પરાધીન હોય તો તેની સ્વતંત્ર બનવાની રાજકીય મહેચ્છા ઉગ્ર બનાવે છે. રાષ્ટ્ર-રાજ્ય ઉપર આફત આવે ત્યારે તે પોતાનાં રાજ્યોની શાંતિ, સલામતી અને અખંડિતતા માટે મરી-ફીટવાની ભાવના પેદા કરે છે.

**રાષ્ટ્રવાદનાં લક્ષણો**

કેટલાક અભ્યાસીઓએ રાષ્ટ્રવાદનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

**(1) સમાન આદતો અને સંચારની સુવિધા :** સમાન આદતો અને સંચારમાં ભાગીદાર બનતો મોટો માનવસમૂહ એ રાષ્ટ્રવાદનું પ્રથમ લક્ષણ છે. સંચારમાં ભાષા, લિપિ અને ચિત્ર જેવાં પ્રતીકોની સમાનતા સમાજમાં એકરૂપતા લાવે છે.

**(2) તે માનસિક સ્થિતિ છે :** રાષ્ટ્રવાદ એ મનની એક ભાવના છે. તે એવી માનસિક અવસ્થા છે, જેમાં લોકોની અંતિમ જવાબદારી પોતાના રાષ્ટ્ર પ્રત્યે છે. તે કેટલુંક રહસ્યનું તત્ત્વ ધરાવે છે. તે વાસ્તવિક હોય કે ન પણ હોય તેવા રાષ્ટ્ર સાથે સંકળાયેલ હોય છે.

**(3) તે આધુનિક ઘટના છે :** પ્રાચીન સમયમાં પણ પ્રજાને પોતાના દેશ પ્રત્યે પ્રેમ હતો જ. પરાજિત મહારાણા પ્રતાપની મદદે પોતાના કરોડો રૂપિયાનાં ઝવેરાત સાથે મદદે જનાર ભામાશા શેઠ જેવાં ઉદાહરણો ભારતમાં અન્ય સ્થળે અને વિશ્વના દેશોમાં હતાં જ. પરંતુ આમજનતાની જાગૃતિ અને એકતાને વ્યક્ત કરતી વેસ્ટફાલિયાની સંધિમાં આધુનિક રાષ્ટ્રવાદના બીજ પ્રથમવાર જોવા મળ્યાં. 18મી સદીમાં અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામમાં 'પ્રતિનિધિત્વ નહિ તો કર નહિ' એવી લોકજાગૃતિમાં અને ફ્રેન્ચ ક્રાંતિની સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનામાં રાષ્ટ્રવાદ સ્પષ્ટરૂપે વ્યક્ત થયો.

**(4) રાષ્ટ્રવાદ માટે રાજ્યનું હોવું જરૂરી નથી :** રાષ્ટ્રવાદી ભાવના રાજ્યનાં અસ્તિત્ત્વ વગર પણ ઉદ્‌ભવી શકે છે. જેમ કે, ભારતમાં અંગ્રેજોની ગુલામી સમયે 1885માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના સાથે રાષ્ટ્રવાદનો થયેલો ક્રમિક વિકાસ.

**(5) એક રાજ્યમાં રાષ્ટ્રો અનેક હોઈ શકે પરંતુ રાષ્ટ્રવાદ એક જ હોય છે :** રાજકીય ચિંતક જે. એસ. મિલ અને અમેરિકન પ્રમુખ વુડ્રોવિલ્સન એક રાષ્ટ્ર એક રાજ્યના સમર્થક હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી આ સિદ્ધાંતને પગલે કેટલાંક નવાં રાષ્ટ્ર-રાજ્યોનો જન્મ પણ થયો.

પરંતુ એક રાષ્ટ્ર એક રાજ્યના સિદ્ધાંતનો વ્યાપક પાયા ઉપર અમલ થઈ શકે તેમ નથી, તે બાબતનું સમર્થન બહુત્વવાદીઓએ કર્યું. આ બહુરાષ્ટ્ર - એક રાજ્યના સિદ્ધાંતનો અમલ આજે પણ અમેરિકા, ભારત, ચીન અને રશિયા જેવાં વિશ્વનાં ઘણાં રાજ્યોમાં જોવા મળે છે. અહીં વિવિધતામાં એકતાથી તંદુરસ્ત રાષ્ટ્રવાદનો વિકાસ થયેલો જણાય છે.

**(6) રાષ્ટ્રવાદ ઉદારમતવાદી અથવા ઉગ્રવાદી :** જ્યારે રાષ્ટ્રના લોકો પોતાના રાષ્ટ્ર માટે ગૌરવની લાગણી ધરાવતા હોય, તે સાથે અન્ય રાષ્ટ્રના સહઅસ્તિત્વને પણ સ્વીકારતા હોય ત્યારે તે ઉદારમતવાદી રાષ્ટ્રનું સ્વરૂપ ધારણ કરે છે.

જ્યારે મુસોલિનીના નેતૃત્વ નીચે ઈટાલીમાં ફાસીવાદી અને હિટલરના નેતૃત્વ નીચે જર્મનીમાં વિકસેલ નાઝીવાદી રાષ્ટ્રવાદે આર્યજાતિ જ મહાન છે, વિશ્વની અન્ય પ્રજા નિમ્ન કક્ષાની છે. તેવી ભાવના ફેલાવી જે બીજા વિશ્વયુદ્ધ માટે મહત્ત્વનું કારણ બની. ફાસીવાદ અને નાઝીવાદ એ ઉગ્ર રાષ્ટ્રવાદનાં ઉદાહરણો છે.

**(7) ઉદાર રાષ્ટ્રવાદ સમાજને સંગઠિત કરે છે :** ઉદાર રાષ્ટ્રવાદ વિવિધ ધર્મો, વિવિધ ભાષાઓ, વિવિધ વર્ગો અને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વિવિધ જાતિઓ વચ્ચેના ભેદભાવને ઓળંગીને લોકોને એક રાષ્ટ્ર-રાજ્યની ભાવના પ્રત્યે વફાદાર બનાવે છે.

**(8) તે આપત્તિઓનો સામનો કરવાની શક્તિ આપે છે :** સમાજ અને રાજ્ય ઉપર ક્યારેક કુદરતી આપત્તિ જેવી કે ધરતીકંપ, પૂર, વાવાઝોડું અને માનવસર્જિત આપત્તિ જેવી કે, વિદેશી આક્રમણ આવે છે. આ સમસ્યાઓનો સફળતાપૂર્વક સામનો કરવાનું નૈતિક બળ રાષ્ટ્રવાદ પૂરું પાડે છે.

**(9) રાષ્ટ્રને આર્થિક રીતે મજબૂત બનાવે છે :** યુરોપના સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો ભોગ બનેલા દેશોના લોકો ઉપર થયેલા અત્યાચારોએ લોકોમાં આર્થિક જાગૃતિ આણેલી તેથી આ ગુલામ દેશોમાં આર્થિક રાષ્ટ્રવાદ મજબૂત બન્યો. આર્થિક ચિંતક દાદાભાઈ નવરોજીએ પોતાના અભ્યાસોને આધારે કહેલું કે, 'હિંદની ગરીબાઈનું કારણ અંગ્રેજોની શોષણનીતિમાં રહેલું છે.' ગાંધીજીનો વિદેશી માલનો બહિષ્કાર, સ્વદેશીનો આગ્રહ અને ગામડાને આત્મનિર્ભર બનાવવાના વિચારો ભારતના રાષ્ટ્રવાદને પોષક હતા.

આમ રાષ્ટ્રવાદ રાજ્યને અનેક રીતે ઉપકારી હોવા છતાં વૈશ્વિકીકરણના નૂતન પ્રવાહો વિશ્વને આંતર રાષ્ટ્રવાદ તરીકે દોરનારા બન્યા છે. આમ છતાં આજે પણ પ્રત્યેક રાષ્ટ્ર-રાજ્ય નાગરિકની તેના પ્રત્યેની વફાદારી ઉપર ભાર મૂકે છે. તેથી જ ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો ઉમેરાઈ અને તેના ઉપર ભાર મુકાયો. નાગરિકો પણ પોતાના રાષ્ટ્ર-રાજ્યને વિશ્વમાં માનપૂર્ણ દરજ્જો મળે તેવું ઇચ્છતા હોય છે.

### બિનસાંપ્રદાયિકતાનો અર્થ (વૈશ્વિક તેમજ ભારતીય પરિપ્રેક્ષ્યમાં)

બિનસાંપ્રદાયિકતાનો અર્થ વૈશ્વિક કક્ષાએ સમજવા માટે આપણે બિનસાંપ્રદાયિકતાનો વિકાસ તપાસવો જોઈએ. વૈશ્વિક કક્ષાએ બિનસાંપ્રદાયિકતાનો પ્રશ્ન 17મી અને 18મી સદી દરમિયાન મહત્ત્વનો બનેલો. એ સમયે રાજ્ય તેના વિકાસના તબક્કામાં હતું. આ પ્રશ્ન ખાસ કરીને તેના ચર્ચ સાથેના સંબંધ અંગેનો હતો. મધ્યકાલીન યુગમાં રાજ્ય ચર્ચ તરફ પોતાની સત્તા માટે જોતું હતું. ધર્મને પરલોક સાથે, જ્યારે રાજ્યને ઈહલોક સાથે સંબંધ છે. તેથી આખરે નવાં રાજ્યો જે આધુનિક સમયમાં ઉદ્ભવ્યાં, તેમાં તેના ધર્મસત્તાને સહારે નહિ પોતાની જાતે જ રાજકીય સત્તાને મૂલવતા થયાં. આમ, ધર્મસત્તા અને રાજકીય સત્તાના સંઘર્ષમાંથી વિજયી બનેલ રાજકીય સત્તા અને રાજ્ય બિનસાંપ્રદાયિક બન્યાં. રાજ્યના વિકાસની સાથે બિનસાંપ્રદાયિકતાનો આદર્શ સ્વીકૃત બનતો ગયો. આજે વિશ્વના લોકશાહી અને સામ્યવાદી એવા મોટા ભાગનાં રાજ્યો બિનસાંપ્રદાયિકતાનો આદર્શ સ્વીકારે છે. વિશ્વમાં બિનસાંપ્રદાયિક રાજ્યનો ખ્યાલ નીચેની બાબતો સાથે સંકળાયેલ છે :

(1) ધર્મની બાબતમાં રાજ્યનું સ્થાન અને ભૂમિકા તટસ્થ હોય છે. રાજ્ય કોઈ ધર્મને પ્રાથમિકતા આપતું નથી.

(2) ધર્મની બાબતમાં તમામ નાગરિકોને રાજ્ય તરફથી સ્વાતંત્ર્યની બાંયધરી મળે છે. એટલે કે, વ્યક્તિ પોતાને મનપસંદ ધર્મ પાળવાની, તેના માટે સંગઠન રચવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે.

(3) ધર્મના આધાર ઉપર વ્યક્તિઓ વચ્ચે ભેદ પાડી શકાય નહિ, તેનો અર્થ એ કે, કાયદા સમક્ષ સમાનતા અને જાહેર હોદ્દાઓને ધર્મ સાથે સંબંધ નહિ હોય. તેથી ધર્મની બાબતમાં જાહેર હિત સિવાય રાજ્ય દરમિયાનગીરી નહિ કરે.

સ્વતંત્ર ભારતમાં આપણે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કર્યો છે. આપણે સંસદીય લોકશાહી, સ્વતંત્ર અને તટસ્થ ન્યાયતંત્ર તેમજ સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની જેમ બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ પણ પશ્ચિમ પાસેથી મેળવ્યો છે. આમ, છતાં આપણે કહી શકીએ કે, બિનસાંપ્રદાયિકતાનાં કેટલાંક તત્ત્વો ભારતીય સંસ્કૃતિમાં પડેલાં હતાં. ભારતીય સંસ્કૃતિ વિવિધતામાં એકતા અને સમરસતાનો ગુણ ધરાવે છે. જેના લીધે સર્વધર્મ સમભાવનો આદર્શ મૂર્તિમંત થાય છે. આ આદર્શને મૂર્તિમંત કરવા બિનસાંપ્રદાયિકતા શબ્દપ્રયોગ 1976માં 42માં બંધારણીય સુધારા મારફતે ભારતના બંધારણના આમુખમાં પાછળથી દાખલ કરવામાં આવ્યો.

આમ છતાં બિનસાંપ્રદાયિકતાનો ભારતનો આદર્શ ધર્મનો વિરોધી કે ધર્મવિહીન સમાજનો હિમાયતી નથી. બંધારણમાં એવું ક્યાંય કલ્પ્યું નથી કે ધર્મને આપણા જીવનમાંથી દૂર કરાય. ટૂંકમાં ભારતના બંધારણે બિનસાંપ્રદાયિકતાના આદર્શને 'સર્વધર્મ સમભાવ'ના અર્થમાં જોયો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### આધુનિક સમયમાં બિનસાંપ્રદાયિકતાની અનિવાર્યતા

આધુનિક યુગ એ લોકશાહીનો યુગ છે. લોકશાહીમાં બંધારણ દ્વારા અપાતા મૂળભૂત હકોનું ઘણું મહત્ત્વ હોય છે. આ હકોમાં સ્વતંત્રતાનો હક લોકશાહીના હાર્દરૂપ છે. નાગરિકના વ્યક્તિત્વના વિકાસ માટે ભૌતિક અને આધ્યાત્મિક સ્વતંત્રતા જરૂરી છે. આવી આધ્યાત્મિક સ્વતંત્રતા એ સ્વતંત્રતાનો એવો ભાગ છે, જેના વિના લોકશાહી ધબકી શકતી નથી. ધાર્મિક સ્વાતંત્ર્ય બિનસાંપ્રદાયિકતાના સ્વીકારથી જ સાકાર થાય છે. ધર્મસત્તા અને રાજ્યસત્તા બે સત્તાઓ જે જીવન ઉપર શાસન કરે છે તેનાં અધિકારક્ષેત્રો જુદા હોવા જોઈએ. એ બાબત બિનસાંપ્રદાયિકતાને સાકાર કરવા જરૂરી છે. વધુમાં લોકશાહીમાં વ્યક્તિવિકાસની જે તક હોય છે તે બિનસાંપ્રદાયિકતાના આદર્શથી સરળ બને છે. તે વ્યક્તિના વ્યક્તિત્વના માત્ર ભૌતિક કે શારીરિક જ નહિ પરંતુ બિનભૌતિક અને ધાર્મિક વિકાસમાં પણ સહાયક બને છે. બિનસાંપ્રદાયિકતા એ રાજ્યની નીતિ જ નહિ પરંતુ વલણ પણ છે. તે લોકોની જીવનરીતિ છે. જેમાં અસહિષ્ણુતાને અવકાશ નથી. પ્રત્યેક વ્યક્તિને તેના આંતરિક જીવનનો વિકાસ તે તેની રીતે થવા દે છે. બિનસાંપ્રદાયિક જીવનરીતિ સ્થપાતાં સમાજ ધર્મને આંતરિક તથા ગૌણ બાબત ગણે છે અને જાહેર બાબતોને પ્રાથમિક મહત્ત્વ આપે છે. રાજ્ય સામે આફત આવે ત્યારે ધર્મના વાડાઓથી ઉપર ઊઠીને લોકો એક થઈ રાજ્યને સાથ આપે છે.

બિનસાંપ્રદાયિક વલણ વિકસાવવામાં પ્રથમ અને મહત્ત્વની મુશ્કેલી એ છે કે, કેટલાંક પરંપરાગત રાજ્યો વ્યક્તિને એકમ ગણતા નથી. આવાં રાજ્યો વ્યક્તિ જે સમૂહમાં જન્મે છે અને રહે છે તે ધાર્મિક, પ્રાદેશિક કે ભાષાકીય સમૂહને આધારભૂત એકમ ગણે છે જે બરોબર નથી. તેના બદલે વ્યક્તિને મુક્ત રીતે એકમ સ્વરૂપે રાજ્ય સ્વીકારે તે જરૂરી છે. આમ થાય તો રાજ્યમાં અસ્તિત્ત્વ ધરાવતા અને વિરોધી હિતોવાળા સમૂહોનો પ્રભાવ ઘટી જાય. આમ, બિનસાંપ્રદાયિકતા એ આધુનિક રાજ્યનું વિધેયાત્મક વલણ બને છે. તે રાજ્યના માધ્યમથી વ્યક્તિને વિકાસના એકમ તરીકે સંરક્ષણ અને પ્રોત્સાહન પૂરું પાડે છે. આમ થવાથી વ્યક્તિ અને સમાજનું જીવન ઉત્કૃષ્ટ બને છે.

### ભારતમાં બિનસાંપ્રદાયિકતાના ખ્યાલની પ્રસ્તુતતા

બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની સામે 1857માં રાજવીઓના નેતૃત્વ નીચે હિંદુ અને મુસ્લિમ બે કોમમાં મહદંશે એકતા સાથે સ્વાતંત્ર્ય માટે પ્રથમ પ્રયત્ન થયેલો. તેથી અંગ્રેજ સરકારે ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવેલી. આમ થવાથી હિંદુ-મુસ્લિમ બે કોમ વચ્ચે અંતર વધતું ગયું. આખરે પાકિસ્તાનની રચના ધર્મને આધારે થઈ. આજે પાકિસ્તાન પોતાને 'ઇસ્લામિક રીપબ્લિક સ્ટેટ' તરીકે ઓળખાવે છે.

ભારતે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કર્યો છે. ભારતે તમામ ધર્મોનું સહઅસ્તિત્વ જ નહિ પરંતુ તમામ માનવસમૂહો, ધર્મ, નીતિ, રંગ અને લિંગના ભેદભાવ મુક્ત વિકાસના માર્ગે આગળ વધે તેવો સર્વધર્મ સમભાવ કેળવ્યો. લાંબા સમયના સ્વાતંત્ર્યસંગ્રામને લીધે 15મી ઑગસ્ટ, 1947ના રોજ અસ્તિત્વમાં આવેલા ભારતમાં પરસ્પર સહિષ્ણુતા અને બંધુત્વના આદર્શ સાકાર બની શક્યા. આ માટે મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર પટેલનું પ્રેરણાદાયી નેતૃત્વ પણ જવાબદાર હતું.

પરંતુ સમયના પ્રવાહ સાથે રાજકીય, આર્થિક અને સામાજિક કારણોસર ક્યારેક દેશના કોઈ ને કોઈ પ્રદેશોમાં કોમી હુલ્લડો થવા માંડ્યા. તેથી જ આગળ જોયું છે તે પ્રમાણે, 1976માં બંધારણના આમુખમાં સ્પષ્ટ રીતે 'બિનસાંપ્રદાયિકતા' શબ્દ ઉમેરવામાં આવ્યો. આધુનિક ભારતની એકતા, અખંડિતતા અને વિકાસને મહત્ત્વ આપવા બિનસાંપ્રદાયિકતાનો માર્ગ આ રીતે સ્પષ્ટ કરાયો.

સ્વતંત્ર ભારતે સંસદીય લોકશાહીનો માર્ગ અપનાવેલો છે. લોકશાહી ભારત માટે ધર્મ કે ધાર્મિક સમૂહ નહિ પરંતુ વ્યક્તિ એકમ છે. આ વ્યક્તિના વિકાસ દ્વારા જ આખરે રાષ્ટ્ર-રાજ્યનો વિકાસ શક્ય બનવાનો છે. વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વતોમુખી વિકાસ શક્ય બને તે માટે તેને ધાર્મિક સ્વાતંત્ર્યનો મૂળભૂત હક અપાયો છે. આ ધાર્મિક સ્વાતંત્ર્યને બિનસાંપ્રદાયિક આદર્શવાળું ભારત રાજ્ય જ ઉપયોગી બની શકે તેમ છે.

1991થી આપણે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના નવા પ્રવાહો સ્વીકાર્યા છે. તેના દ્વારા ભારતીય સમાજનો સાચો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે રાજ્ય માટે પ્રત્યેક નાગરિક સમાન હોય. આર્થિક વિકાસની તકો લોકોને ધાર્મિક ભેદભાવ વગર પૂરી પડાય. ભારતે પ્રાચીન સમયથી 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના અપનાવેલી છે. તે વૈશ્વિકીકરણના નવા પ્રવાહને મજબૂત બનાવનારી છે. વૈશ્વિકીકરણના યુગમાં ભારતનો નાગરિક વિશ્વ નાગરિકતાનો આદર્શ સાકાર કરે તે માટે પણ બિનસાંપ્રદાયિકતા મહત્ત્વની બને છે. બિનસાંપ્રદાયિકતા નાગરિકમાં સહકાર અને બંધુત્વના ગુણ વિકસાવી શકે છે, તે માનવહકોનું જતન કરે છે જે આખરે વિશ્વશાંતિ અને સહઅસ્તિત્વને પોષક છે.

વૈશ્વિકીકરણે અને ઇન્ફર્મેશન ટેક્નોલૉજીના વિકાસે વિશ્વનાં રાજ્યોની સરહદો ઓળંગીને વિશ્વસમાજને એક બનાવી દીધો છે. આમ છતાં, આંતરરાષ્ટ્રીય રાજકારણની વાસ્તવિકતાને આપણે વિસરી શકીએ એમ નથી. અણુશસ્ત્રો અને લાંબા અંતરના મિસાઈલોની શોધે ભારતની ચીન અને પાકિસ્તાની સરહદોને વધુ સંવેદનશીલ બનાવી દીધી છે. આમ, ભારતની બાહ્ય સુરક્ષા સામે મોટો પડકાર ઊભો થઈ રહ્યો છે. ભારતની આંતરિક શાંતિ, સલામતી, એકતા અને અખંડિતતા જાળવવી ઘણી અગત્યની બની જાય છે. આ આંતરિક મજબૂતાઈ માટે ભારતના વિવિધ ધર્મોના સમૂહો વચ્ચે પરસ્પર સહકાર, સહિષ્ણુતા અને બંધુત્વની ભાવના જળવાય અને દૃઢ બને તે જરૂરી છે. આ બાબત બિનસાંપ્રદાયિકતાના માર્ગે જ સિદ્ધ થઈ શકે તેમ છે. આજના ભારતની આ તાતી જરૂરિયાત છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) રાષ્ટ્ર એટલે શું ? રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચેનો તફાવત સમજાવો.

(2) રાષ્ટ્રવાદ એટલે શું ? તેનાં લક્ષણો જણાવો.

(3) બિનસાંપ્રદાયિકતાનો અર્થ આપી તેની આવશ્યકતા સમજાવો.

(4) ભારતમાં બિનસાંપ્રદાયિકતાના ખ્યાલની પ્રસ્તુતતાની ચર્ચા કરો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) રાષ્ટ્રનો ખ્યાલ

(2) રાષ્ટ્રવાદનાં લક્ષણો

(3) આધુનિક સમયમાં બિનસાંપ્રદાયિકતાની પ્રસ્તુતતા

(4) વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં બિનસાંપ્રદાયિકતા

(5) ભારતીય પરિપ્રેક્ષ્યમાં બિનસાંપ્રદાયિકતા

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) રાષ્ટ્ર એટલે શું ?

(2) બિનસાંપ્રદાયિકતા એટલે શું ?

(3) રાષ્ટ્રવાદ એટલે શું ?

(4) રાષ્ટ્ર માટે કયાં તત્ત્વો ઉપયોગી છે ?

(5) રાજ્ય માટે કયાં તત્ત્વો અનિવાર્ય ગણાય છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) રાષ્ટ્રવાદ માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'નેશન' કઈ ભાષામાંથી ઊતરી આવ્યો છે ?

(અ) ઉર્દૂ (બ) લેટિન (ક) ફ્રેન્ચ (ડ) ઇટાલિયન ☐

(2) રાષ્ટ્ર માટે 'રાષ્ટ્રીયતા'ની માનસિક કે આધ્યાત્મિક ભાવનામાં રાજકીય તત્ત્વ ઉમેરાય ત્યારે તે રાષ્ટ્ર બને છે એમ કોણે કહેલું ?

(અ) લૉર્ડ કર્ઝન (બ) લૉર્ડ રીપન (ક) લૉર્ડ બ્રાઈસ (ડ) લૉર્ડ માઉન્ટ બેટન ☐

(3) રાષ્ટ્રવાદ એ કેવી ઘટના છે ?

(અ) પ્રાચીન ઘટના છે. (બ) વિવાદાસ્પદ ઘટના છે.

(ક) મધ્યકાલીન ઘટના છે. (ડ) આધુનિક ઘટના છે. ☐

(4) વૈશ્વિક કક્ષાએ બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ ક્યારે મહત્ત્વનો બનેલો ?

(અ) 17મી અને 18મી સદી દરમિયાન (બ) 12મી અને 13મી સદી દરમિયાન

(ક) 9મી અને 10મી સદી દરમિયાન (ડ) 4થી અને 5મી સદી દરમિયાન ☐

(5) બિનસાંપ્રદાયિકતા શબ્દ ભારતના બંધારણમાં કયા બંધારણીય સુધારાથી ઉમેરવામાં આવ્યો ?

(અ) 40મા (બ) 35મા (ક) 45મા (ડ) 42મા ☐

**પ્રવૃત્તિ**

- બિનસાંપ્રદાયિકતાનું દર્શન કરાવતા ચાર્ટ તૈયાર કરવા.
- રાષ્ટ્રીય એકતા મજબૂત બને તે માટે વિવિધ કાર્યક્રમો કરવા. જેવાં કે; પોસ્ટર બનાવવાં, શેરી નાટક ભજવવાં વગેરે.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4 હક અને નાગરિકતા

આધુનિક સમયમાં લોકશાહી રાજ્યમાં રાજ્યના સભ્યને નાગરિક કહેવામાં આવે છે. રાજ્ય અને નાગરિકને અરસપરસ જોડતી જો કોઈ કડી હોય તો તે છે હકો અને ફરજો.

મનુષ્ય સંસ્કૃતિના લાંબા ઇતિહાસમાં માનવહકોનો સ્વીકાર એક વિરાટ કદમ છે. એક મનુષ્ય તરીકે પોતાનો સ્વીકાર થાય અને એક મનુષ્ય તરીકે ગૌરવપૂર્વક જીવન જીવી શકે, એ માટે માનવજાતે અનેક બલિદાનો આપ્યાં છે. સંયુક્ત રાષ્ટ્રોએ પણ માનવહકોની વૈશ્વિક ઉદ્‌ઘોષણા કરી છે.

**હકનો અર્થ અને ખ્યાલ :** જન્મતાની સાથે જ વ્યક્તિને કોઈ પણ જાતના ભેદભાવ વિના કેટલાક હકો પ્રાપ્ત થાય છે. તે હકોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે.

સારું જીવન જીવવા માટે જે સામાજિક-રાજકીય પરિસ્થિતિઓ જરૂરી છે તેમને સામાન્ય રીતે હકો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં વ્યક્તિમાત્રને પોતાના વ્યક્તિત્વના વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે જે જરૂરી સંજોગો અને પરિસ્થિતિઓ હોવી જોઈએ તેને આપણે હકો કહીએ છીએ. આમ, હકો વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. એટલું જ નહિ, વ્યક્તિઓના બનેલા સમાજના વિકાસ માટે પણ હકો જરૂરી છે.

પ્રોફેસર હેરોલ્ડ લાસ્કીના મત મુજબ, મનુષ્યમાં જે કાંઈ શ્રેષ્ઠ છે તેનો વિકાસ કરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ એટલે હકો.

બધા સમાજોએ અને સભ્યતાઓએ વધતા-ઓછા પ્રમાણમાં આ હકોનો ખ્યાલ તેમજ તે માટેના સિદ્ધાંતો વિકસાવ્યા છે. પણ આમાંના કેટલાક હકો સાર્વત્રિક અને સર્વ સમાવેશી છે એ ખ્યાલ પણ માનવહકોના પાયામાં રહેલો છે.

સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ 10 ડિસેમ્બર, 1948ના દિવસે માનવહકોની વૈશ્વિક ઘોષણાને સર્વાનુમતિથી બહાલી આપી. તેથી આ દિવસને દુનિયાભરમાં 'માનવહક દિન' તરીકે ઉજવવામાં આવે છે.

હકો એ એવી માંગણીઓ છે, જેને સમાજ અને રાજ્ય માન્ય રાખે છે તથા રાજ્ય તેનું રક્ષણ કરે છે. વ્યક્તિની કોઈ એવી માંગણી હોય જેનો સમાજ સ્વીકાર કરતો ન હોય અને રાજ્ય તેના રક્ષણની ખાતરી આપતું ન હોય તો તેને રાજ્યશાસ્ત્રની પરિભાષામાં હક કહી શકાય નહિ.

**હકોનું મહત્ત્વ :** સંયુક્ત રાષ્ટ્રોએ કરેલી માનવહકોની ઘોષણા વિશ્વના કરોડો લોકોને પોતાના હકો માટે પ્રેરણા આપે છે. જોકે આ વૈશ્વિક ઘોષણા કાનૂની રીતે બંધનકારી દસ્તાવેજ નથી. આ માનવહકોને કંઈક અંશે કાનૂની પીઠબળ પૂરું પાડવા માટે 16 ડિસેમ્બર, 1966ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ આ હકોને આવરી લેતી બે આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો સ્વીકાર કર્યો, જે સભ્યરાષ્ટ્રોએ આ સમજૂતીઓ ઉપર સહી કરી તે સભ્યરાષ્ટ્રો માટે આ સમજૂતીઓ નૈતિક રીતે બંધનકારી બને છે. આ સમજૂતીઓમાં કેટલાક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેવાં કે : વિસ્થાપિત લોકોના દરજ્જા વિશેનો, ગુલામીપ્રથા વિશેનો, સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતા વિવિધ ભેદભાવોની નાબૂદી વિશેનો તેમજ બાળકોના હકોના રક્ષણસંબંધી બાબતો વગેરે.

સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્ર (ચાર્ટર) અને માનવહકોની વૈશ્વિક ઘોષણા પર ભારતે શરૂઆતથી જ હસ્તાક્ષર કર્યા છે. એટલું જ નહિ ભારતના બંધારણના ઘડવૈયાઓએ માનવહકોને મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ગૌરવભર્યું સ્થાન આપ્યું છે. તેમજ મૂળભૂત હકોમાં સમાવિષ્ટ માનવહકોને અદાલત દ્વારા અમલમાં મૂકી શકાય એવા હકો જાહેર કર્યા છે. આપણે ત્યાં રાષ્ટ્રીયકક્ષાએ માનવહક પંચની સ્થાપના પણ કરવામાં આવી છે. કેટલાંક રાજ્યોમાં પણ રાજ્યકક્ષાના માનવહક પંચોની સ્થાપના કરવામાં આવી છે. ભારતમાં આ ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કામ કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સામૂહિક હકો**

સામાન્ય રીતે વ્યક્તિને હકો આપવામાં આવ્યા હોય છે. આ ઉપરાંત વ્યક્તિઓના કેટલાક સમૂહોને પણ હકો આપવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)એ ઠરાવ કરીને આવા હકો આપ્યા છે. ભારતમાં બંધારણ દ્વારા, કાયદા દ્વારા તથા અદાલતોએ આપેલા ચુકાદાઓ દ્વારા સ્ત્રીઓ, બાળકો, કેદીઓ અને શરણાર્થીઓ જેવા સમૂહોને હકો અપાયા છે, જેને સામૂહિક હકો કહેવાય છે. જે ટૂંકમાં નીચે પ્રમાણે છે :

- સગર્ભા સ્ત્રીને ફાંસીની સજા આપી શકાય નહિ, પરંતુ આ ફાંસીની સજાને આજીવન કેદમાં તબદીલ કરવામાં આવે છે.
- બાળકોને મજૂરીએ રાખી શકાય નહિ.
- છથી ચૌદ વર્ષ સુધીનાં બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો હક છે.
- ધાર્મિક, ભાષાકીય કે જાતીય લઘુમતીઓને પોતાની રીતે પોતાનું સાંસ્કૃતિક જીવન જીવવાનો હક છે.
- આરોપી જે ભાષા જાણતો હોય તે ભાષામાં તેને તેની ધરપકડનાં કારણો જાણવાનો હક છે.
- કેદીઓને પોતાના સ્વજનોને મળવાનો, લેખનકાર્ય કરવાનો તથા છાપા વાંચવાનો હક છે.
- સંયુક્ત રાષ્ટ્રોએ શરણાર્થીઓના પુનઃસ્થાપન માટે તથા તેમના હકોની રક્ષા માટે 'યુનાઇટેડ નેશન્સ હાઇ કમિશનર ફૉર રેફ્યુજી' નામની સંસ્થા બનાવી છે.

**નાગરિકનો અર્થ અને ખ્યાલ :** આધુનિક સમયમાં નાગરિકના ખ્યાલ તથા તેની ભૂમિકામાં સારા પ્રમાણમાં પરિવર્તન આવ્યું છે. આજે લોકશાહી રાજ્યનો દરેક સભ્ય નાગરિક ગણાય છે. આ સાથે નાગરિકની બાબતમાં નીચે દર્શાવેલ સમજ ઊભી થઈ છે :

(1) નાગરિક રાજ્યના શાસનતંત્રમાં ભાગ લેતો હોય છે.

(2) તે રાજ્યના કાયદાઓનું પાલન કરતો હોય છે.

(3) તે રાજકીય આજ્ઞાધીનતા ધરાવતો હોય છે.

(4) તેને કેટલાક હકો હોય છે અને તે કેટલીક ફરજોનું પાલન કરતો હોય છે.

લોકશાહી રાજ્યની સફળતા તથા નિષ્ફળતાનો આધાર તેના નાગરિકો ઉપર જ રહેલો હોય છે.

**નાગરિકની વ્યાખ્યા :** નાગરિકો એ રાજકીય સમુદાયના સભ્યો હોય છે. તેઓ થકી રાજ્યની રચના થાય છે અને પોતાના વ્યક્તિગત અને સામૂહિક હકોના રક્ષણ માટે સરકાર પર આધાર રાખે છે તેમજ પોતાની ફરજ બજાવે છે.

આધુનિક સમયમાં સારો નાગરિક તેને ગણવામાં આવે છે, જે સ્વતંત્રતા ભોગવતો હોય અને પોતે અથવા તો પોતાના પ્રતિનિધિઓ દ્વારા કાયદાઓનું ઘડતર કરવામાં મદદરૂપ બનતો હોય તેમજ આ રીતે ઘડાયેલા કાયદાઓનું પાલન કરતો હોય. આજ્ઞાધીનતાને તે પોતાની ફરજ ગણતો હોવા છતાં પણ તે આજ્ઞાધીનતા સાથે સંકળાયેલાં ભયસ્થાનોને જાણતો હોવાથી ન પાળવા જેવી આજ્ઞાઓ સામે તે લોકશાહી ઢબે વિરોધ કરવાના પોતાના અધિકારનો ઉપયોગ પણ કરતો હોય.

**નાગરિકતા :** નાગરિકતાના સંબંધે કાયદાની દૃષ્ટિએ પણ વિચાર કરવો જરૂરી બને છે.

નાગરિકતા એ જે-તે દેશના બંધારણમાં ઉલ્લેખિત અથવા પરંપરાથી સ્વીકૃત અધિકારો અને ફરજો ધરાવતી વ્યક્તિને અપાતો કાયદાકીય દરજ્જો છે. સામાન્ય રીતે જે દેશમાં વ્યક્તિ જન્મે છે તે દેશનો આપોઆપ નાગરિક બને છે.

દરેક નાગરિક દેશને વફાદાર રહેવા અને તેના કાયદાઓનું પાલન કરવા બંધાયેલ હોય છે. તેની સામે રાજ્ય તેના રક્ષણ, સુખાકારી, પરદેશમાંનું તેનું હિત વગેરે જોવા બંધાયેલ છે. પોતાનો નાગરિક અન્ય દેશમાંથી પાછો ફરે ત્યારે તેને સ્વીકારવા દરેક રાજ્ય બંધાયેલું છે. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ બે દેશનું નાગરિકત્વ ધરાવી શકે નહિ, પરંતુ અપવાદરૂપ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કિસ્સાઓમાં કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓને અન્ય દેશનું માનાર્હ નાગરિકત્વ આપવામાં આવતું હોય છે. હકીકતમાં આ પ્રકારનું નાગરિકત્વ રાજકીય ઔપચારિકતા માટે જ હોય છે, જે બંને દેશોને સ્વીકાર્ય હોય છે. એથી ઊલટું, યુદ્ધ કે આંતરવિગ્રહમાં કેટલાક લોકો વિસ્થાપિત થઈને અન્ય દેશોમાં કે દુશ્મને કબજે કરેલા પ્રદેશમાં રહી જતાં હોય ત્યારે તે લોકો નાગરિકત્વ વગરના બની જાય છે.

ભારતીય બંધારણમાં ભારતીય નાગરિક કોને કહેવાય તેની જોગવાઈઓ છે.

**નાગરિકતા કેવી રીતે પ્રાપ્ત થાય ?**

નીચે દર્શાવ્યા પ્રમાણે વિવિધ રીતે નાગરિકતા પ્રાપ્ત કરી શકાય છે :

(1) આપણો જે દેશમાં જન્મ થાય, તે દેશના આપણે નાગરિક ગણાઈએ છીએ.

(2) અન્ય દેશની નાગરિકતા મેળવવાના હેતુથી તે દેશમાં કેટલોક સમય વસવાટ કર્યા પછી તે રાજ્યને અરજી કરવી પડે છે. જો રાજ્યને સંતોષ થાય તો રાજ્ય તે વ્યક્તિને દેશનો નાગરિક બનવાની મંજૂરી આપે છે.

(3) એક દેશનો નાગરિક બીજા દેશના નાગરિક સાથે લગ્ન કરે તો તે બીજા દેશનો નાગરિક બની શકે છે. કેટલાક દેશોમાં આવી જોગવાઈ હોય છે.

(4) અન્ય દેશની સરકારને નાગરિકતા માટે અરજી કરવામાં આવે અને જો તે મંજૂર કરવામાં આવે તો વ્યક્તિ તે દેશનો નાગરિક બને છે.

**નાગરિક નીચેનાં કારણોસર નાગરિકતા ગુમાવે છે** :

(1) દેશદ્રોહના ગુના માટે જો તેને સજા થાય તો તે નાગરિક તરીકેના હકો ગુમાવે છે.

(2) પોતાના દેશના નાગરિકત્વનો ત્યાગ કરીને અન્ય દેશનું નાગરિકત્વ સ્વીકારે તો તે નાગરિક પોતાના દેશનું નાગરિકત્વ ગુમાવે છે.

(3) અન્ય દેશની વ્યક્તિ સાથે લગ્નસંબંધથી જોડાય તોપણ પોતાના દેશનું નાગરિકત્વ તે વ્યક્તિ ગુમાવે છે.

આમ છતાં જુદા-જુદા દેશોમાં આ અંગેના કાયદા જુદા જુદા છે.

**બેવડી નાગરિકતા :** કેટલાક સમવાયતંત્રી દેશોના બંધારણમાં નાગરિકોને તેમનાં ઘટક રાજ્યોનું તેમજ સમવાયતંત્રનું નાગરિકત્વ આપવામાં આવે છે. આમ, બે કક્ષાએ નાગરિકત્વ આપવામાં આવતું હોવાથી તેને બેવડી નાગરિકતા કહે છે. જેમ કે અમેરિકા. અમેરિકાના નાગરિકને બેવડી નાગરિકતા મળે છે. ભારતમાં એક જ નાગરિકતાની જોગવાઈ છે. સિવાય કે જમ્મુ-કશ્મીર રાજ્ય. ભારત સરકારે ઑગસ્ટ, 2005માં નાગરિકતા ધારા 1955 માં સુધારો કરી 'ઓવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા' (OCI) નામનો કાયદો બનાવ્યો છે. જેનો અમલ 9 જાન્યુઆરી, 2006 થી થયો. 9 જાન્યુઆરીને પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ કાયદા હેઠળ અન્ય દેશની નાગરિકતા ધરાવતો ભારતીય ભારતમાં પણ કેટલાક અધિકારો ભોગવી શકશે. આ કાયદા હેઠળ અન્ય દેશનું નાગરિકત્વ ધરાવતા ભારતીયો ભારતમાં ડૉક્ટર, ડેન્ટિસ્ટ, નર્સ, ફાર્માસિસ્ટ, વકીલ, આર્કિટેક્ટ જેવા વ્યવસાયો કરી શકશે.

આ કાયદા હેઠળ તેમને રાજકીય અધિકારો મળશે નહિ. એટલું જ નહિ, ભારતના બંધારણે કલમ-16માં આપેલો તકની સમાનતાનો અધિકાર પણ મળશે નહિ. તેઓ ભારતમાં ખેતીના હેતુથી જમીન ખરીદી શકશે નહિ.

આ કાયદો પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોનું નાગરિકત્વ ધરાવતા લોકોને લાગુ પડશે નહિ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) હકનો અર્થ અને ખ્યાલ સમજાવો.

(2) હકનું મહત્ત્વ સમજાવો.

(3) નાગરિકની વ્યાખ્યા આપી, નાગરિકતા વિશે સમજાવો.

(4) નાગરિકતા કેવી રીતે પ્રાપ્ત થાય ?

**2. ટૂંક નોંધ લખો :**

(1) સામુહિક હકો (2) બેવડી નાગરિકતા

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) હક એટલે શું ?

(2) નાગરિકનો અર્થ સમજાવો.

(3) નાગરિકતા એટલે શું ?

(4) નાગરિક કયાં કારણોસર નાગરિકતા ગુમાવે ?

(5) O.C.I. ('ઑવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા') શું છે ?

**4. નીચેનાં પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) પ્રા. લાસ્કીએ આપેલી હકોની વ્યાખ્યા કઈ છે ?

(2) માનવહકોની વૈશ્વિક ઘોષણા કઈ સંસ્થાએ કરી હતી ?

(3) સંયુક્ત રાષ્ટ્રસંઘે માનવહકોની વૈશ્વિક ઘોષણા ક્યારે કરી હતી ?

(4) આપણા બંધારણના ઘડવૈયાઓએ માનવહકોને બંધારણમાં ક્યાં સ્થાન આપ્યું છે ?

(5) O.C.I. ('ઑવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા')નો કાયદો ક્યારે અમલી બન્યો ?

(6) O.C.I. નો લાભ મેળવનાર નાગરિક ભારતમાં કયા વ્યવસાયો કરી શકે ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) સંયુક્ત રાષ્ટ્રસંઘે કઈ તારીખે માનવહકોની ઘોષણા કરી હતી ? ☐

(અ) 10 ડિસેમ્બર, 1948 (બ) 10 ડિસેમ્બર, 1950
(ક) 10 ડિસેમ્બર, 1955 (ડ) 10 ડિસેમ્બર, 2015

(2) દુનિયામાં 'માનવહક દિન' ક્યારે ઉજવાય છે ? ☐

(અ) 14 ફેબ્રુઆરી (બ) 15 ઑગસ્ટ (ક) 10 ડિસેમ્બર (ડ) 26 જાન્યુઆરી

(3) નીચે પૈકી કઈ બાબત મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો - એમ બંનેમાં સમાવિષ્ટ છે ? ☐

(અ) માનવહકો (બ) ટ્રાફિકના કાયદા
(ક) લગ્નવિષયક કાયદાઓ (ડ) કરવેરાના કાયદાઓ

(4) આપણે જે રાજ્યમાં જન્મ લઈએ તે રાજ્યના આપણે શું ગણાઈએ ? ☐

(અ) સરપંચ (બ) પ્રમુખ (ક) ધારાસભા (ડ) નાગરિક

**પ્રવૃત્તિ**

- વિદ્યાર્થીઓ માટે ધારાશાસ્ત્રીનું વ્યાખ્યાન રાખવું.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5 ભારતીય બંધારણ : ઘડતર અને લક્ષણો

બંધારણ એટલે મૂળભૂત સિદ્ધાંતો જેનાથી રાજ્યનું સ્વરૂપ નક્કી થાય છે. આ સિદ્ધાંતો રાજ્યનાં વ્યવસ્થા તંત્રો, સરકારનાં ત્રણેય અંગો ધારાસભા, કારોબારી, ન્યાયતંત્રની રચના; તેમની વચ્ચેના પરસ્પર સંબંધો તેમજ કાર્યો અને સત્તાનો ઉપયોગ કઈ રીતે કરવાનો છે, તે નિયમોના સમૂહને બંધારણ કહેવામાં આવે છે.

ટૂંકમાં, બંધારણ એટલે રાજ્યનો મૂળભૂત કાયદો.

26મી જાન્યુઆરી 1950ના દિવસે ભારતીય બંધારણનો આરંભ થયો. 26મી નવેમ્બર, 1949નો દિવસ ભારતના બંધારણનો જન્મદિન ગણાય છે પરંતુ, તેનાં બીજ તો બ્રિટિશકાળથી જ રોપાઈ ચૂક્યાં હતાં. અહીં આપણે ભારતના બંધારણની વિકાસગાથાની ચર્ચા કરીશું, કેમ કે તેના પરિચય વિના ભારતના બંધારણનો અભ્યાસ અપૂર્ણ છે.

1928માં મોતીલાલ નેહરુ કમિટિએ ભાવિ ભારતની બ્લ્યૂ પ્રિન્ટ સમાન બંધારણ-ઘડતરનો અહેવાલ આપીને ભાવિ અપેક્ષાઓ અને ક્ષમતાને વાચા આપી. 1929 લાહોર બેઠકમાં 'પૂર્ણ સ્વરાજ', 1930 દાંડીકૂચ સત્યાગ્રહના સંદર્ભમાં 1930થી 1932 દરમિયાન હિંદના ભાવિ બંધારણીય સુધારા માટે ગોળમેજી પરિષદો યોજાઈ અને તેમાં કોમી ચુકાદા દ્વારા ભારતીય લોકોની એકતાને ખંડિત કરવાના પ્રયાસો પણ થયા.

**ઈ.સ. 1935 થી 1940 નો સમયગાળો :** ઇન્ડિયા ઍક્ટ, 1935 નીચે મુજબની જોગવાઈઓ પ્રાપ્ત થઈ :

(1) સમવાયતંત્રને લગતી જોગવાઈ મુખ્ય હતી, જેમાં બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યો એમ બે પ્રકાર હતા.

(2) મધ્યસ્થ કારોબારીમાં ગર્વનર જનરલ, સલાહ સમિતિ અને પ્રધાનમંડળ મળીને મધ્યસ્થ કારોબારી બની. તેને ધારાકીય સત્તાઓ વિશાળ પ્રમાણમાં મળી હતી. મધ્યસ્થ પ્રધાનમંડળની પણ જોગવાઈ થઈ હતી. ગવર્નર જનરલને બંધારણીય વડાનો દરજ્જો અપાયો હતો.

(3) મધ્યસ્થ ધારાસભા દ્વિગૃહી હતી જેમાં (અ) નીચલું ગૃહ કે સમવાયી સભા (બ) ઉપલું ગૃહ, રાજ્યસભા હતી. બંનેને સમાન સત્તાઓ હતી.

(4) પ્રાંતોને લગતી જોગવાઈઓ મુજબ પ્રાંતીય સ્વાયત્તતાનો આંશિક સ્વીકાર થયો.

(5) મધ્યસ્થ ન્યાયાલયની જોગવાઈમાં એક મુખ્ય અને અન્ય છ ન્યાયાધીશોનો સમાવેશ થયો.

(6) આ ઉપરાંત રેલવે બોર્ડ, એટર્ની જનરલ, નાણાકીય સલાહકારની વ્યવસ્થા હતી.

ઈ.સ. 1939માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. ચૂંટાયેલા પ્રતિનિધિઓને પૂછ્યા વિના ભારતને યુદ્ધમાં સામેલ કર્યું. પ્રાંતોના કૉંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. ભારતનું મન જીતવા ઑગસ્ટ ઑફર આપી, પ્રથમવાર બંધારણ ઘડવાની વાત ઉચ્ચારાઈ.

**ઈ.સ. 1942 થી 1950 સુધીનો સમયગાળો**

**ક્રિપ્સ દરખાસ્તો (1942) :** બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનની પીછેહઠ થઈ રહી હતી ત્યારે વડાપ્રધાન ચર્ચીલે 11 માર્ચ, 1942માં ક્રિપ્સ દરખાસ્તો જાહેર કરી. તેમાં બંધારણ ઘડવા બંધારણસભા રચવાની બાબત, સંઘ અને પ્રાંતોને નવું બંધારણ ઘડવાની છૂટ, અલગ સંઘ રચવાની છૂટ, પ્રધાનમંડળના સભ્યોને સંરક્ષણ સિવાય અન્ય વિષયો બાબત સત્તા આપવાની બાબત મુખ્ય હતી. જોકે, કૉંગ્રેસ અને મુસ્લિમલીગે પણ આનો અસ્વીકાર કર્યો. 1942માં 'હિંદ છોડો'ની લડતમાં લોકોનો તીવ્ર પ્રત્યાઘાત દેખાયો.

**કૅબિનેટ મિશન (1946) :** ઈ.સ. 1945માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું. બ્રિટન વિજયી બન્યું. ચૂંટણીઓ યોજાઈ. ચર્ચીલની હાર થઈ અને મજૂરપક્ષના એટલી વડાપ્રધાન બન્યા. તેઓ ભારતને સ્વતંત્રતા આપવાનો અભિગમ ધરાવતા હતા. તેમણે રજૂ કરેલી યોજના કેબિનેટ મિશન સ્વરૂપે જાણીતી બની. જેમાં બે મુખ્ય વિભાગ હતા : ભાવિ બંધારણીય સ્વરૂપ અને વચગાળાની યોજના.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(1) બ્રિટિશ હિંદ તેમજ દેશી રાજ્યોનો સંઘ બનાવવો અને તેમને મહત્ત્વનાં ખાતાં સોંપવાં. (2) પ્રાંતોમાં ત્રણ જૂથો રચવાં, (3) ચૂંટાયેલ પ્રાંતિક ધારાસભાઓ દ્વારા બંધારણસભાના સભ્યોની ચૂંટણી કરવી જે બંધારણીયસભા તરીકે ઓળખાય. (4) વચગાળાની સરકાર રચવી. આઝાદી આવે તે પહેલાં વચગાળાની વ્યવસ્થા તરીકે, 2 સપ્ટેમ્બર, 1946ના રોજ નેહરુના નેતૃત્વ હેઠળ પ્રધાનમંડળ રચવામાં આવ્યું.

**બંધારણસભાની રચના**

**બંધારણ ઘડતરની પ્રક્રિયા :** કૅબિનેટ મિશન યોજના અંતર્ગત બંધારણસભાની રચના હાથ ધરાઈ. તેના માટે પુખ્તવય મતાધિકારના ધોરણે ચૂંટણી કરીને સમય પસાર કરવો તે પાલવે તેમ ન હતું. આથી નક્કી કરવામાં આવ્યું કે 1946ના જુલાઈમાં પ્રાંતોની ધારાસભાઓની જે ચૂંટણી થઈ છે તેમાં ચૂંટાયેલા ધારાસભ્યો બંધારણસભાના સભ્યોને ચૂંટી કાઢે. આ રીતે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનાર બંધારણસભા પરોક્ષ પદ્ધતિથી રચવામાં આવી. બંધારણસભામાં કુલ 389 સભ્યો હતા, જેમાં બ્રિટિશ પ્રાંતોના 292, બ્રિટિશ હાઈકમિશનર પ્રાંતોના 4 અને દેશી રાજ્યોના 13 પ્રતિનિધિ સભ્યો હતા.

**બંધારણસભાની કામગીરી :** બંધારણસભાની બંધારણ-ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ 9મી ડિસેમ્બર, 1946થી થયો. જેમાં કુલ 207 સભ્યોએ હાજરી આપી હતી. મુસ્લિમલીગે તેનો બહિષ્કાર કર્યો. વરિષ્ઠ સભ્ય ડૉ. રાજેન્દ્રપ્રસાદની બંધારણસભાના અધ્યક્ષ તરીકે ચૂંટણી દ્વારા પસંદગી કરવામાં આવી. 13 ડિસેમ્બરે પંડિત જવાહરલાલ નેહરુએ બંધારણના ઉચ્ચ આદર્શો તેમજ પ્રજાની આકાંક્ષાને રજૂ કરતો ઠરાવ મૂક્યો. જેને ક. મા. મુનશી 'પ્રજાતંત્રની ગુરુચાવી' કહે છે. આ સિદ્ધાંતોને અનુરૂપ જ આપણા બંધારણનું ઘડતર થયું છે.

29 ઑગસ્ટ, 1947ના રોજ ડૉ. આંબેડકરના અધ્યક્ષપદે 7 સભ્યોની બનેલી એક મુસદ્દા સમિતિની રચના કરાઈ. આ સમિતિએ દુનિયાનાં બંધારણોનો અભ્યાસ કરીને સારાં તત્ત્વો, મુદ્દાઓ સ્વીકારીને ભારતની સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય પરિસ્થિતિને અનુરૂપ એક મુસદ્દો તૈયાર કર્યો.

**વિવિધ સમિતિઓ :** ઉપરોક્ત મુસદ્દા-સમિતિ ઉપરાંત બંધારણ-ઘડતર માટે વિવિધ સમિતિઓ પણ રચાઈ હતી. તે સમિતિઓને માર્ગદર્શન આપવા અગ્રણી મહાનુભાવોની અધ્યક્ષપદે વરણી કરાઈ હતી.

(1) વિશેષ સમિતિ (2) પ્રક્રિયા સમિતિ (3) સંચાલન સમિતિ (4) પરામર્શન-સલાહકાર સમિતિ (5) કેન્દ્રની સત્તાઓ અંગેની સમિતિ (6) સંઘ સંવિધાન સમિતિ (7) મૂળભૂત અધિકારોની સમિતિ (8) લઘુમતી અધિકારો અંગેની સમિતિ (9) સર્વોચ્ચ અદાલત અંગેની સમિતિ તથા (10) કેન્દ્ર-રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધો અંગેની સમિતિ વગેરેનો સમાવેશ થતો હતો.

આમાંની મોટા ભાગની સમિતિઓના અધ્યક્ષ અને સભ્યો તરીકે પંડિત જવાહરલાલ નેહરુ, વલ્લભભાઈ પટેલ, ડૉ. રાજેન્દ્રપ્રસાદની અસર પ્રભાવક રહી.

બંધારણ-ઘડતરની પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારાઓમાં ડૉ. આંબેડકર, શ્રીકૃષ્ણસ્વામી ઐયર, એન. ગોપાલસ્વામી આયંગર, શ્રી ક. મા. મુનશી, શ્રી ટી. ટી. કૃષ્ણામાચારી, સર બી. એન. રાવ, શ્રી કે. ટી. શાહ, શ્રી મહાવીર ત્યાગી, શ્રી એચ. એન. કુંઝરું, શ્રી જયપાલસિંહ તેમજ મહિલા સભ્યોમાં શ્રીમતી દુર્ગાબાઈનું વિશિષ્ટ પ્રદાન રહ્યું.

બંધારણસભાએ કુલ 12 અધિવેશન બેઠકો દ્વારા 165 દિવસની કામગીરી કરી, જેમાં બંધારણનો મુસદ્દો ઘડતાં કુલ 114 દિવસ વ્યતિત થયા હતા.

બંધારણસભાની કાર્યવાહી પૂર્ણપણે લોકશાહી વાતાવરણમાં થતી અને લાંબી ચર્ચા-વિચારણા તેમજ ટીકાટિપ્પણ અંગે કોઈ પ્રતિબંધ ન હતો. ચોસઠ લાખ રૂપિયાનો કુલ ખર્ચ થયો. સમગ્ર પ્રક્રિયા પાછળ 2 વર્ષ, 11 માસ અને 18 દિવસનો સમય ગયો.

બંધારણ 26 નવેમ્બર, 1949માં તૈયાર કરીને બંધારણસભાએ ત્રણ વાચનમાંથી પસાર કરીને સ્વીકારી લીધું. 24 જાન્યુઆરી, 1950ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદની કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પસંદગી થઈ અને તેમણે તે ખરડા ઉપર સહી કરી. આમ કુલ 395 કલમો અને 8 પરિશિષ્ટોવાળું દુનિયાનું સૌથી વિસ્તૃત અને લાંબું બંધારણ અસ્તિત્વમાં આવ્યું. 26 જાન્યુઆરી 1950થી બંધારણના અમલનો પ્રારંભ થયો. આ દિવસ સમગ્ર ભારતમાં 'ગણતંત્ર' કે 'પ્રજાસત્તાક દિન' તરીકે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઊજવાય છે. આ સંદર્ભમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહેલા શબ્દો સૂચક છે કે, 'હવે ભારતમાં કોઈ રાજા નથી અને કોઈ પ્રજા નથી, બધા રાજા છે અને બધા પ્રજા છે.'

**ભારતીય બંધારણનાં વિશિષ્ટ લક્ષણો**

**(1) લિખિત કે દસ્તાવેજી બંધારણ :** બ્રિટન અને અમુક અંશે ઇઝરાયલના અપવાદ સિવાય દુનિયાના બધા જ લોકશાહી દેશોનાં બંધારણો લિખિત છે. ભારતે પણ લોકશાહી શાસનવ્યવસ્થા અપનાવી હોઈ આપણી બંધારણસભાએ કાળજીપૂર્વક તેને ઘડ્યું છે. બંધારણસભાના સભ્યો ઉપર પશ્ચિમી ઉદારમતવાદની અસર હતી. બ્રિટિશ સંપર્ક અને અસર હોવા છતાં તેઓએ આપણા દેશની અને આપણા સમાજની પરિસ્થિતિ, પૂર્વ ઇતિહાસ, દેશની બહુવિધતા વગેરેને ધ્યાનમાં લઈને બંધારણ લિખિત સ્વરૂપે રાખવાનું યોગ્ય માન્યું હતું.

**(2) અતિવિસ્તૃત બંધારણ :** આપણા બંધારણનું બીજું મહત્ત્વનું ધ્યાન ખેંચે તેવું લક્ષણ તેની વિસ્તૃતતા છે. ભારતનું બંધારણ દુનિયાનાં લિખિત બંધારણોમાં સૌથી લાંબું અને સૌથી વિગતવાર છે. ભારતનું મૂળ બંધારણ 22 ભાગોમાં વહેંચાયેલું, 395 કલમો અને 8 પરિશિષ્ટો ધરાવતું હતું. જે બાબતોને બંધારણમાં સમાવી શકાઈ નહિ તેવી કેટલીક બાબતોને પરિશિષ્ટ રૂપે મૂકવામાં આવી છે. હાલમાં 12 પરિશિષ્ટો છે. છેલ્લાં 65 વર્ષમાં બંધારણમાં કેટલીક નવી કલમો ઉમેરવામાં આવી છે તો કેટલીક કલમો રદ કરવામાં આવી છે. પણ કલમોના અનુક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આપણા બંધારણમાં ઘણીબધી બાબતોની વિગતે જોગવાઈ કરવામાં આવી હોવાથી આપણું બંધારણ લાંબું બન્યું છે.

**(3) સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક, બિનસાંપ્રદાયિક, સમાજવાદી :** બંધારણ ભારતને સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક, સમાજવાદી, બિનસાંપ્રદાયિક જાહેર કરે છે. સમાજવાદ અને બિનસાંપ્રદાયિક શબ્દો મૂળ બંધારણમાં ન હતા તે 1976માં કટોકટી દરમિયાન 42માં બંધારણીય સુધારા દ્વારા ઉમેરવામાં આવેલા છે. ભારત બહારના તેમજ અંદરના કોઈ પણ જાતના અંકુશોથી મુક્ત છે. દેશના સંચાલન અંગેની સંપૂર્ણ સત્તા સાર્વભૌમ રાજ્યનું લક્ષણ છે. બહારની કોઈ પણ સત્તા ઉપર ભારતે હવે આધાર રાખવાનો નથી.

**(4) સંસદીય લોકશાહી :** ભારતીય બંધારણની કલમ 79 થી 122 ની જોગવાઈ મુજબ કેન્દ્રમાં અને કલમો 153થી 167 મુજબ રાજ્યોમાં સંસદીય સ્વરૂપની સરકારની રચના કરવામાં આવી છે. આ બાબતે આપણે બ્રિટિશ મૉડેલને અપનાવ્યું છે; કારણ કે, પાર્લમેન્ટને જવાબદાર એવી બ્રિટિશ ઢબને સંસદીય લોકશાહીનો આપણને પ્રત્યક્ષ અનુભવ હતો. સંસદીય સરકારનું મહત્ત્વનું લક્ષણ એ છે કે, સાચી સત્તા લોકોના પ્રતિનિધિઓમાંથી બનેલા પ્રધાનમંડળમાં જ સ્થાપિત થયેલી હોય છે. પ્રધાનમંડળની રચના સંસદ સભ્યોમાંથી કરવામાં આવે છે અને પ્રધાનમંડળ લોકો દ્વારા ચૂંટાયેલા સંસદને જવાબદાર હોય છે. નીચલા ગૃહ-લોકસભાનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા ઉપર રહી શકે છે. સંસદીય સરકાર એ સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત ઉપર કામ કરે છે. તેથી તેને 'જવાબદાર સરકાર' કહેવામાં આવે છે.

**(5) મૂળભૂત હકો :** ભારતના બંધારણના ભાગ 3માં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતના લોકો એક સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિકો તરીકે ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે છ જેટલા મૂળભૂત હકો આપવામાં આવ્યા છે. વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે આ હકો જરૂરી છે. લોકશાહી રાજ્યનું આ અનોખું અને આવશ્યક લક્ષણ છે. મૂળભૂત હકોના રક્ષણ માટે પણ બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે.

**(6) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :** બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે તે એક નવીન પગલું છે. આવા સિદ્ધાંતો આર્યલૅન્ડના બંધારણમાં પણ જોવા મળે છે. સિદ્ધાંતો નૈતિક હોઈ તેનો અમલ રાજ્યની મરજી ઉપર આધારિત છે. દરેક સ્તરની સરકાર તેનો અમલ કરે તે ઇચ્છનીય માનવામાં આવ્યું છે. ગમે તે પક્ષની સરકાર હોય પણ તે આ સિદ્ધાંતોનો અમલ કરવા માટે નૈતિક રીતે બંધાયેલી છે. આ સિદ્ધાંતોમાં સમાજવાદ અને ગાંધીવાદના આદર્શો વ્યક્ત થયેલા છે.

**(7) મજબૂત કેન્દ્રવાળું સમવાયતંત્ર :** ભારતના લાંબા ઇતિહાસનો સૌથી મહત્ત્વનો બોધપાઠ એ છે કે જ્યારે-જ્યારે ભારતનું કેન્દ્રીય શાસન નબળું પડ્યું છે ત્યારે પરદેશી શાસકોએ આક્રમણ કરીને સત્તા પડાવી લીધી છે. કેન્દ્રીય શાસનને એ કારણસર મજબૂત રાખવાની ઐતિહાસિક આવશ્યકતા હતી. ભાષા, સંસ્કૃતિ, ધર્મો વગેરેની પ્રાદેશિક લાક્ષણિકતાઓને પણ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જાળવવી જરૂરી હતી. પરસ્પર વિરોધી લાગતી આવી અનિવાર્યતાઓને ધ્યાનમાં રાખીને બંધારણના ઘડવૈયાઓએ એક વિશિષ્ટ સ્વરૂપનું સમવાયતંત્રનું માળખું અપનાવ્યું છે. સમવાયી પ્રથાનાં લક્ષણોનો સ્વીકાર કરેલો હોવા છતાં કેન્દ્રને મજબૂત બનાવે તેવી સત્તાઓ આપવામાં આવી છે. તેમજ સમગ્ર દેશ માટે એક જ વહીવટી માળખું સ્થાપવામાં આવ્યું છે. આમ છતાં રાષ્ટ્રનું અને બંધારણનું અસ્તિત્વ જોખમમાં હોય ત્યારે કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્રને વધુ સત્તાઓ આપવામાં આવે છે. આથી ઘણા વિચારકો આપણી પ્રથાને 'અર્ધ-સમવાયી'તરીકે પણ ઓળખાવે છે. કટોકટી વખતે આસાનીથી તેને એકતંત્રની વ્યવસ્થામાં બદલી શકાય છે.

**(8) દ્વિગૃહી પ્રથા :** બંધારણે કેન્દ્રમાં દ્વિગૃહી પ્રથાનો સ્વીકાર કર્યો છે. લોકસભા નીચલું ગૃહ છે. તેમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે અને રાજ્યસભા ઉપલું ગૃહ છે. તેમાં રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ચૂંટાઈ આવેલ સભ્યો બેસે છે. તેઓ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. રાજ્યસભાની સત્તા ઓછી છે અને નાણાકીય બાબતોમાં તો બિલકુલ ઓછી સત્તા છે. લોકસભાની સત્તાઓ વિશેષ ચઢિયાતી અને કેટલીક બાબતોમાં નિર્ણાયક છે.

કેન્દ્રની જેમ એકમ-રાજ્યોમાં દ્વિગૃહીપ્રથા રાખવી કે એકગૃહી તે રાજ્યોની ઈચ્છા ઉપર છોડવામાં આવ્યું છે. કેટલાંક રાજ્યોએ વિધાનસભા અને વિધાન પરિષદ એવાં બે ગૃહો રાખ્યાં છે. મોટા ભાગનાં રાજ્યોએ એકગૃહી પ્રથા અપનાવી છે.

**(9) ધર્મનિરપેક્ષતા :** ભારતીય બંધારણનું આ ઉમદા લક્ષણ છે.

(i) ભારતનું રાજ્ય ધર્મનિરપેક્ષ છે, જેની ચર્ચા આમુખમાં કરવામાં આવી છે.

(ii) બંધારણની વિવિધ જોગવાઈઓમાંથી ધર્મનિરપેક્ષતા (બિનસાંપ્રદાયિકતા)નું લક્ષણ ફલિત થાય છે.

(iii) ધર્મના આધારે રાજ્ય કોઈ નાગરિક પ્રત્યે ભેદભાવ રાખતું નથી.

(iv) ધાર્મિક લઘુમતીઓને કેટલાક વિશેષ અધિકારો અને સવલતો આપવામાં આવેલી છે. બંધારણની આ બધી બાબતો ધર્મનિરપેક્ષ રાજ્યોમાં જ પ્રાપ્ય હોય છે.

(v) ભારતનું રાજ્ય કોઈ ધર્મના સિદ્ધાંતો કે માન્યતાના આધારે ચાલશે નહિ.

**(10) આમુખથી પ્રારંભ :** બંધારણની શરૂઆત આમુખથી થાય છે. તેને પ્રસ્તાવના પણ કહી શકાય. આમુખમાં ભારતીય રાજ્યોનાં મહત્ત્વનાં લક્ષણોની ઝાંખી થાય છે. આમુખની વિગતે ચર્ચા આમુખના મુદ્દામાં કરેલી છે.

**(11) બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિ :** લિખિત બંધારણને સમય અને સંજોગોની જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવાની જરૂર પડતી હોય છે. જે સુધારો સાદી બહુમતીથી થઈ શકે તે બંધારણ સુપરિવર્તનશીલ છે. જ્યારે જે સુધારાને વિશિષ્ટ બહુમતીની જરૂર પડે તેને દુષ્પરિવર્તનશીલ કહે છે. ભારતના બંધારણમાં આ બંને તત્ત્વોનું મિશ્રણ કરવામાં આવ્યું છે.

**(12) અદાલતી સમીક્ષા :** અદાલતી સમીક્ષા એ ભારતના બંધારણનું એક વિશિષ્ટ લક્ષણ છે. સંસદે પસાર કરેલા કાયદા, એકમ રાજ્યોની ધારાસભાઓએ ઘડેલા કાયદા, ઉપરાંત કેન્દ્ર અને રાજ્યોની કારોબારી દ્વારા બહાર પડાયેલા આદેશો, સર્વોચ્ચ અદાલત અને રાજ્યની વડીઅદાલતો દ્વારા અપાયેલા ચુકાદાઓ તેમજ બંધારણમાં કરવામાં આવેલા સુધારા આ બધાની સમીક્ષા કરવાની ન્યાયતંત્રની સત્તાને અદાલતી સમીક્ષા કહેવામાં આવે છે. જો અદાલતને એમ લાગે કે ઘડવામાં આવેલા કાયદા, જારી કરવામાં આવેલા આદેશો, કરવામાં આવેલા બંધારણીય સુધારાઓ બંધારણ સાથે સુસંગત નથી તો તે ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે.

**(13) એકીકૃત અને સ્વતંત્ર ન્યાયતંત્ર :** ભારતમાં પિરામિડ આકારના સળંગ અને સુગ્રથિત ન્યાયતંત્રની જોગવાઈ છે. સૌથી ઉપર સર્વોચ્ચ અદાલતની રચના થયેલી છે. તેની નીચે રાજ્યોની વડીઅદાલતો અને તેની નીચે જિલ્લાની અદાલતો તથા તાબાની અદાલતો આવેલી છે. અમેરિકા કે જ્યાં સમવાયીપ્રથા છે, ત્યાં કેન્દ્ર અને રાજ્યોનાં આગવાં અને સમાંતર ન્યાયતંત્રો છે.

ભારતમાં ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી અલગ અને સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. તેની સ્વતંત્રતાનું રક્ષણ કરવા સંબંધી બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવેલ છે. લોકશાહી રાજ્યવ્યવસ્થાનું તે જરૂરી લક્ષણ ગણાય છે.

**(14) પછાતવર્ગો અને જાતિઓ માટે ખાસ જોગવાઈ :** આપણા બંધારણમાં પછાત સમૂહો અને અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ધારાગૃહોમાં રાજકીય પ્રતિનિધિત્વ માટે રાજકીય અનામતો, સરકારી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નોકરીઓમાં અનામત બેઠકો અને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે અનામતોનો લાભ તેમજ તેમને શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ, સુવિધાઓ અને ફી માફીની સગવડનો ખાસ લાભ આપવામાં આવ્યો છે.

**(15) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર :** ભારતીય બંધારણ મુજબ 18 વર્ષની ઉંમરના તમામ નાગરિકોને મતાધિકાર આપવામાં આવ્યો છે. બંધારણની કલમ-326 હેઠળ અપનાવવામાં આવેલું સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનું પગલું ઘણું હિંમતભર્યું છે. ખાસ કરીને જ્યાં વસ્તીનો ઘણો ભાગ જ્યારે ગરીબ અને અશિક્ષિત હોય ત્યારે કોઈ પણ જાતના ભેદભાવ વગર માત્ર ઉંમરના ધોરણે જ કલમના એક જ ઝાટકે સ્ત્રી-પુરુષ દરેક નાગરિકને સમાન મતાધિકાર એ ખરેખર જ પ્રગતિશીલ પગલું છે. બધા જ લોકશાહી દેશો કરતાં આપણા દેશના મતદારોની સંખ્યા વધુ છે. સામાન્ય ચૂંટણીઓમાં ઉત્તરોત્તર વધેલી મતદારોની સંખ્યા અને સજાગતા એ તેનું પ્રમાણ કે સફળતાની સાબિતી છે.

**બંધારણમાં સુધારાની પ્રક્રિયા**

સમાજ પરિવર્તનશીલ છે અને રાજ્ય એક સામાજિક સંસ્થા છે. તેથી રાજ્યનું સ્વરૂપ નક્કી કરનાર બંધારણમાં પણ જરૂર પડે, પરિવર્તન એટલે કે સુધારા કરવા જરૂરી બને છે. ભારતનું બંધારણ લેખિત અને દસ્તાવેજી છે. આમ છતાં તે સ્થિતિસ્થાપક પણ છે. ભારતના બંધારણ વિશે એમ.વી પાયલી નામના વિદ્વાને યોગ્ય લખ્યું છે કે, ''એવું કોઈ સમવાયતંત્રી બંધારણ નહિ હોય જે સ્થિતિસ્થાપક તથા મુશ્કેલ એમ બંને સંશોધન-પ્રક્રિયાનો ઉપયોગ કરે આ વિશેષતા માત્ર ભારતના બંધારણમાં જોવા મળે છે.''

**સુધારાની પ્રક્રિયા :** બંધારણમાં સુધારા માટે કલમ 368 નીચે સંસદ ત્રણ રીતે બંધારણમાં સુધારો કરી શકે છે. આવા સુધારા સંસદના કોઈ પણ ગૃહમાં ખરડો રજૂ કરીને થાય છે. સુધારાને કાયદા ઘડતરની જેમ ત્રણ વાંચન અને જરૂર પડે પ્રવર સમિતિને સોંપી શકાય છે. પરંતુ તેને માટે લોકમત લેવાની જોગવાઈ નથી. બંધારણ સુધારાની રીત નીચે પ્રમાણે છે :

**(ક) સાદી બહુમતી દ્વારા :** બંધારણમાં એવી કેટલીક જોગવાઈઓ છે કે જેમાં સુધારો કરવા માટે સંસદના હાજર સભ્યોની સાદી બહુમતી જરૂર પડે છે. જેમ કે નાગરિકત્વની યોગ્યતા માટે, રાજ્યોના ઉપલા ગૃહની રચના અને તેના વિસર્જન માટે, સર્વોચ્ચ અને અન્ય ન્યાયાલયોના ન્યાયાધીશોના પગાર અંગે નવાં રાજ્યોની રચના કોઈ રાજ્યના વિસ્તારમાં કે તેની સરહદમાં પરિવર્તન જેવી બાબતો અંગેના સુધારાનો સમાવેશ થાય છે.

**(ખ) બે તૃતીયાંશ બહુમતી દ્વારા :** આગળ જણાવ્યા તે સિવાયની તમામ બાબતોને લગતા સુધારા માટે સંસદના બંને ગૃહોની હાજર સંખ્યાની $\frac{2}{3}$ બહુમતીથી બંધારણમાં સુધારો થઈ શકે છે.

**(ગ) વિશેષ બહુમતી તથા રાજ્યોની સંમતિ :** બંધારણમાં એવી કેટલીક જોગવાઈઓ છે જે કેન્દ્ર-રાજ્ય બંનેને સ્પર્શતી હોય છે. આ જોગવાઈઓ જેવી કે રાષ્ટ્રપતિની ચૂંટણી, કેન્દ્ર અને રાજ્યોની કારોબારી, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની વહેંચણી, સંસદમાં રાજ્યોના પ્રતિનિધિત્વમાં સુધારા માટે સંસદના બંને ગૃહોના હાજર સભ્યોની $\frac{2}{3}$ બહુમતી ઉપરાંત ઓછામાં ઓછા 50 % રાજ્યોની સંમતિની જરૂર પડે છે.

આ ત્રણેય રીતોમાંથી કોઈ પણ રીતે પસાર થયેલા બંધારણીય સુધારાને રાષ્ટ્રપતિની સંમતિ માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા પછી બંધારણીય સુધારો અમલમાં આવે છે.

બંધારણની કલમ 356 પ્રમાણે રાજ્યના રાજ્યપાલના અહેવાલથી અથવા અન્ય સ્રોતથી રાષ્ટ્રપતિને ખાતરી થાય કે બંધારણીય જોગવાઈઓ પ્રમાણે રાજ્ય સરકારનો વહીવટ ચાલી શકે તેમ નથી તો રાષ્ટ્રપતિ એ રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે. આ કટોકટી જાહેર થતાં એ રાજ્યની થોડીક કે સંપૂર્ણ સત્તા રાષ્ટ્રપતિ લઈ શકે છે. વિધાનસભાને મૂર્છિત કરાય કે વિસર્જિત પણ કરી શકાય છે. આ સમયે સંસદ રાજ્યયાદીના વિષય ઉપર તે રાજ્ય માટે કાયદા ઘડી શકે છે. સંસદ તે રાજ્યનું અંદાજપત્ર પણ ઘડી શકે છે. રાષ્ટ્રપતિ તે રાજ્યની સંચિત નિધિમાંથી ખર્ચ કરી શકે છે. આ સમય તે રાજ્ય માટે 'રાષ્ટ્રપતિશાસન'નો ગણાય છે. તેમાં રાજ્યપાલ રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે સીધો વહીવટ સંભાળે છે. રાષ્ટ્રપતિના જાહેરનામાને બે માસમાં સંસદની મંજૂરી લેવી પડે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) બંધારણસભાની રચના અને તેની કામગીરી સમજાવો.

(2) ભારતીય બંધારણનાં વિશિષ્ટ લક્ષણો દર્શાવો.

(3) બંધારણ-સુધારાની પ્રક્રિયાને સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ક્રિપ્સ દરખાસ્તો

(2) કૅબિનેટ મિશન

(3) બંધારણસભાની વિવિધ સમિતિઓ

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) ભારતના બંધારણનો આરંભ ક્યારે થયો ?

(2) બંધારણના ઘડતરમાં કોણે-કોણે ફાળો આપ્યો છે ?

(3) બંધારણસભાએ ક્યારે કોને અધ્યક્ષ પદે નિમણૂક કરી હતી ?

(4) બંધારણ-ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ ક્યારે થયો ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) હિંદ છોડો લડત ક્યારે થઈ ? ☐

(અ) 1930 (બ) 1942 (ક) 1947 (ડ) 1950

(2) બીજું વિશ્વયુદ્ધ ક્યારે પૂરું થયું ? ☐

(અ) 1969 (બ) 1930 (ક) 1945 (ડ) 1950

(3) બંધારણસભામાં કુલ કેટલા સભ્યો હતા ? ☐

(અ) 389 (બ) 395 (ક) 391 (ડ) 292

(4) બંધારણનો મુસદ્દો ઘડતાં કુલ કેટલા દિવસ વ્યતીત થયા હતા ? ☐

(અ) 114 (બ) 124 (ક) 224 (ડ) 165

(5) બંધારણનો અમલ ક્યારે થયો ? ☐

(અ) 1947 (બ) 1950 (ક) 1949 (ડ) 1930

### પ્રવૃત્તિ

- બંધારણ-ઘડતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રદાન અંગે વાર્તાલાપનું આયોજન કરો.
- બંધારણ-ઘડતરમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા અંગે વાર્તાલાપ અને વિગતો એકત્ર કરો.
- 26 નવેમ્બર બંધારણદિનની ઉજવણીનો કાર્યક્રમ ગોઠવો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6 મૂળભૂત હકો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

લોકશાહીમાં નાગરિકના જીવનમાં હકોએ અગત્યનું સ્થાન ધારણ કર્યું છે. સમાજમાં રહેતા મનુષ્યને અનેક પ્રકારની જરૂરિયાતો હોય છે. તેની અમુક જરૂરિયાતો એટલી બધી અગત્યની હોય છે કે જો આ જરૂરિયાતો સંતોષાય નહિ તો મનુષ્ય સાચા અર્થમાં પોતાનું જીવન જીવતો નથી એમ કહી શકાય. અન્ન, વસ્ત્ર અને રહેઠાણની પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત પણ અનેક જરૂરિયાતો મનુષ્યને હોય છે. જે સંતોષવા મનુષ્ય પ્રયત્નશીલ હોય છે. કેમ કે તેમ કરવાથી જ મનુષ્ય પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે છે. વળી વ્યક્તિને તેના વ્યક્તિત્વના વિકાસ અર્થે કુદરત તરફથી પણ અમુક શક્તિ મળેલી હોય છે. આ શક્તિને ખીલવવા માટે હકો અનિવાર્ય છે. માટે હકો ઉદ્ભવે છે કે તેનું સર્જન થાય છે. સમાજમાં રહેલી દરેક વ્યક્તિને જરૂરિયાતો હોવાથી તેમજ દરેક પાસે કુદરતી શક્તિ હોવાથી પ્રત્યેક વ્યક્તિએ અન્યની જરૂરિયાતો અને શક્તિને લક્ષમાં રાખીને જ વર્તન-વ્યવહાર કરવાનો હોય છે માટે, દરેકે પોતાના હક ઉપરાંત બીજી બાબતોનો પણ ખ્યાલ રાખવો પડે છે અને તે છે ફરજ. હકની સાથે જ ફરજનો ખ્યાલ જોડાયેલો છે. આપણા હક એ અન્યની આપણા તરફની ફરજ છે અને તેમના હક એ આપણી તેમના તરફની ફરજ છે. આમ હક અને ફરજ એ એક સિક્કાની બે બાજુ સમાન છે.

## મૂળભૂત હકોનો અર્થ

હકોને મનુષ્યના સામાજિક જીવનની અનિવાર્ય જરૂરિયાતો તરીકે ઓળખાવી શકાય. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં કહીએ તો, હકો દ્વારા જ મનુષ્ય પોતાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે છે. જે વ્યક્તિ હકો ભોગવતી નથી તે પોતાનો વિકાસ કરી શકતી નથી અને પરિણામે તેનું જીવન કુંઠિત થઈ જાય છે. આપણા હકો સમાજથી સ્વતંત્ર નહિ પરંતુ સમાજમાં ઉદ્ભવે છે. સમાજ નથી તો હકો નથી. રાજ્ય હકો ઊભા કરતું નથી પરંતુ તે તો માત્ર સમાજ દ્વારા સ્વીકારાયેલા હકોની જાળવણી કરે છે અને અદાલત દ્વારા તેના રક્ષણની ખાતરી આપે છે. ટૂંકમાં કહીએ તો, વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જે સામાજિક પરિસ્થિતિઓનું હોવું અને ચાલુ રહેવું અત્યંત જરૂરી છે તેને સામાન્ય રીતે વ્યક્તિના હકો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, 'હકો સામાજિક જીવનની એવી જરૂરિયાતો છે કે જેના સિવાય કોઈ પણ મનુષ્ય, પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકતો નથી.'

અન્ય રીતે વિચારીએ તો એવું કહી શકાય કે હકોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવે છે. મનુષ્ય તરીકે જન્મતાંની સાથે જ વ્યક્તિ કેટલાક હકોનો હકદાર બને છે માટે આ હકોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે. 10 ડિસેમ્બર, 1948 ના રોજ સંયુક્ત રાષ્ટ્રો (યુએન - UN)ની મહાસભાએ માનવહકોની વૈશ્વિક ઘોષણા (યુનિવર્સલ ડેક્લેરેશન ઑફ હ્યુમન રાઇટ્સ)ને સ્વીકૃતિ આપી, તેમાં આ બધા હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આની પાછળનો મુખ્ય હેતુ એવી પરિસ્થિતિ સર્જવાનો છે કે વિશ્વનાં રાજ્યો અગત્યના હકોનો સ્વીકાર કરીને પોતાના નાગરિકને તે આપે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થયેલ માનવહકોનો સ્વીકાર હકોનું મહત્ત્વ દર્શાવે છે. તેથી જ આપણે 10મી ડિસેમ્બરને 'માનવઅધિકાર દિન' તરીકે મનાવીએ છીએ. માનવહકો પૈકી કેટલાક અત્યંત મહત્ત્વના હકોનો અમલ રાજ્ય દ્વારા થાય છે. અને તેમના રક્ષણની બાંયધરી આપવામાં આવે છે અને એ સારુ તેમને દેશના બંધારણમાં ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું હોય છે. આવા અધિકારોને મૂળભૂત હકો કહેવામાં આવે છે.

## મૂળભૂત હકોનું મહત્ત્વ

હકો અંગેની સમજ મેળવ્યા પછી આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે, મનુષ્યજીવનમાં હકો અનિવાર્ય છે. દરેક લોકશાહી રાજ્ય પોતાના નાગરિકને મૂળભૂત હકો આપે છે. જે સાચા અર્થમાં નાગરિક બનવા માટે જરૂરી ગણાય છે. હકો સિવાયના મનુષ્યજીવનનો વિચાર કરવો અશક્ય છે. આ રીતે હકોનું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે. હકોની અગત્ય કે ઉપયોગિતા આ પ્રમાણે દર્શાવી શકાય :



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(1) વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય છે :** લોકશાહીમાં વ્યક્તિનું સ્થાન ઘણું જ મહત્ત્વનું ગણાય છે. તેથી વ્યક્તિના સર્વાંગી વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે રાજ્ય વ્યક્તિત્વના સ્વીકાર અને તેના રક્ષણની જવાબદારી લે છે. પરિણામે રાજ્ય હકોનો સ્વીકાર કરે છે, જેથી વ્યક્તિના સર્વાંગી વિકાસની પરિસ્થિતિઓનું નિર્માણ થાય. આપણે આગળ જોયું કે હકો એ સામાજિક જીવનની એવી જરૂરિયાતો છે કે જેમના સિવાય વ્યક્તિમાં જે શ્રેષ્ઠતા રહેલી છે તેને પ્રાપ્ત કરી શકાતી નથી. આ દૃષ્ટિએ હકો એ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે અતિ આવશ્યક છે.

**(2) વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ થાય છે :** લોકશાહીમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનું મૂલ્ય ઘણું જ છે અને વ્યક્તિ વિવિધ હકો દ્વારા જ વિવિધ સ્વતંત્રતાઓ ભોગવે છે. તેમાં કોઈ બિનજરૂરી દરમિયાનગીરી કરી શકતું નથી. આ રીતે વ્યક્તિ વિવિધ સ્વતંત્રતાઓના ઉપયોગ દ્વારા પોતાની જરૂરિયાતો સંતોષીને પોતાનો વિકાસ સાધી શકે છે.

**(3) સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે :** સત્તા સ્થાને રહેલી સરકાર દ્વારા તેની સત્તાનો દુરુપયોગ ન થાય તે માટે હકોના સ્વીકાર દ્વારા સરકારની સત્તા પર અંકુશ મૂકવામાં આવે છે. કારણ કે જ્યારે હકોનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે સરકાર નાગરિકોના જીવનમાં ગેરવાજબી દખલગીરી કરી શકે નહિ. સરકારની બંને શાખા - કારોબારી તથા ધારાસભાએ પણ સચેત રહી પોતાનું કાર્ય કરવાનું હોય છે. કાયદાનું ઘડતર કરતી વખતે ધારાસભા સતત એ બાબતને ધ્યાનમાં રાખે છે કે પોતાના કાયદા દ્વારા અયોગ્ય રીતે કોઈ પણ હકનો ભંગ તો થતો નથી ને ? આ જ રીતે કારોબારી પણ એવું કોઈ પગલું ન ભરી શકે કે જેથી હકોનો અયોગ્ય રીતે ભંગ થાય. આમ, આ બંને શાખાઓએ પોતપોતાની સત્તાનો ઉપયોગ કરતી વખતે હકોને નજર સમક્ષ રાખવાના હોય છે. તેમ છતાં પણ જો કોઈ પણ રીતે હકોનો ભંગ થતો જણાય તો ન્યાયતંત્ર તેવાં પગલાંને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે. આમ હકોના સ્વીકારથી સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે.

**(4) લઘુમતીઓના હિતોનું રક્ષણ થાય છે :** લોકશાહી રાજ્યમાં ધાર્મિક, પ્રાદેશિક, ભાષાકીય, સાંસ્કૃતિક વગેરે જેવી લઘુમતીઓ અસ્તિત્વ ધરાવતી હોય છે. હકોના સ્વીકાર દ્વારા લઘુમતીઓને તેમના હિતોનું રક્ષણ થશે તેવી ખાતરી આપવામાં આવે છે. જેથી તેઓ નિશ્ચિંતતા અનુભવે છે. જે લોકશાહી માટે આવકારદાયક ગણાવી શકાય. ભારતમાં પણ અનેક પ્રકારના લઘુમતીઓ હોવાથી ધાર્મિક સ્વાતંત્ર્ય, શિક્ષણ સ્વાતંત્ર્ય, સંસ્કૃતિવિષયક સ્વાતંત્ર્ય વગેરે મૂળભૂત હકો દ્વારા લઘુમતીઓનાં હિતોના રક્ષણની ખાતરી આપવામાં આવી છે.

**(5) રાજ્યનું મૂલ્ય નક્કી થાય છે :** રાજ્ય સારું છે કે નઠારું તે પોતાના નાગરિકોને જે હકો પ્રદાન કરે છે તેના પરથી નક્કી થાય છે. હકો દ્વારા રાજ્ય વ્યક્તિઓનું રક્ષણ કરવાની જવાબદારી લે છે. હકોનો સાચા અર્થમાં સ્વીકાર કરનાર રાજ્યમાં સત્તાનું કેન્દ્રીકરણ થતું નથી અને લોકશાહીનો સારી પેઠે અમલ શક્ય બને છે. આમ, દરેક રાજ્ય તેણે સ્વીકારેલા હકો ઉપરથી ઓળખાય છે.

**(6) નાગરિકોમાં જાગૃતિ આવે છે :** હકોનો સ્વીકાર કરવાથી નાગરિકોમાં રાજકીય જાગૃતિ આવે છે. કારણકે હકોનો સ્વીકાર કરવામાં આવ્યો હોય તેમના પર અંકુશ મૂકવામાં ન આવે તેનું નાગરિક સતત ધ્યાન રાખે છે. આ બાબત ખૂબ જ મહત્ત્વની છે. કેમકે જો નાગરિક જાગ્રત હોય તો જ પોતાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરી શકે છે. જાગ્રત નાગરિક પોતાના હકો પર મુકાતા અયોગ્ય અંકુશનો વિરોધ કરે છે. પરિણામે લોકમત સરકારની વિરુદ્ધ જવાની શક્યતા રહે છે. લોકશાહીમાં લોકમતના આધારે જ સરકારોની રચના થાય છે અને ટકે છે.

આ પ્રમાણે હકોનું મહત્ત્વ કે તેની ઉપયોગિતા ઘણી જ હોવાના કારણે તેમનો સ્વીકાર કરવામાં આવે છે. હકોના સ્વીકાર સિવાય લોકશાહીની કલ્પના કરવી જ મુશ્કેલ છે. હક એ રાજ્ય તરફથી મળતી કોઈ ભેટ નથી પરંતુ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસની અનિવાર્ય એવી પૂર્વશરત છે, એટલે હકની જેટલી અગત્ય આંકીએ તેટલી ઓછી છે.

### મૂળભૂત હકો

ભારતના બંધારણના ત્રીજા ભાગમાં મૂળભૂત હકોને સ્થાન આપવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે :

**(1) સમાનતાનો હક (કલમ 14 થી 18)**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(2) સ્વતંત્રતાનો હક (કલમ 19 થી 22)**

**(3) શોષણ સામેનો હક (કલમ 23 - 24)**

**(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (કલમ 25 થી 28)**

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (કલમ 29 - 30)**

**(6) બંધારણીય ઈલાજોનો હક (કલમ 32)**

શરૂઆતમાં બંધારણમાં ઉપર્યુક્ત છ હકો ઉપરાંત મિલકતનો હક પણ સામેલ હતો પરંતુ સમય સાથે તેમાં અનેક વિવાદો અને ગૂંચવાડા સર્જાતાં તેને મૂળભૂત હક તરીકે રદબાતલ કરી માત્ર કાનૂની હક તરીકે ચાલુ રાખવામાં આવ્યો છે. આમ, વર્તમાન સમયમાં આપણા બંધારણમાં કુલ છ મૂળભૂત હકો સમાવિષ્ટ છે. આ હકોની વિગતે જાણકારી મેળવીએ :

**(1) સમાનતાનો હક (કલમ 14 થી 18) :** સમાનતા લોકશાહીનો પાયો હોઈ બંધારણે દરેક નાગરિકને સમાનતા પ્રાપ્ત થાય તે માટે જોગવાઈ કરી છે.

(i) કલમ 14 અનુસાર ભારતમાં રહેતી બધી વ્યક્તિઓ 'કાયદા સમક્ષ સમાન' અથવા 'કાયદાનું સમાન રક્ષણ' મેળવવાનો હક ધરાવે છે. આનો અર્થ એ થાય છે કે, સમાન સંજોગોમાં દરેક પ્રત્યે રાજ્ય તરફથી સમાન વર્તાવ. ટૂંકમાં, કાયદો બધાને સરખી રીતે લાગુ પડશે અને દરેકને સમાન રક્ષણ આપશે.

(ii) કલમ 15 માં જણાવવામાં આવ્યું છે કે, રાજ્ય ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ કે એવી કોઈ બાબતના આધારે કોઈ પણ નાગરિક સામે ભેદભાવ રાખશે નહિ.

(iii) કલમ 16 દ્વારા જાહેર નોકરીઓમાં નાગરિકોને સમાન તકની ખાતરી આપવામાં આવી છે.

(iv) કલમ 17 દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. કોઈ પણ પ્રકારના અસ્પૃશ્ય આચરણ કે વ્યવહારને ગેરબંધારણીય અને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.

(v) કલમ 18 દ્વારા સમાજમાં કૃત્રિમ અસમાનતા ઊભા કરતા ઈલકાબો કે ખિતાબો નાબૂદ કરવામાં આવ્યાં છે. ખાસ કરીને બ્રિટિશ શાસન દરમિયાન બ્રિટિશ સરકારને મદદરૂપ થતા કેટલાક લોકોને તેની વફાદારીની કદર રૂપે બ્રિટિશ તાજ તરફથી સર, નાઈટહુડ, ખાનસાહેબ, રાવબહાદુર, કૈસર-એ-હિંદ, બૅરોનેટ વગેરે જેવા ખિતાબો આપવામાં આવતા હતાં, જે સમાજમાં એક પ્રકારનો કૃત્રિમ ભેદભાવ ઊભો કરતાં હતા. આઝાદી બાદ કલમ 18 દ્વારા ભારતના નાગરિકને કોઈ પણ પ્રકારનો વિદેશી ઈલકાબ કે ખિતાબ સ્વીકારવા માટે સ્પષ્ટ રીતનો પ્રતિબંધ છે. આમ છતાં અપવાદરૂપે સેવા તથા શિક્ષણ અને જ્ઞાન કે સેવાના ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર મહાનુભાવોની સેવાની કદરરૂપે તેઓને ભિન્ન-ભિન્ન પ્રકારનાં ઍવોર્ડ્સ આપી શકાય છે. જેમકે; પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, ભારતરત્ન વગેરે.

સમાનતાના હકના સંદર્ભમાં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સ્ત્રીઓ, બાળકો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે રાજ્ય જો કોઈ ખાસ જોગવાઈઓ જેમકે અનામત બેઠકો કે અન્ય વિશેષ સવલતો કે વ્યવસ્થા કરે તો તે સમાનતાના હકનો ભંગ ગણાશે નહિ.

આમ, સમાનતાના હકનો ઉદ્દેશ ભારતમાં 'કાયદાનું શાસન' સ્થાપિત કરવાનો છે.

**(2) સ્વતંત્રતાનો હક (કલમ 19 થી 22) :** લોકશાહીના પ્રાણ સમાન સ્વતંત્રતાનો હક બંધારણમાં આપવામાં આવ્યો છે. તેમાં 19મી કલમ હેઠળ જે સ્વતંત્રતાઓ આપી છે. તેનું વિશેષ મહત્ત્વ છે. આ સ્વતંત્રતાઓ આ પ્રમાણે છે :

(i) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય

(ii) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(iii) મંડળો, સંસ્થાઓ કે સંઘો રચવાનું સ્વાતંત્ર્ય

(iv) ભારતના કોઈ પણ પ્રદેશ કે વિસ્તારમાં મુક્તપણે હરવા-ફરવાનું સ્વાતંત્ર્ય

(v) ભારતના કોઈ પણ ભાગમાં રહેવાની તેમજ કાયમી ધોરણે સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા

(vi) કોઈ પણ વ્યવસાય, ધંધો, રોજગાર કે વેપાર કરવાનું સ્વાતંત્ર્ય

આપણે રાજ્ય અને સમાજમાં રહીએ છીએ એટલે આ બધી સ્વતંત્રતાઓનો ઉપયોગ મન ફાવે તે રીતે અથવા સ્વચ્છંદી રીતે કરી ન શકીએ તેથી આ દરેક સ્વતંત્રતા ઉપર બંધારણે અમુક વાજબી મર્યાદાઓ મૂકેલી છે. કઈ સ્વતંત્રતા કઈ મર્યાદાઓ હેઠળ ભોગવવાની છે એની સ્પષ્ટતા પણ બંધારણમાં કરવામાં આવી છે.

વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય કેટલીક મર્યાદાઓને આધીન રહીને નાગરિક ભોગવી શકે છે. જેમકે, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેર વ્યવસ્થા, સુરુચિ અને નીતિમત્તા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી કે ગુના માટે ઉશ્કેરણી વગેરે જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય જાહેર હિતમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર વાજબી મર્યાદા લાદી શકે છે. આ જ રીતે જાહેર વ્યવસ્થાના હિતમાં શાંતિપૂર્ણ અને શસ્ત્રો વિના ભેગા મળવાની સ્વતંત્રતા પર રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. એ જ રીતે મંડળો, સંસ્થાઓ અને સંઘો રચવાની સ્વતંત્રતા પર પણ એ આધારે મર્યાદા મૂકી શકે છે. ઉપરાંત, જાહેર હિતમાં દેશમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા પર પણ રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. ધંધો-વેપાર અને વ્યવસાય કરવાની સ્વતંત્રતા પર પણ જાહેર હિતમાં મર્યાદા લાદી શકે. જે-તે ધંધો-વ્યવસાય કરવા માટે જરૂરી લાયકાતો કે ધોરણો રાજ્ય નક્કી કરી શકે છે. આમ, નાગરિકોએ યોગ્ય મર્યાદામાં રહીને સ્વતંત્રતાઓ ભોગવવાની છે.

કલમ 20, 21 અને 22 વ્યક્તિ-સ્વાતંત્ર્યના રક્ષણ સાથે જોડાયેલી છે. કલમ 20 હેઠળ વ્યક્તિને ચાર સલામતીઓ આપવામાં આવી છે : (ક) ગુનાના સમયે અમલમાં હોય તે કાયદાનો ભંગ કર્યો હોય તો જ વ્યક્તિને ગુનેગાર ઠેરવી શકાય. (ખ) ગુનાના સમયે અમલી કાયદામાં જણાવવામાં આવી હોય તેથી વધુ સજા કરી શકાય નહિ. (ગ) એક જ ગુના માટે એકથી વધુ વાર સજા કરી શકાય નહિ. (ઘ) ગુનેગારને પોતાની વિરુદ્ધ જુબાની આપવાની ફરજ પાડી શકાય નહિ.

કલમ 21 જીવન અને અંગત સ્વાતંત્ર્યના રક્ષણની ખાતરી આપે છે. કલમ 21 હેઠળ આપવામાં આવેલ જીવન અને અંગત સ્વાતંત્ર્યનું અર્થઘટન કરતાં ભારતની સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, જીવનનો અર્થ માત્ર અસ્તિત્વ ટકાવી રાખવું એવો થતો નથી, પણ 'માનવીય ગૌરવ સાથે જીવવું' એવો થાય છે. શિક્ષણ વગર માનવ ગૌરવભર્યું જીવન કેવી રીતે જીવી શકે ? તેથી વર્ષ 2002માં 86માં બંધારણીય સુધારા દ્વારા કલમ 21(A)નો ઉમેરો કરવામાં આવ્યો અને બાળકના પ્રાથમિક શિક્ષણ મેળવવાના હકને મૂળભૂત હકનો દરજ્જો આપવામાં આવ્યો. વર્ષ 2009માં તેને કાયદાનું સ્વરૂપ અપાયું અને છથી ચૌદ વર્ષના બાળકને રાજ્યે 'નિઃશુલ્ક અને ફરજિયાત' શિક્ષણ પૂરું પાડવાનું રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી. આ રીતે શિક્ષણ મેળવવાનો હક-રાઈટ ટુ એજ્યુકેશન (RTE) મૂળભૂત હકનું સ્થાન પામ્યો. આમ, જીવન જીવવાના હકને વધુ વિસ્તૃત બનાવવામાં આવ્યો છે.

કલમ 22 હેઠળ ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે : (ક) ધરપકડનું કારણ જાણવાનો હક (ખ) પોતાની પસંદગીના વકીલ સાથે ચર્ચા અને તેના દ્વારા બચાવ કરવાનો હક (ગ) ધરપકડ કે અટકમાં લેવામાં આવેલ વ્યક્તિને નજીકના મૅજિસ્ટ્રેટ સમક્ષ 24 કલાકમાં રજૂ કરવો જરૂરી છે. અપવાદરૂપે, ધરપકડના સમયે દુશ્મન રાજ્યની વ્યક્તિને આ અધિકારો મળતાં નથી. આ ઉપરાંત જેમની અટકાયતી ધારા હેઠળ ધરપકડ થઈ હોય તેમને પણ આ અધિકારો મળતાં નથી.

આ પ્રમાણે વ્યક્તિઓની પાયાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે આ કલમો હેઠળ આપવામાં આવેલા હકો મહત્ત્વના છે.

**(3) શોષણ સામેનો હક (કલમ 23-24) :** શોષણ મુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું એક ધ્યેય છે. આ સંદર્ભમાં એક મૂળભૂત હક તરીકે શોષણ વિરોધી હકનો સમાવેશ કરવામાં આવ્યો છે. કલમ 23 હેઠળ વેઠપ્રથા અને મનુષ્યોનાં ખરીદ-વેચાણ પર પ્રતિબંધ છે. આ અધિકાર ખાનગી વ્યક્તિ કે સંગઠનો દ્વારા કરાવવામાં આવતી વેઠપ્રથા, ભીખ અને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ધાકધમકીથી દબાણપૂર્વક કરાવવામાં આવતી મજૂરી વગેરે જેવા કાર્યને રોકે છે અને કાયદા હેઠળ ગુનાપાત્ર ઠેરવે છે. આમ છતાં, રાજ્ય જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવાઓ માંગી શકે છે. દા.ત., ફરજિયાત લશ્કરી તાલીમ.

આ અધિકાર સ્ત્રીઓ તેમજ બાળકોની ગેરકાયદે કે અનૈતિક હેતુઓ માટે કરવામાં આવતી ખરીદી, વેચાણ કે ભાડે રાખવાના કાર્યને રોકે છે.

કલમ 24 કુમળી વયનાં બાળકો કે કિશોરોને શોષણ સામે સલામતી પૂરી પાડે છે. આ કલમ 14 વર્ષથી ઓછી વયનાં બાળકોને કોઈ પણ પ્રકારના કામમાં નોકરીએ રાખવાની મનાઈ ફરમાવે છે. આ સંદર્ભમાં ભારતની સંસદે બાળ મજૂરી વિરોધી કાયદો પણ પસાર કર્યો છે. આમ, કલમ 24 બાળકોને રક્ષણ પૂરું પાડે છે.

**(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (કલમ 25 થી 28) :** બંધારણનાં લક્ષણોની ચર્ચામાં તેમજ આમુખમાં આપણે જોઈ ગયા છીએ કે, ભારત એક બિનસાંપ્રદાયિક કે ધર્મનિરપેક્ષ રાજ્ય છે. એનો અર્થ એ થાય કે ભારતનું રાજ્ય કોઈ ધર્મ કે સંપ્રદાયના સિદ્ધાંતો કે માન્યતાઓને આધારે ચાલતું નથી. રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. આપણા દેશમાં ઘણા ધર્મો પાળવામાં આવે છે. આથી ધાર્મિક સ્વતંત્રતાનો હક માન્ય રાખવામાં આવ્યો છે. વ્યક્તિના ધર્મ કે ધાર્મિક માન્યતાઓ કે શ્રદ્ધાની બાબતમાં રાજ્ય સંપૂર્ણ રીતે નિરપેક્ષ છે. કલમ 25 અનુસાર દરેક નાગરિક અંતઃકરણની સ્વતંત્રતા ધરાવે છે, પોતાને પસંદ એવા કોઈ પણ ધર્મમાં માનવાની, તેનું આચરણ કરવાની, તેનો પ્રચાર અને પ્રસાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે. સાથે એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ધાર્મિક બાબતો સાથે સંકળાયેલી આર્થિક, નાણાકીય અને રાજકીય પ્રવૃત્તિઓ ઉપર સરકાર જરૂરી નિયમનો મૂકી શકે છે. ઉપરાંત જાહેર વ્યવસ્થા અને નીતિમત્તાના આધાર પર રાજ્ય આ હક પર જરૂરી નિયંત્રણો લાદી શકે છે.

કલમ 26 હેઠળ દરેક ધાર્મિક સંપ્રદાયને ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, નિભાવવાનો, સ્થાવર અને જંગમ મિલકતો રાખવાનો તેમજ નિભાવવાનો કે વહીવટ કરવાનો અધિકાર છે. કલમ 27 અનુસાર ધાર્મિક સંસ્થાઓના વિકાસ કે જાળવણી માટે કોઈ પણ વેરો આપવાની નાગરિકને ફરજ પાડી શકાય નહિ. કલમ 28 મુજબ રાજ્યની સહાયથી ચાલતી શિક્ષણ સંસ્થાઓમાં કોઈ એક ધર્મ માટેનું વિશિષ્ટ શિક્ષણ આપી શકાય નહિ તેમજ કોઈ વિદ્યાર્થીને ધર્મની વિધિ પ્રમાણે વર્તન કરવા ફરજ પાડી શકાય નહિ. અહીં એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે, ધાર્મિક શિક્ષણ આપવાના હેતુસર સ્થાપવામાં આવેલ કોઈ સખાવતી કે ટ્રસ્ટની સંસ્થાઓને આ લાગુ પડશે નહિ.

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (કલમ 29-30) :** ભારતમાં અનેક પ્રકારની વિવિધતા છે. જેમકે વિવિધ ભાષા, લિપિ, ધર્મ, જ્ઞાતિ, જાતિ, સંસ્કૃતિ વગેરે. આથી આ વૈવિધ્યની જાળવણી કરવા માટેના અધિકારો બંધારણમાં સુરક્ષિત કરવામાં આવ્યા છે. કલમ 29 અને 30 વિવિધ સમૂહોને પોતાની ભાષા, લિપિ કે સંસ્કૃતિનું જતન અને રક્ષણ કરવાના હકો આપે છે. કલમ 29 અનુસાર પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કૃતિ ધરાવતી કોઈ પણ લઘુમતીને તેનું જતન કરવાનો હક છે. ઉપરાંત, એવી પણ બાંયધરી આપવામાં આવી છે કે, રાજ્યની મદદથી ચાલતી કોઈ પણ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ આપવાની બાબતે ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે એવી કોઈ બાબતને આધારે કોઈ ભેદભાવ આચરવામાં આવશે નહિ.

કલમ 30 હેઠળ ધર્મ કે ભાષાના આધારે રચાયેલી બધી જ લઘુમતીઓને તેમની પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ઉપરાંત, અમુક સંસ્થા લઘુમતી સંસ્થા છે, એ જ કારણસર એવી સંસ્થા પ્રત્યે રાજ્ય કોઈ ભેદભાવ આચરશે નહિ.

ભારત જેવા દેશમાં, જ્યાં વિવિધ પ્રકારની લઘુમતીઓ છે, ત્યાં આ હકોનું વિશિષ્ટ મહત્ત્વ છે.

### મિલકતનો હક (કલમ 31) અને તેની નાબૂદી

બંધારણના અમલની સાથે મૂળભૂત હકોમાં મિલકતના હકનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતના નાગરિકને મિલકત પ્રાપ્ત કરવાનો, ધરાવવાનો અને નિકાલ કરવાનો અધિકાર મૂળભૂત હક તરીકે પ્રાપ્ત હતો. પરંતુ, તેના અર્થઘટન સંબંધે ખૂબ વિવાદો સર્જાયા, મિલકતના હકને સ્પષ્ટ કરવા બંધારણમાં પણ અનેક સુધારાઓ કરવા પડ્યાં છેવટે 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા આ હકને મૂળભૂત હકોની યાદીમાંથી ખસેડીને નવી કલમ-300 (A)માં મૂકવામાં આવ્યો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

છે. જોકે, તેમાં જૂના શબ્દો જ યથાવત્ રખાયેલા છે. હવે આ હક માત્ર કાનૂની હકનું સ્થાન ધરાવે છે. એટલે કે, કાયદાના આધાર વિના કોઈ પણ વ્યક્તિને તેની મિલકતથી વંચિત કરી શકાશે નહિ.

**(6) બંધારણીય ઈલાજોનો હક (કલમ 32) :** મૂળભૂત હકોના અમલ અને રક્ષણ માટે બંધારણીય ઈલાજોના હકને એક મૂળભૂત હકનો દરજ્જો આપીને બંધારણના ઘડવૈયાઓએ આ હકોને વધુ સલામત બનાવ્યા છે. ભારતના કોઈ પણ નાગરિકને એવું લાગે કે એના મૂળભૂત હકોનો અમલ થતો નથી અથવા તો તેનો ભંગ થાય છે, તો તે આ હક દ્વારા સર્વોચ્ચ અદાલતમાં જઈ ધા નાખી શકે છે. આમ, આ હક નાગરિકને અદાલતોમાં જવાનો હક આપે છે. તો બીજી બાજુ આ હક હેઠળ સર્વોચ્ચ અદાલતની એ ફરજ બને છે કે તેઓ નાગરિકોના હકોનું રક્ષણ કરે. બંધારણસભાના સભ્ય અને મુસદા સમિતિના અધ્યક્ષ એવા ડૉ. ભીમરાવ આંબેડકરે આ હક વિશે જણાવ્યું હતું કે, ''તે બંધારણનો આત્મા છે અને બંધારણનું હાર્દ છે.''

કલમ 32 હેઠળ નાગરિકોના હકોનું રક્ષણ કરવા માટે સર્વોચ્ચ અદાલતને કેટલાક હુકમો બહાર પાડવાની સત્તા આપવામાં આવી છે.

### મૂળભૂત હકોનું રક્ષણ

નાગરિકોના હકોનું રક્ષણ કરવા માટે રાજ્યના કાયદાની જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ પણ વ્યક્તિ અથવા તો સંસ્થા બીજી વ્યક્તિના મૂળભૂત હકનો ભંગ કરે તો રાજ્યનો કાયદો તે વ્યક્તિના હકનું રક્ષણ કરે છે અને હકનો ભંગ કરનારને શિક્ષા કરે છે. ઘણી વખત એવું પણ બને છે કે સરકાર દ્વારા નાગરિકોના હકોને મર્યાદિત બનાવવા પ્રયત્નો થાય છે. આવા સંજોગોમાં આ હકોનું રાજ્યથી કેવી રીતે રક્ષણ કરવું તેનો પણ વિચાર કરવામાં આવ્યો. આધુનિક લોકશાહીમાં હકોના રક્ષણ માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. જેમકે; મૂળભૂત હકોને બંધારણમાં લેખિત સ્વરૂપ આપીને, ન્યાયતંત્ર દ્વારા સલામતી. આ ઉપરાંત નાગરિકોની જાગૃતિ તેમજ અસરકારક લોકમત પણ હકોના રક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### મૂળભૂત ફરજો

આપણા બંધારણમાં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ મૂળભૂત ફરજોને સ્થાન આપવામાં આવ્યું ન હતું. પરંતુ પાછળથી 1976માં બંધારણમાં 42મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો અને આ સુધારા દ્વારા બંધારણમાં ભાગ 4-A તથા નવી કલમ 51(A) હેઠળ મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રમાણે લોકશાહી રાજ્યોનાં બંધારણોમાં મૂળભૂત ફરજોની જોગવાઈ કરતું ભારતીય બંધારણ ખાસ ધ્યાન ખેંચે છે.

**બંધારણની કલમ-51(A) હેઠળ ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :**

(1) બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો તેમજ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર તથા ગૌરવ કરવું.

(2) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોનો હૃદયથી આદર કરવો અને તે અનુસાર વર્તવું.

(3) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને રક્ષણ કરવું.

(4) દેશનું રક્ષણ અને રાષ્ટ્રની સેવા કરવા માટે જ્યારે હાકલ કરવામાં આવે ત્યારે તત્પર રહેવું.

(5) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવી અને સ્ત્રીઓના ગૌરવને હણનારા વ્યવહારોનો ત્યાગ કરવો.

(6) આપણી વિશિષ્ટ સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજવું અને તેને જાળવવું.

(7) જંગલો, તળાવો, નદીઓ અને અન્ય પશુપક્ષીઓ સહિતની કુદરતી સંપત્તિનું જતન તથા સંવર્ધન કરવું તેમજ તમામ જીવો પ્રત્યે અનુકંપા દાખવવી.

(8) વૈજ્ઞાનિક માનસ, માનવવાદ, શોધ કે જિજ્ઞાસાવૃત્તિ તથા સુધારણા કરવા માટેની ભાવના કેળવવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(9) જાહેર મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.

(10) વ્યક્તિ અને સમૂહ પ્રવૃત્તિના દરેક ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો, જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ઉત્તરોત્તર હાંસલ કરતું રહે.

(11) માતા-પિતા અથવા વાલીએ 6થી 14 વર્ષની વય સુધીના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

આમ, આ બધી ફરજો સ્વયંસ્પષ્ટ છે.

હકો અને ફરજો વિશે સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે તે એક સિક્કાની બે બાજુઓ જેવા છે. 'એકનો હક એ બીજાની ફરજ' એવું કહેવાય છે. પરંતુ મૂળભૂત ફરજોની બાબતમાં એવું કહી શકાય નહિ. અમુક એવી ફરજો છે કે જેના પાલન થકી કેટલાક હકોનું સર્જન થાય છે. અલબત્ત, આ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો છે જે સમાજ અને રાષ્ટ્રમાં આપણે રહીએ છીએ તેમના પ્રત્યે આપણી કેટલીક ફરજો છે.

વધુમાં, આ ફરજો આપોઆપ નાગરિકો માટે બંધનકારક બનતી નથી, પણ જો કોઈ ફરજને લાગુ પાડવા માટે કાયદો ઘડવામાં આવે તો તેનું પાલન કરવું બંધનકારક બને છે. અને તેનો ભંગ કરનારને સજા અથવા દંડ થઈ શકે છે. દા.ત., પર્યાવરણનું જતન કે વન્યજીવનના રક્ષણ માટે કાયદા ઘડવામાં આવ્યા છે અને તેનો ભંગ કરનારને સજા થઈ શકે છે. આ જ રીતે જાહેર મિલકતોને નુકસાન કરનાર કે હિંસાનો આશરો લેનાર સજાપાત્ર બને છે. કેટલીક ફરજો આદર્શો અને મૂલ્યોની જાળવણી કરવાની વાત કરે છે. જેમના માટે કાયદા ઘડવા અત્યંત મુશ્કેલ છે. દા.ત., વૈજ્ઞાનિક માનસ કેળવવું, સુધારણા કરવાની ભાવના રાખવી, માનવવાદનાં મૂલ્યોને જીવનમાં ચરિતાર્થ કરવાં વગેરે.

રાષ્ટ્રના એક જાગ્રત અને સમજદાર નાગરિક તરીકે આપણે શું કરવું જોઈએ તેનું સ્પષ્ટ માર્ગદર્શન આ મૂળભૂત ફરજો આપણને આપે છે. સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે આપણું જે ઋણ છે, એ આપણે સતત યાદ રાખીએ અને એવો વ્યવહાર કરીએ, એમાં જ આ ફરજોની ઉપયોગિતા છે. વિશેષ અગત્યની બાબત એ છે કે પ્રાથમિક શાળાથી પાઠ્યપુસ્તકોના શરૂઆતના પાના પર જ આ ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાળકો અને કિશોરોમાં જો આ ફરજોનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય અને એમને એનું સતત શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યના નાગરિકોમાં સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વની ભાવના વધુ મજબૂત બનાવી શકાય.

**રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો**

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના ભાગ-4 માં કરવામાં આવ્યો છે. ઘણા ઓછા દેશોનાં બંધારણોમાં આવા માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ થયેલો છે. આયર્લેન્ડના બંધારણમાંથી પ્રેરણા લઈ આપણા બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતોનો સમાવેશ આપણા બંધારણમાં કર્યો છે. માર્ગદર્શક સિદ્ધાંતોનો બંધારણમાં સમાવેશ કરવાનો મુખ્ય હેતુ સરકારોને જુદાં-જુદાં ક્ષેત્રોમાં કઈ-કઈ અને કેવી-કેવી નીતિઓ ઘડવી તે સંબંધે માર્ગદર્શન આપવાનો છે. એટલા માટે તેને 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' કહેવામાં આવે છે. નીતિ ઘડતર વખતે આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નીતિઓ ઘડવાની છે અને તેમનો અમલ કરવાનો છે. આ અર્થમાં તેને 'નીતિદર્શક સિદ્ધાંતો' તરીકે પણ ઓળખાવી શકાય. આઝાદી પછી આપણે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવા ઇચ્છીએ છીએ, કેવા પ્રકારનો સમાજ રચવા માંગીએ છીએ, આપણું ધ્યેય શું છે વગેરેનું સ્પષ્ટ દિશાસૂચન કરવાનો હેતુ આ સિદ્ધાંતોનો છે. બીજા શબ્દોમાં, સામાજિક પરિવર્તનની કાર્યસૂચિ (એજન્ડા) છે.

કેટલાક હકોનો સમાવેશ આપણા બંધારણમાં મૂળભૂત હકો તરીકે કરવામાં આવ્યો છે. પણ બીજા ઘણા હકો એવા છે જેનો સમાવેશ માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભારતના બંધારણના ચોથા ભાગમાં 36મી કલમથી 51મી કલમ સુધીમાં સમાવવામાં આવ્યા છે.

હવે આપણે કયા-કયા સિદ્ધાંતોનો માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેની વિગતે સમજ મેળવીએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(1) રાજકીય અને વિદેશી સંબંધો વિશેના સિદ્ધાંતો :**

(i) ગ્રામીણ જીવનના વિકાસ માટે ગ્રામપંચાયતોની સ્થાપના તથા તેમને વધુમાં વધુ સ્વાયત્તતા આપવાના પ્રયાસો રાજ્ય કરશે.

(ii) ભારતમાં રહેતા બધા નાગરિકો માટે એકસરખો દીવાની કાયદો (યુનિફોર્મ સિવિલ કોડ) ઘડવાનો પ્રયાસ રાજ્ય કરશે.

(iii) કાયદાનું શાસન સ્થાપવા માટે વહીવટીતંત્રને ન્યાયતંત્રથી અલગ કરવા માટેનાં જરૂરી પગલાં રાજ્ય ભરશે.

(iv) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જળવાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(v) અન્ય દેશો સાથે ન્યાયી અને ગૌરવપ્રદ સંબંધો જળવાય એ દિશામાં રાજ્ય પ્રયાસ કરશે.

(vi) આંતરરાષ્ટ્રીય કાયદાનો આદર થાય અને આંતરરાષ્ટ્રીય કરારનું પાલન થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) આંતરરાષ્ટ્રીય મતભેદોનો નિકાલ લવાદ પ્રથાને માર્ગે થાય એ બાબતને રાજ્ય પ્રોત્સાહન આપશે.

**(2) સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સમાજના અન્ય નબળા અને વંચિત વર્ગોના રક્ષણ અને ઉત્કર્ષ માટે રાજ્યએ વિશેષ પ્રયાસો કરવાના છે. માર્ગદર્શક સિદ્ધાંતો ઉપરાંત સમાનતાના મૂળભૂત હક હેઠળ પણ આવી જોગવાઈઓ કરવાની રાજ્યને છૂટ આપવામાં આવી છે.

રાજ્ય પોતાનાં નાણાકીય સાધનોના પ્રમાણમાં રોજી માટે, શિક્ષણ માટે તથા બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી કે અન્ય પ્રકારની અક્ષમતાની સ્થિતિમાં રાજ્યની સહાય મેળવવા માટે નાગરિકને અધિકાર આપશે. ખેતી તેમજ ઔદ્યોગિક કામદારો અને ખાસ કરીને સ્ત્રી કામદારોના કલ્યાણ અંગેના કાયદાઓ રાજ્યે કરવાના રહેશે. જીવનક્ષમ વેતન, આરામ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રજાના ઉચિત ઉપયોગ તેમજ અન્ય સુવિધાઓનો એમાં સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગો તથા સહકારી પ્રવૃત્તિઓ તથા બાળકો માટે ફરજિયાત શિક્ષણ માટે, સમતોલ આહાર અને સ્વાસ્થ્ય સેવાઓ શરૂ કરવા માટે તથા માદક દ્રવ્યો ઉપર પ્રતિબંધ મૂકવા વગેરે અંગે રાજ્યએ જોગવાઈઓ કરવાની રહેશે.

આર્થિક નીતિક્ષેત્રમાં પણ ઘણા મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ પ્રમાણે છે :

(i) રાષ્ટ્રનાં ભૌતિક સંસાધનોની માલિકી અને વહીવટનું એવી રીતે વિતરણ કરવું કે જેથી સૌનું શ્રેય સધાય.

(ii) સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ ન થાય તેની તકેદારી રાજ્યએ રાખવાની રહેશે.

(iii) જીવનનિર્વાહનાં પૂરતાં સાધનો પ્રાપ્ત કરવાનો હક સૌ નાગરિકોને મળે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(iv) સમાન કામગીરી માટે સ્ત્રી અને પુરુષને સમાન વેતનની જોગવાઈ કરવી.

(v) સ્ત્રી-પુરુષ કામદારો અને કુમળી વયનાં બાળકોના સ્વાસ્થ્યની જાળવણી કરવી. આર્થિક લાચારીને કારણે ઉંમર અને ક્ષમતાથી વિરુદ્ધ સ્વરૂપની કામગીરી તેમને કરવી ન પડે તે માટેની રાજ્યએ કાળજી રાખવી.

(vi) ઔદ્યોગિક એકમોના સંચાલનમાં કામદારોની ભાગીદારી માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) બાળકોના તંદુરસ્ત વિકાસ માટે જરૂરી તકો અને સવલતો ઊભી કરવામાં આવે અને તેમનું કોઈ પણ પ્રકારનું શોષણ ન થાય એ માટે રાજ્યએ ખાસ પ્રકારનાં પગલાં ભરવાનાં રહેશે.

(viii) નાગરિકોને કામ કરવાનો હક પ્રાપ્ત થાય તથા ઘડપણ કે અપંગ અવસ્થામાં તેમને રાજ્ય તરફથી સહાય પ્રાપ્ત થાય એ દિશામાં રાજ્ય પગલાં ભરશે.

(ix) કામદારોના કામના સ્થળે યોગ્ય અને માનવીય પરિસ્થિતિઓનું સર્જન કરવામાં આવે, સ્ત્રીઓને પ્રસૂતિ સમયે જરૂરી રાહત પૂરી પાડવામાં આવે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(x) કૃષિ અને ઔદ્યોગિક કામદારોને જીવનનિર્વાહ થઈ શકે એટલું યોગ્ય અને પૂરતું વેતન પ્રાપ્ત થાય, રાજ્ય દ્વારા કુટીરઉદ્યોગ અને ગૃહ ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં આવે તેવી વ્યવસ્થાનું નિર્માણ રાજ્યએ કરવાનું રહેશે.

(xi) કૃષિ અને પશુપાલનનો આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વિકાસ કરવામાં આવે તેમજ દુધાળાં પશુઓની કતલ અટકાવવાનો પ્રયાસ કરવાનો રહેશે.

(xii) સૌને ન્યાય મળે એ રીતે ન્યાય અંગેની વ્યવસ્થા અને જરૂરિયાતમંદ લોકોને મફત કાનૂની સહાય મળે તે માટે રાજ્ય પ્રબંધ કરશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ એક સમતામુલક, શોષણવિહીન, કલ્યાણલક્ષી સમાજ અને સમાજવાદી અર્થવ્યવસ્થા સ્થાપવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકીય લોકશાહીની સાથે સાથે સામાજિક તેમજ આર્થિક લોકશાહી સ્થાપવાનો છે.

### (3) શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :

(i) બંધારણના આરંભ થવાના દસ વર્ષની અંદર ચૌદ વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(ii) ઐતિહાસિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ મહત્ત્વના જાહેર કરવામાં આવ્યા હોય એવાં સ્મારકો, કલાકૃતિઓ, ઇમારતો કે સ્થળોનાં બગાડ, વિકૃતિ કે વિનાશ અટકાવવા તેમજ રાજ્ય દ્વારા તેનું રક્ષણ કરવાનું રહેશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ ચૌદ વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને સાર્વત્રિક શિક્ષણ આપવાનો અને રાષ્ટ્રના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું યોગ્ય રીતે જતન થાય તે જોવાનો છે.

### (4) આરોગ્યવિષયક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :

(i) લોકોનું આરોગ્ય અને પોષણનું સ્તર સુધરે એ માટે રાજ્ય પ્રયાસ કરશે. જાહેર આરોગ્ય અને જનસુખાકારી માટે રાજ્ય જરૂરી પગલાં ભરશે.

(ii) આરોગ્ય માટે હાનિકારક એવાં કેફી પદાર્થો, પીણાં, માદક પદાર્થો વગેરે પર રાજ્ય પ્રતિબંધ મૂકશે. દારૂબંધી અંગેની જોગવાઈઓ પણ રાજ્યએ કરવાની રહેશે. જેમકે, ગુજરાત રાજ્યમાં દારૂબંધી અમલમાં છે અને તાજેતરમાં કેરલ તથા બિહાર રાજ્યએ પણ દારૂબંધી દાખલ કરી છે.

(iii) દેશના પર્યાવરણનું રક્ષણ થાય અને તેમાં સુધારો થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે. દેશનાં જંગલો અને વન્યસૃષ્ટિના રક્ષણ માટેના ખાસ પ્રયાસો રાજ્યએ કરવાના રહેશે.

આમ, નાગરિકોના આરોગ્યની જાળવણી અને તેમાં સુધારો થાય એ માટે રાજ્યએ પ્રયત્નશીલ રહેવાનું છે. પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન માટે પણ રાજ્યએ વિશેષ પ્રયાસ કરવાના છે એ મુદ્દા પર આ સિદ્ધાંતો ખાસ ભાર મૂકે છે.

બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતો દ્વારા ભારતની નવી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું ધ્યેય આપણી સમક્ષ મૂક્યું છે. આર્થિક અને સામાજિક લોકશાહી સ્થાપવા માટે આ સિદ્ધાંતો દોરવણીરૂપ છે. આમુખમાં વ્યક્ત થયેલા લોકશાહી આદર્શોને રાજકીય, સામાજિક અને આર્થિકક્ષેત્રે મૂર્તિમંત કરવા વિસ્તૃત રીતે રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે. તેમાં આધુનિક કલ્યાણ રાજ્યની ભાવના પણ વ્યક્ત થયેલી છે. આ સિદ્ધાંતોમાં જુદી-જુદી વિચારધારાઓનાં મહત્ત્વનાં તત્ત્વોનો સમન્વય કરવામાં આવ્યો છે. એમાં સમાજવાદી વિચારધારા, ઉદારમતવાદી વિચારધારા અને ગાંધીવાદી વિચારધારાના કેટલાક અંશોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શોષણ અને અન્યાયથી મુક્ત એવી ન્યાયી સમાજ-વ્યવસ્થાનું સ્વપ્ન તેમાં રજૂ કરવામાં આવ્યું છે. આ સ્વપ્ન સાકાર કરવાની જવાબદારી 'રાજ્ય' ને શિરે મૂકવામાં આવી છે.

માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાયદાનું પીઠબળ ન હોવાથી બંધારણ ઘડતરના તબક્કાએથી જ ટીકાપાત્ર બન્યા છે. જો કે આવી અનેક ટીકાઓ થતી હોવા છતાં આ સિદ્ધાંતો અર્થહીન તો નથી જ. જો લોકમત સક્રિય અને જાગ્રત હોય તો તેનો અમલ કરાવવાની રાજ્યને ફરજ પાડી શકાય તેમ છે. અદાલતી સક્રિયતાને કારણે પણ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવાની રાજ્યને ફરજ પડી છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ્ત્રી અને પુરુષ કામદારોને સમાન વેતનનો આદર્શ અમલમાં મૂકવામાં આવ્યો છે. સામુદાયિક વિકાસ-યોજના દ્વારા લોકોની ઉન્નતિનાં કાર્યો કરવામાં આવ્યાં છે. પંચાયતીરાજની સ્થાપના દ્વારા સ્થાનિક સંસ્થાઓને સ્વાયત્તતા આપવામાં આવી છે. બાળકોનું શોષણ અટકાવવા માટે બાળ મજૂરીવિરોધી કાયદા ઉપરાંત અનેક કાયદાઓ થયા છે. પ્રાથમિક કક્ષાએ નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. વર્ગીકૃત જાતિઓના ઉદ્ધાર માટે ઘણાં પગલાં લેવામાં આવ્યાં છે. મહિલા કલ્યાણ અને વિકાસ અર્થે વિવિધ કાયદાઓ અને યોજનાઓની જોગવાઈઓ કરવામાં આવી છે. સ્ત્રી સશક્તિકરણની દિશામાં પણ સતત અને નક્કર પ્રયાસો થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિ અને સલામતી જાળવવામાં ભારતે મહત્ત્વની કામગીરી બજાવી છે.

**મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત**

મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતોનો અભ્યાસ કર્યા પછી હવે એમની વચ્ચે જે તફાવત છે, તેનો ખ્યાલ મેળવીએ :

(1) મૂળભૂત હકો પાછળ કાનૂની પીઠબળ હોઈ તેમનો અમલ અદાલતો દ્વારા કરાવી શકાય છે. મૂળભૂત હકો ઉપર તરાપ આવતાં કોઈ પણ નાગરિક અદાલતનો આશરો લઈ શકે છે. તેથી તે 'અદાલતો દ્વારા અમલમાં મૂકી શકાય' (જસ્ટિશિયેબલ) તેવું સ્વરૂપ ધરાવે છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ નથી તેથી તેનાં અમલ માટે અદાલતમાં જઈને દાદ માગી શકાય નહિ. આમ તેમનું સ્વરૂપ 'અદાલતો દ્વારા અમલમાં ન મૂકી શકાય તેવું' (નોન-જસ્ટિશિયેબલ) છે. આ સિદ્ધાંતો માત્ર માર્ગદર્શક છે. આમ છતાં, તેમનું મહત્ત્વ જરા પણ ઓછું નથી. ડાસ. બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં ''માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.''

(2) મૂળભૂત હકો રાજ્ય ઉપર મર્યાદા મૂકે છે અને અમુક કાર્ય નહિ કરવાનું ફરમાવે છે. જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હકારાત્મક છે, તે રાજ્યને અમુક કાર્ય કરવા માટેનું માર્ગદર્શન આપે છે.

(3) મૂળભૂત હકોનો રાજ્ય અનાદર કરી શકે નહિ. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે રાજ્ય જવાબદાર નથી. આ સિદ્ધાંતો દીવાદાંડી સમાન હોઈ સરકાર માટે દિશાસૂચન કરે છે.

(4) મૂળભૂત હકો, મહદંશે, દેશમાં રાજકીય લોકશાહી સ્થાપે છે. એમાં નાગરિક સ્વાતંત્ર્ય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. એમાં સામાજિક સમાનતા અને આર્થિક હકો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

અંતમાં એમ કહી શકાય કે, મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંને મહત્ત્વના છે. વ્યક્તિ અને સમાજના ઉત્કર્ષ માટે બંને ઉપયોગી છે, એકબીજાના પૂરક છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) મૂળભૂત હકો એટલે શું ? તેનું મહત્ત્વ સમજાવો.
(2) સમાનતાના મૂળભૂત હકની વિવિધ કલમ હેઠળ ચર્ચા કરો.
(3) સ્વતંત્રતાના મૂળભૂત હકનો વિગતે ખ્યાલ આપો.
(4) ભારતીય બંધારણમાં નિર્દિષ્ટ નાગરિકની મૂળભૂત ફરજોનું વર્ણન કરો.
(5) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે છણાવટ કરો.
(6) સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી માર્ગદર્શક સિદ્ધાંતો જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) શોષણ વિરુદ્ધનો હક
(2) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક
(4) બંધારણીય ઈલાજોનો હક
(5) મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) માનવહકો એટલે શું ?
(2) આપણા બંધારણે આપેલા મૂળભૂત હકો કયા કયા છે ?
(3) કલમ 20 હેઠળ વ્યક્તિને કઈ-કઈ સલામતીઓ પ્રાપ્ત છે ?
(4) કલમ 21(A) હેઠળ કઈ જોગવાઈ કરવામાં આવી છે ?
(5) RTE નું પૂરું નામ જણાવો
(6) કલમ 22 હેઠળ શી-શી જોગવાઈઓ છે ?
(7) શોષણ સામેનો હક કઈ-કઈ કલમ દ્વારા પ્રાપ્ત છે ?
(8) બાળમજૂરી વિરોધી કાયદો બંધારણની કઈ કલમ હેઠળ સમાવિષ્ટ ગણાવી શકાય ?
(9) ધાર્મિક સ્વાતંત્ર્યના હકની વિવિધ કલમ કઈ-કઈ છે ?
(10) મિલકતના હકને શા માટે મૂળભૂત હક તરીકે રદબાતલ કરવામાં આવ્યો ?
(11) બંધારણના કેટલામા સુધારા દ્વારા મિલકતના હકને મૂળભૂત હકની યાદીમાંથી ખસેડી લેવામાં આવ્યો ?
(12) બંધારણીય ઈલાજોના હકની મહત્તા દર્શાવતા ડૉ. ભીમરાવ આંબેડકરે શું કહ્યું હતું ?
(13) કલમ 32 શું દર્શાવે છે ?
(14) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મૂળભૂત હકોથી કઈ રીતે જુદા પડે છે ?
(15) ઈલકાબો કે ખિતાબોની નાબૂદી શા માટે કરવામાં આવી છે ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) કયા દિવસને 'માનવ અધિકાર દિન' તરીકે મનાવવામાં આવે છે ? ☐
(અ) 7 ઑક્ટોબર (બ) 5 માર્ચ (ક) 10 ડિસેમ્બર (ડ) 3 ફેબ્રુઆરી

(2) વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શું જરૂરી છે ? ☐
(અ) ધર્મ (બ) હકો (ક) સિદ્ધાંતો (ડ) પ્રવૃત્તિ

(3) બંધારણના કેટલામાં ભાગમાં મૂળભૂત હકોને સ્થાન આપવામાં આવ્યું છે ? ☐
(અ) પ્રથમ (બ) બીજા (ક) ત્રીજા (ડ) ચોથા

(4) RTE-રાઈટ ટુ એજ્યુકેશન કઈ કલમ હેઠળ સમાવિષ્ટ છે ? ☐
(અ) 10-A (બ) 21-A (ક) 40-A (ડ) 55-A

(5) કોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવી શકે છે ? ☐
(અ) હકો (બ) સંસ્કૃતિ (ક) કુટુંબ (ડ) આરોગ્ય

(6) બંધારણની કઈ-કઈ કલમ હેઠળ સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો આપવામાં આવ્યા છે ? ☐
(અ) 23-24 (બ) 29-30 (ક) 34-35 (ડ) 38-39



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(7) કયો હક હવે મૂળભૂત હકને બદલે માત્ર કાનૂની હક છે ?

(અ) સમાનતાનો (બ) મિલકતનો (ક) શોષણ સામેનો (ડ) સ્વતંત્રતાનો

(8) કઈ સાલમાં મિલકતના મૂળભૂત હકને રદબાતલ કરવામાં આવ્યો ?

(અ) 1978 (બ) 1986 (ક) 1994 (ડ) 2001

(9) ભારતીય બંધારણની કઈ કલમ હેઠળ મૂળભૂત ફરજોની જોગવાઈ કરવામાં આવી છે?

(અ) 15-C (બ) 25-B (ક) 51-A (ડ) 75-D

(10) પાઠ્યપુસ્તકના શરૂઆતના પાના પર શેનો ઉલ્લેખ કરવામાં આવે છે ?

(અ) હકો (બ) મૂળભૂત ફરજો (ક) સમવાયતંત્ર (ડ) વિદેશનીતિ

(11) કયા દેશના બંધારણમાંથી પ્રેરણા લઈ આપણે આપણા બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે ?

(અ) ચીન (બ) આયર્લેન્ડ (ક) બ્રિટન (ડ) ઈન્ડોનેશિયા

(12) બંધારણના કયા ભાગમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સમાવવામાં આવ્યા છે ?

(અ) બીજા (બ) ત્રીજા (ક) ચોથા (ડ) પાંચમા

(13) ધારાસભાઓ સમક્ષ આદર્શ રજૂ કરે છે અને ભારતના વહીવટમાં પથદર્શક છે.

(અ) માર્ગદર્શક સિદ્ધાંતો (બ) ફરજો (ક) રાજકીય નેતાઓ (ડ) સંસ્થાઓ

(14) કોણે કહ્યું હતું કે, માર્ગદર્શક સિદ્ધાંતો એ 'દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.'

(અ) જવાહરલાલ નેહરુ (બ) ગાંધીજી (ક) ડૉ. ભીમરાવ (ડ) સરદાર પટેલ

(15) કઈ કલમ દ્વારા અસ્પૃશ્યતાને નાબૂદ કરવામાં આવી છે ?

(અ) કલમ 17 (બ) કલમ 37 (ક) કલમ 47 (ડ) કલમ 57

(16) નીચે પૈકી કયા રાજ્યમાં દારૂબંધી અમલમાં છે ?

(અ) રાજસ્થાન (બ) ગુજરાત (ક) મહારાષ્ટ્ર (ડ) આંધ્રપ્રદેશ

**પ્રવૃત્તિ**

- મૂળભૂત ફરજોનું વારંવાર વાચન અને અભ્યાસ કરવા તથા તેને વર્તન-વ્યવહારમાં લાવવા પ્રયત્નો કરવા.
- મૂળભૂત હકો વિશે અવારનવાર ચર્ચાસભાઓ ગોઠવવી.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7 ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા

અગાઉના સમયમાં રાજા જ કાયદા ઘડતા, રાજા જ કાયદાનો અમલ કરતા અથવા તેના અધિકારીઓ મારફતે અમલ કરાવતા અને રાજા જ ન્યાય આપતા. જેમ-જેમ રાજ્યો મોટાં થતાં ગયાં તેમ આ ત્રણે કાર્યો રાજા એકલે હાથે કરી શકે તે શક્ય રહ્યું નહિ. આથી આ કાર્યો તેણે પસંદ કરેલા અને તેને જવાબદાર એવા અધિકારીઓ દ્વારા થવા લાગ્યાં પણ તેમાં રાજાની ઇચ્છા સર્વોપરી અને અંતિમ ગણાતી. જો આ ત્રણે કાર્યો કરવાની સત્તા એક જ વ્યક્તિ (રાજા અથવા સમ્રાટ)ના હાથમાં કેન્દ્રિત થાય તો તેનો દુરુપયોગ થવાની સંભાવના છે. રાજાએ આખરે તો લોકોનાં હિત અને કલ્યાણ માટે શાસન કરવાનું છે.

**સત્તાવિશ્લેષનો સિદ્ધાંત**

જો રાજ્ય (સરકાર)ની સત્તાનો ત્રણ શાખા અથવા અંગોમાં વિશ્લેષ કરવામાં આવે તો આ સત્તાનો દુરુપયોગ થવાની સંભાવના ઘટે, આ સંદર્ભમાં મોન્તેસ્ક જેવા પશ્ચિમી ચિંતકોએ 'સત્તાવિશ્લેષ'નો સિદ્ધાંત રજૂ કર્યો. આ સિદ્ધાંત અનુસાર રાજ્ય વતી સરકાર જે કાર્યો કરે છે, તે એકબીજાથી જુદા છે. એટલે જુદાં-જુદાં અંગો દ્વારા એ કાર્યો થવાં જોઈએ. દરેક અંગે પોતાનું કાર્ય કરવું જોઈએ, બીજાના કામમાં દરમિયાનગીરી ન કરવી જોઈએ, જો આમ કરવામાં આવે તો સત્તાનું કેન્દ્રીકરણ અમુક વ્યક્તિ કે કેટલીક વ્યક્તિઓમાં ન થાય. પરિણામે સત્તાનો દુરુપયોગ થવાની સંભાવના ઘટે.

**સરકારનાં અંગો**

**સરકારનાં ત્રણ અંગો**

↓

| ↓ | ↓ | ↓ |
|---|---|---|
| ધારાસભા | કારોબારી | ન્યાયતંત્ર |

દરેક રાજ્ય ચોક્કસ ધ્યેયો કે હેતુઓ સિદ્ધ કરવા માંગતું હોય છે. રાજ્યનાં ધ્યેયો-હેતુઓને સરકાર સરળતાથી અને યોગ્ય રીતે સિદ્ધ કરી શકે તે માટે તેનું ત્રણ શાખાઓમાં વિભાજન કરવામાં આવે છે. આ ત્રણ શાખાઓ કે અંગો આ પ્રમાણે છે : (1) ધારાસભા (2) કારોબારી અને (3) ન્યાયતંત્ર. આ દરેક શાખાને ચોક્કસ કાર્ય સોંપવામાં આવે છે.

ધારાસભાનું મુખ્ય કાર્ય કાયદા ઘડવાનું છે. કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું છે અને ન્યાયતંત્રનું મુખ્ય કાર્ય કાયદાઓનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું છે. આ ત્રણે શાખાઓમાંથી આપણે આ પ્રકરણમાં ધારાસભાનો વિગતે અભ્યાસ કરીશું.

સરકારની ત્રણ શાખાઓના સંદર્ભમાં સૌથી મહત્ત્વની શાખા તરીકે ધારાસભાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. કારણ કે તે નાગરિકો ઇચ્છાઓને કાયદાના સ્વરૂપમાં તૈયાર કરે છે. અને આમ કાયદાઓ ઘડીને તે કારોબારી અને ન્યાયતંત્રની કામગીરી માટેનો પાયો પૂરો પાડે છે.

દરેક રાજ્યમાં ધારાસભા અસ્તિત્વ ધરાવતી હોવા છતાં, દરેક રાજ્યમાં ધારાસભાને અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. દા.ત., બ્રિટનમાં ધારાસભાને 'પાર્લમેન્ટ', અમેરિકામાં કૉંગ્રેસ, ભારતમાં 'સંસદ' સ્વિટ્ઝર્લૅન્ડમાં સમવાયી સભા (ફેડરેલ એસેમ્બલી) અને જાપાનમાં 'ડાયેટ' તરીકે સંબોધવામાં આવે છે. સામાન્યતઃ પાર્લમેન્ટ શબ્દ વધુ પ્રચલિત છે. આ શબ્દ ફ્રેંચ ભાષાના શબ્દ 'પાર્લેમેન્ટ' પરથી તૈયાર કરવામાં આવ્યો છે. તે શબ્દનો અર્થ થાય છે : 'ચર્ચા માટેનું સ્થળ.' આમ, પાર્લમેન્ટ એટલે એવું સ્થળ જેમાં પ્રજાના પ્રતિનિધિઓ બેસીને ચર્ચા-વિચારણા કરે. ધારાસભાનો અર્થ પણ એવો કરવામાં આવે છે કે, ધારાઓ-કાયદાઓ ઘડવા માટે મળતી સભા તે ધારાસભા.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આ સાથે એ બાબતની નોંધ પણ લેવી જોઈએ કે સમય જતાં બ્રિટન વિશ્વનું સૌથી મોટું સામ્રાજ્ય બન્યું હતું. પરિણામે જ્યારે તેનાં ઘણાં સંસ્થાનો સ્વતંત્ર થયાં ત્યારે તેમની ધારાસભાની રચના બ્રિટિશ પાર્લમેન્ટ દ્વારા થઈ હોવાથી તથા ઘણાં રાજ્યોએ પોત-પોતાની ધારાસભાનું સર્જન કરતી વખતે બ્રિટિશ પાર્લમેન્ટનું અનુકરણ કરીને દ્વિગૃહી ધારાસભા સ્વીકારી હોવાથી બ્રિટિશ પાર્લમેન્ટને 'ધારાસભાઓની માતા' (મધર ઑફ પાર્લમેન્ટ્સ) તરીકે ઓળખવામાં આવે છે.

**ધારાસભાના પ્રકારો અને અર્થ**

મુખ્યત્વે બે પ્રકારની ધારાસભાનો સ્વીકાર થયો છે : (1) એકગૃહી ધારાસભા અને (2) દ્વિગૃહી ધારાસભા.

**એકગૃહી ધારાસભાનો અર્થ :** એકગૃહી ધારાસભા એટલે એવી ધારાસભા જે માત્ર એક જ ગૃહની બનેલ હોય. ભૂતકાળમાં ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ વગેરે રાજ્યોમાં ધારાસભા એકગૃહી હતી. પરંતુ સમય જતાં તમામ રાજ્યોએ દ્વિગૃહી ધારાસભાનો સ્વીકાર કર્યો છે. આજે એકગૃહી ધારાસભા લગભગ અસ્તિત્વ ધરાવતી નથી.

**દ્વિગૃહી ધારાસભાનો અર્થ :** દ્વિગૃહી ધારાસભા એટલે એવી ધારાસભા જે બે ગૃહ ધરાવતી હોય. આધુનિક લોકશાહીમાં જે ગૃહમાં પ્રજા દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાઈને ધારાસભ્યો બેસે છે. તેને પ્રથમ ગૃહ અને જે ગૃહમાં પરોક્ષ ચૂંટણી, નિમણૂક કે વારસાગત પદ્ધતિથી ધારાસભ્યોને મોકલવામાં આવે છે. તેને બીજા ગૃહ તરીકે સંબોધવામાં આવે છે.

**ધારાસભાનાં કાર્યો**

સરકારના એક મહત્ત્વપૂર્ણ અંગ તરીકે ધારાસભા અનેકવિધ કાર્યો કરે છે જે આ મુજબ છે :

**(1) ધારાકીય કાર્ય :** ધારાસભાનું મુખ્ય કાર્ય ધારા/કાયદા ઘડતરનું છે. બદલાતા સમય કે સંજોગો અનુસાર નવા કાયદાઓનું ઘડતર, અસ્તિત્ત્વ ધરાવતા કાયદામાં પરિવર્તન તેમજ બિનજરૂરી કાયદાઓને દૂર કરવાનું કાર્ય કરે છે. વટહુકમને મંજૂર કે નામંજૂર પણ કરે છે.

**(2) નાણાકીય કાર્ય :** ધારાસભા દેશના જાહેર નાણાંની રખેવાળ (કસ્ટોડિયન) ગણાય છે. અંદાજપત્રને મંજૂરી તથા કરવેરાની દરખાસ્તો, નાણાકીય ખર્ચ માટે ધારાસભાની મંજૂરી અનિવાર્ય છે.

**(3) ન્યાયવિષયક કાર્ય :** ધારાસભા કેટલાંક ન્યાયવિષયક કાર્યો પણ કરે છે. જેમ કે, ભારતમાં રાષ્ટ્રપતિ ઉપરાષ્ટ્રપતિ, સર્વોચ્ચ અદાલત, વડીઅદાલતોના ન્યાયાધીશો, ચૂંટણી કમિશનર વગેરે પર મહાભિયોગ દ્વારા હોદ્દા પરથી દૂર કરવાની સત્તા ધરાવે છે.

**(4) ચૂંટણીવિષયક કાર્ય :** રાજ્યના મુખ્ય પદાધિકારીઓ જેવા કે રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગેના મતદારમંડળનું કાર્ય ધારાસભા કરે છે.

**(5) બંધારણસભાનું કાર્ય :** ધારાસભા આ કાર્ય બે સ્વરૂપે કરે છે : (i) સ્વતંત્ર દેશનું બંધારણ ઘડતર કરીને તથા (ii) બંધારણીય સુધારા દ્વારા.

**(6) કારોબારી પર નિયંત્રણ કે અંકુશનું કાર્ય :** સંસદમાં પ્રશ્નો-પેટાપ્રશ્નો, ઠપકાની દરખાસ્ત, અવિશ્વાસની દરખાસ્ત પસાર કરીને ધારાસભા સરકારને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.

**(7) ચર્ચા-વિચારણા તેમજ લોકમતનું ઘડતર :** ધારાસભામાં લોકોનું પ્રતિનિધિત્વ આ પ્રતિનિધિઓ લોકોની આકાંક્ષાઓ, અપેક્ષાઓનું પ્રતિબિંબ પાડે છે. લોકમતની અભિવ્યક્તિ તેમાં થાય છે. આ રીતે તે ચર્ચા-વિચારણા દ્વારા પ્રજાના આક્રોશને વ્યક્ત કરનાર 'સેફ્ટી વાલ્વ'ની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આમ, ધારાસભાનું કાર્ય માત્ર કાયદા ઘડવા પૂરતું સીમિત કે મર્યાદિત નથી પરંતુ તે ઘણાં અન્ય મહત્ત્વનાં કાર્યો પણ કરે છે.

**ધારાસભાનું મહત્ત્વ**

લોકશાહી દેશોમાં ધારાસભાનું આગવું મહત્ત્વ છે. ધારાસભા માત્ર કેવળ કાયદો ઘડનાર સંસ્થા જ નથી. પરંતુ તે તમામ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

લોકતાંત્રિક રાજકીય પ્રક્રિયાઓનું મહત્ત્વનું કેન્દ્ર છે. ધારાસભામાં અનેક દશ્યો જોવા મળે છે. તેમાં ચર્ચા, બહિષ્કાર, વિરોધ, પ્રદર્શન, સર્વસંમતિ, સહયોગ, સહકાર વગેરે તેને સતત ધબકતી અને જીવંત રાખે છે.

જોકે વાસ્તવિક પ્રતિનિધિત્વવાળી કુશળ અને પ્રભાવી ધારાસભા વિના સાચી લોકશાહીની કલ્પના કરવી પણ અશક્ય છે. ધારાસભા જનપ્રતિનિધિઓને નાગરિક પ્રત્યેની ફરજો, ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરાવે છે. આ રીતે ધારાસભા પ્રતિનિધિયુક્ત લોકશાહીનો આધાર છે.

**કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા**

આ પ્રકરણમાં આપણે (અ) કેન્દ્ર કક્ષાએ ધારાસભા (સંસદ) તથા (બ) રાજ્ય કક્ષાએ ધારાસભા (વિધાનસભા)નો ખ્યાલ મેળવીશું.

**(અ) કેન્દ્ર કક્ષાએ ધારાસભા (સંસદ) :** 1950ના 26મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક ભારતના બંધારણનો અમલ શરૂ થયો, ત્યારે બંધારણસભા કામચલાઉ ધારાસભામાં ફેરવાઈ ગઈ. 1952માં પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ ત્યાં સુધી તેની કામગીરી ચાલુ રહી. પ્રથમ સામાન્ય ચૂંટણી દ્વારા બંધારણની જોગવાઈ પ્રમાણે પુખ્તવય મતાધિકાર દ્વારા ચૂંટાયેલ સંસદસભ્યોની પ્રથમ લોકસભા અસ્તિત્વમાં આવી. આપણા બંધારણમાં કલમ 79થી કલમ 123 દ્વારા સંસદ સંબંધેની જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતની સંસદ રાષ્ટ્રપતિ સહિત બે ગૃહોની બનેલી છે. કાયદા માટે તૈયાર કરવામાં આવતો ખરડો બંને ગૃહોમાંથી ત્રણ વાચન બાદ પસાર કરવો જરૂરી છે. ત્યાર બાદ રાષ્ટ્રપતિ સંમતિ આપતા તે કાયદો બને છે. ભારતની સંસદ બ્રિટિશ સંસદ જેટલી સર્વોપરિતા ધરાવતી નથી.

**ભારતની સંસદની રચના**

આપણી સંસદ બે ગૃહોની બનેલી છે. આ બે ગૃહો : (1) લોકસભા અને (2) રાજ્યસભા.

લોકસભા કે જેને પ્રથમ ગૃહ કે નીચલા ગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. જ્યારે રાજ્યસભા કે જેને 'બીજા ગૃહ' કે 'ઉપલા ગૃહ' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં રાજ્યની વિધાનસભાઓ દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. આ બે ગૃહોમાં લોકસભાનું સ્થાન વિશેષ મહત્ત્વનું છે.

**(1) લોકસભા :** લોકો દ્વારા પ્રત્યક્ષ ધોરણે ચૂંટાયેલા પ્રતિનિધિઓનું આ ગૃહ 'લોકસભા' તરીકે ઓળખાય છે. તેના સભ્યોને મતદારો પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા ચૂંટતા હોવાથી તેને પ્રજાકીય ગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રથમ લોકસભાની રચના 17 એપ્રિલ, 1952માં થયેલી. ત્યારથી મે 2014 સુધી કુલ 16 લોકસભાની રચના થઈ છે.

બંધારણ દ્વારા લોકસભાની સભ્યસંખ્યા પણ નક્કી કરવામાં આવી છે. 1976ના 42મા બંધારણીય સુધારા દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે દરેક રાજ્યને વસ્તીના ધોરણે પ્રતિનિધિઓની ફાળવણી કરી લોકસભાની સભ્યસંખ્યા રાખવી. બંધારણની જોગવાઈ અનુસાર લોકસભાની સભ્યસંખ્યા વધુમાં વધુ 552 હોઈ શકે છે. તેમાંથી 530 સભ્યો એકમ રાજ્યોમાંથી પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાય, જ્યારે બાકીના 20 સભ્યો કેન્દ્રશાસિત વિસ્તારોમાંથી ચૂંટાય છે. આ ઉપરાંત, જો રાષ્ટ્રપતિને એમ જણાય કે ઍંગ્લો ઇન્ડિયન સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું નથી, તો આ સમુદાયની બે વ્યક્તિઓની તેઓ લોકસભામાં નિમણૂક કરવાની સત્તા ધરાવે છે.

**સભ્યપદની લાયકાતો**

લોકસભાના સભ્યપદ અંગેની લાયકાતો નીચે મુજબ છે, તે વ્યક્તિ

(i) ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 25 વર્ષ પૂરાં કરેલાં હોવાં જોઈએ.

(iii) વખતોવખત સંસદ કાયદો ઘડીને આ સંબંધે જે લાયકાતો નક્કી કરે તે ધરાવતી હોવી જોઈએ.

(iv) ન્યાયાલય દ્વારા નાદાર કે માનસિક રીતે અસ્થિર જાહેર કરાયેલ ન હોવી જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(v) કેન્દ્ર કે રાજ્ય સરકારમાં સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

(vi) ન્યાયાલય દ્વારા ગુનેગાર પુરવાર થયેલી ન હોવી જોઈએ.

**કોરમ :** લોકસભામાં કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા $\frac{1}{10}$ ભાગના સભ્યો હાજર હોય તો જ સભામાં કામકાજ થઈ શકે છે. આ સંખ્યાને 'કોરમ' અથવા 'કાર્યસાધક સંખ્યા' કહે છે.

**લોકસભાની મુદત :** સામાન્ય રીતે આ ગૃહની મુદત પાંચ વર્ષની છે. વિશેષ સંજોગોમાં રાષ્ટ્રપતિ એક વર્ષ માટે મુદત લંબાવી શકે છે. દેશમાં કટોકટી હોય ત્યારે પણ મુદતમાં વધારો કરી શકાય છે. જોકે કટોકટીનો અંત આવ્યા બાદ છ માસથી વધુ સમય માટે મુદત લંબાવી શકાય નહિ. 1976ની રાષ્ટ્રીય કટોકટીમાં લોકસભાની મુદતમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો હતો અને આજ વર્ષે એટલે કે 1976માં 42માં બંધારણીય સુધારા દ્વારા લોકસભાની સમયમર્યાદા છ વર્ષની કરવામાં આવી હતી. પરંતુ 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા તેની સમયમર્યાદા ફરીથી પાંચ વર્ષની કરવામાં આવી છે.

લોકસભા ગૃહની મુદત પાંચ વર્ષની નક્કી કરવામાં આવી હોવા છતાં પણ ગૃહની મુદત દરમિયાન અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય અથવા વડાપ્રધાન તેમજ તેમના પ્રધાનમંડળને એવું લાગે કે હવે ગૃહ ચાલી શકે તેમ નથી અને તેવી સલાહ રાષ્ટ્રપતિને આપે તો રાષ્ટ્રપતિ ગૃહ વિખેરી નાંખે છે અને નવી ચૂંટણીઓ યોજવા આદેશ આપે છે. આપણી લોકસભાના ઈતિહાસમાં આવું અનેક વખત બન્યું છે અને લોકસભાની મુદત પૂરી થતાં પહેલાં તેનું વિસર્જન કરવામાં આવ્યું છે.

**સત્ર :** ગૃહનાં સત્રો વર્ષમાં ઓછામાં ઓછી બેવાર બોલાવવાં પડે છે. બે સત્રો વચ્ચે છ માસ કરતાં વધુ સમય પસાર ન થવો જોઈએ. સામાન્ય રીતે આપણે ત્યાં વર્ષમાં ત્રણવાર સત્રો બોલાવવાની પ્રથા છે. રાષ્ટ્રપતિને બેઠકો બોલાવવાનો, બેઠકની મુદત વધારવાનો કે ઘટાડવાનો તેમજ બેઠકને મુલતવી કે બરખાસ્ત કરવાનો અધિકાર છે. ગૃહના અધ્યક્ષ તેમના નામે આ જાહેરાતો ગૃહમાં કરે છે. કટોકટીના સમયે રાષ્ટ્રપતિ તાત્કાલિક બેઠક બોલાવી શકે છે. ક્યારેક રાષ્ટ્રપતિના આદેશ અનુસાર અધ્યક્ષ ખાસ સત્ર પણ બોલાવે છે. જેમ કે આઝાદીનાં પચાસ વર્ષની સુવર્ણ જયંતી ઉજવણી. સામાન્ય રીતે રાષ્ટ્રપતિ દર વખતે પ્રારંભિક બેઠકમાં હાજરી આપે છે અને પોતાનું પ્રવચન કરે છે. આ ગૃહની કાર્યવાહી સામાન્ય રીતે અંગ્રેજી તેમજ હિન્દી ભાષામાં ચાલે છે. સંસદસભ્ય પોતાની માતૃભાષાનો ઉપયોગ ગૃહના અધ્યક્ષની પૂર્વ પરવાનગીથી કરી શકે છે.

**સંસદ સભ્યોના વિશેષાધિકાર**

સંસદસભ્યો પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજાના પ્રશ્નોને વાચા આપતા હોય છે. તેઓ તેમની ફરજો ભય કે કોઈની શેહશરમ વિના બજાવી શકે તે સારુ તેમને કેટલાક વિશેષ અધિકારો પણ બક્ષવામાં આવ્યા છે. જેમકે : વાણીસ્વાતંત્ર્યનો હક, નિર્ભયપણે મતદાનનો હક, પ્રકાશન પ્રવૃત્તિનો હક તેમજ કેટલાક સંજોગોમાં ધરપકડમાંથી મુક્તિનો વિશેષાધિકાર પ્રાપ્ત છે.

લોકસભાની ચૂંટણી પછી જો રાષ્ટ્રપતિને એમ જણાય કે એંગ્લો ઇન્ડિયન સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું નથી, તો આ સમુદાયની બે વ્યક્તિઓની તેઓ લોકસભામાં નિમણૂક કરવાની સત્તા ધરાવે છે.

**લોકસભાગૃહના પદાધિકારીઓ (અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ) :** આ ગૃહની કાર્યવાહી સુચારુ ઢબે ચાલે તે સારુ બંધારણની કલમ 93 મુજબ અધ્યક્ષ (સ્પીકર) તેમજ ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર)ની જોગવાઈ કરવામાં આવી છે. લોકસભાની પ્રથમ બેઠકમાં ગૃહના સભ્યો અધ્યક્ષ તેમજ ઉપાધ્યક્ષની ચૂંટણી બહુમતીથી કરે છે. પ્રણાલી મુજબ બહુમતી ધરાવતા પક્ષના સભ્ય અધ્યક્ષ તરીકે ચૂંટાય છે અને વિરોધ પક્ષના સભ્ય ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાય છે. ક્યારેક બંને પદોની ચૂંટણી સર્વાનુમતે થાય છે. અધ્યક્ષની ગેરહાજરીમાં તેમની કામગીરી ઉપાધ્યક્ષ બજાવે છે.

**લોકસભાના અધ્યક્ષનું સ્થાન તથા કાર્યો :** લોકસભાના અધ્યક્ષનો હોદ્દો ગૌરવપૂર્ણ છે અને તેમનું સ્થાન ન્યાયાધીશ જેવું તટસ્થ અને નિષ્પક્ષ રાખવામાં આવ્યું છે. અધ્યક્ષનું મુખ્ય કાર્ય લોકસભા સત્રનું સંચાલન કરવાનું છે. ગૃહના કામકાજમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટેની જવાબદારી અધ્યક્ષની છે. તેઓ ગૃહના અધ્યક્ષ બન્યા પછી પક્ષીય રાજકારણથી પર થઈ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જાય છે. તેમનું સ્થાન ક્રિકેટમેચના અમ્પાયર જેવું છે. ગૃહમાં સરખા મત પડે ત્યારે તે પોતાનો નિર્ણયાત્મક મત (કાસ્ટિંગ વોટ) આપે છે. ખરડો નાણાકીય છે કે નહિ તે અંગેનું પ્રમાણપત્ર આપવાની સત્તા પણ તેમને છે. વિવિધ દરખાસ્તોને ચર્ચા માટે મંજૂરી આપવાની અને કાર્યવાહીના નિયમોનું અર્થઘટન કરવાની તેમને સત્તા છે. ગૃહના સભ્યોને ક્રમશઃ તેમના મંતવ્યો રજૂ કરવાની પરવાનગી આપે છે. સભ્યોને ગેરવર્તાવ માટે ગૃહમાંથી બરતરફ કરી શકે છે.

અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહીનું સંચાલન કરે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં ગૃહના સંચાલન સંબંધે વિવિધ પક્ષોના પીઢ, અનુભવી, સંસદીય પ્રક્રિયાના તજ્જ્ઞ સભ્યોની એક પેનલ તૈયાર કરવામાં આવી હોય છે. જેને 'સ્પીકર્સ પેનલ' કહે છે. તેના સભ્ય બંનેની ગેરહાજરીમાં ગૃહની કામગીરી સંભાળે છે.

**કાયદા ઘડતરની પ્રક્રિયા**

ધારાસભા અનેક કાર્યો કરે છે જેમાં કાયદાનું ઘડતર કરવાનું કાર્ય ખૂબ જ અગત્યનું છે. ધારાસભામાં રજૂ થયેલ ખરડો કાયદાનું સ્વરૂપ લે તે પહેલાં તેણે ચોક્કસ કાર્યવાહીમાંથી પસાર થવું પડે છે. સંસદીય અને પ્રમુખીય તંત્રોમાં કાયદા માટેની કાર્યવાહી ભિન્ન હોય છે. જ્યાં સંસદીય તંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દા.ત.,, બ્રિટન તથા ભારત, ત્યાં ખરડાને કાયદો બનાવવા માટે આ પ્રમાણેની કાર્યવાહીમાંથી પસાર કરવો પડે છે.

ધારાસભા દ્વિગૃહી હોય તો નાણાકીય ખરડા સિવાય કોઈ પણ ખરડાને કોઈ પણ એક ગૃહમાં રજૂ કરી શકાય છે. પરંતુ મોટા ભાગે તો ધારાસભાના પ્રથમ ગૃહમાં જ ખરડાને રજૂ કરવામાં આવે છે. આ માટે સૌપ્રથમ ખરડાનો મુસદ્દો તૈયાર કરવામાં આવે છે.

**પ્રથમ વાચન**

મોટા ભાગે ખરડાઓ પ્રધાનો દ્વારા જ રજૂ થતા હોય છે. પ્રધાન ખરડાને રજૂ કરવા માટે ગૃહની મંજૂરી માંગે છે. મંજૂરી મળતાં ગૃહના અધ્યક્ષ તેને ખરડો રજૂ કરવાનું કહે છે. તેમાં ખરડાનું શીર્ષક, તેના હેતુ વગેરેની સ્પષ્ટતા કરવામાં આવે છે. આ પ્રક્રિયા પૂરી થતાં ખરડા ઉપરનું પ્રથમ વાચન પૂરું થયું તેમ ગણવામાં આવે છે. આ તબક્કે ખરડા ઉપર ખાસ ચર્ચા થતી નથી. માત્ર ખરડો કઈ બાબતને સ્પર્શે છે તેનો ખ્યાલ આપવામાં આવે છે.

**બીજું વાચન**

પ્રથમ વાચન દરમિયાન જ બીજા વાચન માટેનો દિવસ નક્કી કરવામાં આવે છે. પરિણામે નક્કી થયેલ દિવસે બીજું વાચન કરવામાં આવે છે. આ તબક્કો ખૂબ જ અગત્યનો ગણાય છે. કારણ કે આ તબક્કે ખૂબ ચર્ચાવિમર્શ થાય છે અને શક્ય તેટલા પ્રમાણમાં આખરી સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. ચર્ચા દરમિયાન ખરડાનો વિરોધ કરનારાઓ તેમાં સુધારા સૂચવે છે. જ્યારે ખરડાના ટેકેદારો જે સુધારાઓ સ્વીકારવા જેવા લાગે તે સ્વીકારે છે. અગર તો જેટલા પ્રમાણમાં સ્વીકારવા યોગ્ય લાગે તેટલા પ્રમાણમાં જ સ્વીકારે છે અથવા તો તેનો અસ્વીકાર પણ કરે છે. ચર્ચા-વિચારણા પૂરી થતાં અધ્યક્ષ તે ખરડાને મતદાન માટે રજૂ કરે છે. જો ખરડાને બહુમતીનો ટેકો મળે તો તે બીજા વાચનમાંથી પસાર થયો ગણાય છે.

જો ખરડો સરકારની નીતિને લગતો હોય અને બીજા વાચનમાંથી તે પસાર ન થઈ શકે તો સરકાર ગૃહમાં બહુમતી ધરાવતી નથી તેમ સાબિત થતાં સંસદીય સરકારની પ્રણાલિકા પ્રમાણે તેણે રાજીનામું આપવું જરૂરી ગણાય છે.

**સમિતિ તબક્કો**

ગૃહના કાર્યબોજના કારણે બીજા વાચન દરમિયાન પણ ખરડા પર વિગતે ચર્ચા-વિચારણા થઈ શકતી નથી. તેથી ગૃહની પ્રવર-સમિતિ (સિલેક્ટ કમિટી) સમક્ષ ખરડાને મોકલવામાં આવે છે. સમિતિ તબક્કા દરમિયાન સમિતિના સભ્યો ખરડા પર વિગતે ચર્ચા હાથ ધરે છે. સમિતિ ખરડામાં સુધારા-વધારા સૂચવે છે અને પોતાનો અહેવાલ તૈયાર કરે છે.

**અહેવાલ તબક્કો**

પ્રવર-સમિતિ ત્યાર પછી ખરડાને તથા તે પરના પોતાના અહેવાલને ગૃહમાં મોકલી આપે છે. ગૃહના સભ્યો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અહેવાલમાંની ભલામણો પર ચર્ચા કરે છે. સમિતિની જે ભલામણો સ્વીકારવા જેવી લાગે તે સ્વીકારે છે અને પછી ખરડાને ત્રીજા વાચન માટે મંજૂર કરે છે.

**ત્રીજું વાચન**

પ્રથમ વાચનની માફક ત્રીજું વાચન પણ ઔપચારિક હોય છે. આ તબક્કા સુધીમાં ખરડાને જે સ્વરૂપ આપવામાં આવ્યું હોય તેમાં આખરી ફેરફાર કરવો હોય તો આ તબક્કે તેમ કરવામાં આવે છે. સામાન્ય રીતે ખરડામાં ખાસ ફેરફાર થતા નથી અને તેને મંજૂર કરવામાં આવે છે.

આ રીતે પ્રથમ ગૃહમાંથી ખરડો પસાર થાય તે પછી તેને બીજા ગૃહમાં એટલે કે રાજ્યસભામાં મોકલવામાં આવે છે. ત્યાં પણ ખરડો ઉપર જણાવેલ તબક્કાઓમાંથી પસાર થાય છે. તે પછી તેને રાજ્યના વડા એટલે કે કેન્દ્ર કક્ષાએ રાષ્ટ્રપતિ અને રાજ્ય કક્ષાએ રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવે છે અને તેમની મંજૂરી મળતાં ખરડો કાયદો બને છે. રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ ખરડાને ફેરવિચારણા માટે પાછો મોકલી શકે છે. પરંતુ જો સંસદ એ ખરડાને તેના તે જ સ્વરૂપે પસાર કરીને પાછો મોકલે તો રાષ્ટ્રપતિએ સહી કરવી જ પડે છે.

**વિરોધપક્ષના નેતા**

લોકશાહીમાં વિરોધપક્ષનું સ્થાન ખૂબ જ અગત્યનું છે. વિરોધપક્ષને સંસદીય લોકશાહીનું મહત્ત્વનું અંગ ગણવામાં આવે છે. આપણે ત્યાં પણ વિરોધપક્ષના નેતાના હોદ્દાને માનભર્યો દરજ્જો પ્રદાન થયો છે.

લોકસભામાં વિરોધપક્ષના નેતાની ગણના વડાપ્રધાનની સમકક્ષ થાય છે. ગૃહમાં અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થવાના સંજોગોમાં કે સરકારને રાજીનામું આપવું પડે તેવા સંજોગોમાં નવી સરકાર બનાવવાની જવાબદારી તેમના શિરે છે. આમ તે વડાપ્રધાનને યોગ્ય સ્વરૂપે શાસન ચલાવવા પ્રેરિત કરે છે અને તેના બદલામાં તેને વિરોધ કરવાની બંધારણીય અનુમતિ મળે છે.

ચૂંટણીમાં બહુમતી બેઠકો મેળવનાર પક્ષ સરકારની રચના કરે છે અને તેનાથી ઓછી બેઠકો મેળવનાર પક્ષ વિરોધ પક્ષનું સ્થાન ગ્રહણ કરે છે. વિરોધપક્ષનો દરજ્જો મેળવવા માટે સામાન્ય નિયમ એવો છે કે તેણે કુલ સભ્યસંખ્યાની દસ ટકા બેઠકો મેળવેલી હોવી જોઈએ. જોકે વિરોધપક્ષની માન્યતા અધ્યક્ષ આપી શકે છે. હાલની સોળમી લોકસભામાં માન્ય વિરોધપક્ષ અસ્તિત્વ ધરાવતો નથી. સંસદના ઇતિહાસમાં કદાચ આવું પ્રથમ વખત બન્યું છે. અધ્યક્ષની ડાબી બાજુએ પ્રથમ હરોળમાં વિરોધપક્ષના નેતાને સ્થાન ગ્રહણ કરવાની જોગવાઈ છે. તેમને કેટલાક વિશેષાધિકારો પણ પ્રાપ્ત છે.

**(2) રાજ્યસભા :** બીજા ગૃહ કે ઉપલા ગૃહ તરીકે ઓળખાતા રાજ્યસભાના સભ્યોની ચૂંટણી રાજ્યની વિધાનસભાઓના સભ્યોનાં પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિ અનુસાર કરવામાં આવે છે.

બંધારણની જોગવાઈ અનુસાર રાજ્યસભાની અધિકતમ સભ્યસંખ્યા 250ની નક્કી કરવામાં આવી છે. બંધારણ એ સ્પષ્ટતા પણ કરે છે કે 250 સભ્યોમાંથી 12 સભ્યોની નિમણૂક કરવાની સત્તા રાષ્ટ્રપતિને છે. સાહિત્ય, વિજ્ઞાન, કળા, રમત અને સામાજિક સેવાનાં ક્ષેત્રે જે લોકો ખાસ જ્ઞાન ધરાવતા હોય અથવા તો વ્યાવહારિક અનુભવ ધરાવતા હોય તેવા લોકોમાંથી 12 સભ્યોની નિયુક્તિ કરવામાં આવે છે. બાકી રહેલા 238 સભ્યો રાજ્યો તથા કેન્દ્રશાસિત વિસ્તારોના પ્રતિનિધિઓ તરીકે પરોક્ષ પદ્ધતિએ ચૂંટાઈ રાજ્યસભામાં બેસે છે.

દરેક રાજ્ય તથા કેન્દ્રશાસિત વિસ્તારોની તેમની વસ્તીના પ્રમાણમાં બેઠકો ફાળવવામાં આવે છે. આમ, દરેક રાજ્ય જુદી-જુદી સંખ્યામાં રાજ્યસભાના સભ્યોને ચૂંટે છે. દરેક રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો પોતાના રાજ્યના ફાળે આવેલ સંખ્યા જેટલા રાજ્યસભાના સભ્યોને ચૂંટે છે. આમ, રાજ્યસભાના સભ્યો પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાય છે. જ્યારે કેન્દ્રશાસિત વિસ્તારો માટે સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે રીતે રાજ્યસભાના સભ્યો પસંદ થાય છે.

**સભ્યપદની લાયકાતો**

રાજ્યસભાના સભ્ય બનવા આ પ્રમાણેની લાયકાતો નક્કી કરવામાં આવી છે : (i) તે ભારતનો નાગરિક હોવો જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(ii) ઓછાંમાં ઓછાં 30 વર્ષની વય હોવી જરૂરી છે. (iii) કેન્દ્ર કે રાજ્યસરકારમાં સવેતન હોદ્દો ધરાવતો હોવો જોઈએ નહિ. (iv) લોકસભાના ઉમેદવાર માટે જે લાયકાતો નક્કી કરવામાં આવી હોય તે તમામ તે ધરાવતો હોવો જોઈએ. (v) કોઈ પણ નાગરિક રાજ્યસભા તથા લોકસભાનું સભ્યપદ એક સાથે ધરાવી શકે નહિ જો કોઈ નાગરિક બંને ગૃહમાં ચૂંટાય તો તેણે કોઈ પણ એક ગૃહના સભ્યપદનો ત્યાગ કરવો પડે છે. (vi) તે અદાલત દ્વારા અસ્થિર મગજનો કે નાદાર ઘોષિત થયેલ ન હોવો જોઈએ.

**કોરમ :** રાજ્યસભામાં કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા $\frac{1}{10}$ ભાગના સભ્યો હાજર હોય તો જ સભામાં કામકાજ થઈ શકે છે. આ સંખ્યાને 'કોરમ' અથવા કાર્યસાધક સંખ્યા કહે છે.

**ગૃહની મુદત :** રાજ્યસભા એ કાયમી ગૃહ છે તેનો અર્થ એવો થયો કે, આ ગૃહનું ક્યારેય પણ વિસર્જન થતું નથી કે સંપૂર્ણપણે બરખાસ્ત થતું નથી. આ ગૃહના સભ્યો છ વર્ષ માટે ચૂંટાય છે. દર બીજા વર્ષે ગૃહમાંથી તેના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ પ્રમાણમાં નવી ચૂંટણીઓ થાય છે. આમ, સરવાળે નક્કી થયેલ સંખ્યા જળવાઈ રહે છે.

કોઈપણ સભ્ય સભાપતિની પૂર્વ પરવાનગી વિના સતત 60 દિવસ ગેરહાજર રહે, તો તેના સભ્યપદનો અંત આવે છે.

**બેઠક :** લોકસભાની જેમ રાજ્યસભામાં પણ વર્ષમાં બેવાર બેઠક બોલાવવાની હોય છે. બે બેઠકો વચ્ચે છ માસ કરતાં વધુ સમય પસાર થવો જોઈએ નહિ. જોકે આપણે ત્યાં વર્ષમાં ત્રણવાર બેઠકો બોલાવવાની પ્રથા છે.

**સભાપતિ :** રાજ્યસભાની કામગીરીનું સંચાલન કરવા માટે સભાપતિ (ચૅરમૅન) ની નિમણૂક કરવામાં આવે છે. બંધારણીય જોગવાઈ અનુસાર ભારતના ઉપરાષ્ટ્રપતિ (વાઈસ પ્રેસિડન્ટ) પોતાના હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિનો હોદ્દો સંભાળે છે. લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)ની માફક રાજ્યસભાના સભાપતિ (ચૅરમૅન) ને પણ ગૃહમાં સરખા મત પડે ત્યારે પોતાનો 'નિર્ણાયક મત' (કાસ્ટિંગ વોટ) આપવાની સત્તા છે.

જ્યારે ગૃહમાં સભાપતિ ગેરહાજર હોય ત્યારે ગૃહની કાર્યવાહીનું સંચાલન ઉપસભાપતિ સંભાળે છે. રાજ્યસભાગૃહના સભ્યો પોતાના સભ્યોમાંથી જ ઉપાધ્યક્ષ ચૂંટી કાઢે છે. ઉપાધ્યક્ષ રાજીનામું આપીને અથવા સભ્યપદ ગુમાવતાં હોદ્દા પરથી દૂર થાય છે. ગૃહના સભ્યો ચૌદ દિવસની લેખિત નોટિસ આપીને બહુમતીથી ઠરાવ પસાર કરી તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે.

સામાન્ય રીતે સંસદના બંને સભાગૃહો પોતાનું કાર્ય સ્વતંત્રપણે બજાવે છે પણ તેમની વચ્ચે મતભેદ ઊભા થાય ત્યારે સંયુક્ત બેઠક બોલાવવાની જોગવાઈ છે. 1961માં દહેજ પ્રતિબંધક ધારા અંગે પડેલા મતભેદના ઉકેલ માટે આવી પ્રથમ જ વાર સંયુકત બેઠક બોલાવવામાં આવી હતી. જોકે ત્યાર બાદ આવી સંયુક્ત બેઠકો ક્યારેક જ બોલાવવામાં આવી છે.

રાજ્યસભાના સભ્યોની સલામતી અને માન જાળવી શકાય તે માટે તેમને લોકસભાના સભ્યોની જેમ જ કેટલાક વિશેષાધિકારો પ્રાપ્ત છે.

સંસદના બીજા ગૃહ એવા રાજ્યસભાની ઉપયોગિતા કે તેના મહત્ત્વ વિશે અવારનવાર સવાલો ઊભા થતાં રહે છે. મોટાભાગનાં લોકશાહી રાજ્યોમાં ધારાસભાના બીજા ગૃહનું સ્થાન પ્રથમ ગૃહના સ્થાન કરતાં ગૌણ જ રહ્યું છે.

**આવાસ તેમજ વેતન-ભથ્થાં :** સંસદના બંને ગૃહના સભ્યોને કાયદા દ્વારા વખતોવખત યોગ્ય વેતન-ભથ્થાં અને આવાસ તેમજ વાહન-વ્યવસ્થાની સવલતો આપવામાં આવે છે.

**(બ) રાજ્યકક્ષાએ ધારાસભા :** આપણા બંધારણમાં કલમ 168થી કલમ 193 દ્વારા રાજ્યોની ધારાસભાઓ અંગેની જોગવાઈઓનો ખ્યાલ આપવામાં આવ્યો છે. કેન્દ્રમાં જેમ સંસદ છે તેવી જ રીતે રાજ્યોમાં ધારાસભાની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારામંડળની સમાન પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. પરંતુ આપણે ત્યાં દરેક રાજ્યની ધારાસભા દ્વિગૃહી નથી. કેટલાંક રાજ્યોમાં તે એક ગૃહી છે તો કેટલાંક રાજ્યોમાં તે દ્વિગૃહી છે. આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં દ્વિગૃહી ધારાસભાઓ અસ્તિત્ત્વમાં છે. જ્યારે ગુજરાતમાં એકગૃહી ધારાસભા છે.

જે રાજ્યની ધારાસભા દ્વિગૃહી હોય તેના પ્રથમ ગૃહને વિધાનસભા (લેજિસ્લેટિવ એસેમ્બલી) અને બીજા ગૃહને વિધાન પરિષદ (લેજિસ્લેટિવ કાઉન્સિલ) તરીકે ઓળખવામાં આવે છે. જે-તે રાજ્યની ધારાસભાના બહુમતી સભ્યોના ઠરાવ દ્વારા રાજ્યને એકગૃહીમાંથી દ્વિગૃહી કે દ્વિગૃહીમાંથી એકગૃહી કરી શકાય છે. જ્યારે આવો ફેરફાર થાય ત્યારે તેને બંધારણીય સુધારા ગણવામાં આવતા નથી અને તેને સામાન્ય કાયદાની માફક જ પસાર કરવામાં આવે છે.

**વિધાનસભાની રચના**

રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે. લોકસભાની માફક વિધાનસભાની રચના પણ પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા કરવામાં આવે છે. પુખ્તવય મતાધિકાર ધરાવતા મતદારો પોતપોતાના મતદાર વિભાગમાં ચૂંટણી લડતા ઉમેદવારોમાંથી પોતાને યોગ્ય લાગે તે ઉમેદવારને મત આપે છે. સૌથી વધારે મત મેળવનાર ઉમેદવાર ચૂંટાઈને વિધાનસભાનો સભ્ય બને છે. જેને આપણે ધારાસભ્ય તરીકે ઓળખીએ છીએ.

બંધારણની જોગવાઈઓ અનુસાર આમ તો વિધાનસભાના સભ્યોની સંખ્યા વસ્તીના ધોરણે નક્કી થતી હોય છે. તેમ છતાં પણ તેમના પર મર્યાદા મૂકવામાં આવી છે અને તે મુજબ ધારાસભ્યોની સંખ્યા ઓછામાં ઓછી 60 તેમજ વધુમાં વધુ 500ની રાખી શકાય છે.

બંધારણની કલમ 333 ની જોગવાઈ અનુસાર જો રાજ્યપાલને એમ જણાય કે એંગ્લોઇન્ડિયન સમુદાયને વિધાનસભામાં પ્રતિનિધિત્વની જરૂર છે અને તેને યોગ્ય પ્રતિનિધત્વિ મળ્યું નથી. તો તે સમુદાયના એક સભ્યની નિમણૂક તેઓ કરી શકશે. આ પ્રકારની નિમણૂક કરવાની સમયમર્યાદા બંધારણના અમલથી દસ વર્ષ માટે રાખવામાં આવી હતી. સાથે-સાથે અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓ માટેની અનામત બેઠકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ તે પછી દર દસ વર્ષે બંધારણમાં સુધારો કરી આ સમયમર્યાદા દસ-દસ વર્ષ વધારવામાં આવી છે.

**ગૃહની મુદત**

બંધારણની જોગવાઈઓ અનુસાર લોકસભાની માફક રાજ્યોની વિધાનસભાની મુદત પણ પાંચ વર્ષની રાખવામાં આવી છે. કટોકટી અથવા તો ખાસ સંજોગોમાં આ મુદતમાં એક વર્ષનો વધારો કરી શકાય છે. માત્ર જમ્મુ-કશ્મીર રાજ્યની વિધાનસભાની મુદત 6 (છ) વર્ષની છે.

**સભ્યપદ માટેની લાયકાતો :**

બંધારણની કલમ 173 દ્વારા વિધાનસભા અને વિધાનપરિષદના સભ્ય માટે નીચે પ્રમાણેની લાયકાતો નક્કી કરવામાં આવી છે :

(i) ભારતનો નાગરિક હોવો જોઈએ. (ii) વિધાનસભાના સભ્ય બનવા માટે નાગરિકની ઉંમર ઓછામાં ઓછી 25 વર્ષની અને વિધાન-પરિષદના સભ્ય બનવા માટે નાગરિકની ઉમર 30 વર્ષની હોવી જોઈએ. (iii) આ અંગે સંસદ દ્વારા જે લાયકાતો નક્કી થાય તે, ધરાવતો હોવો જોઈએ.

**સત્ર બોલાવવું, સત્ર મુલતવી રાખવું, સત્રનું વિસર્જન કરવું**

બંધારણીય જોગવાઈ અનુસાર વિધાનસભાનાં સત્રો સામાન્ય રીતે વર્ષમાં બેવાર બોલાવવાના હોય છે અને બે સત્રો વચ્ચે છ માસ કરતા વધુ સમય પસાર થવો જોઈએ નહિ. આપણે ત્યાં સંસદની જેમ વિધાનસભાનાં સત્રો પણ વર્ષમાં ત્રણવાર બોલાવવાનો શિરસ્તો છે. આ સંદર્ભમાં રાષ્ટ્રપતિને જે સત્તાઓ છે તેવા જ પ્રકારની સત્તાઓ રાજ્યમાં રાજ્યપાલને છે. રાજ્યપાલને સત્રો બોલાવવાનો, સત્રોની મુદતમાં વધારો કે ઘટાડો કરવાનો તેમજ સત્રને મુલતવી કે બરખાસ્ત કરવાનો અધિકાર છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**રાજ્યપાલનું સંબોધન**

રાજ્યપાલ રાજ્યની વિધાનસભાના દરેક ગૃહને અથવા તો તેના બંને ગૃહની સંયુક્ત બેઠકને સંબોધી શકે છે. રાજ્યની ધારાસભામાં પસાર થયા ન હોય તેવા ખરડાના સંદર્ભમાં અથવા અન્ય સંદેશાઓ મોકલી શકે છે. અને તેના પર સંબંધિત ગૃહ ઝડપથી ધ્યાન આપે છે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી પ્રથમ સત્રના પ્રારંભે રાજ્યપાલ વિધાનસભાને સંબોધે છે.

વિધાનસભાની પાંચ વર્ષની મુદત દરમિયાન જો રાજ્યપાલને એમ જણાય કે રાજ્યની વિધાનસભા બંધારણીય રીતે ચાલી શકે તેમ નથી તો તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિને પોતાનો અહેવાલ મોકલે છે. અને બંધારણની કલમ 356 અનુસાર રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાગુ કરવાની ભલામણ કરે છે. પરિણામે ત્યાં નવેસરથી ચૂંટણી યોજવામાં આવે છે.

**કોરમ (કાર્યસાધક સંખ્યા)**

અગાઉ જોયું તે મુજબ ગૃહની કુલ સભ્યસંખ્યાના દસમા ભાગની સંખ્યાને કોરમ કહે છે. કોરમની સંખ્યા જેટલા સભ્યો ગૃહમાં હાજર ન હોય તો સભાપતિ કે અધ્યક્ષ દ્વારા ગૃહને કાં તો સ્થગિત કરવામાં આવે છે અથવા તો કોરમ સધાય ત્યાં સુધી બેઠકને મોકૂફ રાખવામાં આવે છે.

દા.ત., ગુજરાત વિધાનસભામાં કુલ સભ્યસંખ્યા 182 છે તેથી 19 સભ્યોની હાજરી કોરમ માટે જરૂરી ગણાય.

**અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ**

આગળ આપણે લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ અંગે વિગતે ખ્યાલ મેળવ્યો. તેમના માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે તેવી જ જોગવાઈઓ વિધાનસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ માટે કરવામાં આવી છે. તેથી આપણે તે વિશે પુનરાવર્તન કરીશું નહિ.

**વિધાનસભાની સત્તાઓ**

વિધાનસભાનું સ્થાન તેમજ તેનું મહત્ત્વ લોકસભા જેવું જ છે. તેની સત્તાઓ નીચે મુજબ છે :

**(1) ધારાકીય સત્તા :**

(i) વિધાનસભાની ધારાકીય સત્તાઓ ઘણી વ્યાપક અને પરિણામલક્ષી છે.

(ii) તે રાજ્ય યાદીના 66 અને સંયુક્ત યાદીના 47 વિષયોમાંથી કોઈ પણ વિષય ઉપર કાયદો ઘડી શકે છે.

(iii) કટોકટીના સંજોગોમાં આ ગૃહની સત્તાઓ ઉપર રાષ્ટ્રપતિ નિયંત્રણ મૂકી શકે છે. સામાન્ય સ્થિતિમાં આ ગૃહ અસરકારક અને નિર્ણાયક સત્તાઓ ધરાવે છે.

**(2) નાણાકીય સત્તા :**

(i) વાર્ષિક અંદાજપત્ર (બજેટ) અને કોઈ પણ નાણાકીય ખરડો પ્રથમ આ ગૃહમાં જ રજૂ થાય છે.

(ii) નાણાકીય બાબતોમાં આ ગૃહનો જ મહત્તમ પ્રભાવ હોય છે. તેણે પસાર કરેલા આવા ખરડા ઉપર રાજ્યપાલે સહી કરવી જ પડે છે.

(iii) ખરડો નાણાકીય છે કે બિનનાણાકીય તે માટે વિધાનસભાના અધ્યક્ષનો જ નિર્ણય અંતિમ ગણાય છે.

**(3) કારોબારી સત્તા :**

(i) સંસદીય પ્રથાની પ્રણાલી અનુસાર વિધાનસભામાં બહુમતી પ્રાપ્ત કરનાર પક્ષ કે પક્ષોનું સંયુક્ત મંત્રીમંડળ રચાય છે.

(ii) સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત મુજબ મંત્રીમંડળે વિધાનસભાનો વિશ્વાસ વ્યક્તિગત કે સામૂહિક સ્વરૂપે જાળવી રાખવા અનિવાર્ય હોય છે.

(iii) સમગ્ર મંત્રીમંડળ એક ટીમ તરીકે સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(iv) વિધાનસભાના સભ્યો રાજ્યના મંત્રીમંડળ સામે અવિશ્વાસની દરખાસ્ત બહુમતીથી પસાર કરે તો સમગ્ર મંત્રીમંડળે રાજીનામું આપી દેવું પડે છે.

(v) વિધાનસભાના સભ્યો વહીવટને લગતા તેમજ અગત્યની નીતિવિષયક બાબતોને લગતા પ્રશ્નો કે પેટા પ્રશ્નો મંત્રીઓને પૂછી શકે છે અને આ રીતે તેમના પર અંકુશ રાખે છે.

(vi) વિધાનસભાની વિવિધ સમિતિઓ જેવી કે, જાહેર હિસાબ સમિતિ, અંદાજ સમિતિ, જાહેર સાહસોની સમિતિ, વિશેષાધિકાર સમિતિ વગેરેના માધ્યમ દ્વારા મંત્રીમંડળ પર લગામ રાખવામાં આવે છે.

(vii) ધારાસભ્યો હોદ્દાની રૂએ જિલ્લા આયોજન સમિતિ, સંકલન સમિતિ, નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સહ સભ્યો તરીકે રાજ્યના વહીવટમાં રસ લે છે.

આમ, વિધાનસભાના સભ્યો વિધાનસભાની અંદર તેમજ બહાર રહીને પણ સતત સક્રિય રહી શકે છે અને રાજ્યના વિકાસમાં યોગદાન આપે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) લોકસભાની રચના વર્ણવો.

(2) રાજ્યસભાની રચના વર્ણવો.

(3) વિધાનસભાની રચના વર્ણવો.

(4) કાયદા ઘડતરની પ્રક્રિયા જણાવો.

(5) વિધાનસભાની સત્તાઓ જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ધારાસભાનાં કાર્યો

(2) લોકસભાના અધ્યક્ષનાં કાર્યો

(3) વિરોધપક્ષના નેતા

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) વિધાનસભા અને વિધાનગૃહના સભ્યોની સભ્યપદ માટેની યોગ્યતાઓ જણાવો.

(2) સંસદનાં બંને ગૃહોના સભ્યપદ માટેની લાયકાતો જણાવો.

(3) ધારાસભાના પ્રકારો જણાવો.

(4) સંસદ સભ્યોના વિશેષાધિકાર જણાવો.

(5) ધારાસભાનું મહત્ત્વ જણાવો.

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો :**

(1) કયા-કયા ગૃહનાં વિસર્જન થતાં નથી ?

(2) આપણા દેશમાં કયા રાજ્યની વિધાનસભાની મુદત છ વર્ષની છે ?

(3) કયા સંજોગોમાં લોકસભાની મુદતમાં એક વર્ષનો વધારો થાય છે ?

(4) ધારાસભાનું મુખ્ય કાર્ય કયું છે ?

(5) કાર્યસાધક સંખ્યા એટલે શું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**6. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) લોકસભાની સમયમર્યાદા કેટલી છે ? ☐

(અ) 3 વર્ષ (બ) 4 વર્ષ (ક) 5 વર્ષ (ડ) 6 વર્ષ

(2) કયા ગૃહનું વિસર્જન થઈ શકે છે ? ☐

(અ) લોકસભા (બ) રાજ્યસભા (ક) વિધાનપરિષદ (ડ) ઉમરાવસભા

(3) ધારાગૃહોમાં કોનું સ્થાન ખૂબ અગત્યનું છે ? ☐

(અ) વિરોધપક્ષના નેતા (બ) ન્યાયાધીશ (ક) સચિવ (ડ) ઉપસચિવ

(4) 'કાસ્ટિંગ વૉટ' આપવાની સત્તા કોણ ધરાવે છે ? ☐

(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન (ક) ન્યાયાધીશ (ડ) ધારાસભાના અધ્યક્ષ

(5) મહાભિયોગની કાર્યવાહી કરવા કોણ સક્ષમ છે ? ☐

(અ) સંસદ (બ) સર્વોચ્ચ અદાલત (ક) વડીઅદાલત (ડ) વિધાનસભા

(6) સંસદમાં ત્રણેય વાચનમાંથી પસાર થયેલા ખરડા પર કોની સહી થતાં ખરડો કાયદો બને છે ? ☐

(અ) રાષ્ટ્રપતિ (બ) ઉપરાષ્ટ્રપતિ (ક) વડાપ્રધાન (ડ) અધ્યક્ષ

(7) લોકસભામાં ખરડો કઈ સમિતિ સમક્ષ રજૂ કરાય છે ? ☐

(અ) પ્રવર (બ) ન્યાયકીય (ક) સામાજિક (ડ) નાણાકીય

(8) કયું ગૃહ કાયમી છે ? ☐

(અ) રાજ્યસભા (બ) લોકસભા (ક) વિધાનસભા (ડ) ગ્રામસભા

**પ્રવૃત્તિ**

- વિધાનસભા અને લોકસભા રાજ્યસભાની કાર્યવાહીની પ્રત્યક્ષ મુલાકાત.
- સ્થાનિક સંસદસભ્યનો વાર્તાલાપ યોજવો.
- લોકસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષશ્રીઓની નામાવલિનો ચાર્ટ બનાવો.
- શાળામાં મૉક ધારાસભાનું આયોજન કરવું.
- મતદાન-પ્રક્રિયાની વિગતો એકઠી કરવી.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8 ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ કારોબારી

બીજા વિશ્વયુદ્ધ પછી આધુનિક રાજ્યોએ કલ્યાણ રાજ્યના ખ્યાલને સ્વીકાર્યો છે. તેથી રાજ્યનું કાર્યક્ષેત્ર દિન-પ્રતિદિન વિસ્તરતું જાય છે. લોકકલ્યાણના સાધન તરીકે રાજ્ય કાર્ય કરે તેવી અપેક્ષા રખાય છે. રાજ્ય સરકારરૂપી સાધન દ્વારા રાજ્યના ધ્યેયને મૂર્તિમંત કરવા પ્રયત્નશીલ બને છે. આ ધ્યેયને ચરિતાર્થ કરવા સરકારને ત્રણ અંગોમાં વિભાજિત કરવામાં આવે છે : (1) ધારાસભા (2) કારોબારી (3) ન્યાયતંત્ર.

કારોબારી સરકારનું એક અતિ મહત્ત્વનું અંગ છે. તેનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું છે. શાસનવિષયક નીતિ ઘડવાનું તેમજ તે અંગે પગલાં લેવાનું કાર્ય પણ તે કરે છે.

**કારોબારી : અર્થ અને વ્યાખ્યા**

કારોબારીની વ્યાખ્યા બે અર્થમાં કરી શકાય. સરળ અર્થમાં કહીએ તો, જે રાજ્યનો કારોબાર (વહીવટ) ચલાવે તે કારોબારી. વિશાળ અર્થમાં કારોબારીનો અર્થ સમજાવતાં પ્રા. જે. ડબલ્યુ ગાર્નર લખે છે કે, રાજ્યની ઇચ્છા, નીતિ અને ધ્યેયને કાયદા દ્વારા વ્યક્ત થયા પછી તે ધ્યેયનો અમલ કરતાં તમામ પદાધિકારીઓ, કર્મચારીઓ અને સંસ્થાઓનો કારોબારીમાં સમાવેશ થાય છે. આ વિશાળ અર્થમાં કારોબારીમાં રાજ્યના વડાથી માંડીને પ્રધાનો, સનદી અમલદારો, કર્મચારીઓ વગેરેનો સમાવેશ થાય છે.

ભારતમાં કારોબારી એટલે, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળનો સમાવેશ થાય છે.

**કારોબારીના મુખ્ય બે પ્રકારો**

**(1) સંસદીય કારોબારી : અર્થ :** જે તંત્રમાં ધારાસભા અને કારોબારી વચ્ચે પરસ્પર ગાઢ સંપર્ક હોય અને કારોબારી ધારાસભાનું સર્જન ગણાતી હોય તેમજ તે ધારાસભાને જવાબદાર હોય, તેવી કારોબારીને સંસદીય કારોબારી કહેવામાં આવે છે. ગ્રેટ બ્રિટન સંસદીય કારોબારીનો આદર્શ નમૂનો પૂરો પાડે છે. આપણે ભારતમાં પણ સંસદીય કારોબારી સ્વીકારી છે.

**(2) પ્રમુખીય કારોબારી :** પ્રમુખીય કારોબારીની રચના ફ્રેંચ ચિંતક માન્તેસ્કેએ આપેલા સત્તા-વિશ્લેષના સિદ્ધાંત મુજબ થાય છે.

**અર્થ :** જ્યારે ધારાસભા અને કારોબારી પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં ન હોય, તેમજ કારોબારી ધારાસભાને જવાબદાર નહિ, પરંતુ સ્વતંત્ર હોય, તેવી કારોબારીને પ્રમુખીય કારોબારી કહે છે. અમેરિકા (યુ.એસ.એ.) પ્રમુખીય કારોબારીનો આદર્શ નમૂનો પૂરો પાડે છે.

**કારોબારીનાં કાર્યો**

સામાન્ય રીતે કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાનો અમલ કરવાનું છે. પરંતુ આધુનિક રાજ્યોએ કલ્યાણ રાજ્યનું ધ્યેય સ્વીકાર્યું હોવાથી રાજ્યના કાર્યક્ષેત્રની ક્ષિતિજો દિનપ્રતિદિન વિસ્તરતી જાય છે. રાજ્યનાં કાર્યોમાં ઘણો વધારો થતો રહ્યો છે.

**(1) વહીવટવિષયક કાર્યો :** રાજ્યનો સામાન્ય કારોબાર કે વહીવટ કારોબારી ચલાવે છે. આ કાર્ય અતિ મહત્ત્વનું છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે તેમજ પ્રજાની આકાંક્ષાઓ, અપેક્ષાઓ, પરિપૂર્ણ કરવાનું રાજ્યનું ધ્યેય છે. આ ધ્યેય ત્યારે જ સાર્થક થાય જ્યારે રાજ્યમાં કાયદો-વ્યવસ્થા અને શાંતિની જાળવણી થાય. આંતરિક વહીવટની નિષ્ફળતાથી અશાંતિ, અંધાધૂંધી, અરાજકતા પ્રવર્તે છે. પરિણામે સમાજનો વિકાસ અવરોધાય છે. આમ, સ્થિર અને તંદુરસ્ત વહીવટ એ રાજ્ય અને સમાજના વિકાસની પૂર્વશરત છે.

**(2) યુદ્ધ કે સંરક્ષણવિષયક કાર્યો :** રાજ્યની સરહદોનું રક્ષણ કરવાનું કાર્ય કારોબારીના માર્ગદર્શન હેઠળ લશ્કર કરે છે. રાજ્યની અખંડિતતા જાળવીને લોકોને સલામતી બક્ષવાનું કાર્ય કારોબારી બજાવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ભારતમાં રાષ્ટ્રપતિ લશ્કરીદળોના સર સેનાધિપતિ છે. તેઓ યુદ્ધ જાહેર કરવાની સત્તા ધરાવે છે. લશ્કરી સજ્જતા સતત તૈયારી, તકેદારી, સજાગતા માગી લે છે. નાગરિક જીવનમાં કે બિનયુદ્ધકીય સંજોગોમાં જેવા કે, અતિવૃષ્ટિ, કોમી તોફાનો જેવી આંતરિક અશાંતિવાળી અસામાન્ય પરિસ્થિતિમાં લશ્કર મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(3) વિદેશ નીતિવિષયક કાર્યો :** દુનિયામાં કોઈ પણ રાજ્ય સંપૂર્ણપણે સ્વાવલંબી નથી. પોતાના રાજ્યની જરૂરિયાતોને પહોંચી વળવા તેને અન્ય રાજ્યો સાથે સંબંધ બાંધવો પડે છે. આ કાર્ય કારોબારી દ્વારા વિદેશમાં નિયુક્ત રાજદૂતો કે હાઈકમિશનર દ્વારા થાય છે.

**(4) ન્યાયવિષયક કાર્યો :** દેશના કારોબારી વડા ન્યાયાધીશોની નિમણૂક કરવાની તેમજ ગુનેગારની સજામાં ઘટાડો કરવાની, સજાને મોકૂફ રાખવાની, તેમાં ફેરફાર કરવાની કે તેને માફ કરવાની સત્તા ધરાવે છે. આ રીતે કેટલાક ન્યાયવિષયક કાર્યો પણ કરે છે.

**(5) નાણાવિષયક કાર્યો :** રાજ્યનું કાર્યક્ષેત્ર દિનપ્રતિદિન વિસ્તરતું જાય છે. તે માટે નાણાકીય સાધનોની જરૂર પણ વધતી જાય છે. કારોબારી દેશના વિકાસાર્થે આવકનાં નવાં સાધનો ઊભાં કરે છે. રાજ્યના કારોબારી વડા વતી સામાન્યતઃ રાજ્યના નાણાપ્રધાન તે વર્ષ માટેનું અંદાજપત્ર (બજેટ) તૈયાર કરે છે અને સંસદમાં રજૂ કરે છે. નાણાકીય ફાળવણી કેન્દ્ર અને ઘટક રાજ્યો વચ્ચે કરે છે.

**(6) ધારાકીય કાર્યો :** ધારાકીય કાર્યો ધારાસભા કરતી હોવા છતાં પણ કારોબારી કેટલાંક ધારાકીય કાર્યો કરતી હોય છે. જેમકે, કારોબારી મોટે ભાગે ખરડા તૈયાર કરવાનું કાર્ય કરે છે.

આમ, કારોબારી અનેકવિધ કાર્યો કરીને રાજ્યનાં ધ્યેયો પાર પાડવા સતત પ્રવૃત્ત રહે છે.

### કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ કારોબારી

આ પ્રકરણમાં આપણે (અ) કેન્દ્ર કક્ષાએ કારોબારી તથા (બ) રાજ્ય કક્ષાએ કારોબારીની ચર્ચા કરીશું.

આપણે જોયું કે ધારાસભાનું મુખ્ય કાર્ય ધારા ઘડવાનું અને કારોબારી ઉપર અંકુશ મૂકવાનું છે. સંસદીય શાસનપદ્ધતિમાં કારોબારીને પોતાનાં સર્જન અને સત્તા પર ચાલુ રહેવા ધારાસભા પર આધાર રાખવો પડે છે. એ દૃષ્ટિએ આ શાસનપદ્ધતિમાં ધારાસભાનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. કારોબારીનું મુખ્ય કાર્ય નીતિવિષયક નિર્ણયો લેવાનું અને ધારાસભાએ પસાર કરેલ કાયદાઓનો અમલ કરવાનું છે.

**(અ) કેન્દ્ર કક્ષાએ કારોબારી :** કેન્દ્ર કક્ષાએ કારોબારીમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન-પ્રધાનમંડળનો સમાવેશ થાય છે. હવે આપણે એ બધા વિશે વિગતે જાણકારી મેળવીએ.

### રાષ્ટ્રપતિ

ભારતમાં ગ્રેટ બ્રિટનની જેમ સંસદીય પ્રકારની સરકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પણ બ્રિટનમાં રાજ્યનાં સર્વોચ્ચ વડા તાજ (તાજ ધારણ કરનાર રાજા અથવા રાણી) છે. તાજને ધારણ કરનાર રાજા અથવા રાણી વંશપરંપરાગત રીતે એ હોદ્દો ધારણ કરે છે. જ્યારે ભારત પ્રજાસત્તાક રાજ્ય છે અને રાજ્યના બંધારણીય વડા રાષ્ટ્રપતિ છે. આપણે ત્યાં રાષ્ટ્રપતિનો હોદ્દો વંશ પરંપરાગત નથી પણ તેમની પરોક્ષ પદ્ધતિથી ચૂંટણી કરવામાં આવે છે.

ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર કારોબારીની સત્તાઓ રાષ્ટ્રપતિને છે. તેઓ આ સત્તાનો અમલ સીધેસીધો અથવા તો તેમના હાથ નીચેના અધિકારીઓ મારફત કરી શકે છે.

### રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો

રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી કરનાર વ્યક્તિ નીચેની લાયકાતો ધરાવતી હોવી જોઈએ :

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 35 વર્ષની ઉંમર પૂર્ણ કરેલ હોવી જોઈએ.

(iii) તેનામાં લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવાની લાયકાત હોવી જોઈએ.

(iv) તે કેન્દ્ર કે રાજ્ય સરકારમાં સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**રાષ્ટ્રપતિની ચૂંટણી-પ્રક્રિયા**

ભારત પ્રજાસત્તાક દેશ છે. ઉપરાંત આપણે સંસદીય શાસન પદ્ધતિનો સ્વીકાર કર્યો હોવાથી રાજ્યના સર્વોચ્ચ વડા રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ પદ્ધતિથી થાય છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી ગુપ્ત મતદાનથી, પસંદગીનો ક્રમ બતાવીને થાય છે. તેમની ચૂંટણી માટે બે નિશ્ચિત મતદાર મંડળોની રચના કરવામાં આવે છે. આ મતદાર મંડળોમાં (ક) સંસદના બંને ગૃહના ચૂંટાયેલા સભ્યો અને (ખ) રાજ્યોની વિધાનસભાઓમાં ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.

**શપથવિધિ**

રાષ્ટ્રપતિએ હોદ્દો ધારણ કરતાં પહેલાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તેમની ગેરહાજરીમાં સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિની હાજરીમાં ગુપ્તતાના સોગંદ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી પડે છે. આ શપથ દ્વારા રાષ્ટ્રપતિ બંધારણ, કાયદાનું રક્ષણ કરવાની તથા ભારતના લોકોની સેવા અને કલ્યાણમાં પ્રવૃત્ત રહેવાની ખાતરી આપે છે.

**સમય-અવધિ**

ભારતીય બંધારણની જોગવાઈઓ અનુસાર તેઓ પદ ગ્રહણ કરે ત્યારથી પાંચ વર્ષ માટેની મુદત સુધી તેઓ હોદ્દા પર રહે છે.

**રાષ્ટ્રપતિનો હોદ્દો ક્યારે ખાલી પડે ?**

(ક) તેઓ હોદ્દા પર જ હોય અને અવસાન પામે અથવા (ખ) તેઓ હોદ્દા પરથી રાજીનામું આપે અથવા

(ગ) તેમની ચૂંટણીને ગેરબંધારણીય ઠરાવવામાં આવે. અથવા (ઘ) બંધારણીય કલમ-61 અનુસાર મહાભિયોગની પ્રક્રિયા દ્વારા હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે. રાષ્ટ્રપતિપદ ખાલી પડે તેના છ માસમાં જ તેમની ચૂંટણી કરવી પડે છે. તે દરમિયાન ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કામગીરી બજાવે છે.

**રાષ્ટ્રપતિની સત્તાઓ**

રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ બંધારણીય વડા છે. બંધારણ દ્વારા તેમને વ્યાપક-વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. આ સત્તાઓનો ઉપયોગ તેઓએ વડાપ્રધાન-મંત્રીમંડળની સલાહ અને મદદથી જ કરવાનો હોય છે. આ સત્તાઓને પાંચ વિભાગમાં વહેંચી શકાય છે : (1) ધારાકીય સત્તાઓ (2) કારોબારી સત્તાઓ (3) ન્યાયવિષયક સત્તાઓ (4) નાણાકીય સત્તાઓ અને (5) કટોકટીવિષયક સત્તાઓ.

**(1) ધારાકીય સત્તાઓ :** રાષ્ટ્રપતિ સંસદના અવિભાજ્ય અંગ ગણાય છે એ અનુસાર તેઓ કેટલીક ધારાકીય સત્તાઓ ધરાવે છે.

(i) તેઓ સંસદના બંને ગૃહોની બેઠકો બોલાવવાની, સત્ર સમાપ્તિ કરવાની અને લોકસભાનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે.

(ii) કોઈપણ ખરડો રાષ્ટ્રપતિની સહી થયા પછી જ કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.

(iii) સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે કોઈ મહત્ત્વની કે તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા વટહુકમો બહાર પાડવાની સત્તા ધરાવે છે. આવા વટહુકમોને સંસદની બેઠક મળે ત્યારથી છ અઠવાડિયામાં ગમે તે ગૃહ સમક્ષ રજૂ કરવા પડે છે. આવા વટહુકમોની અસર સંસદે ઘડેલા કાયદા જેવી જ હોય છે.

(iv) નાણાકીય ખરડા સિવાયના કોઈપણ ખરડાને સંસદની પુનઃવિચારણા માટે પરત મોકલી શકે છે.

(v ) કોઈપણ ખરડા બાબત બંને ગૃહો વચ્ચે મતભેદ પડે તો તેઓ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે.

**(2) કારોબારી સત્તા :** ભારતના રાષ્ટ્રપતિ બંધારણીય દૃષ્ટિએ કારોબારીના વડા છે. બંધારણની કલમ 53માં દર્શાવ્યા મુજબ સંઘની બધી જ કારોબારી સત્તાઓ રાષ્ટ્રપતિને હસ્તક મૂકવામાં આવી છે. જેનો ઉપયોગ તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પોતાને આધીન એવા અધિકારીઓ દ્વારા કરે છે.

રાષ્ટ્રપતિ બધી મહત્ત્વની નિમણૂકો કરવાની સત્તા ધરાવે છે. જેમાં

(i) વડાપ્રધાનની નિમણૂક તેમજ તેમની સાથે મસલત કર્યા પછી પ્રધાનમંડળના સભ્યોની નિયુક્તિનો સમાવેશ થાય છે.

(ii) સર્વોચ્ચ તેમજ વડીઅદાલતના મુખ્ય તેમજ અન્ય ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

(iii) રાજ્યોના રાજ્યપાલોને નીમે છે. કેન્દ્રશાસિત રાજ્યોના ઉપરાજ્યપાલોની નિમણૂક તેઓ કરે છે.

(iv) ભારતના એટર્ની જનરલ, કૉમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને નીમે છે. આ ઉપરાંત નાણાપંચ, જાહેર સેવા પંચ, ચૂંટણીપંચ, ભાષાપંચ, નીતિપંચ વગેરેના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરે છે.

(v) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક-શૈક્ષણિક પછાત જાતિઓ, લઘુમતિઓ માટેના કમિશનરોની નિમણૂક કરે છે.

(vi) વિદેશોમાં ભારતના રાજદૂતો, હાઇકમિશનરોને નીમે છે. તેમજ વિદેશી રાજદૂતોના ઓળખપત્રોને તેઓ સ્વીકારે છે. અન્ય દેશો સાથેની સંધિ કે કરાર તેમના નામે કરવામાં આવે છે.

(vii) રાષ્ટ્રપતિ સંરક્ષણ દળોના હોદ્દાની રૂએ સર-સેનાધિપતિ (કમાન્ડર ઇન ચિફ) છે. તેઓ ભૂમિદળ, નૌકાદળ, હવાઈદળ અને સંરક્ષણની ત્રણેય પાંખોના વડાઓની નિમણૂક કરે છે.

રાષ્ટ્રપતિની ઉપરોક્ત તમામ સત્તાઓ વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળ તેમના નામે ભોગવે છે. રાષ્ટ્રપતિ ઔપચારિક સત્તાઓ ધરાવે છે. આ બધી સત્તાઓ વ્યવહારમાં વડાપ્રધાન, કૅબિનેટ અને પ્રધાનમંડળ ભોગવે છે. રાષ્ટ્રપતિએ બધી સત્તાઓ પોતાની ઈચ્છાને આધારે નહિ પરંતુ તેમણે વડાપ્રધાન અને પ્રધાનમંડળની સલાહ અને મદદથી ભોગવવાની છે.

**(3) નાણાકીય સત્તા :** નાણાકીય ક્ષેત્રે રાષ્ટ્રપતિ નીચે પ્રમાણે સત્તાઓ ધરાવે છે :

(i) કોઈપણ નાણાકીય ખરડો તેમની ભલામણ સિવાય લોકસભામાં રજૂ થઈ શકતો નથી.

(ii) નાણાં પ્રધાન દેશનું વાર્ષિક સામાન્ય અંદાજપત્ર અને રેલવે પ્રધાન રેલવેનું વાર્ષિક અંદાજપત્ર રાષ્ટ્રપતિના નામે લોકસભામાં રજૂ કરે છે.

(iii) સંઘ અને રાજ્યો વચ્ચે કરવેરાની આવકની વહેંચણી કરવા સંબંધે ભલામણો કરવા તેઓ નાણાપંચની નિમણૂક કરે છે.

આમ, તેઓ નામ માત્રની નાણાકીય સત્તાઓ ધરાવે છે. તેઓ નાણાકીય ખરડાનો અસ્વીકાર કરીને રોકી શકતા નથી. તેને સંસદની પુનઃવિચારણા માટે પણ મોકલી શકતા નથી. નાણાકીય બાબતોમાં આખરી સત્તા સંસદના નીચલા ગૃહ - લોકસભાને છે.

**(4) ન્યાયવિષયક સત્તા :** રાષ્ટ્રપતિની કેટલીક મહત્ત્વની ન્યાયકીય સત્તાઓ નીચે પ્રમાણે છે :

(i) લશ્કરી અદાલત સિવાય દેશની કોઈ પણ અદાલતે ગુનેગારને ફરમાવેલી સજા તેઓ માફ કરી શકે છે. ગુનેગારની સજાને હળવી પણ કરી શકે છે.

(ii) ગુનેગારની અસામાન્ય પરિસ્થિતિને ધ્યાનમાં લઈ રાષ્ટ્રપતિ સજામાં વિરામ આપવાની સત્તા ધરાવે છે. જેમકે નાના બાળકનો ઉછેર કે ગર્ભવતી મહિલાઓને સજામાં વિરામ.

ભારતના રાષ્ટ્રપતિ કાનૂની રક્ષાકવચ ભોગવે છે. તેમના હોદ્દાની મુદત દરમિયાન જે સત્તાઓનો ઉપયોગ કરે છે તે માટે તેમના ઉપર કોઈ પણ ન્યાયાલયમાં કામ ચલાવી શકાય નહિ. તેમની સામે કોઈ ફોજદારી કાર્યવાહી થઈ શકતી નથી. તેમને કેદ કરવા કે ગિરફતાર કરવાનો કોઈ હુકમ ન્યાયાલય કરી શકતું નથી.

**(5) રાષ્ટ્રપતિની કટોકટીવિષયક સત્તાઓ :** ભારતના બંધારણમાં રાષ્ટ્રપતિને ખાસ સંજોગોને પહોંચી વળવા માટે કટોકટી અંગેની સત્તાઓ આપવામાં આવી છે. તેમાં ત્રણ પ્રકારની કટોકટીઓનો સમાવેશ થાય છે : (i) સલામતીવિષયક કટોકટી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(ii) બંધારણીય કટોકટી (iii) નાણાકીય કટોકટી

**(i) સલામતીવિષયક કટોકટી :** આ પ્રકારની કટોકટી બે પ્રકારે લાદી શકાય છે : (ક) બાહ્ય કટોકટી અને (ખ) આંતરિક કટોકટી.

જ્યારે યુદ્ધ, બાહ્ય આક્રમણ કે સશસ્ત્ર બળવાની ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ હોય તેવું રાષ્ટ્રપતિને લાગે તો તેને પહોંચી વળવા માટે તેને રાષ્ટ્રીય કટોકટી અથવા સલામતીવિષયક કટોકટી જાહેર કરી શકે છે. જેમકે 1962માં ભારત-ચીન યુદ્ધ વખતે કટોકટી લાદવામાં આવી હતી. જ્યારે 1975માં સૌપ્રથમ વાર આંતરિક કટોકટી લાદવામાં આવી હતી.

સલામતીવિષયક કટોકટીની અસરો મુખ્યત્વે કરીને કેન્દ્ર-રાજ્ય સંબંધ પર પડે છે. કારણકે સમગ્ર પ્રદેશ એકતંત્રની વ્યવસ્થામાં ફેરવાઈ જાય છે અને કેટલાક મૂળભૂત અધિકારોનો ભોગવટો મોકૂફ રહે છે. જ્યારે ભારતના રાષ્ટ્રપતિને એવું લાગે કે હવે કટોકટી ચાલુ રાખવા જેવી પરિસ્થિતિ નથી તો જાહેરનામું બહાર પાડીને તેનો અંત લાવી શકે છે.

**(ii) બંધારણીય કટોકટી :** ભારતના રાષ્ટ્રપતિને કોઈ રાજ્યના રાજ્યપાલ તરફથી એવો અહેવાલ મળે અથવા કોઈ બીજી રીતે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે અમુક રાજ્યની સરકાર બંધારણની જોગવાઈઓ અનુસાર ચાલી શકે તેમ નથી તો રાષ્ટ્રપતિ તે રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે અને તેને આધારે તે રાજ્યને રાષ્ટ્રપતિના શાસન હેઠળ મૂકવામાં આવે છે. (તેને રાષ્ટ્રપતિશાસન કહેવામાં આવે છે.)

અસરો :

- જે રાજ્યમાં રાષ્ટ્રપતિનું શાસન લાદવામાં આવ્યું હોય તેનો વહીવટ કેન્દ્ર સરકારને હસ્તક આવી જાય છે.
- તે રાજ્યની વિધાનસભાને મૂર્છિત અવસ્થામાં રખાય છે અથવા તો તેની મુદત પૂરી ન થઈ હોય છતાં વિસર્જન કરી શકાય છે.
- રાજ્યના રાજ્યપાલ (ગવર્નર) કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે તે રાજ્યનો વહીવટ કરે છે.
- આ સમય દરમિયાન તે રાજ્ય માટે રાજ્યયાદીના વિષયો ઉપર કાયદા ઘડી શકે છે અને તે રાજ્યના અંદાજપત્રને મંજૂરી પણ આપી શકે છે.

બંધારણીય કટોકટીના જાહેરનામાને સંસદના બંને ગૃહોની મંજૂરી માટે જાહેરનામાને બે મહિનાની અંદર રજૂ કરવું પડે છે અને જો તેને મંજૂરી મળે તો છ મહિના સુધી અમલમાં રહે છે.

**(iii) નાણાકીય કટોકટી :** જો ભારતના રાષ્ટ્રપતિને એવું લાગે કે દેશના કોઈપણ ભાગમાં નાણાકીય સ્થિરતા કે શાખ ભયમાં છે તો નાણાકીય કટોકટીની જાહેરાત કરી શકાય છે. નાણાકીય સ્થિરતા અને શાખની વિશેષ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ કટોકટી દરમિયાન કેન્દ્ર સરકાર નાણાકીય વ્યવહારો માટેના જરૂરી આદેશો રાજ્ય સરકારોને આપી શકે છે. રાજ્યના સરકારી-અર્ધસરકારી કર્મચારીઓ તેમજ સર્વોચ્ચ અદાલત વચ્ચે વડીઅદાલતોના ન્યાયમૂર્તિઓના પગાર અને ભથ્થાઓમાં કાપ મૂકી શકાય છે. ભારતમાં આ પ્રકારની નાણાકીય કટોકટી અત્યાર સુધીમાં જાહેર કરવામાં આવી નથી.

**રાષ્ટ્રપતિની સ્વવિવેકની સત્તાઓ**

રાષ્ટ્રપતિ માત્ર રબરસ્ટેમ્પ નથી. અમુક સંજોગોમાં તેઓ સ્વવિવેકની સત્તાઓ ધરાવે છે. જે તેમણે પોતાના વિવેકને આધીન રહીને ભોગવવાની છે. આ સત્તાઓ તેમના સ્થાનને વધુ મજબૂત બનાવે છે.

(i) લોકસભામાં જ્યારે કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હોય તો, કયા પક્ષ કે કયા ગઠબંધનના નેતાને સરકાર રચવા માટે આમંત્રણ આપવું તેનો નિર્ણય લેવાની સ્વવિવેકની સત્તા રાષ્ટ્રપતિ ધરાવે છે.

(ii) કોઈ પણ સંજોગોમાં અનેક પ્રયત્નો કર્યા છતાં સરકારની રચના થઈ શકે તેમ નથી તેવું લાગે તે વખતે રાષ્ટ્રપતિ એવાં તારણ પર આવી શકે કે, વર્તમાન લોકસભા લોકોનું પ્રતિનિધિત્વ વ્યક્ત કરવામાં નિષ્ફળ ગઈ છે તો તેઓ લોકસભાનું વિસર્જન જાહેર કરી શકે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### ભારતના રાષ્ટ્રપતિનું સ્થાન

ભારતના રાષ્ટ્રપતિને હસ્તક વિશાળ સત્તાઓ મૂકવામાં આવી છે. કટોકટી અંગેની વિશાળ સત્તાઓ એવી દહેશત સર્જે છે કે તેઓ ધારે તો સરમુખત્યાર બની શકે તેમ છે. તેમનાં સ્થાન તથા સત્તાઓ અંગે અનેક વિવાદ સર્જાયા છે. પણ આપણા બંધારણના ઘડવૈયાઓના મતે રાષ્ટ્રપતિ એ એક બંધારણીય વડા છે અને તેઓ પોતાની સત્તાઓનો ઉપયોગ પોતાની મરજી મુજબ કરી શકતા નથી. તેઓ વડાપ્રધાન-પ્રધાનમંડળની સલાહ અનુસાર વર્તવા બંધાયેલા છે. ડૉ. આંબેડકર બંધારણના ઘડતરની પ્રક્રિયા સમયે તેમના સ્થાન અંગે ખુલાસો કરતાં કહેલું કે, ''બ્રિટનમાં રાજાનું જે સ્થાન છે તેવું જ સ્થાન ભારતમાં રાષ્ટ્રપતિનું છે. તેઓ રાજ્યના વડા છે. પરંતુ કારોબારીના વાસ્તવિક વડા નથી. તેઓ રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ રાષ્ટ્ર પર શાસન કરતા નથી. તેઓ રાષ્ટ્રની એકતાનું પ્રતીક છે.''

### ભારતના ઉપરાષ્ટ્રપતિ

ભારતના ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ (ચૅરમૅન) છે. ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ હતા.

**ચૂંટણી :**

સંસદનાં બંને ગૃહોના સભ્યોના બનેલા મતદારમંડળ દ્વારા ગુપ્ત મતદાન પદ્ધતિથી તેમની ચૂંટણી થાય છે.

**ઉપરાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો :** આ પદ માટે ઉમેદવારી કરનાર વ્યક્તિ માટે જરૂરી છે કે,

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 35 વર્ષની ઉંમર પૂર્ણ કરેલી હોવી જોઈએ.

(iii) તે રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાવાની પાત્રતા ધરાવતી હોવી જોઈએ.

(iv) સંઘ કે રાજ્ય સરકારમાં કોઈ પણ પ્રકારનો સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

(v) તે સંસદ કે રાજ્ય ધારાસભાના કોઈ પણ ગૃહની સભ્ય ન હોવી જોઈએ. જો આવી વ્યક્તિ ઉપરાષ્ટ્રપતિ પદે ચૂંટાય તો અન્ય હોદ્દા પરથી રાજીનામું આપવું પડે છે.

### પદની સમય-અવધિ

આ પદની સમયાવધિ સામાન્યતઃ પાંચ વર્ષની છે. આ સમયમર્યાદા પહેલાં તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું આપી શકે છે. રાજ્યસભાના તમામ સભ્યોની બહુમતીથી અને લોકસભા દ્વારા સંમતિ પામેલા રાજ્યસભાના ઠરાવથી તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાય છે. ઉપરાષ્ટ્રપતિના ખાલી પડેલા સ્થાનની ચૂંટણી બની શકે તેટલી ઝડપથી કરવી તેવી બંધારણીય જોગવાઈ છે.

**શપથવિધિ :** ઉપરાષ્ટ્રપતિએ હોદ્દો ગ્રહણ કરતાં પહેલાં રાષ્ટ્રપતિ સમક્ષ અથવા તેમણે આ માટે નીમેલી વ્યક્તિ સમક્ષ શપથ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી પડે છે.

**ઉપરાષ્ટ્રપતિની સત્તાઓ અથવા ફરજો :** કેન્દ્ર સરકારના અગ્રતા ક્રમમાં રાષ્ટ્રપતિ પછી તેઓ બીજા સ્થાને આવે છે. રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની તમામ ફરજ બજાવે છે.


ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકેની ફરજો માત્ર છ માસ સુધી જ બજાવી શકે છે. તે સમયે તેઓ રાષ્ટ્રપતિ તરીકે મળતાં પગાર-ભથ્થાં-સવલતો વિશેષાધિકારો ભોગવે છે. તે સમયે રાજ્યસભાના સભાપતિ તરીકેની ફરજો બજાવી શકતા નથી. તે ફરજ રાજ્યસભાના ઉપસભાપતિ (ડૅપ્યુટી ચૅરમૅન) બજાવે છે. રાષ્ટ્રપતિ જો રાજીનામું આપવા માંગતા હોય તો તેમણે ઉપરાષ્ટ્રપતિને ઉદ્દેશીને રાજીનામું આપવાનું હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**ભારતમાં કેન્દ્ર કક્ષાએ કારોબારી :**






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### વડાપ્રધાન અને પ્રધાનમંડળ

સંસદીય સરકારમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળની ભૂમિકા અને મહત્ત્વ અનેરું અને આગવું છે. કારોબારીની તમામ વાસ્તવિક સત્તાઓ વડાપ્રધાન અને પ્રધાનમંડળ હસ્તક રહેલી છે. વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે.

બંધારણની જોગવાઈ અનુસાર રાષ્ટ્રપતિને તેમનાં કાર્યોમાં સલાહ અને મદદ કરવા વડાપ્રધાનની આગેવાની નીચે એક પ્રધાનમંડળ હોય છે. રાષ્ટ્રપતિ તેમની સલાહ માનવા બંધાયેલા છે. આ બાબતમાં પ્રધાનમંડળે કઈ સલાહ આપી તે અંગે ભારતની કોઈપણ અદાલતમાં વિવાદ ઉઠાવી શકાતો નથી.

### પ્રધાનમંડળની રચના

(i) સામાન્ય કે મધ્યસત્ર ચૂંટણીમાં ચૂંટાયેલા બહુમતી પક્ષના નેતાની રાષ્ટ્રપતિ વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.

(ii) ક્યારેક કોઈ એક પક્ષને લોકસભામાં સ્પષ્ટ બહુમતી ન મળી હોય ત્યારે સમાન વિચારધારા ધરાવતા પક્ષોની મિશ્ર સરકાર પણ રચાય છે. તેના પસંદ થયેલ નેતાની તેઓ વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.

(iii) વડાપ્રધાનની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ પ્રધાનમંડળના અન્ય સભ્યોની પસંદગી કરે છે.

(iv) રાષ્ટ્રપતિ વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળના સભ્યોને ગુપ્તતાના તેમજ હોદ્દાના શપથ લેવડાવે છે.

(v) રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ અનુસાર પ્રધાનોને વિભાગોની વહેંચણી કરે છે અથવા પુનઃરચના કરે છે.

### પ્રધાનપદ માટેની લાયકાતો

(i) પ્રધાનપદ માટે સંસદના ગમે તે ગૃહનું સભ્યપદ જરૂરી છે.

(ii) કોઈપણ ગૃહનો તે વ્યક્તિ સભ્ય ન હોય છતાં તેની નિમણૂક પ્રધાન કે વડાપ્રધાન તરીકે કરી શકાય છે. પણ તેણે છ માસમાં જ ગમે તે ગૃહનું સભ્યપદ મેળવી લેવું અનિવાર્ય છે. નહિતર પ્રધાનમંડળનો ત્યાગ કરવો પડે છે.

(iii) પ્રધાનોની પસંદગી એ વડાપ્રધાનનો વિશેષાધિકાર છે. પક્ષમાં ન હોય તેવી વ્યક્તિને પણ તેઓ પ્રધાનમંડળના સભ્ય તરીકે પસંદ કરી શકે છે.

પ્રધાનો ક્યારેક વડાપ્રધાનની સાથે મતભેદને કારણે સ્વયં છૂટા થાય છે. તો ક્યારેક વડાપ્રધાન પોતે તેમને રૂખસદ કે રાજીનામું આપવાની ફરજ પાડે છે.

### પ્રધાનોની કક્ષા (સ્તર)

કેન્દ્ર સરકારના પ્રધાનમંડળમાં ત્રણ કક્ષાના પ્રધાનો હોય છે : (1) કૅબિનેટ કક્ષા (2) રાજ્ય કક્ષા (3) નાયબ કક્ષા.

કૅબિનેટ કક્ષાના પ્રધાનો નીતિ ઘડે છે. સરકારને દોરવણી આપતું તે નાનું રાજકીય મંડળ છે. અન્ય કક્ષાના પ્રધાનો કૅબિનેટ કક્ષાના પ્રધાનોને મદદ કરે છે. ક્યારેક રાજ્ય કક્ષાના પ્રધાનને કોઈક વિભાગનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવે છે. કેટલાક રાજ્યમંત્રી કૅબિનેટ મંત્રીઓને આધીન હોય છે.

### સમય-અવધિ

પ્રધાનમંડળની મુદત લોકસભાની માફક પાંચ વર્ષની છે. વડાપ્રધાનનું અવસાન અથવા રાજીનામાથી પ્રધાનમંડળનો અંત આવે છે અને નવું પ્રધાનમંડળ સત્તા પર આવે છે. લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો સમગ્ર પ્રધાનમંડળ એક ટીમ તરીકે રાજીનામું આપે છે.

### પગાર-ભથ્થાં અને સવલતો

સંસદ વખતોવખત ઠરાવ કરીને તેમનાં પગાર-ભાડાં-ભથ્થાં નક્કી કરે છે. તેમાં નાણાકીય કટોકટી સિવાય કાપ મૂકી શકાતો નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**વડાપ્રધાનનાં કાર્યો**

સરકારિયા પંચની ભલામણો તેમજ બંધારણીય સુધારા મુજબ પ્રધાનમંડળના સભ્યોની સંખ્યા લોકસભાની કુલ સભ્ય-સંખ્યાના 15 ટકાથી વધવી ન જોઈએ. ભારતના બંધારણમાં રાજ્યના વડા રાષ્ટ્રપતિને ચોક્કસ સત્તાઓ આપવામાં આવી છે. ભારતના વડાપ્રધાનનું મુખ્ય કાર્ય રાષ્ટ્રપતિનાં કાર્યમાં સહાય અને સલાહ આપવાનું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સંસદીયપ્રથાની સરકારમાં વડાપ્રધાન નિર્ણયો લે છે. તેઓ શાસનના મુખ્ય પ્રવક્તા છે. ભારતના વડાપ્રધાનનાં કાર્યો ને સત્તાઓ નીચે પ્રમાણે છે :

**(1) કારોબારી કાર્યો :** ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર પ્રધાનમંડળના સભ્યોની નિમણૂકનો અધિકાર રાષ્ટ્રપતિ પાસે છે. પરંતુ તે માત્ર ઔપચારિકતા જ છે. વાસ્તવિક રીતે પ્રધાનમંડળના સભ્યોની પસંદગી વડાપ્રધાનનો વિશેષાધિકાર છે. તેમાં સરકારના સાતત્ય અને સંતુલન માટે જુદા જુદા વર્ગો, હિતો, ધર્મો, પ્રદેશોનું પ્રતિનિધિત્વ સચવાય તેવું ધ્યાન રાખવામાં આવે છે.

કઈ વ્યક્તિને કયું ખાતું કે વિભાગ આપવો તે તેમની મરજી પર અવલંબે છે. તેઓ ગમે તે સભ્યને પ્રધાનમંડળમાંથી રૂખસદ આપી શકે છે. પ્રધાનમંડળની પુનઃરચના, ખાતાં કે વિભાગોની પુનઃરચના, બિનકાર્યક્ષમ પ્રધાનોને પડતા મૂકવાની સત્તા તેઓ ધરાવે છે. કોઈ પ્રધાન પ્રધાનમંડળના નિર્ણય સાથે અસહમત થાય તો તેને રાજીનામું આપવાનું કહે છે અથવા પ્રધાનમંડળમાંથી દૂર કરવા રાષ્ટ્રપતિને ભલામણ કરે છે.

પ્રધાનમંડળની બેઠકનું તેઓ અધ્યક્ષસ્થાન સંભાળે છે. તેમાં નિર્ણય-ઘડતરની પ્રક્રિયામાં કૅબિનેટનું મહત્ત્વ વિશેષ છે. વડાપ્રધાન પણ તેમાં અગત્યની ભૂમિકા ભજવે છે. તેઓ દેશની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓના ઘડવૈયા છે. તેઓ પ્રધાનો વચ્ચે અને પ્રધાનમંડળ અને રાષ્ટ્રપતિ વચ્ચે સંકલન કે સંપર્ક કડીની ભૂમિકા ભજવે છે.

**(2) ધારાકીય કાર્યો :** વડાપ્રધાન ધારાકીય કાર્યવાહીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓ સંસદીય નેતૃત્વ પણ ધરાવે છે. તેઓ બહુમતી પક્ષના નેતા તરીકે લોકસભામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેઓ અધ્યક્ષ સાથે સતત સંપર્ક રાખીને લોકસભાનું સત્ર બોલાવવું, સમય, તારીખ નિર્ધારિત કરવી, સત્રાવસાનની પ્રક્રિયા રાષ્ટ્રપતિ તેમની સલાહ અનુસાર ગોઠવે છે.

તેઓ સંસદમાં રજૂ થનાર ખરડાઓને આખરી ઓપ જે-તે ખાતાના મંત્રી દ્વારા અપાવે છે. સંસદમાં ખરડા પસાર કરાવવામાં સહભાગી થાય છે. તે ખરડાઓના હેતુઓ, ઉદ્દેશો, જોગવાઈઓ વગેરેની સ્પષ્ટતામાં તેઓ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જરૂર પડ્યે આ અંગે વિરોધ પક્ષની તથા સર્વપક્ષીય બેઠક બોલાવીને વિશ્વાસમાં લે છે. તેઓ સરકારના મુખ્ય પ્રવક્તા છે. તેઓ મંત્રીમંડળના નીતિવિષયક નિર્ણયોની ઘોષણા સંસદમાં કરે છે. તે અંગેના જરૂરી ખુલાસાઓ પણ કરે છે.

**(3) નાણાકીય કાર્યો :** વડાપ્રધાનના માર્ગદર્શન તળે નાણામંત્રી વાર્ષિક અંદાજપત્ર (બજેટ) સંસદમાં રજૂ કરે છે. દેશની નાણાકીય નીતિ, આર્થિકનીતિમાં તેમનું દૃષ્ટિબિંદુ નિર્ણાયક હોય છે. કૅબિનેટની બેઠકમાં તેને આખરી ઓપ અપાય છે. ભારતના વડાપ્રધાન હોદ્દાની રૂએ નીતિપંચના અધ્યક્ષ ગણાય છે. જરૂર પડે જે-તે રાજ્યના તેમજ તેના કોઈ વિસ્તારના વિકાસ અંગે કેન્દ્રીય ભંડોળમાંથી ખાસ રાહત પૅકેજ મંજૂર કરે છે. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓના સમયે તેઓ જે-તે રાજ્યને વડાપ્રધાનના ભંડોળમાંથી સહાય આપે છે.

**(4) વહીવટી કાર્યો :** વડાપ્રધાન સમગ્ર વહીવટી તંત્ર ઉપર વર્ચસ્વ ધરાવે છે. તેઓ દ્વારા ઘડાયેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓને કાર્યાન્વિત કરવા વહીવટીતંત્રને તે દિશામાં વાળીને વહીવટી તંત્રને ગતિશીલ કરે છે. રાષ્ટ્રપતિ દ્વારા થતી વહીવટી નિમણૂકોમાં તેમનો મત નિર્ણાયક રહે છે. વહીવટસંબંધી સંસદમાં પુછાયેલા પ્રશ્નોના તેઓ જવાબ આપે છે. દુનિયાનાં અન્ય રાષ્ટ્રો સાથે સંધિ કે કરારમાં તેમનું જ દૃષ્ટિબિંદુ પ્રભાવશાળી રહે છે. આમ, તેઓ આંતરિક અને બાહ્ય વિદેશ નીતિમાં રાષ્ટ્રપતિની સત્તાઓનો વાસ્તવિક રીતે અમલ કરે છે. આમ, વડાપ્રધાનનું સ્થાન સંસદીય સરકારમાં ચાવી રૂપ છે.

**વડાપ્રધાનનું સ્થાન**

ભારતના વડાપ્રધાનની પાસે અનેક સત્તાઓ છે. તે દેશની કારોબારીના વાસ્તવિક વડા છે અને સંસદમાં તેમને બહુમતીનો ટેકો હોય છે.



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com

વડાપ્રધાન કેન્દ્ર સરકારના પ્રધાનમંડળના સુકાની છે. સંસદીય સરકારમાં તેમનું સ્થાન સર્વોપરી છે. તેઓ જ વાસ્તવિક કારોબારી ગણાય છે. તેઓ જ કૅબિનેટરૂપી જહાજના સુકાની છે. દેશની સત્તાના સૂત્રધાર છે. તેઓ સત્તાધારી પક્ષ કે ગઠબંધનના નેતા છે. સંસદના પ્રથમ ગૃહ એવા લોકસભાના પણ નેતા છે.

કાનૂની અને બંધારણીય અર્થમાં તેઓ પ્રધાનોના ઉપરી કે વડા નથી. પણ તેમનું સ્થાન 'સમાનોમાં પ્રથમ' છે.

**(બ) રાજ્યકક્ષાએ કારોબારી :**

**રાજ્યની સરકાર**




**રાજ્યપાલ**

ભારતીય સમવાયતંત્રની વિશિષ્ટ જોગવાઈ મુજબ કેન્દ્ર રાજ્ય સંબંધોની કડીમાં રાજ્યની કારોબારીમાં રાજ્યપાલનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. રાજ્યની કારોબારી રાજ્યપાલ તેમજ મુખ્યપ્રધાન અને પ્રધાનમંડળની બનેલી છે. ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર પ્રત્યેક રાજ્યમાં એક રાજ્યપાલની જોગવાઈ કરવામાં આવી છે. ક્યારેક એક જ વ્યક્તિ બે કે તેથી વધુ રાજ્યો માટે રાજ્યપાલ તરીકે નીમવામાં આવે છે.

**નિમણૂક**

રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

**લાયકાતો**

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તે વ્યક્તિ 35 વર્ષથી વધુ વય ધરાવતી હોવી જોઈએ.

(iii) સંસદના કોઈ પણ ગૃહ અથવા રાજ્યની ધારાસભાના કોઈ પણ ગૃહની તે સભ્ય ન હોવી જોઈએ. જો તે કોઈ પણ ગૃહની સભ્ય હોય તો તે જે દિવસ રાજ્યપાલનો હોદ્દો ધારણ કરે તે દિવસથી તેણે સભ્યપદેથી રાજીનામું આપી દેવું પડે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(iv) તે વ્યક્તિ સંઘ સરકાર તેમજ રાજ્ય સરકારમાં કોઈ સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી રાજ્યપાલ હોદ્દો ધરાવે છે. સામાન્ય રીતે તેમની નિમણૂક પાંચ વર્ષ માટે કરવામાં આવે છે. આ મુદત તેઓ પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની ગણાય છે. રાષ્ટ્રપતિ રાજ્યપાલને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે. તેમની અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે પણ બદલી થઈ શકે છે.

રાજ્યપાલે ભારતના રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપવાનું હોય છે.

**સોગંદ-શપથવિધિ**

રાજ્યપાલે પોતાનો હોદ્દો ગ્રહણ કરતાં અગાઉ રાજ્યની વડીઅદાલતના મુખ્ય ન્યાયાધીશ અને તેમની ગેરહાજરીમાં તે ન્યાયાલયના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશની હાજરીમાં હોદ્દાના શપથ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્રમાં સહી કરવી પડે છે.

**પગાર-ભથ્થાં અને અન્ય સવલતો**

રાજ્યના બંધારણીય વડા તરીકે તેમને રહેઠાણ, પગાર-ભથ્થાં વગેરે સવલતો આપવામાં આવે છે.

**રાજ્યપાલની સત્તાઓ**

કેન્દ્ર સરકારમાં રાષ્ટ્રપતિ જે બંધારણીય વડાનું સ્થાન ધરાવે છે. તેવું જ બંધારણીય વડાનું સ્થાન રાજ્યમાં રાજ્યપાલ ધરાવે છે.

(1) **કારોબારી સત્તાઓ :** રાજ્યપાલ કેટલીક નિમણૂક-સત્તા ધરાવે છે. જેમકે સામાન્ય ચૂંટણી પછી બહુમતી ધરાવતા પક્ષના નેતાને મુખ્યમંત્રી તેમજ તેમની સલાહથી અન્ય મંત્રીઓની નિમણૂક ઉપરાંત અસડવોકેટ જનરલ, રાજ્ય જાહેર સેવાપંચના અધ્યક્ષ તેમજ સભ્યોની ઉપરાંત જે-તે યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની નિમણૂક મુખ્ય છે.

રાજ્યમાંની બંધારણીય કટોકટીમાં કેન્દ્રના પ્રતિનિધિ તરીકે રાજ્યનો સમગ્ર વહીવટ સંભાળે છે.

(2) **ધારાકીય સત્તાઓ :** રાજ્યપાલ રાજ્યની ધારાસભાનું અભિન્ન અંગ છે.

રાજ્યપાલ નવી રચાયેલ ધારાસભાના બંને ગૃહોની અલગ-અલગ બેઠક (બે ગૃહ હોય તો) બોલાવીને તેને સંબોધન કરવાની, વિધાનસભાની સત્રસમાપ્તિ વિસર્જનની, બંને ગૃહોમાં ત્રણેક વાચનમાંથી પસાર થયેલા ખરડા પર સહી કરી કાયદો બનાવવાની, ખરડાને પુનઃવિચાર માટે વિધાનસભાને પરત મોકલવાની, પુનઃપસાર થયેલા ખરડાને મંજૂર કરવાની, કોઈ ખરડાને જરૂર જણાય તો રાષ્ટ્રપતિની મંજૂરી માટે કેન્દ્રમાં મોકલવાની, રાજ્યની વિધાનપરિષદમાં સાહિત્ય, કલા, વિજ્ઞાન, સમાજ-સેવા, સહકારી પ્રવૃત્તિઓની તજ્જ્ઞોની નિમણૂક કરવાની તેમજ જ્યારે વિધાનસભાની બેઠક કાર્યરત ન હોય ત્યારે તેવા સંજોગોમાં તાત્કાલિક પગલાં લેવાં જરૂર જણાય તો વટહુકમ પ્રસિદ્ધ કરવાની રાજકીય સત્તા ધરાવે છે.

(3) **નાણાકીય સત્તાઓ :** રાજ્યપાલની પૂર્વ સંમતિથી રાજ્યનું જે-તે વર્ષનું વાર્ષિક અંદાજપત્ર (બજેટ) તેમજ પૂરક માગણીઓ, ખર્ચની જોગવાઈઓ રાજ્યના નાણામંત્રી દ્વારા વિધાનસભામાં રજૂ થાય છે.

વધુમાં રાજ્યની વિધાનસભાની મંજૂરીને આધીન રહીને અણધાર્યા કે આકસ્મિક ખર્ચને પહોંચી વળવા તેઓ રાજ્યના સંચિતનિધિમાંથી રકમ ઉપાડીને ખર્ચ કરવાની સત્તા નાણાકીય સત્તા ધરાવે છે.

(4) **ન્યાયવિષયક સત્તાઓ :** રાજ્યપાલ રાજ્યના ન્યાયિક અધિકારીઓની નિમણૂક, ભરતી, બઢતી, બરતરફીની તેમજ તેમને જે-તે કાયદાના ભંગ બદલ દોષિત ગુનેગારની સજા માફ કરવાની, મોકૂફ રાખવાની, રાહત આપવાની, સજા હળવી કરવાની કે તેમાંથી મુક્તિ આપવાની ન્યાયવિષયક સત્તાઓ ધરાવે છે.

(5) **રાજ્યપાલની સ્વવિવેકની સત્તાઓ :** રાજ્યના રાજ્યપાલ સ્વવિવેકની સત્તાઓના ઉપયોગ થકી તેઓ માત્ર રાજ્યના ઔપચારિક કે વડા કે બંધારણીય વડાથી પણ વિશિષ્ટ દરજ્જો પામે છે. જેમાં કોઈ પણ રાજકીય પક્ષને સામાન્ય ચૂંટણીમાં બહુમતી ન મળે ત્યારે આવી પ્રવાહી પરિસ્થિતિમાં મુખ્યમંત્રીની પસંદગી શપથવિધિ બાબત મંત્રીમંડળે વિધાનસભાનો વિશ્વાસ ગુમાવ્યો તથા રાજીનામું આપે ત્યારે તેમજ મંત્રીમંડળ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલું હોય તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિની સલાહથી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મંત્રીમંડળને બરતરફ તથા મંત્રીમંડળનું પતન થયું હોય, ત્યારે વિધાનસભાનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે.

આમ ઉપર્યુક્ત સત્તાઓના અમલીકરણ બાબત તેમને અદાલતમાં પડકારી શકાતા નથી.

**રાજ્યપાલનું સ્થાન**

આપણે ત્યાં સંઘ તેમજ એકમ રાજ્યોમાં સંસદીય પ્રકારની સરકાર અપનાવી હોવાથી સંઘમાં રાષ્ટ્રપતિનું જેવું સ્થાન છે તેવું જ સ્થાન રાજ્યમાં રાજ્યપાલનું છે. રાજ્યના તેઓ બંધારણીય અને ઔપચારિક વડા છે.

આમ છતાં પણ આ હોદ્દાની ઊજળી બાજુ પણ છે. જો રાજ્યપાલ પીઢ, અનુભવી, કાબેલ, રાજનીતિજ્ઞ અને દીર્ઘ દૃષ્ટિવાળા હોય તો રાજ્યમાં અસરકારક પ્રભાવની છાપ અંકિત કરી શકે છે.

રાજ્યના રાજ્યપાલ શાસનકર્તા નથી પરંતુ બંધારણની રખેવાળી કરનાર છે.

**રાજ્યના મુખ્યમંત્રી - મંત્રીમંડળ**

સંઘ સરકારમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે. તે જ રીતે મુખ્યમંત્રી અને મંત્રીમંડળ જે-તે રાજ્યમાં વાસ્તવિક કારોબારી ગણાય છે.

બંધારણની જોગવાઈ મુજબ રાજ્યપાલને મદદ કરવા અને સલાહ આપવા માટે મુખ્યમંત્રીના વડપણ હેઠળ મંત્રીમંડળની જોગવાઈ કરવામાં આવી છે. પણ વ્યવહારમાં સંસદીય સરકારની પ્રણાલી મુજબ વિધાનસભામાં ચૂંટાઈ આવેલ બહુમતી પક્ષના નેતાની રાજ્યપાલે મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરવાની હોય છે.

મુખ્યમંત્રીની સલાહ મુજબ રાજ્યપાલ અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે. મંત્રીઓ વિધાનસભામાં બહુમતીનો ટેકો હોય ત્યાં સુધી હોદ્દો ધરાવી શકે છે.

મુખ્યમંત્રી કે મંત્રી તરીકે નિમાનાર વ્યક્તિ ધારાસભાના ગમે તે ગૃહની વિધાનસભાની કે વિધાનપરિષદની સભ્ય હોવી જોઈએ. જો તે ન હોય તો છ માસની મુદતમાં ગમે તે ગૃહના સભ્ય તરીકે ચૂંટાઈ આવવું અનિવાર્ય છે, નહિતર તેઓને તે પદનો ત્યાગ કરવો પડે છે.

**શપથવિધિ**

મુખ્યમંત્રી તેમજ અન્ય મંત્રીઓને તેમના હોદ્દાના તેમજ ગુપ્તતાના સોગંદ રાજ્યપાલ લેવડાવે છે અને ત્યારબાદ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરાવે છે.

**પ્રધાનોની કક્ષા (સ્તર)**

રાજ્યના પ્રધાનોની કક્ષા ચાર પ્રકારની છે :

(અ) કૅબિનેટ (બ) રાજ્યકક્ષા (ક) નાયબકક્ષા (ડ) સંસદીય સચિવ

આ કક્ષા અંગેની જે-તે વ્યક્તિની પસંદગી માટે મુખ્યમંત્રી વિશેષાધિકાર ભોગવે છે.

રાજ્યના મુખ્યમંત્રી તેમજ મંત્રીમંડળના સભ્યોનાં પગાર, ભાડાં-ભથ્થાં તથા અન્ય સવલતો રાજ્યની ધારાસભા કાયદા દ્વારા નક્કી કરે છે.

**મુખ્યમંત્રીનાં કાર્યો**

મુખ્યમંત્રી અને મંત્રીમંડળ વાસ્તવમાં રાજ્યના કારોબાર-વહીવટની ધુરા સંભાળે છે. મુખ્યમંત્રીને કેટલાંક કર્તવ્યો નિભાવવાના હોય છે જે નીચે મુજબ છે :

(1) મંત્રીમંડળના સભ્યોની પસંદગી તેમજ તેમને ખાતાઓની વહેંચણી, પુનઃવહેંચણી, મંત્રીને રુખસદ, નવા મંત્રી તરીકેની પસંદગી વગેરે જેવા વિશેષાધિકાર છે.

(2) રાજ્યના રાજ્યપાલ અને મંત્રીમંડળ વચ્ચે વહીવટી સંકલન જાળવવાનું કાર્ય કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) મંત્રીમંડળની બેઠકનું અધ્યક્ષ સ્થાન સંભાળે છે તેમજ ગૃહમાં શાસક પક્ષના નેતા તરીકેની તમામ જવાબદારી સંભાળે છે.

(4) રાજ્યના હિતોના સંવર્ધન તેમજ રક્ષણ માટે કેન્દ્ર કક્ષાએ અસરકારક રજૂઆત કરી રાજકીય નેતૃત્વની ભૂમિકા સર્જે છે.

(5) સત્તાધારી અને વિરોધ પક્ષ વચ્ચે સરકારને એક ટીમ તરીકે નેતૃત્વ પૂરું પાડે છે.

(6) રાજ્યમાં માનવસર્જિત તેમજ કુદરત સર્જિત આપત્તિઓમાં અસરકારક નેતૃત્વ પક્ષ ત્વરિત નિર્ણયો લઈને પ્રજાને રાહત આપવાનું આગવું કાર્ય કરે છે.

(7) રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણયો તેમજ નવી યોજનાઓમાં પ્રજાને લાભાન્વિત કરાવે છે, જે તેથી કરીને પ્રજાનો બહોળો વધુ વિશ્વાસ સંપાદન કરવાનું કાર્ય કરે છે.

આમ, રાજ્યની કારોબારીમાં મુખ્યમંત્રી અનેકવિધ કાર્યો કરીને રાજ્યના વિકાસમાં આગવું પ્રદાન કરે છે.

**મુખ્યમંત્રીનું સ્થાન**

રાજ્યની કારોબારીમાં મુખ્યમંત્રીનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. કેન્દ્ર કક્ષાએ જેવું સ્થાન વડાપ્રધાનનું છે તેવું સ્થાન રાજ્ય કક્ષાએ મુખ્યમંત્રીનું છે. તેઓ બહુમતી ધરાવતા પક્ષના નેતા છે. ગૃહના નેતા છે અને મંત્રીમંડળના અધ્યક્ષ છે. મંત્રીમંડળના સર્વેસર્વા અને ચાલક બળ છે. સરકારને નેતૃત્વ બક્ષે છે. નીતિવિષયક બાબતના પથદર્શક અને સમર્થ સુકાની છે. તેઓ મંત્રીમંડળરૂપી કમાનની આધારશિલા છે. તેઓ મંત્રી-મંત્રી વચ્ચે, મંત્રી અને ધારાસભા વચ્ચે, મંત્રી અને નાગરિક વચ્ચે, સરકાર અને નાગરિક વચ્ચે મંત્રીમંડળ અને રાજ્યપાલ વચ્ચેની સંપર્ક કડી છે. નીતિવિષયક બાબતોના ઉદ્‌ઘોષક છે. સરકારમાં તેમજ રાજ્યની વહીવટી વ્યવસ્થા-પ્રક્રિયામાં તેમનો અવાજ મહત્ત્વનો છે.

**મંત્રીમંડળની સામૂહિક જવાબદારી**

સમગ્ર મંત્રીમંડળની બેઠક ક્યારેક જ થાય છે. મોટે ભાગે કૅબિનેટ કક્ષાના મંત્રીઓની બેઠક જ વારંવાર થાય છે અને તેમના દ્વારા જ તમામ મહત્ત્વપૂર્ણ તેમજ નીતિવિષયક નિર્ણયો લેવાય છે. પરંતુ આવા લેવાયેલા નીતિવિષયક નિર્ણયો અંગે સમગ્ર મંત્રીમંડળ સામૂહિક રીતે જવાબદાર છે. સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત એ સંસદીયપ્રથાનું હાર્દ ગણાય છે. સમગ્ર મંત્રીમંડળ એક ટીમ-જૂથ તરીકે કૅબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણયનો બચાવ ધારાસભાની અંદર તેમજ બહાર કરવા બંધાયેલા છે. જો કોઈ મંત્રી કૅબિનેટના નિર્ણય સાથે વ્યક્તિગત રીતે અસંમત થાય તો તેને રાજીનામું આપવાનો આદેશ આપવામાં આવે છે. કૅબિનેટમાં લેવાયેલા નિર્ણયો માટે કોઈ પણ મંત્રીમંડળના સભ્ય જાહેરમાં તે નિર્ણયની વિરુદ્ધ પોતાનો અભિપ્રાય આપી શકતા નથી. તેમણે તો તે નિર્ણયનો જાહેરમાં બચાવ જ કરવાનો હોય છે.

આપણે કેન્દ્ર કક્ષાએ અને રાજ્ય કક્ષાએ કારોબારીના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી. આ બંને એટલે કે કેન્દ્ર અને રાજ્ય સ્તરની કારોબારીના સંદર્ભમાં વધુ તફાવતો નથી.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) કારોબારીનાં કાર્યો જણાવો.

(2) વડાપ્રધાનનાં કાર્યો જણાવો.

(3) ભારતના રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓ જણાવો.

(4) ભારતના રાષ્ટ્રપતિની કટોકટીવિષયક સત્તાઓ જણાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**2. ટૂંક નોંધ લખો :**

(1) ભારતના રાષ્ટ્રપતિનું સ્થાન

(2) રાજ્યપાલની સત્તાઓ

(3) રાજ્યના મુખ્યમંત્રીનાં કાર્યો

(4) રાષ્ટ્રપતિની કારોબારી સત્તાઓ

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) ભારતના રાષ્ટ્રપતિપદ માટેની લાયકાતો જણાવો.

(2) ભારતના ઉપરાષ્ટ્રપતિપદ માટેની લાયકાતો જણાવો.

(3) કેન્દ્રકક્ષાના પ્રધાનમંડળની રચના જણાવો.

(4) ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી-પ્રક્રિયા સમજાવો.

(5) રાજ્યપાલનું સ્થાન જણાવો.

(6) સંસદીય કારોબારી એટલે શું ?

(7) પ્રમુખીય કારોબારી એટલે શું ?

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો :**

(1) સરકારનાં અંગો કેટલાં અને કયાં-કયાં છે?

(2) કારોબારીનું મુખ્ય કાર્ય કયું છે?

(3) કારોબારીનો સરળ અર્થ આપો.

(4) કારોબારીના કેટલા અને કયા-કયા પ્રકારો છે ?

(5) રાજ્યના મંત્રીમંડળના પ્રકાર કેટલા અને કયા-કયા છે ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) ભારતના રાષ્ટ્રપતિ રાજ્યસભામાં કેટલા સભ્યોની નિમણૂક કરે છે ? ☐

(અ) 9 (બ) 10 (ક) 11 (ડ) 12

(2) બંધારણની કઈ કલમ અનુસાર રાષ્ટ્રપતિ સામે મહાભિયોગની કાર્યવાહી થઈ શકે છે ? ☐

(અ) કલમ-63 (બ) કલમ-62 (ક) કલમ-61 (ડ) કલમ-60

(3) ભારતમાં આજસુધી કઈ કટોકટીની જાહેરાત થઈ નથી ? ☐

(અ) નાણાકીય (બ) આંતરિક (ક) બાહ્ય (ડ) બંધારણીય

(4) ભારતના રાષ્ટ્રપતિને હોદ્દાના અને ગુપ્તતાના સોગંદ કોણ લેવડાવે છે ? ☐

(અ) અધ્યક્ષ (બ) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ

(ક) રાજ્યપાલ (ડ) ઉપરાષ્ટ્રપતિ

(5) રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિ પદનો સમયગાળો કેટલો છે ? ☐

(અ) 3 વર્ષ (બ) 4 વર્ષ (ક) 5 વર્ષ (ડ) 6 વર્ષ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(6) બે ઍંગ્લોઇંન્ડિયન સભ્યોની રાષ્ટ્રપતિ કયા ગૃહમાં નિમણૂક કરે છે ?
(અ) લોકસભા (બ) રાજ્યસભા (ક) વિધાનસભા (ડ) વિધાનપરિષદ

(7) ભારતના એટર્ની જનરલને કોણ નીમે છે ?
(અ) મુખ્ય ન્યાયાધીશ (બ) રાજ્યપાલ (ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) રાષ્ટ્રપતિ

(8) રાજ્યના ઍડવોકેટ જનરલની નિયુક્તિ કોણ કરે છે ?
(અ) રાજ્યપાલ (બ) મુખ્યમંત્રી (ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) રાષ્ટ્રપતિ

(9) સરકારને કેટલાં અંગોમાં વિભાજિત કરવામાં આવે છે ?
(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

(10) સંસદીય સરકારનો આદર્શ નમૂનો ગણાય છે.
(અ) ભારત (બ) ગ્રેટબ્રિટન (ક) કેનેડા (ડ) બ્રાઝિલ

**પ્રવૃત્તિ**

- ભારતના રાષ્ટ્રપતિભવનની મુલાકાતનું આયોજન કરો.
- ગુજરાતના રાજભવનની મુલાકાત લો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com


# 9 કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ન્યાયતંત્ર

સરકારના ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર એમ ત્રણ અંગો હોય છે. આ પ્રકરણમાં આપણે સરકારના ત્રીજા અંગ ન્યાયતંત્રનો વિસ્તૃત ખ્યાલ મેળવીશું.

ન્યાયતંત્રનું મુખ્ય કાર્ય ન્યાય કરવાનું છે. ધારાસભાએ ઘડેલા કાયદા અને કારોબારી દ્વારા તેના અમલ વખતે જો કાયદાનો ભંગ થાય તો ભંગ કરનારને સજા કે દંડ કરવાનું કાર્ય ન્યાયતંત્રનું છે. બીજું દેશનો મૂળભૂત કાયદો એટલે કે બંધારણનું અર્થઘટન કરવાનું કાર્ય પણ સર્વોચ્ચ અદાલતનું છે. આ રીતે ન્યાયતંત્રની અગત્ય નાગરિકોની સ્વતંત્રતા અને અન્ય હકોનું રક્ષણ કરવા માટે છે.

લોકશાહી દેશોમાં નાગરિકોના હકોના રક્ષણ માટે ન્યાયાધીશો સ્વતંત્ર, તટસ્થ અને નીડર હોય એ જરૂરી છે.

**ભારતનું ન્યાયતંત્ર :** ભારતના ન્યાયતંત્રની રચના એકતંત્રી પદ્ધતિથી કરવામાં આવી છે. સમગ્ર દેશ માટે એક જ સળંગ, એકસૂત્રી ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે.




**પિરામિડ આકારનું ન્યાયતંત્રનું માળખું**

આકૃતિ પ્રમાણે આપણા ન્યાયતંત્રની ટોચે અદાલતોમાં સર્વોચ્ચ અદાલત આવેલી છે જે નવી દિલ્લીમાં બેસે છે.

સર્વોચ્ચ અદાલતે ફરમાવેલી સજાને રદ કરવા ગુનેગાર રાષ્ટ્રપતિને દયાની અરજી કરી શકે છે. રાષ્ટ્રપતિ બંધારણની કલમ-72 અનુસાર કોઈ ગુના માટે દોષિત ઠરેલી વ્યક્તિને થયેલી સજા માફ કરવાની, સજાનો અમલ મોકૂફ રાખવાની, તેમાં મહેતલ આપવાની કે તે સજાને હળવી કરવાની સત્તા ધરાવે છે.

**કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ન્યાયતંત્ર**

આ પ્રકરણમાં આપણે (અ) કેન્દ્રકક્ષાએ ન્યાયતંત્ર અને (બ) રાજ્યકક્ષાએ ન્યાયતંત્રનો ખ્યાલ મેળવીશું.

**(અ) કેન્દ્રકક્ષાએ ન્યાયતંત્ર :** કેન્દ્રકક્ષાએ ન્યાયતંત્રમાં ટોચ સ્થાને સર્વોચ્ચ અદાલત છે.

**સર્વોચ્ચ અદાલતની રચના**

સર્વોચ્ચ અદાલત ભારતના બંધારણની કલમ-124 મુજબ દેશની સૌથી ઉપરી અદાલત છે. વર્ષ 2015માં આપણી સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની સંખ્યા 28 (1 મુખ્ય ન્યાયાધીશ + 27 અન્ય ન્યાયાધીશ) છે. સંસદ કાયદાથી ઠરાવીને અન્ય ન્યાયાધીશોની સંખ્યામાં વધારો કરી શકે છે. જો રાષ્ટ્રપતિને એમ લાગે કે સર્વોચ્ચ અદાલતમાં ન્યાયને લગતાં કાર્યોનો બોજો વધી ગયો છે તો રાષ્ટ્રપતિ તત્પૂરતા જરૂરી ન્યાયાધીશોની નિમણૂક કરી શકે છે.

**ન્યાયાધીશોની નિમણૂક-પ્રક્રિયા :** સર્વોચ્ચ અદાલત અને વડીઅદાલતોના ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની લાયકાત : આપણા બંધારણ અનુસાર સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિ.

(1) ભારતની નાગરિક હોવી જોઈએ.

(2) ભારતની કોઈ પણ વડીઅદાલતમાં તેમણે ન્યાયાધીશ તરીકે ઓછામાં ઓછી પાંચ વર્ષ સુધી સેવા આપેલી હોવી જોઈએ.

(3) ભારતની કોઈ પણ વડીઅદાલતમાં તેમણે ઓછામાં ઓછા દસ વર્ષ સુધી વકીલાત કરેલી હોવી જોઈએ.

(4) રાષ્ટ્રપતિના મતે પારંગત ધારાશાસ્ત્રી હોવી જોઈએ.

(5) તેમની ઉંમર 65 વર્ષ કરતાં વધુ ન હોવી જોઈએ.

**ન્યાયાધીશોની સેવાનો સમયગાળો :** સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિવૃત્તિ વયમર્યાદા 65 વર્ષ નક્કી કરવામાં આવી છે. પરંતુ આ મુદત પહેલાં પણ જો ન્યાયાધીશ ઇચ્છે તો રાષ્ટ્રપતિને લેખિત રાજીનામું આપીને પોતાના હોદ્દાનો ત્યાગ કરી શકે છે. આ ઉપરાંત અવસાન પામવાથી, અયોગ્યતા સાબિત થવાથી, ગેરવર્તણૂકના કારણે પદત્યાગ કરવાની ફરજ પાડવાથી કે બંધારણીય મર્યાદાઓના ભંગ બદલ મહાભિયોગની કાર્યવાહીથી ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

બંધારણ અનુસાર નિવૃત્તિ બાદ ન્યાયાધીશ ભારતની કોઈપણ અદાલતમાં વકીલાત કરી શકે નહિ.

રાષ્ટ્રીય માનવઅધિકાર પંચના અધ્યક્ષ તરીકે સામાન્ય રીતે સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત વરિષ્ઠ ન્યાયાધીશની પસંદગી કરવામાં આવે છે.

**સોગંદ :** સર્વોચ્ચ અદાલતના દરેક ન્યાયાધીશને હોદ્દો સ્વીકારતાં પહેલાં રાષ્ટ્રપતિ સમક્ષ ભારતના બંધારણ પ્રત્યે વફાદાર રહેવાના અને તેનું રક્ષણ કરવાના સોગંદ લેવા પડે છે.

**પગાર અને સવલતો :** ન્યાયતંત્રની સ્વતંત્રતાના રક્ષક તરીકેની, નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણની અને બંધારણના રક્ષણની મોટી જવાબદારી ન્યાયાધીશોને માથે છે. આ માટે તેઓને ચિંતામુક્ત કરવા, લાલચ કે પ્રલોભનથી દૂર રાખવા કેન્દ્રના સંચિત નિધિમાંથી પગાર, ભાડાં-ભથ્થાં, પેન્શન તેમજ ન્યાયાલયના ખર્ચને મંજૂર કરાય છે. તેમના સેવાકાળ દરમિયાન તેમાં કાપ મૂકી શકાતો નથી. માત્ર નાણાકીય કટોકટી જાહેર થાય તો જ તેમના પગાર, ભાડા-ભથ્થાં, સવલતો વગેરેમાં કાપ મૂકી શકાય છે. તેઓને સેવાકાળ દરમિયાન સુવિધાપૂર્ણ આવાસ અપાય છે.

**સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને કાર્યક્ષેત્ર :** ભારતની સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને કાર્યક્ષેત્ર વિશાળ છે. આ સત્તાઓ અને કાર્યક્ષેત્રને ચાર વિભાગમાં વહેંચી શકાય :

**(1) મૂળ અધિકારક્ષેત્ર (ઓરિજિનલ જ્યુરિસ્ડિક્શન) :** આપણા બંધારણ અનુસાર સર્વોચ્ચ અદાલત નીચે જણાવ્યા મુજબની બાબતો અંગે મૂળ અધિકારક્ષેત્ર ધરાવે છે. આ અધિકાર મુજબ સર્વોચ્ચ અદાલત નીચે પ્રમાણેના વિવાદોનું નિરાકરણ કરવાની સત્તા ધરાવે છે :

(ક) કેન્દ્ર (સંઘ) સરકાર અને એક કે તેથી વધુ રાજ્યો વચ્ચેનો વિવાદ કે તકરારનું નિવારણ કરવાની સત્તા.

(ખ) રાજ્ય રાજ્ય વચ્ચે કે સંઘ અને એક કે તેથી વધુ રાજ્યો અને તેની સામે બીજા એકમ રાજ્યો વચ્ચેના મતભેદોનો નિકાલ કરવાની સત્તા. દા.ત., નદીઓના પાણીની વહેંચણી અંગેના વિવાદો.

(ગ) આ અદાલતને કેન્દ્ર સરકારે બનાવેલો કાયદો એ બંધારણીય છે કે નહિ તે અંગેના પ્રશ્નો વિશે ચુકાદા આપવાનો અધિકાર છે.

(ઘ) સર્વોચ્ચ અદાલતને નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરવાની સત્તા છે. આ સત્તા વડીઅદાલતોને પણ છે.

**(2) વિવાદ(અપીલ)નું અધિકારક્ષેત્ર :** બંધારણ અનુસાર ભારતની સર્વોચ્ચ અદાલત દેશની જુદી-જુદી વડીઅદાલતોએ આપેલા ચુકાદાઓ સામે અપીલ અંગેની સત્તા ધરાવે છે. તેણે આપેલા ચુકાદા અંતિમ હોય છે. તેણે આપેલા ચુકાદાને દેશની બીજી કોઈ અદાલતમાં પડકારી શકાતા નથી.

અપીલ અંગેના અધિકારક્ષેત્રમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

(ક) **બંધારણના અર્થઘટનની બાબત :** બંધારણના અર્થઘટનની બાબતે અંતિમ નિર્ણય આપવાની સત્તા માત્ર સર્વોચ્ચ અદાલતને જ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(ખ) દીવાની દાવાઓ અંગેની અપીલ :**

(i) આ બાબતે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવાની પરવાનગી આપતું પ્રમાણપત્ર વડીઅદાલતે આપેલ હોવું જોઈએ.

(ii) વડીઅદાલતે આપેલ ચુકાદામાં કાયદાના અર્થઘટન અંગેનો મુદ્દો હોવો જોઈએ.

**(ગ) ફોજદારી દાવાઓ અંગેની અપીલ :** સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવા માટે નીચેની શરતોનું પાલન થતું હોવું જોઈએ :

(i) જો નીચલી અદાલતે આરોપીને મૃત્યુદંડની સજામાંથી મુક્ત કર્યો હોય; પરંતુ વડીઅદાલતે આરોપીને મૃત્યુદંડની સજા ફરમાવી હોય તો

(ii) જ્યારે વડીઅદાલતે પોતાને આધીન નીચલી અદાલતમાં કોઈ મુકદ્દમાની સુનાવણી ચાલતી હોય તેને પોતાની સમક્ષ સુનાવણી માટે મંગાવીને આરોપીને મૃત્યુદંડની સજા ફરમાવી હોય ત્યારે

(iii) જ્યારે વડીઅદાલત એવું પ્રમાણપત્ર આપે કે આ વિવાદ પુનઃવિચાર માટે યોગ્ય છે ત્યારે

**(ઘ) અપીલ માટે ખાસ પરવાનગી આપવાની સત્તા :** જ્યારે કોઈ ભારે અન્યાયને દૂર કરવાનો પ્રશ્ન હોય અથવા ન્યાયના સિદ્ધાંતને વધુ સ્પષ્ટ કરવાની જરૂર હોય ત્યારે બંધારણ અનુસાર સર્વોચ્ચ અદાલતને અપીલ માટેની પરવાનગી આપવાની સત્તા છે.

**(3) સલાહ અંગેનું અધિકારક્ષેત્ર :** જો કાયદાનો કે હકીકતનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો હોય અથવા તે અંગેની સંભાવના ઊભી થઈ હોય અને એ પ્રશ્ન જાહેર મહત્ત્વનો છે એમ જો રાષ્ટ્રપતિને જણાય તો, તે પ્રશ્ન સલાહ માટે સર્વોચ્ચ અદાલતને મોકલી શકે છે. અને તે પ્રશ્ન અંગે અદાલત પોતાને ઉચિત લાગે તેવી સુનાવણી કર્યા બાદ રાષ્ટ્રપતિને સલાહ આપી શકે છે. અદાલતે આપેલો અભિપ્રાય એ માત્ર સલાહ છે. તેનો સ્વીકાર કરવો કે નહિ તે રાષ્ટ્રપતિની મરજી પર અવલંબે છે.

**(4) અન્ય સત્તાઓ :**

(ક) સર્વોચ્ચ અદાલતને પોતે અગાઉ આપેલા ચુકાદાઓની પુનઃસમીક્ષા કરવાની સત્તા છે.

(ખ) સર્વોચ્ચ અદાલત અદાલતી તિરસ્કાર માટે સજા ફરમાવી શકે છે.

(ગ) રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિના ચૂંટણીવિષયક વિવાદ ઉકેલવાની સત્તા છે.

(ઘ) નાગરિકના હકોનું જતન કરવા માટે બંધારણ સાથે સુસંગત ન હોય તેવા કારોબારીનાં કોઈ પગલાંને, આદેશને, નિર્ણયને ગેરબંધારણીય કે રદબાતલ કરવાની સત્તા સર્વોચ્ચ અદાલતને છે. અપવાદ તરીકે, માર્શલ-લૉ હેઠળ લશ્કરી અદાલતના નિર્ણયો કે ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકતી નથી.

**નઝીરી અદાલત :** સર્વોચ્ચ અદાલત 'કોર્ટ ઑફ રેકર્ડ્ઝ' (નઝીરી અદાલત) ગણાય છે. તાબાની અદાલતો માટે તેણે આપેલા ચુકાદા અથવા નિર્ણયો કાયમી દસ્તાવેજ ગણાય છે અને તે ચુકાદાઓ નીચલી અદાલતો માટે શિરોમાન્ય ગણાય છે. તેના ચુકાદાઓનો ઉપયોગ વડીઅદાલતો અને તાબાની અદાલતોના મુકદમાઓમાં સંદર્ભ તરીકે લેવાય છે અને તેના ધારા-ધોરણો તાબાની અદાલતો માટે બંધનકર્તા છે.

**(બ) રાજ્યકક્ષાએ ન્યાયતંત્ર :** રાજ્ય કક્ષાના ન્યાયતંત્રમાં વડીઅદાલત, જિલ્લા અદાલતો અને તાબાની અદાલતોનો સમાવેશ થાય છે.

**વડીઅદાલત (હાઈકોર્ટ) :** ભારતના સળંગ પિરામિડ આકારના ન્યાયતંત્રના સ્વરૂપમાં સર્વોચ્ચ અદાલત પછીની કડી તે વડીઅદાલત છે. જે રાજ્યના વિસ્તારમાં સર્વોપરી છે અને કાયદાનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું કાર્ય કરે છે.

આપણા બંધારણ અનુસાર પ્રત્યેક એકમ રાજ્યમાં એક વડીઅદાલતની જોગવાઈ છે. બે અથવા વધુ રાજ્યો માટે એક સામાન્ય વડીઅદાલત સ્થાપવાની સત્તા રાષ્ટ્રપતિ ધરાવે છે.

**વડીઅદાલતની રચના :** બંધારણ અનુસાર એક મુખ્ય ન્યાયાધીશ અને રાષ્ટ્રપતિ વખતોવખત જેટલા ન્યાયાધીશોની નિમણૂક કરે તેટલા ન્યાયાધીશોની વડીઅદાલત બનશે.

કોઈક સંજોગોમાં વડીઅદાલતના કામકાજમાં થોડા સમય પૂરતો વધારો થવાથી અથવા કેસોનો ભરાવો થવાને કારણે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રાષ્ટ્રપતિ વડીઅદાલતના ન્યાયાધીશોની સંખ્યામાં કામચલાઉ ધોરણે વધારાના કાર્યકારી ન્યાયાધીશ નીમી શકે છે.

**નિમણૂક :** ભારતના મુખ્ય ન્યાયાધીશ સાથે, જે રાજ્યમાં વડીઅદાલતના ન્યાયાધીશની નિમણૂક કરવાની છે તે રાજ્યના રાજ્યપાલ સાથે અને મુખ્ય ન્યાયાધીશ સિવાયના અન્ય ન્યાયાધીશોની નિમણૂક બાબતમાં તે વડીઅદાલતના મુખ્ય ન્યાયાધીશ સાથે ચર્ચા કર્યા પછી રાષ્ટ્રપતિ વડીઅદાલતના ન્યાયાધીશોને નીમે છે.

**સમયગાળો :** વડીઅદાલતોના ન્યાયાધીશોની મુદત 62 વર્ષની છે. તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું આપી શકે છે. રાષ્ટ્રપતિ વડીઅદાલતના કોઈ પણ ન્યાયાધીશને બંધારણ મુજબ સંસદ દ્વારા મહાભિયોગની પ્રક્રિયામાં દોષિત પુરવાર થાય તો હોદ્દા પરથી દૂર કરી શકે છે. રાષ્ટ્રપતિ ભારતના કોઈપણ રાજ્યમાં તેમની બદલી કરી શકે છે.

**ન્યાયાધીશની લાયકાતો :** બંધારણ અનુસાર વડીઅદાલતના મુખ્ય ન્યાયાધીશ કે અન્ય ન્યાયાધીશ તરીકે નીમાનાર વ્યક્તિ.

(1) ભારતની નાગરિક હોવી જોઈએ.

(2) ભારતના રાજ્ય વિસ્તારમાં ઓછાંમાં ઓછાં 10 વર્ષ સુધી ન્યાયિક હોદ્દો ધરાવેલી હોવી જોઈએ.

(3) વડીઅદાલતમાં ઓછાંમાં ઓછાં 10 વર્ષ સુધી વકીલાત કરી હોય.

(4) રાષ્ટ્રપતિની દૃષ્ટિએ તે ન્યાયશાસ્ત્રી કે નોંધપાત્ર બંધારણવિદ્ હોવી જોઈએ.

(5) તેની વય 62 વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ.

**શપથ :**

વડીઅદાલતના ન્યાયાધીશ તરીકે નિમાયેલી દરેક વ્યક્તિએ પોતે હોદ્દો સંભાળે તે પહેલાં રાજ્યપાલ અથવા તેમણે તે અર્થે નીમેલી કોઈ વ્યક્તિ સમક્ષ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી પડે.

**પગાર અને અન્ય સવલતો :** ભારતના બંધારણ મુજબ વડીઅદાલતના મુખ્ય ન્યાયાધીશને અને અન્ય ન્યાયાધીશોને યોગ્ય પગાર અપાય છે. ઉપરાંત સરકારના અન્ય અધિકારીઓની જેમ સેવાના સંદર્ભમાં ભાડા-ભથ્થાં, પેન્શન, સારા આવાસ અને વાહનની સુવિધા અપાય છે. નાણાકીય કટોકટી સિવાય તેમાં કોઈ પણ પ્રકારનો કાપ મૂકી શકાતો નથી. નિવૃત્તિ પછી પોતે જ્યાં સેવા આપી હોય તે વડીઅદાલતમાં તેઓ વકીલાત કરી શકતા નથી.

**અધિકારક્ષેત્રો :** વડીઅદાલતનાં અધિકારક્ષેત્રોને નીચે મુજબ ચાર વિભાગમાં વહેંચી શકાય :

**(1) મૂળ અધિકારક્ષેત્ર :** બંધારણ મુજબ નાગરિકોના મૂળભૂત અધિકારોના ભંગ બદલ કોઈ વ્યક્તિ, સત્તામંડળ કે સરકાર સામે પણ આદેશો-હુકમો, બંદી પ્રત્યક્ષીકરણ તથા અધિકાર પૃચ્છા જેવા આજ્ઞાપત્રો (writ-રિટ) કરવાની સત્તા છે.

**(2) વિવાદ(અપીલ)નું અધિકારક્ષેત્ર :** રાજ્યના વિસ્તારની અંદર વડીઅદાલતના અધિકારક્ષેત્ર નીચે આવતી કોઈપણ અદાલતે જે ચુકાદો આપ્યો હોય તેની સામે વડીઅદાલતમાં અપીલ કરી શકાય છે. તેને વિવાદ અધિકાર કહે છે. આ અધિકાર મુજબ (ક) જિલ્લાની ફોજદારી અદાલતના ન્યાયાધીશે જ્યારે આરોપીને તેના ગુના બદલ ચાર વર્ષ કરતાં વધારે મુદતની સજા કરી હોય, તો તેની વિરુદ્ધ વડીઅદાલતમાં અપીલ કરી શકાય છે. (ખ) જિલ્લાની સેશન્સ અદાલતના ન્યાયાધીશે જ્યારે આરોપીને તેની નીચેની ફોજદારી અદાલતના ચુકાદાથી વિરુદ્ધ ખૂનના આરોપ માટે જવાબદાર ઠરાવીને મોતની સજા કરી હોય ત્યારે વડીઅદાલતમાં અપીલ થઈ શકે છે.

**(3) વહીવટી અધિકારક્ષેત્ર :**

(i) બંધારણ મુજબ વડીઅદાલત સમગ્ર રાજ્ય વિસ્તારમાંની તાબાની તમામ અદાલતો અને ટ્રિબ્યુનલ પંચો ઉપર દેખરેખ અને અંકુશ રાખે છે.

(ii) તે તાબાની અદાલતોના પત્રકો અને ફાઈલો મંગાવી શકે છે.

(iii) તાબાની અદાલતો માટેની ન્યાયપ્રણાલી અને કાર્યવાહી અંગેના સામાન્ય નિયમો બહાર પાડી શકે છે.

(iv) તાબાની અદાલતોએ હિસાબ અને નોંધો કેવી રીતે રાખવી તેનું માર્ગદર્શન આપે છે.

(v) તાબાની તમામ અદાલતોના કર્મચારીઓ અને અધિકારીઓની નિમણૂક તેમજ કોર્ટ-ફીનાં ધોરણો નક્કી કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

લશ્કરી અદાલતો અને પંચો ઉપર દેખરેખ કે અંકુશ રાખવાની વડીઅદાલતને સત્તા નથી.

(vi) રાજ્ય સરકાર વડીઅદાલતના ન્યાયાધીશ સાથે મસલત કરીને જિલ્લાની અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

**વડીઅદાલતનું સ્થાન :** વડીઅદાલત તેની તાબાની અદાલતો અને સર્વોચ્ચ અદાલતને જોડતી કડી છે. કેન્દ્ર (સંઘ) કક્ષાએ સર્વોચ્ચ અદાલત જે સ્થાન તેમજ મોભો ધરાવે છે તેવો જ મોભો અને સ્થાન રાજ્ય કક્ષાએ વડીઅદાલત ધરાવે છે.

બંધારણની જોગવાઈ મુજબ રાજ્યની વડીઅદાલત સર્વોચ્ચ અદાલતની જેમ કોર્ટ ઑફ રેકર્ડ્ઝ (નઝીરી અદાલત) તરીકેનું સ્થાન ભોગવે છે. વડીઅદાલતે પોતે આપેલા ચુકાદા, નિર્ણયોને યોગ્ય તેમજ વ્યવસ્થિત સ્વરૂપમાં સંગૃહિત કરીને પ્રકાશિત કરવામાં આવે છે.

**તાબાની અદાલતો :** સર્વોચ્ચ અદાલતના તાબામાં જેમ વડીઅદાલત હોય છે, તેમ રાજ્યની વડીઅદાલતના તાબામાં જિલ્લા અને તાલુકાની અદાલતો હોય છે. પ્રત્યેક રાજ્યને વહીવટી એકમ-જિલ્લામાં વહેંચવામાં આવે છે, જેમાં ફોજદારી, દીવાની અદાલતોનો સમાવેશ થાય છે.

**જિલ્લા ન્યાયાધીશ :**

**નિમણૂક :** બંધારણની કલમ 233 મુજબ કોઈ રાજ્યના જિલ્લા ન્યાયાધીશ તરીકે વ્યક્તિઓની નિમણૂકો અને તેમની જગ્યા પર નિયુક્તિની બઢતી તે રાજ્ય સંબંધમાં હકુમત વાપરતી વડીઅદાલત સાથે ચર્ચા-વિચારણા કરીને રાજ્યપાલ કરે છે.

**લાયકાતો :**

જિલ્લા ન્યાયાધીશ તરીકે નિમાનાર વ્યક્તિ -

(1) ભારતની નાગરિક હોવી જોઈએ.

(2) ઓછાંમાં ઓછો સાત વર્ષ સુધી ઍડવોકેટ કે વકીલ તરીકેનો અનુભવ હોવો જોઈએ.

જિલ્લા ન્યાયાધીશોની બદલી, બઢતી વડીઅદાલતની સાથે સલાહ-મસલત કરીને તેમજ અન્ય ન્યાયાધીશોની ભરતી રાજ્ય જાહેર સેવાપંચ અને વડીઅદાલત સાથે સલાહ-મસલત કરીને ઘડાયેલા નિયમોને આધીન રહીને કરવામાં આવે છે.

**(ક) દીવાની અદાલત :** સિવિલ જજ (સિનિયર ડિવિઝન)ને રૂપિયા પાંચ લાખથી ઉપરના દાવા, સરકારે કરેલા કે સરકાર સામેના દાવા, છૂટાછેડાને લગતા દાવા, જમીન-સંપાદનને લગતા (વળતરને લગતા) કેસો ચલાવવાની સત્તા છે.

**(ખ) ફોજદારી અદાલતો :** ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 6માં ફોજદારી અદાલતોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમાં (i) સેશન્સ કોર્ટ (ii) ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ-મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટનો સમાવેશ થાય છે.

સેશન્સ કોર્ટમાં સેશન્સ જજ ઉપરાંત વધારાના અને મદદનીશ સેશન્સ જજો પણ જરૂર પ્રમાણે નિમાય છે. તે ફાંસીની, જન્મટીપની કે 10 વર્ષથી વધુ કેદની સજા ફરમાવી શકે છે.

ફર્સ્ટક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને ત્રણ વર્ષ સુધીની કેદની અને ₹ 10,000 /- સુધીના દંડની સજા કરવાની સત્તા હોય છે.

હવે ઘરઆંગણે ન્યાય આપવાના હેતુથી તાલુકા સ્થળોએ પણ વધારાની અદાલતો (એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટો) જિલ્લા અદાલતના નિયંત્રણ નીચે સ્થાપવામાં આવી છે.

આ ઉપરાંત સિટીસિવિલ અને સેશન્સ કોર્ટો તેમજ સ્મોલ કોઝ કોર્ટો પણ રચાય છે. મજૂરોના વિવાદ માટે મજૂર અદાલતો પણ રચાઈ છે. સિટીસિવિલ કોર્ટ અને સ્મોલ કોઝ કોર્ટ મેટ્રોપોલિટન સિટીમાં સ્થાપવામાં આવે છે. જે દીવાની કેસોનો નિર્ણય કરે છે. હાલમાં મુંબઈ, કોલકાતા, ચેન્નઈ, અમદાવાદ વગેરે મોટાં શહેરોમાં આવી અદાલતો કાર્યરત છે. ન્યાયક્ષેત્રે અદાલતોના નિયત માળખા ઉપરાંત કેટલીક ખાસ અદાલતો પણ રચવામાં આવે છે. જે ટ્રિબ્યુનલ તરીકે ઓળખાય છે. જેમકે, વાહન-અકસ્માત માટેની ટ્રિબ્યુનલ, દેવા-રિકવરી અંગેની ટ્રિબ્યુનલ વગેરે. આ ઉપરાંત ગ્રાહક તકરાર નિવારણ ફોરમ પણ અદાલતની ભૂમિકા ભજવે છે. તે ગ્રાહકોને થયેલા નુકસાન અંગેના દાવાઓનો નિકાલ કરે છે.

**ગ્રાહકસુરક્ષા ધારો :** ગ્રાહકોની પાસે ખોટી રજૂઆતો કરી, તેમને ભોળવી, વિશ્વાસમાં લઈને લૂંટતા વેપારીઓ સામે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તાત્કાલિક કામ ચલાવી શિક્ષા કરવાના તેમજ નુકસાનનો ભોગ બનનાર ગ્રાહકોને નુકસાનનું વળતર અપાવવાની ઝડપી કાનૂની વ્યવસ્થા કરવાના હેતુથી આ કાયદો ઘડાયો છે.

ગ્રાહકસુરક્ષા ધારાને આપણી સંસદે પસાર કર્યા બાદ તા. 24 ડિસેમ્બર, 1986ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. તેથી 24મી ડિસેમ્બરનો દિવસ ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' તરીકે ઉજવવામાં આવે છે. આપણે ત્યાં ગ્રાહકોની સુરક્ષા માટે ત્રણ સ્તરવાળી ન્યાય પદ્ધતિ અમલમાં છે. જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રિક્ટ ફોરમ, રાજ્ય કક્ષાએ સ્ટેટ કમિશન અને રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ કમિશન તરીકે ઓળખાતી ગ્રાહક અદાલતો કાર્યરત છે. જેમાં ગ્રાહક ફરિયાદ કરી શકે છે.

આ કાયદાથી ગ્રાહકોને મળતા અધિકારો ટૂંકમાં આ મુજબ છે :

(1) મિલકત અને જીવન માટે નુકસાનકારક હોય તેવી ચીજ-વસ્તુઓના વેચાણ સામે રક્ષણનો અધિકાર

(2) માલની કક્ષા, ગુણવત્તા, માપ, વજન, શુદ્ધતા, કિંમત વગેરે બાબતોમાં માહિતી મેળવવાનો અધિકાર

(3) હરીફાઈ દ્વારા વાજબી કિંમતે માલ-સેવા તેમજ સવલત મેળવવાનો અધિકાર

(4) છેતરપિંડી તેમજ વેપારીઓનાં અયોગ્ય આચરણો સામે નુકસાન-વળતર મેળવવાનો અધિકાર

(5) ગ્રાહકોને રજૂઆત, ફરિયાદ કરવાનો અધિકાર

(6) જાગ્રત ગ્રાહક બનવા માટે જરૂરી જાણકારી અને કૌશલ્ય મેળવવાનો અધિકાર

**કાનૂની સેવા સત્તામંડળો :** આપણા બંધારણના ભાગ 4માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નાગરિકોને સમાન ન્યાય અને મફત કાનૂની સહાય મળે તે માટેનો ઉલ્લેખ કરાયો છે. ગરીબી અથવા અન્ય કોઈ અસમર્થતાને કારણે ભારતનો કોઈ પણ નાગરિક ન્યાય મેળવવાની તકથી વંચિત રહે નહિ, ઉપરાંત લોકઅદાલતો યોજવા માટે કાનૂની સેવા સત્તામંડળો જરૂરી છે. આવા કાનૂની સત્તામંડળોની રચના કરવા માટે ભારતમાં કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમ, 1987 બનાવાયો. આજે ગુજરાતમાં કાનૂની સેવા સત્તામંડળનું મુખ્ય કેન્દ્ર શાહીબાગ, અમદાવાદ ખાતે છે. તે સમગ્ર એશિયાભરનું સૌપ્રથમ 'લાસ ક્લિનિક' બન્યું હતું.

**લોકઅદાલત :** રાજ્ય કાનૂની સેવા સત્તામંડળની એક મુખ્ય કામગીરી લોકઅદાલતો યોજવાની છે. લોકઅદાલત એ કેસોના નિકાલ માટે પૂરક માધ્યમ છે. દરેક લોકઅદાલતમાં હોદ્દા પર હોય તેવા ન્યાયાધીશો કે નિવૃત્ત ન્યાયાધીશો, વકીલો, કાયદાના શિક્ષકો કે સામાજિક કાર્યકરોની સહાય લઈ શકાય છે.

દેશભરની અદાલતોમાં પુષ્કળ પ્રમાણમાં કેસોનો ભરાવો થયો છે. આ સંજોગોમાં સમજાવટ અને કુનેહથી કેસોનો નિકાલ થાય, વિલંબ કે ખર્ચ થાય નહિ તેવો માર્ગ શોધવાનું અનિવાર્ય હતું. લોકઅદાલત એવું માધ્યમ છે કે જેમાં સેવારત કે નિવૃત્ત ન્યાયાધીશો, વકીલો કે સામાજિક કાર્યકરોની મદદથી પક્ષકારો પોતાના મતભેદો ભૂલી જઈ સમાધાન કરે છે. આ અદાલતનું મુખ્ય સૂત્ર છે - 'કોઈનો વિજય નહિ. કોઈનો પરાજય નહિ.' અદાલતના આદેશો કરતાં લોકઅદાલતના આદેશોનું મહત્ત્વ સહેજપણ ઓછું નથી. પરિણામે લોકઅદાલતમાં નિકાલ થતાં કેસોમાં જે આદેશો થાય તેનો અદાલત મારફત અમલ કરાવી શકાય તેવી કાયદાકીય જોગવાઈ છે.

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળે દરેક જિલ્લામાં કાયમી લોકઅદાલત સ્થાપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. પરિણામે કેટલાંક રાજ્યોના કેટલાક જિલ્લાઓમાં આવી લોકઅદાલતો કામગીરી બજાવે છે. ગુજરાત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં કાયમી લોકઅદાલતની સ્થાપના થયેલી છે. કોઈ દર પંદર દિવસે કે મહિનામાં એક વખત પોતાની કામગીરી કરે છે.

લોકઅદાલતને એવા જ કેસો સાંભળવાની હકૂમત છે કે જે કાયદા અન્વયે સમાધાનને પાત્ર હોય.

આ લોકઅદાલતમાં ન્યાયાધીશો ન્યાયાધીશ તરીકે નથી બેસતા અને વકીલો વકીલ તરીકે ઉપસ્થિત રહેતા નથી. તેની કોઈ નિશ્ચિત કાર્યરીતિ હોતી નથી. બિનઔપચારિક રીતે બંને પક્ષકારો વચ્ચે વાત થાય છે અને મતભેદ ઘટાડીને પક્ષકારોને સ્વીકાર્ય હોય તેવું સમાધાન કરવામાં આવે છે. આ પ્રયોગ પ્રમાણમાં ઘણો સફળ નીવડ્યો છે. ભારતમાં સર્વપ્રથમ ગુજરાત રાજ્યમાં આ લોકઅદાલતનો પ્રયોગ થયો હતો. સર્વોદયવાદી કાર્યકર શ્રી હરિવલ્લભ પરીખના રંગપુર આશ્રમથી લોકઅદાલતના ખ્યાલનો પ્રારંભ થયો હતો. તેનો વ્યવસ્થિત પ્રારંભ 14 ફેબ્રુઆરી, 1982ના દિવસે જૂનાગઢ જિલ્લાના ઉના ખાતે થયો હતો.

**નારીઅદાલતો :** ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા સંચાલિત તથા મહિલા સામખ્ય થકી ચાલતી નારીઅદાલત એક



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બિનઔપચારિક માળખું છે. સમાજની મહિલાઓને ન્યાયની પ્રક્રિયામાં જોડવા માટે, મહિલાઓને મહિલા દ્વારા તટસ્થ ન્યાય મળે, ઓછા સમયમાં ન્યાય મળે એ માટેની એક બિનઔપચારિક વૈકલ્પિક વ્યવસ્થા છે.

છેવાડાની અને અંતરિયાળ ગામડાંની બહેનોને દૂર સુધી જવું ન પડે અને તેમના તાલુકામાં જ તેમના પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવી શકે તે માટે ગુજરાત સરકારે મહિલાઓ માટે મહિલા દ્વારા ચાલતી આ નારીઅદાલતની પહેલ કરેલ છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં 144 નારીઅદાલતો કાર્ય કરતી થઈ છે. આ અદાલતોમાં મહિલાઓને લગતી સમસ્યાઓ ઉકેલવામાં આવે છે. ઉપરાંત તેમને યોજનાકીય તેમજ કાયદાકીય માહિતી આપતું સાહિત્ય વિનામૂલ્યે વહેંચવામાં આવે છે. સ્ત્રીઓમાં જાગૃતિ આવે તે માટે જિલ્લાકક્ષાએ કાયદાકીય જાગૃતિ શિબિર યોજવાનું આયોજન રાજ્ય મહિલા આયોગે કરેલ છે. નારીઅદાલતોનું માળખું રાજ્યકક્ષાએ, જિલ્લાકક્ષાએ અને તાલુકાકક્ષાએ એમ ત્રણ સ્તરવાળું છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) કેન્દ્રકક્ષાએ ન્યાયતંત્રની રચના જણાવો.

(2) રાજ્યકક્ષાએ ન્યાયતંત્રની રચના જણાવો.

(3) સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને કાર્યક્ષેત્ર જણાવો.

(4) વડીઅદાલતનું અધિકારક્ષેત્ર જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ભારતીય ન્યાયતંત્રનું માળખું

(2) વડીઅદાલતનું સ્થાન

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) ન્યાયતંત્રનું કાર્ય જણાવો.

(2) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની લાયકાતો જણાવો.

(3) સર્વોચ્ચ અદાલતમાં ફોજદારી દાવા અંગેની અપીલ ક્યારે થઈ શકે ?

(4) સર્વોચ્ચ અદાલતનું મૂળ અધિકારક્ષેત્ર જણાવો.

(5) નઝીરી અદાલત એટલે શું ?

(6) વડીઅદાલતના ન્યાયાધીશોની લાયકાત જણાવો.

(7) વડીઅદાલતનું મૂળભૂત અધિકારક્ષેત્ર જણાવો.

(8) વડીઅદાલતનું વહીવટી અધિકારક્ષેત્ર જણાવો.

(9) ગ્રાહક સુરક્ષાધારો શું છે ?

(10) કાનૂની સેવા સત્તામંડળ શું છે ?

(11) લોકઅદાલત એટલે શું ? તેનો હેતુ શું છે ?

(12) નારીઅદાલતો અંગે જાણકારી આપો.

**4. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) ભારતના ન્યાયતંત્રના સર્વોચ્ચ વડા કોણ છે ?

(2) સર્વોચ્ચ અદાલતમાં દીવાની દાવાઓ અંગેની અપીલ ક્યારે થઈ શકે ?

(3) જિલ્લાની અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂક કોણ કરે છે ?

(4) લોકઅદાલતનું સૂત્ર જણાવો.

(5) નારીઅદાલતોનો હેતુ જણાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) ન્યાયતંત્રનું મુખ્ય કાર્ય શું છે ? ☐

(અ) ન્યાય કરવાનું (બ) ચુકાદા આપવાનું (ક) સજા કરવાનું (ડ) સારી સલાહ આપવાનું

(2) ભારતના ન્યાયતંત્રનું માળખું કેવા આકારનું છે ? ☐

(અ) ચોરસ (બ) વર્તુળ (ક) પિરામિડ (ડ) નળાકાર

(3) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની ઉંમર કેટલાં વર્ષથી વધુ ન હોવી જોઈએ ? ☐

(અ) 60 (બ) 55 (ક) 30 (ડ) 65

(4) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની લાયકાત માટે ભારતની કોઈ પણ વડીઅદાલતમાં તેમણે ન્યાયાધીશ તરીકે ઓછાંમાં ઓછાં કેટલાં વર્ષ સુધી સેવા આપેલ હોવી જોઈએ ? ☐

(અ) પાંચ (બ) છ (ક) સાત (ડ) આઠ

(5) બે એકમ રાજ્યોના વિવાદનો કેસ કઈ અદાલતમાં ચાલશે ? ☐

(અ) સર્વોચ્ચ અદાલત (બ) વડીઅદાલત (ક) નારી અદાલત (ડ) લોકઅદાલત

(6) આપણી સર્વોચ્ચ અદાલત કોને કાનૂની સલાહ આપશે ? ☐

(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન (ક) સેનાપતિ (ડ) ધારાસભ્યો

(7) ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકારદિન' ક્યારે ઉજવવામાં આવે છે ? ☐

(અ) 24 ડિસેમ્બર (બ) 24 જાન્યુઆરી (ક) 26 જાન્યુઆરી (ડ) 15 ઑગસ્ટ

(8) ગુજરાતમાં કાનૂની સેવા સત્તામંડળનું કેન્દ્ર ક્યાં આવેલું છે ? ☐

(અ) ઘ-5, ગાંધીનગર (બ) શાહીબાગ, અમદાવાદ (ક) રાજકોટ (ડ) ભાવનગર

(9) 'કોઈનો વિજય નહિ, કોઈનો પરાજય નહિ' આ વિધાન કઈ અદાલતનું છે ? ☐

(અ) નારી અદાલત (બ) સર્વોચ્ચ અદાલત (ક) લોકઅદાલત (ડ) વડીઅદાલત

(10) ભારતમાં સર્વપ્રથમ કયા રાજ્યમાં લોકઅદાલતનો પ્રયોગ થયો હતો ? ☐

(અ) ગુજરાત (બ) મહારાષ્ટ્ર (ક) બિહાર (ડ) ઉત્તરપ્રદેશ

(11) મહિલાઓને ન્યાયની પ્રક્રિયામાં જોડવા માટે, મહિલાઓને મહિલાઓ દ્વારા તટસ્થ ન્યાય મળે તે માટે કઈ અદાલતોની સ્થાપના કરવામાં આવી છે ? ☐

(અ) લોકઅદાલતો (બ) નારીઅદાલતો (ક) ગ્રામ્યઅદાલતો (ડ) વડીઅદાલતો

**પ્રવૃત્તિ**

- વિદ્યાર્થીઓને નજીકની અદાલતની મુલાકાતે લઈ જવા.
- ન્યાયાધીશ કે લૉ કોલેજના અધ્યાપકનું વ્યાખ્યાન ગોઠવવું.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 10 સ્થાનિકકક્ષાએ સરકાર : સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

સંસ્કૃત 'સ્થાન' ઉપરથી 'સ્થાનિક' શબ્દ બનેલો છે. સ્વરાજ એટલે પોતાનું રાજ. લોકો જે સ્થળે વસતા હોય તે સ્થળ-ગામ, નગર કે શહેર તરીકે ઓળખાય છે. ગામ કે શહેરમાં વસતા લોકો પોતાના ગામ કે શહેરનો વહીવટ પોતે કે પોતાના પ્રતિનિધિઓ મારફત કરતા હોય, તેને લોકોનું રાજ કે 'સ્થાનિક સ્વરાજ' કહેવાય છે. આવી રીતે ગામ કે શહેરનો સ્થાનિક વહીવટ ચલાવતી સંસ્થાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તરીકે ઓળખાય છે. ગ્રામીણ વિસ્તારમાં ગ્રામપંચાયત, શહેરમાં શહેર સુધરાઈ કે નગરપાલિકા અને અમદાવાદ, મુંબઈ જેવાં નગરોમાં મહાનગરપાલિકા વગેરે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ગણાય છે.

સ્થાનિક સ્વરાજની આ સંસ્થાઓ ગામ કે નગરના લોકોની જાહેર સુખાકારીના અને લોકોની સ્થાનિક જરૂરિયાતોની સેવાઓનાં કાર્યોનો વહીવટ કરે છે. આવી સંસ્થાઓ સામાન્ય રીતે પોતાના વિસ્તારમાં લોકોને પીવા અને વાપરવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવું, સારા રસ્તા બનાવવા અને તેમની જાળવણી કરવી, રસ્તાઓની સફાઈ કરાવવી, જાહેર રસ્તાઓ પર દીવાબત્તીની સગવડ કરવી, આરોગ્ય સેવા પૂરી પાડવી, પ્રાથમિક શિક્ષણની સગવડ કરવી વગેરે કાર્યો કરે છે.

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ આપણા દેશમાં પ્રાચીન કાળથી અસ્તિત્વમાં હતી. કાળક્રમે તે નાશ પામી. દેશમાં હાલ છે તેવી સ્થાનિક સંસ્થાઓની શરૂઆત બ્રિટિશ શાસન દરમિયાન થઈ હતી. દેશમાં સ્વાતંત્ર્ય માટેની લડતોના સમયમાં તેમનો વિકાસ થયો. આધુનિક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ બળવંતરાય મહેતા સમિતિ બાદ શરૂ થઈ.

### સ્થાનિક સંસ્થાઓનો આરંભ

આધુનિક રાજ્યો વિશાળ વિસ્તાર અને વિપુલ વસ્તી ધરાવે છે તેથી કેન્દ્ર સરકારની જવાબદારીઓમાં અનેકગણો વધારો થયો છે. માત્ર કેન્દ્ર સરકાર દ્વારા જ એક જ સ્થાનેથી સમગ્ર દેશનું સંચાલન કરવું અતિ કઠિન અને કપરું છે. દેશના જુદા-જુદા ભાગની સમસ્યાઓ તેમજ પ્રશ્નો પણ ભિન્ન-ભિન્ન પ્રકારના હોય છે. કેન્દ્ર આ સમસ્યાઓથી સારી રીતે પરિચિત ન હોય તેમજ તેમની પાસે તમામ સમસ્યાઓને સુચારુ ઢબે ઉકેલવા પૂરતો સમય પણ ઉપલબ્ધ ન હોય, આવી પરિસ્થિતિમાંથી 'લોકશાહી વિકેન્દ્રીકરણનો' ખ્યાલ જન્મ્યો છે.

જ્યાં સમવાયતંત્ર અમલમાં છે ત્યાં, કેન્દ્ર અને એકમ સરકારોની જોગવાઈ કરવામાં આવી છે. એકમ સરકારોએ પણ વહીવટ સરળતા કે સુગમતા ખાતર સત્તા અને કાર્યોના વિકેન્દ્રીકરણનો ખ્યાલ વિકસાવ્યો છે. આમ, વિકેન્દ્રીકરણના અભિગમથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો ઉદ્ભવ તેમજ વિકાસ થયો છે. આ સંસ્થાઓ 'સમવાયતંત્રમાં ત્રીજી સરકાર' ગણાય છે.

### સ્થાનિક સ્વરાજ્ય : અર્થ અને ખ્યાલ

**અર્થ :** લોકો જે સ્થળે વસવાટ કરે છે તે ગામ, નગરનો કે મહાનગરનો વહીવટ પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા થાય તેને 'સ્થાનિક સ્વરાજ' કહે છે. આ માટે જે સંસ્થાઓ રચાય તેને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કહે છે.

પ્રત્યેક રાજ્યની પ્રાદેશિક એકમ સરકારે વહીવટી સરળતા ખાતર સ્થાનિક પરિસ્થિતિ મુજબ નાના-નાના પ્રાદેશિક વિભાગોમાં રાજ્યના વિસ્તારને વહેંચી નાખવામાં આવે છે. અને તેને સ્થાનિક જવાબદારી તેમજ કાર્યોની સોંપણી કરીને તેનો વહીવટ સંભાળતી સ્થાનિક સરકાર અથવા તો સ્થાનિક સ્વરાજની સંસ્થા (લોકલ સેલ્ફ ગવર્મેન્ટ) તરીકે ઓળખવામાં આવે છે.

### સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ મુખ્ય બે પ્રકારની હોય છે :

(અ) ગ્રામીણ વિસ્તારની સંસ્થાઓને આવરી લેતી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મુખ્ય છે.

(બ) શહેર વિસ્તારની સંસ્થાઓ જેમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને મહાનગર નિગમ (મેગાસિટી)નો સમાવેશ થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### સ્થાનિક સ્વરાજ્યની અગત્ય

રાષ્ટ્રપિતા ગાંધીજીના સ્વરાજની કલ્પનામાં હંમેશાં ગામડું જ મુખ્ય કેન્દ્ર સ્થાને રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા જાળવવી હોય, બહુજન સમાજની શક્તિઓ અને તેનું કલ્યાણ થાય તેમ કરવું હોય તો દેશમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, ''સત્તાનું કેન્દ્ર અત્યારે દિલ્લી, કોલકાતા કે મુંબઈ જેવાં મોટાં શહેરોમાં છે. મારું ચાલે તો હું સત્તાનાં એ કેન્દ્રોને ભારતનાં સાત લાખ ગામડાઓમાં વહેંચી દઉં.''

નીચેના મુદ્દાઓ સ્થાનિક સ્વરાજ્યની અગત્ય સ્પષ્ટ કરે છે :

(1) સત્તાનું વિકેન્દ્રીકરણ સિદ્ધ થાય છે.

(2) સ્થાનિક નાગરિકો જવાબદારીથી સભાન બને છે.

(3) આ સંસ્થાઓ લોકશાહીની તાલીમશાળા ગણાય છે.

(4) વહીવટી ખર્ચમાં કરકસર થાય છે.

(5) વહીવટી સુધારણાની પ્રયોગશાળા પુરવાર થાય છે.

(6) નાગરિકો સ્થાનિક કાર્યોમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. સતત જાગૃતિ આવે છે.

(7) નાગરિકોનો સ્થાનિક કાર્યોમાં રસ વધે છે અને તેમની નિસબત વધે છે.

(8) સ્થાનિક સ્તરે નોકરશાહી - અમલદારશાહીનો પ્રભાવ ઘટે છે.

(9) કેન્દ્ર તેમજ એકમ સરકારોના કાર્યભાર ઘટે છે.

આવી સંસ્થાઓ લોકશાહીના કલેવરમાં ચેતના કે પ્રાણ પૂરવાનું કાર્ય કરે છે અને લોકશાહીના મૂળિયાંને પાયાથી સિંચીને સતત ચેતનવંતા અને ધબકતાં રાખે છે. સ્થાનિક લોકો સ્થાનિક જવાબદારી વહન કરીને સક્રિય નાગરિકની ભૂમિકા અદા કરે છે. સરકારની બીજી કોઈ શાખા કરતાં સ્થાનિક સરકાર કદાચ સૌથી વધુ લોકશિક્ષણનું કામ કરે છે.

આ સંસ્થાઓની અગત્ય સ્પષ્ટ કરતાં પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ કહ્યું છે કે, સ્થાનિક સ્વરાજ એ જ સાચા લોકશાહી તંત્રનો પાયો છે. જ્યાં સુધી લોકશાહીમાં સ્થાનિક સ્વશાસનને પૂરતી અગત્ય ન મળે ત્યાં સુધી દેશમાં લોકશાહી તંત્ર સફળ થઈ શકે નહિ.

### સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો વિકાસ

**ઉદ્ભવ અને વિકાસ :** પ્રાચીન સમયથી ગામડું, ભારતના વહીવટીતંત્રનું સૌથી નાનું મહત્ત્વનું એકમ રહ્યું છે. વેદો અને બૌદ્ધ જાતક કથાઓમાં ઈ.સ. પૂર્વે ચોથી અને પાંચમી સદીમાં તેની પ્રમાણભૂત માહિતી મળે છે. આર્ય પ્રજાએ ભારતના સપ્તસિંધુ પ્રદેશમાં વસવાટ કરી, જનપદો સ્થાપ્યાં હતાં. ઋગ્વેદમાં ગામના વડા તરીકે ચૂંટાતા ગ્રામીણનો ઉલ્લેખ થયેલ છે.

'પંચાયતીરાજ' નામના પુસ્તકમાં પંચાયતીરાજના જાણીતા લેખક એસ. કે. ડે લખે છે કે, પ્રાચીન ભારતમાં પ્રત્યેક ગામડું એક નાનું સરખું પ્રજાસત્તાક હતું. ગામનું શાસન પંચાયત દ્વારા ચાલતું. પંચાયત એટલે ગામના પ્રજાજનોએ પસંદ કરેલા પાંચ માણસો એકઠા થઈ ગામનો વહીવટ કરે તેવી વ્યવસ્થા. ગુપ્ત યુગમાં પંચાયતોએ વ્યવસ્થિત સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે સમયે તેઓ પંચાયતો અથવા પંચમંડળ તરીકે ઓળખાતી.

બ્રિટિશ સમય દરમિયાન તેમાં સારો એવો વિકાસ થયો. વહીવટી વિકેન્દ્રીકરણ અને રાજકીય શિક્ષણની દૃષ્ટિએ લૉર્ડ મૅયોની સરકારે 1870ના કાયદા દ્વારા પ્રાંતિક સરકારોને શિક્ષણ, દાક્તરી સારવાર, રસ્તાઓના બાંધકામ જેવા વહીવટી વિભાગોનો વહીવટ સોંપી આ દિશામાં પગલું ભર્યું. 1871માં મદ્રાસ, પંજાબ, બંગાળ, ઉત્તરપ્રદેશની પ્રાંતીય સરકારોએ સ્થાનિક સ્વરાજની સરકારોની સ્થાપના અંગેના કાયદા કરવામાં આવ્યા. 1882માં લૉર્ડ રિપનના એક ખરડા દ્વારા ભાવિ સ્થાનિક સંસ્થાઓના સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા. આ ખરડાથી જ સાચા અર્થમાં સ્થાનિક સંસ્થાઓનો પ્રારંભ થયો. જેથી લૉર્ડ રિપનને 'સ્થાનિક સંસ્થાઓના પિતા' કહેવામાં આવે છે. મુંબઈમાં લોકલ બોર્ડનો નવો કાયદો અમલમાં આવ્યો. 1889માં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મુંબઈ સરકારે કાયદો બનાવી ગામડામાં સ્વચ્છતા સમિતિ બોર્ડ રચવાની જોગવાઈ કરી.


1907માં નિમાયેલા રોયલ કમિશને સ્થાનિક સંસ્થાઓના કાર્યક્ષેત્ર - વિકેન્દ્રીકરણ અંગે વિસ્તૃત ભલામણો કરી. આના અનુસંધાને ભારત સરકારે 1915માં ઠરાવ કરીને સ્થાનિક સરકારની સંસ્થાઓ માટે માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કર્યા. 1919માં ભારતની મધ્યસ્થ સરકારે સ્થાનિક સંસ્થાઓના પ્રાંતીય સરકારનો વિષય બનાવ્યો. પરિણામ સ્વરૂપ કેટલાક પ્રાંતોએ પંચાયતી સ્થાપવા અંગેના ધારાઓ ઘડ્યા, જેમકે 1920માં ‘ધી બોમ્બે વિલેજ પંચાયતી ઍક્ટ પ્રાંતીય સ્વાયત્તતાના કાયદામાં તેને વેગ આપવામાં આવ્યો.

1946-47માં બંધારણસભામાં રાજ્યનીતિમાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં તેનો સમાવેશ થયો. ભારત સરકારે, ‘સામુદાયિક વિકાસ’ના નામાભિધાન સાથે વહીવટી માળખું ઊભું કર્યું. તેના અમલીકરણ અને ફલશ્રુતિના સંદર્ભમાં સર્વગ્રાહી મૂલ્યાંકન માટે રાષ્ટ્રીય વિકાસ સમિતિએ 1956માં પોતાનો અહેવાલ આપ્યો જે લોકશાહી વિકેન્દ્રીકરણના હાર્દનો પાયો બન્યો. આમ ‘લોકશાહી વિકેન્દ્રીકરણ’ શબ્દ તેના પર્યાયરૂપે પ્રચલિત બન્યો. જે આજે ‘પંચાયતીરાજ’ શબ્દરૂપે ચલણી બન્યો છે.

1977માં અશોક મહેતા સમિતિની રચના તેના મૂલ્યાંકન માટે રચાયેલી. 1984માં પણ સી. એચ. હનુમંતરાવની અધ્યક્ષતામાં પણ તે અંગે સમિતિ નિમાયેલી. તેની ભલામણોના અનુસંધાને 1992માં 73મો અને 74મો બંધારણીય સુધારો કરીને સમગ્ર દેશમાં એકસરખા પંચાયતી તેમજ શહેરી સ્વશાસનની સંસ્થાઓ માટે જોગવાઈઓ કરવામાં આવી.

**(અ) ગ્રામીણ સ્તરની સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ :** આ સંસ્થાઓની રચના ત્રણ સ્તરે કરવામાં આવી છે જે આ પ્રમાણે છે.

**ત્રિસ્તરીય માળખું :**




**પંચાયતીરાજની રચના**

પંચાયત શબ્દ બે શબ્દોનો બનેલો છે. ‘પંચ’ અને ‘આયત’. ‘પંચ’નો શબ્દાર્થ પાંચ થાય છે. જ્યારે ‘આયત’નો અર્થ સ્થળ થાય છે. આમ, પંચાયત એટલે ‘પંચનું સ્થળ’. ભારતીય સંસ્કૃતિમાં ‘પંચ ત્યાં પરમેશ્વર’ ની ઉક્તિ સાર્થક થયેલી છે. આમ, પંચાયત એટલે સ્થાનિક પ્રશ્નોના નિવારણ માટેની પાંચ ડાયા માણસોની સંસ્થા.

**પ્રારંભ**

ભારતના બંધારણની કલમ 40 અનુસાર ગ્રામપંચાયતોની રચના કરવા માટે રાજ્યએ પગલાં ભરવાનાં છે અને સ્વરાજ્યના એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સત્તા અને અધિકારો આપવાના છે.

બળવંતરાય મહેતા સમિતિની ભલામણોના સંદર્ભમાં 2 ઑક્ટોબર, 1959માં રાજસ્થાનથી પંચાયતીરાજનો આરંભ થયો. 1960 થી ગુજરાત રાજ્યની રચના થઈ અને 1963થી ગુજરાતમાં પંચાયતીરાજનો પ્રારંભ થયો છે. 1964થી સમગ્ર ભારતમાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પંચાયતીરાજની ભાવના દૃઢ બની છે. લોકશાહી વિકેન્દ્રીકરણના હાર્દ રૂપ પંચાયતીરાજના આ અભિનવ પ્રયોગે સ્થાનિક કક્ષાએ પ્રજાની સામેલગીરી કે ભાગીદારીથી સ્વરાજના ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે.

વીસ લાખથી ઓછી વસ્તી ધરાવતાં ઘટક રાજ્યો માટે દ્વિસ્તરીય અને તેથી વધુ વસ્તી ધરાવતાં રાજ્યો માટે ત્રિસ્તરીય પંચાયતીરાજની વ્યવસ્થા થઈ છે.

1992માં ભારતીય સંસદે 73માં અને 74માં બંધારણીય સુધારા પસાર કરીને અનુક્રમે ગ્રામીણ અને શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપ્યો છે. હવે આ બંને પ્રકારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો સ્વીકાર શાસનના ત્રીજા સ્તર તરીકે કરવામાં આવ્યો છે. આ બંને પ્રકારની સંસ્થાઓમાં $\frac{1}{3}$ જેટલી બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવેલ છે. ઉપરાંત તેના અધ્યક્ષ અથવા ચેરમેનનાં પદો માટે પણ $\frac{1}{3}$ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવેલ છે. આ સંસ્થાઓમાં નિયમિત ચૂંટણીઓ યોજાય તે માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારો તરફથી આ સંસ્થાઓને જરૂરી નાણાં કે ગ્રાન્ટની ફાળવણી માટે રાજ્ય નાણાપંચની રચના કરવાની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. ઉપરાંત આ બંને પ્રકારની સંસ્થાઓને કયાં કાર્યો કરવાનાં છે તેની સૂચિઓ (સૂચિ નં. 11 ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને સૂચિ નં. 12 શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ)નો બંધારણમાં ઉમેરો કરવામાં આવ્યો છે. આમ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ગ્રામીણ અને શહેરી) હવે ભારતીય રાજ્યપ્રથાના ત્રીજા અને પાયાના સ્તર તરીકે સ્થાપિત થઈ છે.

1992ના 73મા બંધારણીય સુધારા મુજબ આ અંગે વિશદ જોગવાઈઓ થઈ છે.

**(1) ગ્રામપંચાયત :**

**રચના :**

(ક) ગ્રામપંચાયત ગામનું સ્થાપિત મંડળ છે. તેની રચના માટે ઓછામાં ઓછી 500ની વસ્તીની અનિવાર્યતા છે. 15,000 સુધીની વસ્તી માટે ગ્રામપંચાયત રચાય છે. ક્યારેક થોડાંક ગામડાંઓની જૂથ પંચાયત પણ રચાય છે.

(ખ) ગામની 3000 વસ્તી સુધી 7 સભ્યો અને તેથી વધુ દર હજાર કે તેના ભાગની વસ્તીએ વધારાના બે સભ્યો અને વધુમાં વધુ 15 સભ્યોની તે બને છે.

(ગ) છેલ્લી વસ્તી-ગણતરીના જાહેર થયેલા આંકડાઓ મુજબ ગામની વસ્તીને સમાન ધોરણે જનસંખ્યાની વહેંચણી કરી વોર્ડની રચના થાય છે. વોર્ડ વાર સભ્યોની પુખ્તવય મતાધિકારનાં ધોરણે પ્રત્યક્ષ પદ્ધતિથી ગુપ્ત મતદાનની પ્રક્રિયા વડે ચૂંટણી થાય છે. તાજેતરના ગુજરાત સરકારના પેટા નિયમો મુજબ કોઈ નાગરિક એકી સાથે બે વોર્ડથી વધુ વોર્ડમાં ઉમેદવારી કરી શકતા નથી. ચૂંટાવા માટેની વયમર્યાદા 21 વર્ષની છે.

ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમ ત્રણેય સ્તરે બેઠકોના પ્રમાણમાં સ્ત્રીઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. મહિલાઓ માટે 33 % અનામતની જોગવાઈ કરવામાં આવે છે અને વારાફરતી (રોટેશન) પદ્ધતિથી બેઠકો ફાળવવામાં આવે છે. ગુજરાતમાં આ અનામત બેઠકોની સંખ્યા 2015થી 33 ટકાથી વધારી 50 ટકા સુધી કરવામાં આવી છે.

ગામની મતદારયાદીમાં જે વ્યક્તિનું નામ સમાયેલું હોય તેવો ભારતનો કોઈપણ નાગરિક ગ્રામપંચાયતના સભ્ય કે સરપંચપદ માટે ઉમેદવારી કરવા સક્ષમ છે.

ગુજરાત સરકારે જે ગામમાં બિનહરીફ ચૂંટણી થાય તેને માટે 'સમરસતા પુરસ્કાર' જાહેર કરેલ છે. ગ્રામપંચાયત ક્ષેત્રે સમરસ અને મહિલા સમરસ એમ બે પ્રકારે પુરસ્કારની જોગવાઈઓ છે.

**સરપંચ :** ગ્રામપંચાયતના પ્રમુખને સરપંચ કહે છે. સમગ્ર ગામના મતદારો દ્વારા પંચની દેખરેખ નીચે પ્રત્યક્ષ ધોરણે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સરપંચની ચૂંટણી થાય છે. જેઓની અધ્યક્ષતામાં ગ્રામપંચાયતની બેઠકો મળે છે. તેમની મુદત પાંચ વર્ષની છે. પરંતુ ગ્રામપંચાયતના સભ્યો તેની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવી શકે.

રાજ્યના સરપંચની ચૂંટણીમાં પણ પંચાયતીરાજ નિયમોની જોગવાઈ મુજબ સ્ત્રીઓ, અનુસૂચિત જાતિ અને જનજાતિ તેમજ બક્ષીપંચના સભ્યો માટે સરપંચનો હોદ્દો અનામત રાખવાની જોગવાઈ છે.

સરપંચ દ્વારા ગ્રામસભાને વર્ષમાં બેવાર બોલાવવાની ફરજિયાત જોગવાઈ પંચાયતધારામાં છે. આ સભા ગ્રામપંચાયતનું હૃદય છે. તેના દ્વારા ગ્રામપંચાયત સતત ચેતનવંતી અને ધબકતી રહે છે. કેટલાક વિચારકો ગ્રામસભાનું મહત્ત્વ પીછાણીને તેને ગામની 'ધારાસભા' તરીકે ઓળખાવે છે.

**ઉપસરપંચ**

ઉપસરપંચની ચૂંટણી ગ્રામપંચાયતના ચૂંટાયેલા સભ્યો ગ્રામપંચાયતની પ્રથમ સામાન્ય બેઠકમાં કરે છે. આમ, તે ચૂંટણી પરોક્ષ ધોરણે થાય છે. સામાન્યતઃ તેઓ પાંચ વર્ષ માટે ચૂંટાય છે. પરંતુ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરીને તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

**વહીવટી અધિકારી :** ગ્રામપંચાયતના અધિકારીને તલાટી-કમ-મંત્રી કહે છે. જે સરપંચના સચિવ તરીકે કાર્ય કરે છે. તેઓ સ્થાનિક નિવાસ કરી ગ્રામપંચાયતનાં કાર્યોને સતત વેગવંતા રાખે છે. તેઓએ સરકારી દફતરો, જમીન મહેસૂલ, પંચાયતની રાજ્યની યોજનાઓના સંદર્ભમાં તાલુકા-જિલ્લા પંચાયત સાથે સતત અનુસંધાન રાખવાનું હોય છે. દૈનિક-રોજમેળ, હિસાબ વગેરે નાણાકીય વ્યવહારો સરપંચની નિશ્રામાં રહીને કરવાના હોય છે.

**સમિતિઓ**

ગ્રામપંચાયત યોગ્ય રીતે કામગીરી કરી શકે તે માટેની નીચેની સમિતિઓ રચાય છે :

(1) કારોબારી (2) અપીલ (3) સામાજિક ન્યાય (4) શૈક્ષણિક (5) પાણી (6) બાંધકામ (7) સ્વચ્છતા (8) આરોગ્ય જેવી સમિતિઓ રચાય છે.

**નાણાકીય સ્રોત :** પંચાયતીધારાની 243 કલમ મુજબ ગ્રામપંચાયતોને આર્થિક સહાય કરવા રાજ્ય નાણાપંચની રચના થઈ છે. આ સંસ્થાના આવકના અન્ય સ્ત્રોતોમાં રાજ્ય સરકારની સહાય, ઘરવેરો, શિક્ષણવેરો, વાહનવેરો, મેળાઉત્સવ આયોજન આવક, વીજળીવેરો અને આસક્ટ્રોય અને જમીન મહેસૂલ વગેરે મુખ્ય છે. જોકે ગુજરાત સરકારે અને કેટલાંક રાજ્યોએ ગ્રામપંચાયતોમાંથી ઑક્ટ્રોયનાબૂદી કરી છે; પરંતુ તે આવકના સંદર્ભમાં ખાસ અનુદાન આપે છે.

**ગ્રામપંચાયતનાં કાર્યો**

પંચાયતીરાજની સંસ્થાઓને જે કાર્યો સોંપવાનું બંધારણીય રીતે ઠરાવ્યું છે. તેના મહત્ત્વના-પાયાના બે ઉદ્દેશ્ય છે :

(1) દરેક સ્તરની પંચાયત પોતાના વિસ્તારની આર્થિક વિકાસની યોજનાઓ તૈયાર કરીને તેમનો અમલ કરે.

(2) પોતાના વિસ્તારમાં સામાજિક ન્યાય પ્રસ્થાપિત થાય તેવી યોજનાઓ દરેક સ્તરની પંચાયતો તૈયાર કરે અને તેનો અમલ કરે.

ગ્રામ કક્ષાએ વિકાસ કરવા માટે યોજના ઘડવાની જવાબદારી એ ગ્રામપંચાયતનું મુખ્ય કાર્ય ગણાય છે. તાલુકા અને જિલ્લા પંચાયત પોતાનાં લક્ષ્યાંકોને પાર પાડવા જે કાર્યોની જવાબદારી સોંપે તે પણ ગ્રામપંચાયતે કરવાનાં હોય છે.

ગ્રામપંચાયતોને કરવાનાં કાર્યોને ફરજિયાત કાર્યો અને મરજિયાત કાર્યો એવા બે વિભાગમાં વહેંચવામાં આવે છે.

**મુદત :** સામાન્ય રીતે, તાલુકા પંચાયતની મુદત પાંચ વર્ષની છે; પરંતુ તે મુદતમાં વધારો કે વિસર્જન સરકાર કરી શકે છે.

**(ક) ફરજિયાત કાર્યો :**

(1) પીવાના તથા ગૃહ વપરાશના પાણીની વ્યવસ્થા (2) જાહેર કૂવા અને તળાવની મરામત તેમજ જાળવણી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) દીવાબત્તીની વ્યવસ્થા (4) રસ્તાઓની મરામત અને સફાઈ (5) આરોગ્યની જાળવણી (6) સ્મશાનગૃહની જાળવણી (7) ખેતીવાડી અને સહકારી પ્રવૃત્તિમાં વિકાસનાં કાર્યો (8) જન્મ, મૃત્યુ, લગ્નની નોંધણી (9) ગ્રામપંચાયતની મિલકતની જાળવણી (10) ગૃહરક્ષક દળની રચના અને તેની કામગીરી (11) જમીન મહેસૂલ તથા સરકારી લેણાની વસૂલાત (12) પશુપાલન, પશુસંવર્ધન તથા તેની દેખભાળ (13) વસ્તીગણતરી કાર્યમાં મદદ અને સામાજિક શિક્ષણનાં કાર્યો (14) ચેપી રોગ અટકાવવા માટે પગલાં લેવાં.

**(ખ) મરજિયાત કાર્યો :**

(1) વૃક્ષારોપણ (2) ધર્મશાળા, આરામગૃહો, નાહવાના ઘાટ બનાવવા (3) વ્યાયામ શાળા, પુસ્તકાલય, બગીચો વગેરેની વ્યવસ્થા (4) અનાજ-ભંડોળની વ્યવસ્થા (5) કુદરતી આપત્તિ સમયનાં કાર્યો (6) સામુદાયિક કેન્દ્રો ચલાવવાં (7) પ્રજાસેવાનાં અન્ય કાર્યો.

**મુદત :** સામાન્ય રીતે ગ્રામપંચાયતની મુદત પાંચ વર્ષની છે; પરંતુ તેમાં રાજ્ય સરકાર વધારો-ઘટાડો કરી શકે છે. જરૂર પડે તો વિસર્જન પણ કરી શકે છે. ગુજરાતમાં વર્ષ 2015માં 13,996 ગ્રામપંચાયતો અસ્તિત્વમાં છે.

**(2) તાલુકા પંચાયત :**

પંચાયતીરાજનું વચલું સ્તર તાલુકા પંચાયત છે.

**રચના :** તાલુકા પંચાયતની સભ્ય-સંખ્યા ઓછામાં ઓછી 15 અને વધુમાં વધુ 31 સભ્યોની હોય છે. એક લાખની વસ્તી સુધી 15 સભ્યો અને તેથી વધુ સભ્યો માટે વધારાની 25,000 કે તેથી વધુ વસ્તી માટે વધારાના બે સભ્યોની જોગવાઈ છે. આ વિસ્તારમાં આવતા ધારાસભ્યો પણ તાલુકા પંચાયતના સહસભ્યો ગણાય છે. તેમને મત આપવાનો અધિકાર નથી.

સમગ્ર તાલુકાની વસ્તીના સંખ્યાના પ્રમાણને સરખે હિસ્સે વહેંચીને મતદાર વિસ્તાર રચાય છે. પ્રત્યેક મતદાર વિસ્તાર દીઠ એક સભ્ય ચૂંટાય છે. ચૂંટાવા માટેની વયમર્યાદા 21 વર્ષની છે. તેમની ચૂંટણી રાજ્ય ચૂંટણીપંચની નિશ્રામાં, પુખ્ત વય મતાધિકારના ધોરણે પ્રત્યક્ષ પદ્ધતિથી થાય છે. તેમાં 50 % મહિલા અનામતની પણ જોગવાઈ છે. રાજકીય પક્ષો પોતાના ઉમેદવારોને ઊભા રાખે છે.

**પ્રમુખ-ઉપપ્રમુખ**

તાલુકા પંચાયતના પદાધિકારીઓ એટલે કે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પરોક્ષ ધોરણે ચૂંટાયેલા સભ્યો દ્વારા કરવામાં આવે છે. પ્રમુખના અધ્યક્ષપણા નીચે જ તાલુકા પંચાયતની બેઠકો મળે છે. ઉપપ્રમુખ પ્રમુખને તેમના તાલુકા પંચાયતનાં વિકાસ કાર્યોમાં સહયોગ આપે છે. કોઈક સંજોગોમાં પ્રમુખનો હોદ્દો ખાલી પડે તો ઉપપ્રમુખ તેનો ચાર્જ (વહીવટ) સંભાળી લે છે.

પ્રમુખનો હોદ્દો મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામત રાખવાની પંચાયતધારામાં જોગવાઈ છે. રાજ્યની કુલ તાલુકા પંચાયતોમાં 50 % તાલુકા પંચાયતના પ્રમુખનો હોદ્દો મહિલાઓ માટે અનામત રખાય છે. તાલુકાની વસ્તીમાં જો 15 % વસ્તી બક્ષીપંચ કે અનુસૂચિત જાતિ કે જનજાતિની હોય તો 15 % હોદ્દાઓ તેને માટે અનામત રખાય છે.

પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો પદત્યાગ કરવો પડે છે. 1986નો પક્ષાંતર ધારો તાલુકા પંચાયતના સભ્યોને પણ સ્પર્શે છે. જો પ્રમુખ અંદાજપત્ર પસાર કરવામાં સફળ ન બને તો તે પણ અવિશ્વાસની દરખાસ્ત ગણવામાં આવે છે.

**વહીવટી અધિકારી :** તાલુકા પંચાયતના અધિકારીને તાલુકા વિકાસ અધિકારી (T.D.O.) કહે છે. તે પ્રમુખના સચિવ તરીકે સેવા આપે છે. તે તાલુકા પંચાયતના વહીવટી કારોબારીના વડા છે. તેની તેમજ અન્ય કર્મચારીઓની ભરતી, બઢતી, બદલી સરકાર તેમજ જિલ્લા પંચાયત સાથે રહીને કરે છે.

**સમિતિઓ :** આ સંસ્થામાં કારોબારી સમિતિ તેમજ સામાજિક કલ્યાણ સમિતિ નામની બે સમિતિઓ ચૂંટાયેલા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સભ્યોમાંથી રચાય છે. તેની સભ્ય-સંખ્યા તાલુકા પંચાયતના સભ્યોને અનુરૂપ હોય છે. કારોબારી સમિતિ પોતાના સભ્યોમાંથી એક સભ્યને અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢે છે. જ્યારે સામાજિક કલ્યાણ સમિતિના સભ્યો તેમજ અધ્યક્ષનું સ્થાન અને પસંદગી, અનુસૂચિત જાતિના સભ્યો માટે અનામત છે. અન્ય સમિતિઓમાં શિક્ષણ, ખેતીવાડી, સહકાર, લઘુસિંચાઈ, સફાઈ, આરોગ્ય વગેરે સમિતિઓ સ્થપાય છે.

**નાણાકીય સ્રોત**

તાલુકા પંચાયતના આવકના સ્રોતોમાં સરકારી અનુદાન, સહાય, સ્ટેમ્પ ડ્યૂટીની આવક, જમીન મહેસૂલનો હિસ્સો મુખ્ય છે.

ગુજરાતમાં વર્ષ 2015માં કુલ 249 તાલુકા પંચાયતો છે.

ગુજરાતમાં દિલીપસિંહ ભૂરિયા સમિતિનો અહેવાલ સ્વીકારાયો છે. તેની જોગવાઈઓ મુજબ જે ગામ, તાલુકા અને જિલ્લાની કુલ વસ્તીમાં થઈ એકાવન ટકા વસતી અનુસૂચિત જનજાતિ (આદિવાસીઓ)ની હશે, ત્યાં-ત્યાં કાયમ ખાતે સરપંચ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતનું પ્રમુખપદ અનુસૂચિત જનજાતિ માટે અનામત રખાશે. આ દિશામાં પહેલ થઈ ચૂકી છે. ગુજરાતમાં અમીરગઢથી આહવા સુધીની પૂર્વપટ્ટીનો વિસ્તાર તેમાં સામેલ છે.

**તાલુકા પંચાયતનાં કાર્યો**

(1) સ્વાસ્થ્ય, સફાઈ (2) બાંધકામ (3) સમાજશિક્ષણ (4) શિક્ષણ સંસ્કાર (5) સામૂહિક વિકાસ (6) ખેતીવાડી-સિંચાઈ (7) પશુસંવર્ધન (8) ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગોનો વિકાસ (9) સહકારક્ષેત્ર (10) સ્ત્રીકલ્યાણ (11) સમાજકલ્યાણ (12) રાહતનાં ક્ષેત્રો (13) આંકડાસંગ્રહ (14) જંગલવિકાસ (15) માહિતી-મનોરંજન

**મુદત :** સામાન્ય રીતે, તાલુકા પંચાયતની મુદત પાંચ વર્ષની છે પરંતુ તે મુદતમાં વધારો કે વિસર્જન સરકાર દ્વારા થઈ શકે છે.

**(3) જિલ્લા પંચાયત :**

ત્રિસ્તરીય પંચાયતીરાજના માળખામાં સૌથી ટોચનું એકમ જિલ્લા પંચાયતનું છે.

**રચના :** આ સંસ્થામાં ઓછામાં ઓછી સભ્યસંખ્યા 31 અને વધુમાં વધુ 51ની હોય છે. છેલ્લી વસ્તી ગણતરી મુજબ જિલ્લાને જુદા-જુદા પ્રાદેશિક મતદારમંડળોમાં વિભાજિત કરી સભ્યોને ચૂંટવામાં આવે છે. તેમાં ચૂંટાવા માટે વયમર્યાદા 21 વર્ષની છે.

આ સંસ્થાની રચના

(ક) મતદાર મંડળો દ્વારા ચૂંટાયેલા સભ્યો

(ખ) તાલુકા પંચાયતના પ્રમુખો

(ગ) જિલ્લામાં વસવાટ કરતા-ચૂંટાયેલા ધારાસભ્યો, સંસદ સભ્યો જેવા આમંત્રિત સભ્યોથી રચાય છે. આ આમંત્રિત સભ્યોને ચર્ચામાં ભાગ લેવાનો હક છે પરંતુ મતદાનમાં ભાગ લઈ શકતા નથી.

**પ્રમુખ-ઉપપ્રમુખ :** પ્રથમ સામાન્ય બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ તેમજ ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે છે. તેમની મુદત સામાન્યતઃ પાંચ વર્ષની છે; પરંતુ તે મુદત પહેલાં અવિશ્વાસની દરખાસ્ત કે નૈતિક અધઃપતનના મુદ્દા ઉપર વિકાસ કમિશનર દ્વારા હોદ્દો ત્યાગ કરવાની ફરજ પાડી શકાય છે. પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખ હોદ્દાની રૂએ ચાર્જ સંભાળે છે.

**નાણાકીય સ્રોત :** આવકના મુખ્ય સ્રોતમાં જમીન-મહેસૂલ, સ્ટેમ્પ ડ્યૂટી, ઉત્સવમેળા આયોજન, સરકારી અનુદાન સહાય અને નાણાપંચની ખાસ સહાયની સ્રોતોમાં જોગવાઈ મુખ્ય છે.

**વહીવટી અધિકારી :** જિલ્લા પંચાયતના પ્રમુખને વિકાસ કાર્યોમાં મદદ તેમજ સલાહ આપવા માટે પ્રથમ વર્ગના અધિકારીની નિમણૂક કરવામાં આવે છે. તેમને જિલ્લા વિકાસ અધિકારી કહે છે તેને અંગ્રેજીમાં (ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઑફિસર DDO) કહે છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા થાય છે. તેઓ પ્રમુખના સચિવ તરીકે કાર્ય કરે છે. તેમની સાથે સંકળાયેલા અન્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓની ભરતી-બઢતી-બદલી કે બરતરફી પણ રાજ્ય સરકાર દ્વારા થાય છે.

**સમિતિઓ :** જિલ્લાના વિકાસ માટે જિલ્લા પંચાયતમાં નીચેની સમિતિઓ હોય છે :

(1) કારોબારી (2) શિક્ષણ (3) જાહેર આરોગ્ય (4) સમાજકલ્યાણ (5) બાંધકામ (6) અપીલ (7) ઉત્પાદન અને સહકાર કલ્યાણ (8) મહિલા-બાળકલ્યાણ (9) સિંચાઈ (10) હળપતિ-ભૂમિહીન ખેતમજૂરોના આવાસ-બાંધકામ સમિતિ (11) નાણાકીય અંદાજસમિતિ (12) 1986 થી 20 મુદ્દા કાર્યક્રમ અમલ સમિતિ પણ રચાય છે. તેમાં સભ્યો અને અધ્યક્ષની વ્યવસ્થા પણ પંચાયતધારા મુજબ થાય છે.

**જિલ્લા પંચાયતનાં કાર્યો :** (1) સ્વાસ્થ્ય, સફાઈ (2) બાંધકામ (3) શિક્ષણ સંસ્કાર (4) વહીવટી (5) સામૂહિક વિકાસ (6) ખેતીવાડી (7) પશુસંવર્ધન (8) ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગોનો વિકાસ (9) સમાજકલ્યાણ (10) રાહત-મદદ (11) નાની સિંચાઈ યોજના (12) મહિલા અને બાળકલ્યાણ (13) સમાજકલ્યાણ (14) સહકાર ક્ષેત્ર (15) જંગલ વિકાસ (16) આંકડાસંગ્રહ

**મુદત :** જિલ્લા પંચાયતની મુદત સામાન્ય રીતે પાંચ વર્ષની છે. મુદત પહેલાં વિસર્જન થઈ શકે છે. ક્યારેક 1986ના પક્ષપલટાના ધારા મુજબ પક્ષપલટાની સ્થિતિમાં અંદાજપત્ર પસાર ન થઈ શકે અથવા અવિશ્વાસની દરખાસ્ત માટે પૂરતી સભ્ય-સંખ્યા $\frac{2}{3}$ ની બહુમતી ન થાય તો કેટલીક મુદત સુધી જિલ્લા પંચાયતને વહીવટદાર નીમીને સુષુપ્ત અવસ્થામાં રખાય છે.

ગ્રામપંચાયત અને તાલુકા પંચાયત જેવી તાબાની સંસ્થાઓ દ્વારા જિલ્લા પંચાયત વિકાસ કાર્યોને પાર પાડે છે. અમલી બનાવે છે.

ગુજરાતમાં હાલ વર્ષ 2015ની સ્થિતિએ 33 જિલ્લા પંચાયતો છે.

આમ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનું કાર્યક્ષેત્ર વ્યાપક સ્વરૂપે સ્થાનિક બાબતોને આવરી લે છે.

**(બ) શહેરી સ્તરની સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ :**

બંધારણના 74મા સુધારા અનુસાર શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વશાસન એટલે કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની જોગવાઈ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાનું પ્રથમ એકમ નગરપાલિકા છે.

**(1) નગરપાલિકા :** બ્રિટિશ સમયે ઈ.સ. 1888માં સૌપ્રથમ શહેર સુધરાઈ તરીકે મદ્રાસ (ચેન્નઈ)થી તેનો આરંભ થયેલો છે.

**રચના :** જાહેર થયેલી છેલ્લી વસ્તી-ગણતરીને આધારે સમાનતાને ધોરણે નગરની કુલ વસતીને વૉર્ડમાં વિભાજિત કરવામાં આવે છે. નગરપાલિકાની સભ્યસંખ્યા ઓછામાં ઓછી 27 અને વધુમાં વધુ 51 હોઈ શકે છે. પ્રત્યેક વોર્ડમાંથી ચાર સભ્યો ચૂંટાય છે. તેમાં પણ મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે અને બક્ષીપંચ માટે બેઠકોની સંખ્યા મુજબ નિયમાનુસાર અનામત બેઠકો રખાય છે.

છેલ્લી વસ્તી ગણતરીના આધારે તૈયાર થયેલી અદ્યતન મતદાર યાદી મુજબ, રાજ્ય ચૂંટણીપંચની દેખરેખ નીચે જિલ્લા કલેક્ટર અને પ્રાંત ઓફિસર દ્વારા પુખ્તવય મતાધિકારના ધોરણે પ્રત્યક્ષ પદ્ધતિથી ચૂંટણી થાય છે. જે-તે નગર કે શહેર વિસ્તારમાં રહેતા ધારાસભ્ય તેમજ સંસદસભ્ય જે-તે નગરપાલિકાના સહસભ્યો ગણાય છે. તેઓ ચર્ચામાં ભાગ લઈ શકે છે; પરંતુ મતનો અધિકાર ધરાવતા નથી.

**પદાધિકારીઓ :** પ્રથમ સામાન્ય બેઠકમાં ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. પ્રમુખ જે-તે શહેરના 'પ્રથમ નાગરિક' ગણાય છે. આ પદાધિકારીઓની મુદત ગુજરાતમાં અઢી વર્ષની છે. આમાં સરકારે ઠરાવેલી ક્રમિક પદ્ધતિથી સ્ત્રીઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે પ્રમુખપદ વારાફરતી અનામત રાખવામાં આવે છે.

**વહીવટી અધિકારીઓ :** નગરપાલિકાના સમગ્ર વહીવટ ઉપર દેખરેખ રાખવા સરકાર તરફથી મુખ્ય વહીવટી અધિકારી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(ચીફ ઑફિસર)ની નિમણૂક કરવામાં આવે છે. તેઓ પ્રમુખના સચિવ તરીકે કાર્ય કરે છે.

**સમિતિઓ :** નગરપાલિકા પોતાના સુચારુ વહીવટ માટે તેમજ પ્રજાની સુવિધાઓ પૂર્ણ કરવા માટે નીચેની સમિતિઓની રચના કરે છે અને તેના સભ્યો અધ્યક્ષની નિમણૂક કરે છે. જેમાં -

(1) કારોબારી સમિતિ (2) શિક્ષણસમિતિ (3) પાણીસુવિધા સમિતિ (4) વીજસુવિધા સમિતિ (5) જકાત વેરા (ઑક્ટ્રોય) સમિતિ (6) સ્વચ્છતા-આરોગ્ય સમિતિ (7) બગીચાવિકાસ સમિતિ (8) ટાઉનપ્લાનિંગ સમિતિ (9) બાંધકામ-રોડ રસ્તા સમિતિ વગેરેનો સમાવેશ થાય છે.

હવે શિક્ષણસમિતિ સંચાલિત પ્રાથમિક શિક્ષણને જિલ્લા પંચાયત હસ્તક લેવાની પ્રક્રિયા ગુજરાતમાં શરૂ થઈ ચૂકી છે.

**નાણાકીય સ્રોત :** મનોરંજન વેરો, વીજળીવેરો, પાણીવેરો, ઘરવેરો, શિક્ષણવેરો, સ્ટેમ્પ ડ્યૂટી, વાહનવેરો, સરકારી સહાય કે અનુદાન તેમજ ધારાસભ્ય અને સંસદ સભ્યની ગ્રાન્ટ તેમજ આયોજન મંડળમાંથી સહાય વગેરે તેમની આવકના મુખ્ય સ્રોત છે.

ગુજરાતમાં હાલમાં 259 નગરપાલિકા અસ્તિત્વમાં છે.

ગુજરાત સરકારે નગરપાલિકાક્ષેત્રે ઑક્ટ્રોય નાબૂદ કરેલ છે; પરંતુ તેના વિકલ્પરૂપે દર વર્ષે ત્રણ હપતામાં ખાસ સહાય (ગ્રાન્ટ) સરકાર આપે છે અને પ્રથમ ત્રણ વર્ષ સુધી નક્કી થયેલી ગ્રાન્ટના સાડા સાત ટકા ઉચ્ચક પગાર પેટે અપાય છે.

**(2) મહાનગરપાલિકા :**

શહેરી વિસ્તારોમાં આવેલી આ ટોચની સંસ્થા છે. જેને મ્યુનિસિપલ કૉર્પોરેશન તરીકે ઓળખવામાં આવે છે. ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો પ્રાપ્ત થાય છે. જેમકે ગુજરાતમાં તાજેતરમાં જૂનાગઢ શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો પ્રાપ્ત થયો છે. હાલમાં ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં મહાનગરપાલિકાઓ આવેલી છે.

પચાસ લાખથી વધુ વસ્તીવાળા શહેરને મેગાસિટી એટલે કે મહાનગર નિગમનો દરજ્જો પ્રાપ્ત થાય છે. ભારતમાં મુંબઈ, ચેન્નઈ, દિલ્લી, કોલકાતા આ દરજ્જો ભોગવે છે. ભારત સરકાર આવાં શહેરોને ખાસ વિકાસ-સહાય આપે છે. મેગાસિટી એટલે કે મહાનગર નિગમનો દરજ્જો આપવાની સત્તા ભારત સરકારને છે.

**રચના :**

છેલ્લી વસ્તી-ગણતરીમાં પ્રસિદ્ધ થયેલા આંકડાઓ મુજબ શહેરમાં સરખે હિસ્સે બોર્ડ-મતવિસ્તારની રચના કરાય છે. ગુજરાત સરકારના નવા સુધારા મુજબ કોઈ સભ્ય એકી સાથે બે વોર્ડથી વધુ વોર્ડમાં ચૂંટણી લડી શકતા નથી.

અમદાવાદ મહાનગરપાલિકામાં 192 કૉર્પોરેટર છે.

જેનું નામ મતદારયાદીમાં નોંધાયેલું હોય તેવો 21 વર્ષની ઉંમર ધરાવતો કોઈ પણ નાગરિક આ સંસ્થાની ચૂંટણી લડી શકે છે. આમાં સરકારના નીતિ-નિયમો મુજબ મહિલાઓ તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો રાખવામાં આવે છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓમાં વધુમાં વધુ બે બાળકો ધરાવતી વ્યક્તિ જ સભ્યપદ ધરાવી શકે છે. આ ઉપરાંત તેમના પોતાના નિવાસ સ્થાને શૌચાલય હોવું જરૂરી છે.

**પદાધિકારીઓ :** પ્રથમ સામાન્ય સભાની બેઠકમાં ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે છે. પ્રમુખને નગરપતિ અથવા મેયર કહેવામાં આવે છે. ઉપપ્રમુખને ડેપ્યુટી મેયર કહે છે. મેયર શહેરનો 'પ્રથમ નાગરિક' ગણાય છે. મેયરનો હોદ્દો પણ ક્રમિક રીતે વારાફરતી સ્ત્રીઓ તેમજ પછાત વર્ગો માટે અનામત રખાય છે. મહિલા મેયર માટે 'ચૅરપર્સન' શબ્દ પ્રચલિત થયો છે. મેયર તેમજ ડેપ્યુટી મેયરની મુદત ગુજરાતમાં અઢી વર્ષની નિર્ધારિત થઈ છે.

**વહીવટી અધિકારીઓ :**

મહાનગરપાલિકાના વહીવટ માટે જે અધિકારીની જોગવાઈ કરવામાં આવી છે તેમને મ્યુનિસિપલ કમિશનર કહેવામાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આવે છે. જરૂરિયાત મુજબ વિભાગીય ડેપ્યુટી કમિશનરો પણ નીમાય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર પ્રથમ સંવર્ગના (વર્ગ-1 કક્ષાના) અધિકારીઓમાંથી કરે છે. તેમની બઢતી, બદલી, બરતરફી સરકારની ઇચ્છાને આભારી છે. તેઓ મેયરને બજેટ તથા અન્ય કામગીરીમાં મદદરૂપ થાય છે.

**સમિતિઓ :**

આ સંસ્થા પ્રજાની સુખ-સુવિધા માટે નીચે મુજબની સમિતિઓ રચે છે. જેમાં-

(1) કારોબારી સમિતિ (2) શિક્ષણસમિતિ (3) પાણીપુરવઠા સમિતિ (4) વિદ્યુતસેવા સમિતિ (5) જાહેર આરોગ્ય સમિતિ (6) હૉસ્પિટલ સમિતિ (7) ઑક્ટ્રોય સમિતિ (8) બાગબગીચા સમિતિ (9) સફાઈ સેનિટેશન સમિતિ (10) વાહનવ્યવહાર સમિતિ (11) બાંધકામ સમિતિ

**નાણાકીય સ્રોત :** આ સંસ્થાના મુખ્ય નાણાકીય આવકનાં સાધનોમાં મકાનવેરો, જકાતવેરો, વેચાણવેરો, પાણીવેરો, મનોરંજન વેરો, સરકારી સહાય તેમજ ધારાસભ્યો અને સંસદ સભ્યોના વિકાસ કામો માટે ફાળવાતી ગ્રાન્ટ મુખ્ય છે. 10 લાખથી વધુ વસ્તીવાળાં શહેરોના વિકાસ માટે મૅટ્રોપૉલિટન પ્લાનિંગ કમિટીની જોગવાઈ પણ છે.

**મુદત :** મહાનગરપાલિકાની મુદત સામાન્યતઃ પાંચ વર્ષની છે. છતાં જો તે ફરજો બજાવવામાં બિનકાર્યક્ષમ પુરવાર થાય તો સુપરસીડ કરી શકાય છે. સુપરસીડ થયેલી આ સંસ્થાની ચૂંટણી છ માસમાં જ કરવી પડે છે. ટૂંકમાં રાજ્ય સરકાર તેના ઉપર પૂરેપરો અંકુશ ધરાવે છે.

**કાર્યો :**

શહેરી વિસ્તારની તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને નીચે મુજબ કર્તવ્યો બજાવવાં પડે છે. 1992ના 74માં બંધારણીય સુધારા મુજબ બંધારણની બારમી સૂચિમાં તેનો ઉલ્લેખ કરેલ છે :

(1) નગરયોજનાના અંતર્ગત નગરીય આયોજન (2) ભૂમિ-જમીન સંપાદન અને મકાનોનું નિર્માણ (3) આર્થિક અને સામાજિક વિકાસ યોજના (4) રસ્તાઓ અને પુલોનું નિર્માણ (5) ઘરવપરાશ, ઔદ્યોગિક સંકુલો અને વેપાર-વાણિજ્યનાં સંકુલો માટે પાણી-પુરવઠાનો પ્રબંધ (6) જનસુખાકારી, સ્વચ્છતા, સફાઈ અને ગટર-વ્યવસ્થાનો પ્રબંધ (7) અગ્નિશામક સેવાઓ પૂરી પાડવી (8) નગરીય વનીકરણ, પર્યાવરણ સુરક્ષા અંગેના આયામોમાં અભિવૃદ્ધિ (9) સમાજના નબળા વર્ગોના વિકાસના અંતર્ગત વિકલાંગ અને માનસિક રીતે મંદબુદ્ધિ ધરાવતા પ્રજાજનોનાં હિતોની સુરક્ષા કરવી. (10) ગંદા વસવાટ નાબૂદી અને સુધારણા માટે આવાસ યોજના વિકસાવવી, ઝૂંપડપટ્ટીનો વિસ્તાર ઘટાડવો જેમકે ઇન્દિરા આવાસ, સરદાર આવાસ યોજના અને ડૉ. આંબેડકર આવાસ યોજના (11) નગરમાંથી નિર્ધનતા-ગરીબીનું નિવારણ કરવું. (12) નગરના નગરજનોની સુખ-સુવિધા માટે ખાસ પાર્ક-બાગ-બગીચા, રમત-ગમતનાં મેદાનોની સુવિધા ઊભી કરવી, જેમકે મુંબઈમાં સ્ટેડિયમ, ચોપાટી છે. (13) સાંસ્કૃતિક શૈક્ષણિક અને સૌંદર્યજનક આયામોમાં અભિવૃદ્ધિ કરવી, જેમકે ટાઉનહોલ, નગર પ્રાથમિક શાળાઓ અને સુરતનો 'સ્વચ્છ સિટી' નો દરજ્જો (14) સ્મશાનગૃહો, વિદ્યુત સ્મશાનગૃહો, કબ્રસ્તાનો વિકસાવવાં તેમજ નિભાવવાં (15) કાંજી રાઉસ-કપડાં ધોવાના ઘાટ, પશુઓ પ્રત્યે ક્રૂરતાનું નિવારણ (16) જન્મ-મરણ નોંધણીપત્રક તેમજ તેનું રજિસ્ટ્રેશન કરવું. (17) સાર્વજનિક હેતુના સંદર્ભમાં રસ્તાઓ ઉપર પ્રકાશ, પાર્કિંગ સ્થળ, બસસેવા જેવી જન સુખાકારી સુવિધા વિકસાવવી. (18) કતલખાનાં અને ચર્મ ઉદ્યોગો ખાતાંની નિભાવણી કરવી.

ગુજરાતમાં શહેરી વિકાસના નેજા નીચે અમદાવાદ શહેર વિકાસ મંડળ - Ahmedabad Urban Development Authority (AUDA), તે જ રીતે રાજકોટ માટે (RUDA), સુરત માટે ( SUDA), ભાવનગર માટે (BUDA), ગાંધીનગર માટે (GUDA)ની જોગવાઈ છે અને સરકારે તેમને માટે ખાસ ગ્રાન્ટ પણ ફાળવી છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આ પ્રમાણે શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સ્થાનિક કક્ષાએ પ્રજાની સુખ-સુવિધાઓ-સુખાકારી માટે ઉપર્યુક્ત કાર્યો કરે છે અને પ્રજા પણ તેમાં કરવેરા ભરીને ઉત્સાહભેર સ્વશાસનમાં ભાગીદારી કરે છે.

**સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા સશક્તિકરણ**

ઇતિહાસ દર્શાવે છે કે, મહિલાઓ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવામાં પાછળ રહી ગઈ છે. એટલું જ નહિ, શોષણનો ભોગ પણ બનતી રહી છે. ઘણી વખત જાણીબુજીને પણ પછાત રાખવામાં આવી છે. તેથી મહિલા ઉત્કર્ષની દિશામાં આગે કદમના ભાગરૂપે મહિલા સશક્તિકરણની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

સમાજમાં મહિલાઓ અને પુરુષોની લગભગ અડધોઅડધ વસ્તી છે. આવા સંજોગોમાં મહિલાઓને પોતાના વ્યક્તિત્વ વિકાસ અને અભિવ્યક્તિની સમાન તકો પ્રાપ્ત થવી જોઈએ. પરંતુ અત્યાર સુધી મહિલાઓ પ્રત્યેના ભેદભાવભર્યા વર્તનને કારણે તેમનું સ્થાન હાંસિયામાં જ રહ્યું છે. સન 2001ને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હોવાથી દુનિયામાં બધે જ સ્ત્રીઓનો દરજ્જો અને વાસ્તવિક પરિસ્થિતિ તરફ ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું છે.

પંચાયતથી માંડીને પાર્લમેન્ટ સુધીની તમામ રાજકીય નિર્ણય-ઘડતરની સંસ્થાઓમાં, સરકારી માળખામાં તેમજ તમામ ક્ષેત્રોમાં મહિલાઓની સામેલગીરી કરવાની માંગ એટલે 'મહિલા સશક્તિકરણ'. મહિલાઓને નિર્ણય-પ્રક્રિયાના ઘડતરમાં અને તેના અમલમાં ભાગીદાર બનાવવાની આ ઝુંબેશ છે. આ સશક્તિકરણ સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક એમ તમામ ક્ષેત્રે આવવું જોઈએ.

મહિલાઓની રાજકીય ભાગીદારી ક્ષેત્રે, લોકશાહીમાં સમાન મતાધિકાર મળ્યો છે. ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભા રહીને, જીતીને મહિલાઓ સત્તાસ્થાનોમાં આવી શકે એવી સમાન તકો છે. પરંતુ વાસ્તવમાં ખૂબ જ ઓછી સંખ્યામાં મહિલાઓ રાજકીય ક્ષેત્રે જોવા મળે છે. સમાજના દરેક સ્તરની મહિલાઓની યોગ્ય પ્રમાણમાં હિસ્સેદારી જોવા મળતી નથી. પર્યાપ્ત માત્રામાં મહિલાઓને સત્તાના રાજકારણમાં સહભાગી થવા દેવામાં આવતી નથી. પંચાયતોમાં હજુ પણ કેટલીક જગ્યાએ મહિલા સરપંચ હોવા છતાં તેમના સ્થાને તેમનો પતિ, પુત્ર, પિતા કે પછી પરિવારનો અન્ય કોઈ પુરુષ સરપંચ તરીકે કાર્યરત જોવા મળે છે. ટૂંકમાં, મહિલાઓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં તેમજ અન્ય ઉચ્ચ રાજકીય સંસ્થાઓમાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવશે ત્યારે જ તેમની સમસ્યાઓનો ઉકેલ આવશે.

ભારતના બંધારણના આમુખમાં સ્ત્રી-પુરુષને સમાન તક તેમજ સમાન સામાજિક ન્યાયનો આદર્શ વ્યક્ત કરવામાં આવ્યો છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ કેટલીક જોગવાઈઓ મુખ્યત્વે કરીને મહિલા સશક્તિકરણના ધ્યેયને ચરિતાર્થ કરવાનો ઉદ્દેશ ધરાવે છે. એટલે સુધી કે આપણી મૂળભૂત ફરજોમાં પણ મહિલાઓના ગૌરવની જાળવણી થાય તેવા વ્યવહારો કરવા જણાવવામાં આવ્યું છે.

**સામાજિક ન્યાયના સંદર્ભમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ**

વર્તમાન પંચાયતીરાજના અસ્તિત્વ પહેલાં સ્થાનિક કક્ષાએ ગ્રામસમાજોમાં સત્તાની ઈજારાશાહી પ્રવર્તમાન હતી. ખાસ કરીને સમાજના ઉપલા સ્તરની જ્ઞાતિઓ મોટાભાગની સત્તા ધરાવતી હતી. પરિણામે સ્થાનિક સ્તરે સત્તાનું જે માળખું અસ્તિત્ત્વ ધરાવતું હતું, એમાં ગરીબ અને વંચિત વર્ગના લોકોને માટે કોઈ સ્થાન ન હતું. પરિણામે સમાજમાં ઉચ્ચ જ્ઞાતિઓ સત્તાનો ઈજારો ધરાવતી હતી. આ સ્થિતિ સમાજના વિકાસમાં મૂળભૂત રીતે અવરોધક હતી, કારણ કે સ્થાનિક સ્તરે સત્તાના માળખામાં નીચલા સ્તરની જ્ઞાતિઓને ભાગીદારી મળતી ન હતી, પરિણામે ઉચ્ચ સત્તાધારી જ્ઞાતિઓના અગ્રણીઓ સ્થાનિક સ્તરે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સર્વસત્તાધીશ બની રહેતા. એનાં માઠાં પરિણામો આવતાં. નીચલા સ્તરની જ્ઞાતિઓને આ પરિસ્થિતિમાં ભારોભાર અન્યાય અને ભેદભાવો સહન કરવા પડતા હતા. આ સ્થિતિ કોઈપણ સ્વસ્થ સમાજ માટે યોગ્ય ગણી શકાય નહિ. આવા સંજોગોમાં નવા પંચાયતી રાજની જે પ્રારંભિક વિચારણા થઈ તેની અંતર્ગત મુખ્ય હેતુ એ હતો કે સત્તા-માળખામાં નિર્ણયો લેવાની પ્રક્રિયામાં સમાજમાં સઘળા વર્ગોને સમાન રીતે ભાગીદારી પ્રાપ્ત થાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) સ્થાનિક સ્વરાજ એટલે શું ? તેની વિસ્તૃત સમજ આપો.

(2) સ્થાનિક સ્વરાજ્યની અગત્ય સમજાવો.

(3) સ્થાનિક સ્વરાજ્યનો ઉદ્ભવ અને વિકાસની ચર્ચા કરો.

(4) પંચાયતીરાજની રચના-પ્રક્રિયા અંગે વિસ્તૃત નોંધ લખો.

(5) પંચાયતીરાજમાં ગ્રામપંચાયતની રચના અને કાર્યો સમજાવો.

(6) તાલુકા પંચાયતની રચના અને કાર્યો સમજાવો.

(7) જિલ્લા પંચાયતની રચના અને કાર્યો સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) મહાનગરપાલિકાની રચના

(2) મહાનગરપાલકિાના નાણાકીય સ્રોત

(3) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા સશક્તિકરણ

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) વિકેન્દ્રીકરણ એટલે શું ?

(2) સ્થાનિક સ્વરાજનું અગત્ય શું છે ?

(3) સત્તાનું વિકેન્દ્રીકરણ એટલે શું ?

(4) ઉપસરપંચની ચૂંટણી કેવી રીતે થાય છે ?

**4. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યમાં જવાબ આપો :**

(1) સ્થાનિક સરકાર એટલે શું ?

(2) ગ્રામપંચાયતની રચના માટે વસ્તીનું ધોરણ શું છે ?

(3) સામાજિક ન્યાય કોને કહે છે ?

(4) ગ્રામપંચાયતનાં બે ફરજિયાત કાર્યો જણાવો.

(5) મહિલા સશક્તિકરણ એટલે શું ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પિતા કોણ છે ? ☐

(અ) લૉર્ડ રિપન (બ) ગાંધીજી (ક) જવાહરલાલ નેહરુ (ડ) સરદાર પટેલ

(2) સ્થાનિક શબ્દ શાના ઉપરથી બનેલો છે ? ☐

(અ) શહેર (બ) ગ્રામ (ક) સિટી (ડ) સ્થાન

(3) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કઈ સરકાર ગણાય છે ? ☐

(અ) પ્રથમ (બ) બીજી (ક) ત્રીજી (ડ) ચોથી

(4) સ્થાનિક સરકાર શું કામ કરે છે ? ☐



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(અ) લોક શિક્ષણનું (બ) પ્રાથમિક શિક્ષણનું
(ક) ઉચ્ચ શિક્ષણનું (ડ) બુનિયાદી શિક્ષણનું

(5) પંચાયતીરાજની સંસ્થાઓ કેટલા સ્તરની છે ? ☐

(અ) ચાર (બ) બે (ક) એક (ડ) ત્રણ

(6) પંચાયતોની ચૂંટણીમાં મતદાન કરવા માટેની ઉંમર શું છે ? ☐

(અ) 20 વર્ષ (બ) 18 વર્ષ (ક) 21 વર્ષ (ડ) 25 વર્ષ

(7) ગુજરાતમાં વર્ષ 2015માં કેટલી ગ્રામપંચાયતો છે ? ☐

(અ) 10,000 (બ) 13,996 (ક) 13,550 (ડ) 13,151

(8) ગુજરાતમાં કુલ કેટલી તાલુકા પંચાયત છે ? ☐

(અ) 249 (બ) 241 (ક) 233 (ડ) 251

(9) ગુજરાતમાં હાલમાં કેટલી નગરપાલિકાઓ છે ? ☐

(અ) 260 (બ) 259 (ક) 233 (ડ) 241

(10) અમદાવાદ નગરપાલિકામાં કેટલા કૉર્પોરેટર છે ? ☐

(અ) 192 (બ) 190 (ક) 182 (ડ) 191

**પ્રવૃત્તિ**

- ગ્રામપંચાયતની ચૂંટણી-પ્રક્રિયાનો અભ્યાસ
- ગ્રામસભાની પ્રત્યક્ષ મુલાકાત કરાવવી.
- પંચાયતની મિટિંગનું નિરીક્ષણ કરવું.
- જિલ્લા પંચાયતના પ્રમુખનો વાર્તાલાપ ગોઠવવો.
- નગરપાલિકા અને મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહીની પ્રત્યક્ષ મુલાકાત
- ગ્રામપંચાયત અને કૉર્પોરેશનના અધિકારીઓનો વાર્તાલાપ ગોઠવવો.

●●●



Downloaded from https:// www.studiestoday.com